
# આત્માની સિદ્ધિ

સરયુ રજની મહેતા

# આત્માની સિદ્ધિ



શ્રી મહાવીર વર્ધમાન સ્વામી

# આત્માની સિદ્ધિ

સરયુ રજની મહેતા

પ્રકાશક
શ્રેયસ પ્રચારક સભા

પ્રકાશક : શ્રેયસ પ્રચારક સભા વતી
શ્રી જે. બી. મોદી
T. V. Industrial Estate, B/7-14 Ground Floor, Hindcycle Road,
Worli, Mumbai - 400 030.
અને
વકીલ્સ, ફેફર એન્ડ સાયમન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

મુદ્રક : વકીલ એન્ડ સન્સ પ્રા. લી. વતી
શ્રી અરુણ કે. મહેતા
ઈન્ડસ્ટ્રી મેનોર, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ 400 025.

ISBN No. : 978-81-8462-072-6

પ્રથમ આવૃત્તિ : ઈ. સ. ૨૦૧૩ પ્રત : ૨૦૦૦

કિંમત : રૂ. ૩૦/-

**પ્રાપ્તિસ્થાન :**

પ્રેમપૂરી આશ્રમ,
બાબુલનાથ, મુંબઈ - 400 007
(પ્રત્યેક ગુરુવારે બપોરે ૨ થી ૩)

શ્રી યોગેશ જૈન
સતયોગ, સ્વામી વિવેકાનન્દ રોડ,
રામકૃષ્ણ મીશન પાસે
રાજકોટ - 360 001
ફોન : 91-281-2366420
91-98252-10210

ડો. નિમુબેન ઝવેરી
સનફ્લાવર, 4th ફ્લોર,
રાજાવાડી પાસે, ઘાટકોપર,
મુંબઈ - 400 077.
ફોન : 91-22-21023461
91-98190 49043

શ્રી દિલિપભાઈ જે. સંઘવી
૫૦-બી સ્થાનકવાસી જૈન સોસાયટી,
નારણપુરા રોડ,
અમદાવાદ - 380 013
ફોન : 91-079-27552957; 079-27552256
91-98250 24553

Shree Chandubhai S. Parekh
(50-51) Guide Bldg., 13th Floor,
L. D. Ruparel Marg,
Off. Nepean Sea Road,
Mumbai - 400006
Ph: 91-22-23697288/23625806
91-9819897288

Shri Jayesh J. Doshi
3-4, Mihir Park Society,
Old Padra Road,
Vadodara - 390020
Ph: 91-265-2340850
91-94265 12865

Hareshbhai C. Sheth
19-Tulsa Court,
Monmouth Junction,
N.J. 08552-U.S.A.
(H): 732-422-8385
(C): 609-510-8760

Ami Anurag Thakor
Anurag H. Thakor
6885 Baird Dr.
Plano, TX 75024. USA
(H): 972-491-7551
(C): 469-644-8965

# અનુક્રમણિકા


| | |
|---|---|
| | પાન ક્રમાંક |
| **પ્રાક્કથન** | x |
| **પ્રકરણ ૧ : આત્મસિદ્ધિશાસ્ત્ર** | **૧** |
| "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના માટેનું નિમિત્ત | ૩ |
| "આત્મસિદ્ધિશાસ્ત્ર" ના મનનનો અધિકારીવર્ગ - શ્રીમદ્‌ની દૃષ્ટિએ | ૫ |
| શ્રીમદે ગણેલા અધિકારીઓ પર "આત્મસિદ્ધિ"નો પડેલો પ્રભાવ | ૭ |
| આત્મસિદ્ધિશાસ્ત્રની ગ્રંથરૂપે પ્રસિદ્ધિ | ૧૦ |
| "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના અનુવાદ અને અભ્યાસ | ૧૧ |
| "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં વસ્તુનિરૂપણ-શૈલી | ૧૭ |
| મંગલાચરણ | ૨૦ |
| ગ્રંથરચનાનો હેતુ | ૨૩ |
| મોક્ષમાર્ગ ક્યારે પમાય ? | ૨૪ |
| સદ્‌ગુરુ – માહાત્મ્ય | ૨૬ |
| મતાર્થી જીવનાં લક્ષણો | ૩૨ |
| આત્માર્થી જીવનાં લક્ષણો | ૩૬ |
| આત્માનાં છ પદ | ૪૦ |
| પ્રથમ પદ : આત્મા છે | ૪૫ |

પાન ક્રમાંક



બીજું પદ : આત્મા નિત્ય છે ............ ૫૧
ત્રીજું પદ : આત્મા કર્તા છે ............ ૫૬
ચોથું પદ : આત્મા ભોક્તા છે ............ ૬૨
પાંચમું પદ : મોક્ષ છે ............ ૬૫
છઠ્ઠું પદ : મોક્ષનો ઉપાય છે ............ ૬૭
શિષ્યને બોધબીજની પ્રાપ્તિ ............ ૭૫
ઉપસંહાર ............ ૭૮
"આત્મસિદ્ધિ" ષડ્દર્શનનો સાર ............ ૮૨
ચાર્વાક દર્શન ............ ૮૪
બૌદ્ધ દર્શન ............ ૮૫
નૈયાયિક દર્શન ............ ૮૬
સાંખ્ય દર્શન/મીમાંસા દર્શન ............ ૮૭
જૈન દર્શન ............ ૮૮
"આત્મસિદ્ધિશાસ્ત્ર"ની મૌલિકતા ............ ૯૧
"આત્મસિદ્ધિશાસ્ત્ર"ની લોકભોગ્યતા ............ ૯૫

**પ્રકરણ ૨: આત્માની સિદ્ધિ ............ ૯૯**
આત્માના અશુદ્ધ પ્રદેશો પર વિવિધ પ્રકારનાં કર્મોનો જમાવ ............ ૧૦૧
આત્માના અશુદ્ધ પ્રદેશો શુદ્ધ થતા જાય ત્યારે થતા ફાયદા ............ ૧૦૨
આત્મપ્રદેશોને શુદ્ધ કરવામાં કેવળીગમ્ય પ્રદેશોનો ફાળો ............ ૧૦૭
ભાવિ અરિહંત પ્રભુનાં કેવળીગમ્ય પ્રદેશો મેળવતી વખતે થતી પ્રક્રિયા ............ ૧૧૦

| | પાન ક્રમાંક |
|---|---|
| તેઓ કેવળીગમ્ય પ્રદેશ મેળવતી વખતે જે ગતિમાં તેની પ્રાપ્તિ થાય તે ગતિના દોષો દૂર કરે છે | ૧૧૮ |
| તે વખતે થતી અન્ય પ્રક્રિયા | ૧૨૧ |
| પ્રભુનાં કેવળીગમ્ય પ્રદેશોમાં પૂરાતી ધર્મનાં સનાતનપણાની તથા મંગલપણાની શક્તિ | ૧૨૯ |
| આત્મસિદ્ધિશાસ્ત્રનું મંગલાચરણ | ૧૩૨ |
| ક્રિયાજડ તથા શુષ્કજ્ઞાનીનું રૂપ | ૧૩૭ |
| આગળની સાત કડીઓનું તારણ આઠની કડીમાં | ૧૪૨ |
| સદ્‌ગુરુનાં લક્ષણો | ૧૪૫ |
| ગુરુનું મહાત્મ્ય | ૧૪૭ |
| સ્વચ્છંદ ત્યાગ | ૧૫૬ |
| વિનયનો ગુણ | ૧૬૧ |
| મતાર્થીનાં લક્ષણો | ૧૬૯ |
| આત્માર્થીનાં લક્ષણો | ૧૭૬ |
| આત્માનાં છ પદ | ૧૮૦ |
| પ્રથમ પદ : શિષ્યની આશંકા | ૧૮૩ |
| પ્રથમ પદ : ગુરુનું સમાધાન | ૧૮૫ |
| બીજું પદ : શિષ્યની આશંકા | ૧૮૯ |
| બીજું પદ : ગુરુનું સમાધાન | ૧૯૧ |
| ત્રીજું પદ : શિષ્યની આશંકા | ૧૯૬ |
| ત્રીજું પદ : ગુરુનું સમાધાન | ૧૯૮ |
| ચોથું પદ : શિષ્યની આશંકા | ૨૦૨ |
| ગણધરજીનું છદ્મસ્થ પૂર્ણ પરમેષ્ટિ ચક્ર | ૨૦૭ |

પાન ક્રમાંક

ગણધર પ્રેરિત હિમપ્રવાહ ........ ૨૦૮
બાષ્પીભવનનાં મોજાં ........ ૨૦૯
ચોથું પદ : ગુરુનું સમાધાન ........ ૨૧૩
પાંચમું પદ : શિષ્યની આશંકા ........ ૨૧૭
પાંચમું પદ : ગુરુનું સમાધાન ........ ૨૧૮
પંચપરમેષ્ટિનાં કાર્યની સમજણ ........ ૨૨૧
છઠ્ઠું પદ : શિષ્યની આશંકા ........ ૨૨૬
છઠ્ઠું પદ : ગુરુનું સમાધાન ........ ૨૨૯
છઠ્ઠા પદનાં સમાધાનમાં અરિહંતવાણી ........ ૨૨૯
મોક્ષમાર્ગની જીવાત્મામાં ઉપસ્થિતિ ........ ૨૩૬
એક પ્રદેશનો જોરદાર ભાવ આખા આત્માને સ્પર્શે છે ........ ૨૪૦
શિષ્યને બોધબીજની પ્રાપ્તિ ........ ૨૫૪
રાજપ્રભુની અંતરંગ દશાનો ખ્યાલ ........ ૨૫૫
૧૧૯ મી કડીમાં અરિહંતપણાની સ્થિતિ ........ ૨૫૫
૧૨૦ મી કડીમાં સિદ્ધ અવસ્થાનું દર્શન ........ ૨૫૬
૧૨૧ મી કડીમાં ૬ઠા સાતમા ગુણ સ્થાનવર્તી આચાર્યનો અપૂર્વ પુરુષાર્થ ........ ૨૫૭
૧૨૨ મી કડીમાં ઉપાધ્યાયજીનો પુરુષાર્થ ........ ૨૫૭
૧૨૩ મી કડીમાં સાધુસાધ્વીજીના ઉત્તમ ગુણોનો સમાવેશ ........ ૨૫૮
૧૨૪-૧૨૭ સુધીની કડીઓમાં અનુભવાતો કલ્યાણમય ભક્તિરસ ........ ૨૫૯
ઉપસંહાર – છેવટની ઉત્તમ શિખામણ ........ ૨૬૨
આત્મસિદ્ધિમાં છ દર્શનનો સમાવેશ........ ૨૬૨
આત્મસિદ્ધિમાં વ્યવહારનય અને નિશ્ચયનયનો સમન્વય ........ ૨૬૬



શ્રીમદ્ રાજચંદ્ર

## અર્પણ

સ્વપર કલ્યાણના ઉત્કૃષ્ટ માર્ગે ચાલી, ઈચ્છુકને
ચલાવનાર, અને આત્માની સિદ્ધિ તથા શુદ્ધિ
કરવામાં સહાય કરવા માટે ઉત્તમ “આત્મસિદ્ધિશાસ્ત્ર” ની
રચના કરનાર શ્રી રાજપ્રભુને સવિનય વંદન સાથે, કર્તાપણાના ભાવથી મુક્ત બની
આ અધ્યાત્મભાવ સહિતનો ગ્રંથ સ્વકલ્યાણાર્થે અર્પણ કરું છું.

ૐ

# પ્રાક્કથન

શ્રીમદ્ રાજચંદ્ર રચિત "આત્મસિદ્ધિશાસ્ત્ર" એ સર્વજન - ભોગ્ય ઉત્તમ કૃતિ છે. તેમાં ઘણાં ઘણાં તત્ત્વોનો સમાવેશ થયેલો જોવા મળે છે. આ ગ્રંથમાં આત્માનાં છ પદને સિદ્ધ કરી, આખા મોક્ષમાર્ગની રજૂઆત સત્ય, સરળ અને સચોટ ભાષામાં કરી શ્રી રાજપ્રભુએ આ અવનીના મુમુક્ષુજનો પર ઘણો ઘણો ઉપકાર કર્યો છે, તે નિઃશંક છે. આ રચનાની સહુથી મોટી ખુબી મને તો એ જણાય છે કે, આનો આસ્વાદ બાળજીવોથી શરૂ કરી, વિદ્વાનો તથા આત્મદશાની ઉચ્ચ કક્ષાએ વિરાજમાન કોઈ પણ જીવ, ભલે પછી તે કોઈ પણ ધર્મનો અનુયાયી હોય, એકસરખા રસથી લઈ શકે તેમ છે, તેમાં માત્ર શરત એટલી જ જણાય છે કે તે જીવમાં તેનો આસ્વાદ લેવાની અને અભ્યાસ કરવાની તમન્ના હોવી જોઈએ. આ કૃતિનો આસ્વાદ લેવા માટે કોઈ પણ ધર્મમતને સ્વીકારનાર અધિકારી છે, કેમકે આમાં કોઈ પણ દર્શનના મતનું ખંડન કે મંડન કરવામાં આવ્યું નથી, માત્ર સત્યના પાયા પર એની રચના થયેલી અનુભવવામાં આવે છે. શ્રી રાજપ્રભુએ કોઈ પણ મત કે દર્શનના અભિપ્રાયથી દોરવાયા વિના, તટસ્થ રીતે અનુભવના આધારથી અને પ્રમાણથી આ રચના કરી છે. અને એ દ્વારા, પોતે પોતાના પુરોગામી પાસેથી આત્માર્થે આગળ વધવા લીધેલાં ઋણની ચૂકવણી કરવા, એ અનુભવનો નીચોડ પોતાના અનુગામીઓને આત્માર્થે વિકાસ કરવા આપવાના ધ્યેયથી આ અનુભવવાણી સાકાર કરી હોય તેમ અનુભવાય છે.

તેમની વાણીમાં ખૂબ સરળતા, સચોટતા અને સત્યતા હોવા ઉપરાંત કોઈ પણ મત કે દર્શનનું નામ સાથે ખંડન કે મંડન નથી, એટલું જ નહિ, પણ તેમણે ખૂબી પૂર્વક સહજતાથી જૈનધર્મની ઉત્તમતા તેમાં સાબિત કરી દીધી છે! સાથે સાથે પ્રત્યેક આત્મપદની શંકા તથા સમાધાન આપતી વખતે તેઓ પંચપરમેષ્ટિનાં એક પછી એક, ઉત્તરોત્તર ઉચ્ચ પદને સ્પર્શીને આ રચના કરતા હોય તેવો ધ્વનિ આપણને સ્પષ્ટ સમજાય છે! ધન્ય છે તેમની વ્યવહારશુદ્ધિને તથા આત્માર્થે ઉપકાર કરવાની ભાવનાને!

ઈ.સ. ૧૯૬૪-૬૫ માં હું જ્યારે "શ્રીમદ્ રાજચંદ્ર – એક અભ્યાસ" એ મહાનિબંધ માટે આત્મસિદ્ધિશાસ્ત્રનું સંશોધન કરી, તે વિષયે પ્રકરણ લખતી હતી, ત્યારે મને તેમના દ્વારા પરોક્ષ રીતે ઘણી ઘણી સહાય મળી હતી. એ વખતે તેમાંની કેટલીક કડીઓનું ઊંડાણ મને સમજાતું ન હતું; તેવા સંજોગમાં રાજપ્રભુ પોતે મને ભાસમાં પ્રગટ થઈ તેનો ગૂઢાર્થ સમજાવતા હતા, અને મારું કાર્ય ઘણું સરળ કરી આપતા હતા. તેમની આ સહાય માટે હું તેમની ખૂબ ઋણી તથા આભારી છું. અને તેમને ખૂબ ભાવથી ઉપકાર માની વંદન કરું છું. તેનું એક ઉદાહરણ જણાવું છું. આત્મસિદ્ધિની ૧૮મી કડી છે કે,

"માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્ગુરુ શરણમાં, અલ્પપ્રયાસે જાય." ૧૮

આ પંક્તિઓ માટે તેમણે મને સમજાવ્યું હતું કે, આ કષાયરૂપી મહાશત્રુઓને હાંકી કાઢવા માટે જીવ પોતાની રીતે ગમે તેટલા પ્રયત્ન કરે તો પણ તેને ધારી સફળતા મળતી નથી. પરંતુ જો તે સદ્ગુરુના આશ્રયે જઈ, વિનમ્રભાવે પ્રભુની સહાય માગે તો તે આ બધા શત્રુઓને સહેલાઈથી જીતી લે છે. ટૂંકમાં કહીયે તો આ શત્રુઓને ડામવા માટે શ્રી સદ્ગુરુનાં શરણમાં જઈ સહાય માગવાની જરૂર છે, જીવે આટલો જ નાનો પ્રયત્ન કરવાનો છે, બાકીનું બધું જ શ્રી સદ્ગુરુ સંભાળી લે છે. તેમણે આપેલી આ શિખામણની સત્યતાનો અનુભવ મને એકવાર નહિ પણ અનેકવાર થયો હતો, થાય છે અને ભવિષ્યમાં પણ થતો જ રહેશે એ શ્રદ્ધાન દઢતાથી મને વર્તે છે. આમ મહાનિબંધ (થીસીસ) લખતી વખતે મને શ્રી રાજપ્રભુની એટલી બધી સહાય મળી હતી કે તે મહાનિબંધનું કર્તૃત્વ અંશે પણ લેવાની ઈચ્છા કે ભાવના મારામાં રહી ન હતી.

ઈ.સ. ૧૯૭૭ના પર્યુષણ પર્વથી દર વરસે પ્રભુ તરફથી જે વિષય મળતો હતો, તેનું વિવરણ એ જ વર્ષનાં પર્યુષણમાં પૂરું થતું હતું. ઈ.સ. ૧૯૮૧માં પર્યુષણ માટે મને "આત્મસિદ્ધિ શાસ્ત્ર" વિષય તરીકે આવ્યું હતું. તે વર્ષે પણ આઠ દિવસમાં એ

વિશેનું વાંચન પૂરું કર્યું હતું. તે પછી પણ એ જ પરંપરા ચાલુ હતી. આમ ઈ.સ. ૨૦૧૦ના વર્ષ સુધી ચાલ્યું. પરંતુ ઈ.સ. ૨૦૦૮-૦૯માં ઈ.સ. ૨૦૧૧ના વર્ષ માટે "આત્મસિદ્ધિ શાસ્ત્ર" ફરીથી લેવાની આજ્ઞા મળી. એક વિષય એક વખત લીધા પછી, ફરીથી લેવામાં કેટલી વિશેષતા જોઈએ? આ વિશેષતા ધારણ કરવા માટે પ્રભુને અંતરંગથી ખૂબ પ્રાર્થના થવા લાગી. અને એ વર્ષથી મને ચિ. નેહલ નલીન વોરાની સહાયથી જુદી જ અપેક્ષાથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની કડીઓ સમજાતી ગઈ. આ શાસ્ત્રનાં અંતરંગનું હાર્દ અમને પ્રભુ તરફથી સમજાતું ગયું. તેથી અમારા સંતોષ અને આનંદમાં ખૂબ ભરતી આવી. વળી, ખૂબ સમર્પણભાવથી આ અદ્‌ભુત કૃતિ વિશે લખાણ લખાતું ગયું. પ્રભુ અમને દોરતા હતા, અમે દોરાતા હતા. આ લખાણ પૂરું થયા પછી, ઈ.સ. ૨૦૧૧ તથા ૧૨, એ બે વર્ષનાં પર્યુષણપર્વ દરમ્યાન તેની સમજણ મેં મુમુક્ષુઓને આપી. આટલાં વર્ષોમાં પહેલી જ વખત એક વિષય બે વર્ષ સુધી ચાલ્યો છે. તે આ શાસ્ત્રની ગહનતા અને વિસ્તારનું માપ આપણને આપે છે. અને હવે આ લખાણ પુસ્તક રૂપે પ્રગટ કરવાની આજ્ઞા શ્રી પ્રભુ તરફથી મળી છે.

આ વખતે અમારાં મનમાં મોટી દ્વિધા થઈ કે આવાં ગૂઢ રહસ્યો, ગમે તે વાચક સમક્ષ પ્રગટ કરવાથી તેઓ તેને કેવી રીતે સમજી શકશે અને પચાવી શકશે? એ વખતે શ્રી પ્રભુએ અમને આશ્વાસન આપ્યું કે, આ હાર્દ કોણ ગ્રહણ કરશે, કોણ પચાવશે અને કોણ ગ્રહણ નહિ કરે તે તમારે વિચારવાનું નથી. તમારે તો આ જગતમાંથી લીધેલાં શ્રી પંચપરમેષ્ટિનાં અને શ્રી રાજપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓનો સદુપયોગ કરી, તેમાંથી નવું સર્જન કરી, સ્વીકારેલાં ઋણની ચૂકવણી અર્થે આ શુભ કાર્ય કરવાનું છે. તમારે તો શ્રીપ્રભુ જે કલ્યાણચક્ર ચલાવે છે તેમાં ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ, સહુને આત્માર્થે મદદ કરવાના, સહાયરૂપ થવાના ભાવ સેવતા રહેવાના છે. તેમાં જ તમારું પણ કલ્યાણ છે. તે સમજવાથી અમારા મનનું યોગ્ય સમાધાન થઈ ગયું.

પૂર્વકાળની અને ઉત્તરકાળની અમારી આત્મસિદ્ધિની સમજણનો ફરક સમજાય તે હેતુથી આ પુસ્તકમાં અમે "આત્માની સિદ્ધિ" સાથે "જીવનસિદ્ધિ" નું આત્મસિદ્ધિનું પ્રકરણ પ્રારંભમાં મૂક્યું છે. જેનું વ્યવસ્થિત વાંચન કરવાથી આ ઉત્તમ કૃતિનો સર્વાંગી

અભ્યાસ કરવાની સુવિધા સુજ્ઞ વાચકને થાય. સાથે સાથે વાચકને એ પણ સમજાય કે આપણી દશાનુસાર શ્રીપ્રભુની સહાય કેવી રીતે વધતી જાય છે. માટે આપણે આત્માર્થે પ્રગતિ વધારવા અને પ્રભુની સહાય મેળવવા આપણી પાત્રતા વધારતા જવાની જરૂર છે.

આપ સહુને ખ્યાલ આપવો છે કે “આત્માની સિદ્ધિ” લખવામાં મને ચિ. નેહલ તરફથી અડઘોઅડઘ સહાય મળી હતી. પ્રભુની કૃપા તો મારા માટે અવર્ણનીય જ છે, અને એમની જ કૃપાથી નેહલ મને આટલી મદદ કરી શકયો હતો, એમ મને લાગે છે. આ ઉપરાંત ચિ. પ્રકાશ, અમી, શ્રી અજીતભાઈ, નલીનીબેન, શ્રી કિશોરભાઈ, રેણુબહેન, ચિ. અમી, અનુરાગ ઠાકોર સહુએ પોતપોતાની રીતે મને સહાય કરી છે. આ ઉપરાંત ભાઈશ્રી અરુણભાઈ તથા સુધાબહેન અને બહેન દેવાંશીએ આ પુસ્તકને સમયસર પ્રગટ કરવા જે જહેમત લીધે છે, તે માટે સહુનો ઉપકાર માનું છું, અને સહુને આ કાર્યમાં સહભાગી થવાના સત્કર્મનું ફળ આત્માર્થે પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના હું શ્રીપ્રભુને કરું છું.

મુંબઈ | ૐ શાંતિ.
તા. ૨ સપ્ટેમ્બર ૨૦૧૩, સોમવાર | **ડો. સરયુ રજની મહેતા.**
પહેલું પર્યુષણ.

मैत्री परस्मिन् हितषीः समग्रे,
भवेत् प्रमोदो गुणपक्षपातः ।
कृपा भवार्ते प्रतिकर्तुमीहो –
पेक्षेव माध्यस्थ्यमवार्यदोषे ।।

"બીજાં સર્વ પ્રાણીઓ પર હિત કરવાની બુદ્ધિ તે મૈત્રી ભાવના; ગુણનો પક્ષપાત તે પ્રમોદ ભાવના; ભવરૂપ વ્યાધિથી હેરાન થતા પ્રાણીઓને ભાવ-ઔષધથી સારું કરવાની ઈચ્છા તે કૃપા-કરુણા ભાવના; ન ટળી શકે તેવા દોષવાળા પ્રાણી ઉપર ઉદાસીન ભાવ તે માધ્યસ્થ ભાવનાં."

– મુનિસુંદરસૂરિ રસિત અધ્યાત્મકલ્પદ્રુમ
સમતા અધિકાર, શ્લોક ૧૧.

## પ્રકરણ ૧

# આત્મસિદ્ધિશાસ્ત્ર

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ને નામે ઓળખાતી શ્રીમદ્‌ની આ પદ્યરચના તેમની સર્વ કૃતિઓમાં શ્રેષ્ઠ ગણાય છે. તેમાં ગાથા તો માત્ર ૧૪૨ જ છે, પણ તેમાં નિરૂપાયેલા તત્ત્વજ્ઞાનને લીધે તે અન્ય શ્રેષ્ઠ ગણાતા ગ્રંથોની હરોળમાં બેસી શકે તેમ છે. શ્રી મનસુખભાઈ ર. મહેતાએ યોગ્ય જ લખ્યું છે કે :–

> "ગ્રંથગૌરવ માત્ર ૧૪૨ દોહરાનું છે, તથાપિ જગવિખ્યાત આચાર્ય ભગવાન શ્રીમાન્ હરિભદ્રસૂરિપ્રણીત 'ષડ્‌દર્શનસમુચ્ચય' ગ્રંથ જે માત્ર ૮૬ શ્લોકનો છે, છતાં તેમાં સર્વ દર્શનોનું સ્વરૂપ યથાતથ્ય રીતે દર્શાવી તત્ત્વજ્ઞાનાનુભવીઓને અપ્રતિમ હર્ષનું કારણ આપ્યું છે, અને તેને લઈને તેના પર અનેક ગહન ટીકાગ્રંથો લખાયા છે, તેમ આ ગ્રંથનું ગૌરવ ઘણું અલ્પ છતાં તેમાં સર્વ દર્શનોનો અંતિમ હેતુ પ્રગટ કરી બતાવ્યો છે."
>
> ("આત્મસિદ્ધિશાસ્ત્ર", સંપા. મ. ર. મહેતા, આ. ૧, પ્રસ્તાવના પૃ. ર.)

આ ગ્રંથ વિશે શ્રીમદ્‌નો અભિપ્રાય નોંધતાં મનસુખભાઈ લખે છે કે :–

> "આ ગ્રંથનું ગૌરવ ૧૪૨ દોહરાનું છે, છતાં તે ઉપર ૧૪૨૦૦ શ્લોકની ટીકા લખાઈ શકે તેમ છે, એમ એક પ્રસંગે ગ્રંથકર્તાપુરુષે કહ્યું હતું." ("આત્મસિદ્ધિશાસ્ત્ર", સંપા. મ. ર. મહેતા, આ. ૧, પ્રસ્તાવના પૃ. ૪૬.)

આ વચન પરથી આ ગ્રંથની ગહનતાનો ખ્યાલ આવી શકશે. તે વિશે ગમે તેટલાં પૃષ્ઠો લખાય તોપણ તે ઓછાં પડે એટલાં નય અને તત્ત્વો તેમાં ભર્યાં છે.

આ કૃતિની સૂત્રાત્મકતા વિશે શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ લખ્યું છે કે :–

"શ્રીમદ્ રાજચંદ્રની આ અનુપમ કૃતિ સૂત્રાત્મક છે. તેનો વિસ્તાર વિવેકી વાચકવર્ગને શાંતિપૂર્વક કર્તવ્ય છે. તેઓશ્રીએ પોતે જ જણાવેલ છે કે આત્મસિદ્ધિની ૧૪૨ કડીઓમાંની દરેક કડી પર સો-સો કડીઓ લખાય તેમ છે. આવો આ ગહન ગ્રંથ છે. એમ છતાં એને એવી શૈલીમાં રજૂ કરેલ છે કે દરેકને તેની યોગ્યતા પ્રમાણે કંઈ ને કંઈ ગ્રહણ થાય અને જેમ જેમ તેનો અભ્યાસ વધે તેમ તેમ તેની મહત્તા પણ વિશેષ ભાસવા લાગે." (શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ, પૃ. ૪૩)

શ્રીમદે આમ તત્ત્વસભર ગણાવેલી "આત્મસિદ્ધિ"માં મુખ્યત્વે આત્માનું ચિંતન જ આપ્યું છે એ રીતે જોતાં આ ગ્રંથ દ્રવ્યાનુયોગનો કહી શકાય. જૈન દર્શનમાં શાસ્ત્રો ચાર પ્રકારે વહેંચાયેલાં છે. આ પ્રકારને અનુયોગ કહેવામાં આવે છે. તેના ચાર પ્રકાર આ પ્રમાણે છેઃ ૧. દ્રવ્યાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. ચરણાનુયોગ, અને ૪. ધર્મકથાનુયોગ. લોકવિશ્વમાં રહેલાં દ્રવ્યો, તેનાં ગુણ, ધર્મ, પર્યાય તથા સ્વપરભેદ વિજ્ઞાનાદિની પ્રરૂપણા જેમાં હોય તે દ્રવ્યાનુયોગ. ગૃહસ્થ તથા મુનિઓએ કેમ વર્તવું, કેવી ધર્મ આચરણા કરવી એ આદિ વિશેની પ્રરૂપણા જેમાં હોય તે ચરણાનુયોગ. ગુણસ્થાન, જીવ, કર્મ તથા ત્રિલોકના પદાર્થનું ગણતરીપૂર્વકનું નિરૂપણ જેમાં હોય તે ગણિતાનુયોગ. અને તીર્થંકર, ચક્રવર્તી આદિ સત્પુરુષોનાં ધર્મચારિત્રની કથાઓ જેમાં નિરૂપી હોય તે ધર્મકથાનુયોગ.

દ્રવ્યાનુયોગની વિશેષતા પરમપુરુષોની વાણી અનુસાર શ્રીમદે નીચે પ્રમાણે બતાવી છે :–

"દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે. નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે. શુક્લધ્યાનનું અનન્ય કારણ છે. શુક્લધ્યાન વડે કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટવાથી, અથવા નાશ પામવાથી, વિષય પ્રત્યે ઉદાસીનતાથી અને મહત્પુરુષનાં ચરણકમળની ઉપાસનાનાં બળથી દ્રવ્યાનુયોગ પરિણમે છે. જેમ જેમ સંયમ વર્ધમાન થાય છે, તેમ તેમ દ્રવ્યાનુયોગ યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્‌દર્શનનું નિર્મલત્વ છે, તેનું કારણ પણ દ્રવ્યાનુયોગ થાય છે. સામાન્યપણે દ્રવ્યાનુયોગની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામ પરિણામી, પરમ વીતરાગ દૃષ્ટિવંત, પરમ અસંગ, એવા મહાત્મા પુરુષો તેનાં મુખ્ય પાત્ર છે. હે આર્ય! દ્રવ્યાનુયોગનું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે, તે આ પુરુષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઈ દિવસ શિથિલ કરીશ નહિ. વધારે શું? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૬૩૨, આંક ૮૬૬.)

"આત્મસિદ્ધિશાસ્ત્ર"માં નિરૂપાયેલા વિષયોમાં સૌથી અગત્યનું દ્રવ્ય તે 'આત્મા' છે. આત્માની પ્રતીતિ આવે તો સમ્યગ્દર્શન થાય, એ દૃષ્ટિએ આ ગ્રંથનું મહત્ત્વ કેટલું હોવું જોઈએ? આ ગ્રંથની વિશેષતા એ છે કે તે ફક્ત ચાર જ વ્યક્તિને લક્ષમાં રાખીને લખાયો હતો, છતાં સર્વ મુમુક્ષુઓને માટે તે ખૂબ ઉપકારી થઈ શકે તેમ છે.

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના માટેનું નિમિત્ત

વિ. સં. ૧૯૫૦માં શ્રી લઘુરાજસ્વામીની તબિયત સારી નહોતી રહેતી તે વખતે તેમની વિનંતીને માન આપીને તત્ત્વજ્ઞાનનો બોધ આપતાં આત્માનાં છ પદ – આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા છે, તે ભોક્તા છે, મોક્ષ છે

અને તેનો ઉપાય છે – સમજાવતો એક પત્ર શ્રીમદે ગદ્યમાં લખીને તેમને વાંચવા, વિચારવા તથા મનન કરવા મોકલ્યો હતો. તે પછી વિ. સં. ૧૯૫૧માં શ્રી સોભાગભાઈની તબિયત પણ ઘણી નરમ થઈ ગઈ હતી, તે વખતે તેમને પણ એ જ પત્રની નકલ, તે પત્ર મુખપાઠે કરી વારંવાર વિચારવાની આજ્ઞાથી મોકલવામાં આવ્યો. વિ. સં. ૧૯૫૧માં શ્રી સોભાગભાઈની વૃદ્ધાવસ્થા હતી. અને સાથે સાથે તબિયત પણ ઘણી નરમ હતી, તેથી ગદ્યપત્ર મુખપાઠે કરતાં તેમને ખૂબ મુશ્કેલી નડી. પોતાની મુશ્કેલી જાણી સોભાગભાઈને લાગ્યું કે અન્ય મુમુક્ષુભાઈઓને આ પત્ર મુખપાઠે કરતાં આવી જ મુશ્કેલી નડશે. સર્વની એ મુશ્કેલી દૂર કરવાના હેતુથી સોભાગભાઈએ શ્રીમદ્‌ને એવી વિનંતી કરી કે, આ ગદ્યપાઠ યાદ કરવામાં બહુ તકલીફ પડે છે, તેથી માંદગી વખતે પથારીમાં સૂતા સૂતા પણ સતત રટણ કરી શકાય તેવી આત્મબોધ આપતી પદ્યરચના આપ કૃપા કરી લખી જણાવો તો મારા જેવા જીવો પર ઘણું ઉપકારનું કાર્ય થાય. સ્વાતિનક્ષત્રમાં છીપમાં પડેલું મેઘબિંદુ જેમ સુંદર મોતીમાં પરિણમે છે, તેમ કોઈ ભાગ્યશાળી ક્ષણે થયેલી આ વિનંતીના પરિપાકરૂપે “આત્મસિદ્ધિશાસ્ત્ર” ની રચના થઈ.

વિ.સં. ૧૯૫૨ના આસો માસમાં શ્રીમદ્ ચરોતરના નડિયાદ ગામમાં નિવૃત્તિ માટે રહ્યા હતા. આસો વદ એકમની સાંજે બહાર ફરી આવીને શ્રીમદે તેમના સમીપવાસી ભાઈ અંબાલાલભાઈ પાસે ખડિયો, કલમ તથા કાગળ માંગ્યાં. શ્રી અંબાલાલભાઈએ શ્રીમદ્‌ને જરૂરી લેખનસામગ્રી લાવી આપી. અને શ્રીમદ્‌ને લખવામાં સગવડ રહે તે હેતુથી અંબાલાલભાઈ તેમની પાસે ફાનસ ધરીને ઊભા રહ્યા. તે વખતે માત્ર દોઢ-બે કલાક જેટલા ટૂંકા સમયમાં શ્રીમદે “આત્માસિદ્ધિશાસ્ત્ર” ના ૧૪૨ દોહરાની રચના કરી. શ્રીમદ્‌ની વિચારધારા એ વખતે એટલી બધી સ્પષ્ટ હતી કે તેમણે લખાણમાં શાબ્દિક ફેરફાર પણ ભાગ્યે જ કર્યો છે, તે “આત્મસિદ્ધિ” ની હસ્તલિખિત પ્રત જોતાં સ્પષ્ટ જણાય છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર" રચતી વખતે શ્રીમદ્‌ના મનમાં મુખ્યત્વે સોભાગભાઈ જ હતા તે જણાવતો એક વધારાનો દોહરો તેમણે ૧૨૭મા દોહરા પછી રચ્યો હતો. તે આ પ્રમાણે હતો :–

"શ્રી સુભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુ કાજ;
તથા ભવ્યહિત કારણે, કહ્યો બોધ સુખસાજ."
("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૫૫.)

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના મનનનો અધિકારીવર્ગ – શ્રીમદ્‌ની દૃષ્ટિએ

"આત્મસિદ્ધિ"ની રચના થયા પછી બીજે દિવસે તેની ચાર હસ્તલિખિત નકલો તૈયાર કરવામાં આવી. તેમાંની એક શ્રી સોભાગભાઈને, બીજી શ્રી લલ્લુજી મહારાજને, ત્રીજી શ્રી અંબાલાલભાઈને અને ચોથી શ્રીમદ્‌ના ભાગીદાર શ્રી માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને વાંચન-મનનાર્થે મોકલી આપવામાં આવી.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ની નકલ મોકલતી વખતે શ્રીમદે તેમાંની કેટલીક ગાથાઓને વિશેષપણે સમજાવતા પત્રો પણ તે સાથે મોકલ્યા હતા. સાથે સાથે તે ચારે વ્યક્તિઓને "આત્મસિદ્ધિશાસ્ત્ર" વિશે જાહેરમાં નિર્દેશ કરવાનો નિષેધ કર્યો હતો. લલ્લુજી મહારાજને તે વિશે શ્રીમદે લખ્યું હતું કે :–

> "એકાંતમાં અવગાહવાને અર્થે 'આત્મસિદ્ધિ' આ જોડે મોકલ્યું છે. તે હાલ શ્રી લલ્લુજીએ અવગાહવા યોગ્ય છે... 'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રી દેવકરણજીએ આગળ પર અવગાહવું વધારે હિતકારી જાણી હાલ શ્રી લલ્લુજીને માત્ર અવગાહવાનું લખ્યું છે. તોપણ જો શ્રી દેવકરણજીની વિશેષ આકાંક્ષા હાલ રહે તો પ્રત્યક્ષ સત્પુરુષ જેવો મારા પ્રત્યે કોઈએ પરમોપકાર કર્યો નથી એવો અખંડ નિશ્ચય લાવી, અને આ દેહના ભવિષ્ય જીવનમાં પણ તે અખંડ નિશ્ચય છોડું તો મેં આત્માર્થ ત્યાગ્યો અને ખરા ઉપકારીના ઉપકારને ઓળવવાનો દોષ કર્યો એમ

> જ જાણીશ, અને આત્માને સત્પુરુષનો નિત્ય આજ્ઞાંકિત રહેવામાં જ કલ્યાણ છે એવો, ભિન્નભાવરહિત, લોકસંબંધી બીજા પ્રકારની સર્વ કલ્પના છોડીને, નિશ્ચય વર્તાવીને, શ્રી લલ્લુજી મુનિના સહચારીપણામાં એ ગ્રંથ અવગાહવામાં હાલ પણ અડચણ નથી... સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે તેને જ જ્ઞાન સમ્યક્ પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે... બીજા મુનિઓને પણ જે જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને વિવેકની વૃદ્ધિ થાય તે તે પ્રકારે શ્રી લલ્લુજી તથા દેવકરણજીએ યથાશક્તિ સંભળાવવું તથા પ્રવર્તાવવું ઘટે છે, તેમ જ અન્ય જીવો પણ આત્માર્થે સન્મુખ થાય અને જ્ઞાનીપુરુષની આજ્ઞાના નિશ્ચયને પામે તથા વિરક્ત પરિણામને પામે, રસાદિની લુબ્ધતા મોળી પાડે એ આદિ પ્રકારે એક આત્માર્થે ઉપદેશ કર્તવ્ય છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૫૭, આંક ૭૧૯)

શ્રી સોભાગભાઈએ ડુંગરશીભાઈને "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની પ્રત આપવા બાબત અનુમતિ મંગાવી તે વખતે તેમને પણ શ્રીમદે લખ્યું હતું કે :–

> "શ્રી ડુંગરને આત્મસિદ્ધિ મુખપાઠે કરવાની ઇચ્છા છે. તે માટે તે પ્રત એમને આપવા વિશે પુછાવ્યું તો તેમ કરવામાં અડચણ નથી. શ્રી ડુંગરને એ શાસ્ત્ર મુખપાઠે કરવાની આજ્ઞા છે. પણ હાલ તેની બીજી પ્રત નહિ ઉતારતાં આ પ્રત છે તે ઉપરથી જ મુખપાઠે કરવા યોગ્ય છે..આત્મસિદ્ધિ સંબંધમાં તમારા બંનેમાંથી કોઈએ આજ્ઞા ઉપરાંત વર્તવું યોગ્ય નથી. એ જ વિનંતિ." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૫૮, આંક ૭૨૧)

શ્રીમદે લખેલા આ બંને પત્રો પરથી જોઈ શકાશે કે કોઈ અનધિકારી જીવના હાથમાં "આત્મસિદ્ધિ" ન જાય તે વિશે શ્રીમદ્ કેટલા સાવચેત હતા! વળી,

એ પણ જણાશે કે એ અધિકારનું ધોરણ પણ કેટલું ઊંચું હતું! આ સાવચેતી રાખવાનું કારણ શ્રીમદે સોભાગભાઈને પત્રમાં જણાવ્યું હતું કે :–

> “જે જ્ઞાન મહા નિર્જરાનો હેતુ થાય છે તે જ્ઞાન અનધિકારી જીવના હાથમાં જવાથી તેને અહિતકારી થઈ ઘણું કરી પરિણમે છે.” (“શ્રીમદ્ રાજચંદ્ર”, અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૫૯, આંક ૭૨૧)

“આત્મસિદ્ધિશાસ્ત્ર” અયોગ્ય જીવને અહિતકારી થવાનો સંભવ એટલા માટે હતો કે તે દ્રવ્યાનુયોગનો ગ્રંથ હોવાથી વિશેષ અધિકાર માગે છે. વળી, શ્રીમદ્ ગૃહસ્થવેશી હતા અને આત્મજ્ઞાનની ગૂઢ વાતો કોઈ ગૃહસ્થ પોતાની આંતરિક યોગ્યતાથી જણાવે તો તે સમજવા જેટલી યોગ્યતાવાળો લોકસમાજ હોતો નથી. તેથી અનધિકારી જીવની પાસે ગૃહસ્થરચિત વૈરાગ્યનો ગ્રંથ જતાં તે કુતર્કમાં પડે કે પોતે તો કરતા નથી અને બીજાને ઉપદેશ આપવા નીકળ્યા છે! આ હેતુથી શ્રીમદ્‌ના જાણીતાઓમાં પણ ઓછી યોગ્યતાવાળા જીવો માટે આ ગ્રંથનું અધ્યયન નિષિદ્ધ હતું. તેથી તેને છપાવીને પ્રસિદ્ધ કરવાની કલ્પના પણ કયાંથી કરાય? એ જ કારણે તે શાસ્ત્ર શ્રીમદ્‌ની હયાતી દરમ્યાન પ્રકાશમાં આવ્યું ન હતું, અને ગણીગાંઠી વ્યક્તિઓના અધ્યયનનો વિષય રહ્યું હતું.

## શ્રીમદે ગણેલા અધિકારીઓ પર “આત્મસિદ્ધિ”નો પડેલો પ્રભાવ

શ્રીમદે “આત્મસિદ્ધિશાસ્ત્ર”ના વાચન-મનન અર્થે પોતાની નિકટવર્તી માત્ર ચાર જ વ્યક્તિઓને તે સમયે અધિકારી ગણી હતી. તેઓ બધાએ શ્રીમદ્‌ની આજ્ઞા અનુસાર આ શાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. અને તેનો જે પ્રભાવ પોતાના પર પડયો હતો તેનું વર્ણન પણ તેમણે શ્રીમદ્‌ને લખી જણાવ્યું હતું. તે વાંચતાં આપણને તેમના યોગ્ય અધિકારનો તથા શ્રીમદ્‌ની પારખશક્તિનો ખ્યાલ આવે છે. અને એ દૃષ્ટિએ જોતાં એ ચારે વ્યક્તિઓનો “આત્મસિદ્ધિ” માટેનો અભિપ્રાય મૂલ્યવાન ગણાય.

શ્રી સોભાગભાઈને મુખ્યપણે લક્ષ્યમાં રાખી શ્રીમદે "આત્મસિદ્ધિ" રચી હતી તે આપણે જોયું. તેની કેટલી પ્રબળ અસર તેમના પર થઈ હતી, તે વર્ણવતાં સોભાગભાઈએ એક પત્રમાં શ્રીમદ્‌ને લખ્યું હતું કે :–

"ગોસળિયા આત્મસિદ્ધિ ગ્રંથ વાંચે છે, અને વિચારે છે, તેમ જ હું પણ તે વાંચું છું. દુહા ૧૩૪ મુખપાઠે કર્યા છે, અને વિચારતાં ઘણો આનંદ આવે છે. વળી પાંચ મહિના થયા તાવ આવે છે. તે જો આત્મસિદ્ધિ ગ્રંથ આપે મોકલાવ્યો ન હોત તો આજ સુધી દેહ રહેવો મુશ્કેલ હતો. ગ્રંથ વાંચી આનંદ આવે છે તેથી જીવું છું. પણ હવે આપે કૃપા કરી ટીકા અર્થ મોકલવા લખ્યું તે જો હવે તરતમાં આવે તો આનંદ લેવાય, નીકર પછી આંખે સૂઝે નહિ ત્યારે વાંચી શકાય નહીં, અને જ્યારે પોતાથી વાંચી શકાય નહિ ત્યારે બીજાના વાંચવાથી તેવો આનંદ આવે નહિ, માટે કૃપા કરી મોકલાવશો. ઘણું શું લખું?" ("શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૨૯)

"આત્મસિદ્ધિ"ની બીજી નકલ શ્રી લલ્લુજી મહારાજને મોકલવામાં આવી હતી. પોતાના પર તે શાસ્ત્રનો કેવો પ્રભાવ પડયો હતો તે વિશે તેમણે જણાવ્યું હતું કે :–

"તે વાંચતાં અને કોઈ કોઈ ગાથા બોલતાં, મારા આત્મામાં આનંદના ઊભરા આવતા. અને એકેક પદમાં અપૂર્વ માહાત્મ્ય છે, એમ મને લાગ્યા કરતું. આત્મસિદ્ધિનો સ્વાધ્યાય, મનન નિરંતર રહ્યા કરી આત્મોલ્લાસ થતો. કોઈની સાથે કે બીજી ક્રિયા કરતાં આત્મસિદ્ધિની સ્મૃતિ રહેતી. પરમકૃપાળુ દેવની શાંત મુખમુદ્રા કિંવા આત્મસિદ્ધિની આત્માનંદ આપનારી ગાથાનું સ્મરણ સહજ રહ્યા કરતું, અન્ય કશું ગમતું નહિ. બીજી વાતો પર તુચ્છભાવ રહ્યા કરતો. મહાત્મ્ય માત્ર એક સદ્‌ગુરુ અને તે ભાવનું આત્મામાં ભાસ્યમાન થતું હતું." ("શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૮૦)

"આત્મસિદ્ધિ"નું અવતરણ નજરોનજર નિહાળનાર અંબાલાલભાઈએ તેનું મહાત્મ્ય કેવું અનુભવ્યું હતું તે ટૂંકામાં વર્ણવતાં શ્રીમદ્‌ને એક પત્રમાં તેમણે લખ્યું હતું કે :–

"શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વાંચતાં વિચારતાં મારી અલ્પજ્ઞ મતિથી વિશેષ વિસ્તારપૂર્વક સમજી શકાતું નથી, પણ મારી સાધારણ મતિથી તે ઉત્તમોત્તમ શાસ્ત્ર વિચારતાં મારાં મન, વચન, કાયાના યોગ સહેજે પણ આત્મવિચારમાં પ્રવર્તતા હતા, જેનું અનુપ્રેક્ષણ કેટલોક વખત રહેવાથી, રહ્યા કરવાથી સામાન્યપણે પણ બાહ્ય પ્રવર્તવામાં મારી ચિત્તવૃત્તિ સહેજે અટકી જઈ આત્મવિચારમાં રહ્યા કરતી હતી, જેથી મારી કલ્પના પ્રમાણે સહજ સ્વભાવે શાંત રહ્યા કરતી હતી, ઘણા પરિશ્રમથી પણ મારા ત્રિકરણ યોગ કોઈ અપૂર્વ પદાર્થને વિશે પરમ પ્રેમે સ્થિર નહિ રહી શકેલા, તે યોગ તે પરમોત્કૃષ્ટ શાસ્ત્ર વિચારવાથી સહજ સ્વભાવે પણ આત્મવિચારમાં સદ્‌ગુરુ ચરણમાં પ્રેમયુક્ત સ્થિરભાવે રહ્યા કરતા, જેથી મારી અલ્પજ્ઞ દૃષ્ટિથી અને મારા સામાન્ય અનુભવથી મારી કલ્પના પ્રમાણે એમ લાગે છે કે જો તેવી જ રીતે તે જ શાસ્ત્રનું વિશેષ અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યા કરે તો આત્મવિચાર, આત્મચિંતન સદાય જાગ્રતપણે રહ્યા કરે, અને મન, વચન, કાયાના યોગ પણ આત્મવિચારમાં વર્ત્યા કરે." ("શ્રીમદ્ રાજચંદ્ર જીવનકળા", આવૃત્તિ ૪, પૃ. ૧૭૯)

ચોથી નકલ શ્રી માણેકલાલભાઈને મોકલવામાં આવી હતી. તેમણે પણ એ શાસ્ત્રનો ભક્તિપૂર્વક અભ્યાસ કર્યો હતો અને પોતાને જે ભાવો તેમ કરતાં સ્ફૂરે તે તેઓ શ્રી અંબાલાલભાઈને લખી મોકલતા. અંબાલાલભાઈ આદિના પત્રોમાં તેની સૂચનાઓ આવે છે તે પરથી જણાય છે કે તેઓ "આત્મસિદ્ધિ" વિશે વિસ્તારથી લખતા, પણ તે કશું લખાણ પ્રસિદ્ધ થયેલ નથી, તેથી તેમને કેવા ભાવો સ્ફુરતા તે જાણી શકાતું નથી.

અહીં સોભાગભાઈ આદિએ વર્ણવેલો “આત્મસિદ્ધિ”નો પોતાના પર પડેલો પ્રભાવ જોતાં જણાશે કે અનેક યોગ્ય આત્માઓ એ શાસ્ત્રના અવલંબનથી ઉચ્ચ દશા પામી શકે તેવી તેનામાં ચમત્કૃતિ રહેલી છે. આ બધાના જેવો ભક્તિભાવ અને યથાયોગ્ય મુમુક્ષુતા હોય તે સર્વને “આત્મસિદ્ધિ” ખૂબ ઉપકારી થઈ શકે તેમ છે, તે જણાશે. એ જ તેની વિશેષતા છે. હવે થોડી વ્યક્તિઓના અંગત ઉપયોગ માટે રચાયેલું “આત્મસિદ્ધિશાસ્ત્ર” ગ્રંથરૂપે કઈ રીતે પ્રસિદ્ધ થયું તે જોઈએ.

## આત્મસિદ્ધિશાસ્ત્રની ગ્રંથરૂપે પ્રસિદ્ધિ

શ્રીમદ્‌ની હયાતી દરમ્યાન તેમનું “ભાવનાબોધ”, “મોક્ષમાળા”, “સ્ત્રીનીતિબોધક વિભાગ ૧” આદિ થોડું સાહિત્ય જ પ્રગટ થયું હતું, અને તે પણ તેમની ૨૦ વર્ષની વય પહેલાં તે પછીથી તેમણે પોતાની અન્ય કૃતિઓને જીવનના અંતસમય સુધી પ્રસિદ્ધ કરી ન હતી. તે કૃતિઓ માત્ર તેમના નિકટવાસી મુમુક્ષુઓના ઉપયોગ પૂરતી મર્યાદિત રહી હતી. અને તેમાં પણ “આત્મસિદ્ધિ” તો કેટલીક ગણીગાંઠી વ્યક્તિઓમાં જ જાણીતી હતી. વિ. સં. ૧૯૫૭ના ચૈત્રમાસમાં શ્રીમદ્‌નું અવસાન થયું. તે પછીથી તેમના લઘુબંધુ શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતાને શ્રીમદ્‌નું બધું જ સાહિત્ય પ્રગટ કરવાની ઈચ્છા થઈ. તેમણે શ્રી અંબાલાલભાઈ આદિની સહાય લઈ તે વિશે સંશોધન કર્યું, અને શ્રીમદ્‌ની પ્રેરણાથી સ્થપાયેલ “પરમશ્રુત પ્રભાવક મંડળ” તરફથી, વિ. સં. ૧૯૬૧માં શ્રીમદ્‌ના ઉપલબ્ધ સાહિત્યને “શ્રીમદ્ રાજચંદ્ર” ગ્રંથમાં પ્રસિદ્ધ કરાવ્યું. આ ગ્રંથમાં તેમણે શ્રીમદ્ રચિત “આત્મસિદ્ધિ”ને પણ સ્થાન આપ્યું. આમ વિ. સં. ૧૯૬૧માં “આત્મસિદ્ધિશાસ્ત્ર” સૌપ્રથમ લોકોની જાણમાં આવ્યું.

વિ. સં. ૧૯૬૧ પછી વિ. સં. ૧૯૬૪માં મનસુખભાઈએ ફક્ત “આત્મસિદ્ધિશાસ્ત્ર”ને પ્રતાકારે છપાવીને પ્રગટ કર્યું. અને તેમાં તેમણે એ રચનાનું મહત્ત્વ બતાવતો લગભગ ૫૦ પાનાંનો ઉપોદ્‌ઘાત લખ્યો હતો. તેમાં તેમણે આ પદ્યના પ્રકાશન અર્થે લખ્યું હતું કે :–

"યદ્યપિ આ ગ્રંથ એક વ્યક્તિને અર્થે લખવામાં આવ્યો હતો, તથાપિ જ્ઞાની પુરુષોનાં વચનો એક વ્યક્તિને અર્થે લખાયાં હોય તોપણ તે સર્વ જીવોને સમાન ઉપકારક હોવાથી તેને જાહેર પ્રસિદ્ધિ આપવામાં આવી છે." ("આત્મસિદ્ધિ"ની પ્રસ્તાવના, મ. ર. મહેતા, પૃ. ૧.)

આ ઉપરાંત આ શાસ્ત્રની પ્રત્યેક ગાથાના શ્રી અંબાલાલભાઈએ કરેલા અર્થ, તે શાસ્ત્રની અમુક કડીઓ સમજાવતા શ્રીમદે લખેલા પત્રો વગેરેનો સમાવેશ પણ આ પુસ્તકમાં કરાયો હતો. આ પુસ્તક એ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના પ્રથમ સ્વતંત્ર પ્રગટીકરણ તરીકે ઘણું અગત્યનું છે.

વિ. સં. ૧૯૬૪ પછી તો "પરમશ્રુત પ્રભાવક મંડળ" તરફથી પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર"ની પ્રત્યેક આવૃત્તિમાં તથા "શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ" તરફથી પ્રગટ થયેલી "શ્રીમદ્ રાજચંદ્ર"ની આવૃત્તિઓમાં "આત્મસિદ્ધિશાસ્ત્ર", અંબાલાલભાઈએ કરેલા અર્થ સાથે, પ્રગટ થયેલ છે. કેટલીક વ્યક્તિઓએ આ શાસ્ત્રનું સ્વતંત્ર રીતે સંપાદન કરી અર્થ પ્રગટ કરેલ છે. આ ગ્રંથને કેટલાકે અન્ય પદ્યગ્રંથમાં પણ સંપાદિત કર્યો છે, તો કેટલાકે તેનો વિસ્તારથી અર્થ સમજાવતાં સ્વતંત્ર પુસ્તકો પણ સંપાદિત કર્યાં છે. આમ વિ. સં. ૧૯૬૪ પછીથી "આત્મસિદ્ધિશાસ્ત્ર" ને શ્રીમદ્‌ની અગત્યની કૃતિ તરીકે જુદા જુદા અનેક સંગ્રહોમાં સ્થાન મળતું રહ્યું છે તથા સ્વતંત્ર પુસ્તકરૂપે પણ એ પ્રગટ થતું રહ્યું છે, અને એ રીતે એ લોકોના વાંચન તથા મનનનો વિષય બનતું રહ્યું છે.

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના અનુવાદ અને અભ્યાસ

વિ. સં. ૧૯૫૨માં "આત્મસિદ્ધિ"ની રચના થઈ. તે શાસ્ત્રની એક નકલ શ્રી અંબાલાલભાઈને શ્રીમદે આપી હતી. એ શાસ્ત્ર વાંચ્યા પછી પોતાને કેવો અર્થ સમજાયો છે તે જાણવા માટે અંબાલાલભાઈએ તેનો ગદ્યાનુવાદ કરીને શ્રીમદ્‌ને તપાસવા મોકલ્યો હતો. આ અનુવાદ તેમણે માગશર સુદ ૧૨

પહેલાં, એટલે કે "આત્મસિદ્ધિ"ની રચના પછી લગભગ બે માસમાં કર્યો હતો. વિ. સં. ૧૯૫૩ના માગસર સુદ ૧૨ના રોજ શ્રીમદે અંબાલાલભાઈને તે વિશે લખ્યું છે કે, "આત્મસિદ્ધિની ટીકાનાં પાનાં મળ્યાં છે." (શ્રીમદ્ રાજચંદ્ર, અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૬૨, આંક ૭૩૦) તે પરથી અનુમાન કરી શકાય કે વિ. સં. ૧૯૫૩ના માગસર સુદ ૧૨ પહેલાં અંબાલાલભાઈએ એ અનુવાદ પૂર્ણ કરી શ્રીમદ્‌ને પહોંચાડયો હતો. એ અનુવાદ શ્રીમદ્‌ની દૃષ્ટિ તળેથી નીકળી ગયો હતો, પણ તેની કક્ષા શ્રીમદ્‌ને કેવી લાગી હતી તે વિશેનો તેમનો અભિપ્રાય જાણવા મળતો નથી. પણ શ્રીમદે તે અનુવાદ તપાસ્યો હોવાથી તેમાં ગંભીર કે નાની કોઈ જાતની ભૂલ રહેવા પામી ન હોય તે નિઃશંક છે. એથી જ શ્રી અંબાલાલભાઈએ કરેલો ગદ્યાનુવાદ શ્રીમદ્‌ના "આત્મસિદ્ધિશાસ્ત્ર" ની સાથોસાથ જ લગભગ બધી જગ્યાએ સ્થાન પામતો રહ્યો છે.

તે પછી મનહરલાલ કડીવાલા, ભોગીલાલ શેઠ આદિ કેટલીક વ્યક્તિઓએ "આત્મસિદ્ધિ"ની ગાથાઓનો સ્વતંત્ર ગદ્યભાવાર્થ આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં અનુવાદ કરવાની વૃત્તિ કરતાં તે ગાથા ટૂંકાણમાં સમજાવવાનું વલણ વિશેષ દેખાય છે. એથી અનુવાદની કોટિમાં તેને મૂકી શકાય નહિ. અને તેઓએ આપેલો ભાવાર્થ પણ મુખ્યત્વે અંબાલાલભાઈએ કરેલા અનુવાદના અનુસંધાનમાં છે. આ ઉપરાંત આ શાસ્ત્રની કડીઓને વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન પૂ. શ્રી કાનજીસ્વામી, ભો. ગિ. શેઠ, રાવજીભાઈ દેસાઈ, બ્રહ્મચારીજી વગેરેએ કર્યો છે. વળી પંડિત સુખલાલજી, મનસુખભાઈ રવજીભાઈ, બ્રહ્મચારીજી, પ્રો. દીનુભાઈ પટેલ, મુકુલભાઈ કલાર્થી વગેરેએ વિવેચનરૂપ લેખો પણ "આત્મસિદ્ધિ" વિશે લખ્યા છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ના ઉપર જોયા તે ગુજરાતીમાં થયેલા ગદ્યાનુવાદ ઉપરાંત અન્ય ભાષાઓમાં પણ તેના ગદ્ય કે પદ્યમાં અનુવાદ થયેલા છે. હાલમાં તેના હિંદી, અંગ્રેજી, સંસ્કૃત તથા મરાઠી એ ચાર ભાષામાં અનુવાદ મળે છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ના હિંદીમાં બે વ્યક્તિઓએ કરેલા અનુવાદ મળે છે. શ્રી ઉદયલાલ કશલીવાલ અને શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રી, એ બંનેએ હિંદી ગદ્યમાં જ અનુવાદ કર્યો છે. શ્રી ઉદયલાલ કશલીવાલે "આત્મસિદ્ધિ"નો હિંદી ગદ્યાનુવાદ વિ. સં. ૧૯૭૬માં પ્રગટ કર્યો છે, અને શ્રી જગદીશચંદ્ર શાસ્ત્રીએ કરેલો હિંદી અનુવાદ તેમણે કરેલા "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથના હિંદી અનુવાદના પુસ્તકમાં આપ્યો છે. વિ. સં. ૧૯૪૪માં પ્રગટ થયેલા પુસ્તકમાં આખા ગ્રંથનું હિંદી ભાષાંતર થયેલું જોવા મળે છે. ગુજરાતી ભાષા ન જાણનારા હિંદીભાષીઓ માટે આ બંને અનુવાદ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના અભ્યાસ માટે ઠીક ઠીક ઉપયોગી થાય તેમ છે. પરંતુ ગુજરાતીમાં જોવા મળતી તત્ત્વચમત્કૃતિ આ સરળ ગદ્યાનુવાદમાં જોવા ન મળે તે સ્વાભાવિક છે. વળી, ક્યારેક ક્યારેક ગૂઢ તત્ત્વોની વાતોને ઉતારતાં તેમને નડતી મુશ્કેલી પણ જણાયા વિના રહેતી નથી.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"નો અંગ્રેજી અનુવાદ પણ બે વ્યક્તિઓ તરફથી પ્રાપ્ત થાય છે. ઇન્દોર હાઈકોર્ટના જજ, રાવ બહાદુર જે. એલ. જૈનીએ પ્રત્યેક દોહરાનો અંગ્રેજી ગદ્યમાં તરજુમો આપ્યો છે; અને આનો બીજો અંગ્રેજી પદ્યાનુવાદ શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ કર્યો છે. શ્રી જે. એલ. જૈનીનો તરજુમો ઈ. સ. ૧૯૨૩માં "The Atma-Siddhi of Shreemad Rajchandra" એ શીર્ષક નીચે પુસ્તકાકારે પ્રગટ થયો છે. સરળ અંગ્રેજી ભાષામાં "આત્મસિદ્ધિ"ના દોહરાને સમજાવવાનો તેમનો પ્રયત્ન સ્તુત્ય છે. પરંતુ જૈન પારિભાષિક શબ્દોનો અનુવાદ કરવામાં પડતી મુશ્કેલીને લીધે એ અનુવાદ જોઈએ તેટલો વિશદ નથી બની શક્યો. જો કે ભાવાર્થ થોડા વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન તેમણે કર્યો છે; તેમાં પણ તેઓ બહુ સફળ થયા છે તેમ કહી શકાય નહિ. તેમ છતાં માત્ર અંગ્રેજી ભાષા જાણનાર અને ગુજરાતીમાં "આત્મસિદ્ધિ"નો આસ્વાદ ન માણી શકનારને તે ઉપયોગી થાય તેવો તો બન્યો જ છે. શ્રીમદ્‌ની વાણી અનુભવની હતી, તેથી તેમના લખાણમાંથી જે અનુભવનો રણકાર અને છાપ

ઊઠે છે તે તેના અનુવાદમાંથી ન ઊઠે તે સ્વાભાવિક છે. શ્રી જૈનીએ કરેલ અનુવાદનો એક નમૂનો જોઈએઃ "આત્મસિદ્ધિ"ના ૧૧૫મા દોહરાનું તેમણે આ પ્રમાણે ભાષાંતર કર્યું છે :–

"When the false identification of the soul with the body ceases, thou dost no karma, nor dost thou enjoy (the fruit) thereof. This is the secret of True Religion." ("The Atma-Siddhi of Shreemad Rajchandra", Page 19)

મૂળ દોહરો આ પ્રમાણે છે :–

"છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ;
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ."

શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ કરેલા "આત્મસિદ્ધિ"ના અંગ્રેજી પદ્યાનુવાદની બાબતમાં પણ એમ જ બન્યું છે. (આ અનુવાદ "શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ" પૃ. ૧૪૪ પર છપાયો છે) પારિભાષિક શબ્દોના અનુવાદની મુશ્કેલી તેમને પણ નડી છે. વળી, ગદ્યને બદલે પદ્ય હોવાથી ચરણનાં લય અને બંધારણને કારણે એ મુશ્કેલી વધે તે સમજાય તેમ છે. આ ઉપરાંત ગુજરાતી ભાષા કરતાં અંગ્રેજી ભાષા પરનો ઓછો કાબૂ આ પદ્યાનુવાદને બહુ સફળ નથી બનવા દેતો, એ પણ જોઈ શકાય છે. તેના એક-બે નમૂના જોઈએ. "આત્મસિદ્ધિ"ના ૧૧૫મા દોહરાનો તેમણે આ પ્રમાણે અનુવાદ કર્યો છે :–

Let go the body-infatuation,
And you will not have bondage new,
You will not have deed-fruition,
This is Religion's secret true.

(આ અનુવાદ "શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્ધી સ્મારકગ્રંથ", પૃ. ૧૫૦)

"આત્મસિદ્ધિ"નો ૪૪મો દોહરો આ પ્રમાણે છે :–

"ષટ્સ્થાનક સંક્ષેપમાં ષટ્દર્શન પણ તેહ;
સમજાવવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ."

આનો અનુવાદ બ્રહ્મચારીજીએ આ પ્રમાણે કર્યો છે :–

"Six subjects or six schools of thought,
Are here described as seers great,
In abstract scriptures strictly taught,
For understanding soul secret."
(આ અનુવાદ "શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્ધી સ્મારકગ્રંથ", પૃ. ૧૮૬)

આજે પ્રાપ્ત થતા "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના બંને અંગ્રેજી અનુવાદો મૂળ શાસ્ત્ર કરતાં ઊતરતી કક્ષાના લાગે છે.

ગાંધીજીએ પણ "આત્મસિદ્ધિ"નો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. ગાંધીજી વિ. સં. ૧૯૫૮માં આફ્રિકા ગયા ત્યારે પોતાની સાથે "આત્મસિદ્ધિ" પણ લેતા ગયા હતા. તેમને અભ્યાસ માટે તે ઘણું ઉપયોગી લાગતાં, અન્ય ભાષીઓ પણ તેનો લાભ લઈ શકે તે હેતુથી તેમણે તેનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો. એ બધું સાહિત્ય લઈને તેઓ ત્યાંથી લંડન ગયા હતા. અને ત્યાંની બસમાં એ બંડલ ભુલાઈ જતાં એ ગુમ થઈ ગયું, જે ફરીથી મળ્યું જ નહિ. આમ ગાંધીજીએ કરેલો અનુવાદ આપણી પાસે આવી શક્યો નહિ. (તેમણે કરેલો અનુવાદ ગુમ થઈ જવાની બાબતમાં એક બીજો અભિપ્રાય પણ જોવા મળે છે. "આત્મસિદ્ધિ" શાસ્ત્રનું અંગ્રેજી ભાષાંતર મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી કરી સ્વ. મનસુખભાઈ રવજીભાઈ પર મોકલી આપ્યું હતું. પણ દરકારના અભાવે ગુમાઈ ગયું. "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", મોહનલાલ દલીચંદ દેસાઈ, પૃ. ૭૧૦ની પાદનોંધ)

"આત્મસિદ્ધિશાસ્ત્ર"નો સંસ્કૃતમાં સમશ્લોકી અનુવાદ પંડિત શ્રી બેચરદાસ દોશીએ કર્યો છે. તેમનો એ સંસ્કૃત અનુવાદ વિ. સં. ૧૯૭૬માં "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના ઉદયલાલ કશલીવાલના હિંદી અનુવાદ સાથે પ્રગટ થયો હતો, અને પછી ઈ.સ. ૧૯૨૩માં રાય બહાદુર જે. એલ. જૈનીના અંગ્રેજી અનુવાદ સાથે પ્રગટ થયો હતો. સંસ્કૃત અનુવાદની ભાષા સરળ છે, તેમાં મૂળનો ભાવાર્થ સારી રીતે જળવાયેલો જોવા મળે છે. એ રીતે એ પ્રયત્ન સ્તુત્ય છે. તે અનુવાદનું ઉદાહરણ જુઓ; ૧૧૫મા દોહરાનો અનુવાદ પંડિત બેચરદાસજીએ નીચે પ્રમાણે કર્યો છે :–

देहाध्यासो यदि नश्येत् त्वं कर्ता न हि कर्मणाम् ।
न हि भोक्ता च तेषां त्वं धर्मस्यैतद् गूढं मतम् ॥

"The Atma-Siddhi of Shreemad Rajchandra", Page 91.

એમણે ૪૪મી ગાથાનો અનુવાદ આ પ્રમાણે કર્યો છે :–

षट्स्थानीयं समासेन दर्शनानि पदुच्यते ।
प्रोक्ता सा ज्ञानिभिर्ज्ञातुं परं तत्त्वं धरास्पृशाम् ॥

"The Atma-Siddhi of Shreemad Rajchandra", Page 53.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"નો 'અજ્ઞાત' લેખકે મરાઠી પદ્યમાં અનુવાદ કર્યો છે. એની સાથે એણે શ્રીમદ્‌નું ટૂંકું જીવનચરિત્ર આપ્યું છે અને કેટલાક પારિભાષિક શબ્દો, જેવા કે શુષ્કજ્ઞાની, ક્રિયાજડ, પરમશ્રુત, સ્વચ્છંદ, મોક્ષ, સમ્યક્ત્વ, વગેરેની સમજૂતી પણ આપી છે; ઉપરાંત કેટલીક કડીઓનો મરાઠીમાં વિશેષાર્થ પણ આપ્યો છે; અને સાથે સાથે મૂળ ગુજરાતી ગાથાઓ પણ એ પુસ્તિકામાં અન્ય અનુવાદોની માફક આપી છે. ઈ. સં. ૧૯૨૭માં અનુવાદ પ્રગટ થયા પછી તેનો અભ્યાસ થતો રહ્યો છે. આ અનુવાદની કક્ષા મૂળ જેવી તો નથી

જ, તેમ છતાં સામાન્ય રીતે સારો કહી શકાય તેવો આ અનુવાદ છે. જુઓ આ ગ્રંથની ૧૧૫મી અને ૪૪મી ગાથાનો અનુક્રમે અનુવાદ :–

“देहाध्यास सुटे जरि, नगसी कर्ता न तूं तसें कर्म ।
भोक्ता न तेविं त्याचा धर्मांचें जाण हें असें मर्म ।।”

(“આત્મસિદ્ધિ” – મરાઠી, પૃ. ૧૪)

“षट्स्थानक संक्षेपे, कथिलीं षट्दर्शनेंच तीं जाणा ।
परमार्था समजाया कथिलीं कविनींहि येथ लेकांना ।।”

(“આત્મસિદ્ધિ” – મરાઠી પૃ. ૫)

આમ આપણને “આત્મસિદ્ધિ”ના ગુજરાતી ગદ્યમાં, સંસ્કૃત પદ્યમાં, હિંદી ગદ્યમાં, અંગ્રેજી ગદ્ય અને પદ્યમાં, તથા મરાઠી પદ્યમાં, અનુવાદો મળે છે. પણ ખરી ખૂબી તો શ્રીમદ્ રચિત મૂળ ગુજરાતી “આત્મસિદ્ધિ”માં જ છે, તે વિશે સર્વ વિદ્વાનો સંમત છે. પણ જે લોકો ગુજરાતી ભાષા સારી રીતે ન જાણતા હોય, તેમને ઉપરની કોઈ પણ ભાષામાં “આત્મસિદ્ધિ”નો આસ્વાદ લેવો હોય તો શક્ય બને છે, તે જ તેની સાચી કિંમત છે.

## “આત્મસિદ્ધિશાસ્ત્ર”માં વસ્તુનિરૂપણ-શૈલી

આ શાસ્ત્રમાં આત્મા સિદ્ધ કઈ રીતે થાય તે શ્રીમદે આત્માનાં છ પદ સમજાવીને બતાવ્યું છે. આ આખી રચના શ્રીમદે દોહરામાં કરી છે. શરૂઆતમાં મંગલાચરણ કર્યા પછી આ રચનાનો હેતુ જણાવ્યો છે. પછી શુષ્કજ્ઞાની તથા ક્રિયાજડ લોકનું સ્વરૂપ, વૈરાગ્ય અને આત્મજ્ઞાનની અગત્ય, સદ્ગુરુની આજ્ઞાએ ચાલવાનું મહત્ત્વ, સદ્ગુરુનાં લક્ષણો, શિષ્યધર્મ વગેરે ટૂંકાણમાં લગભગ ૨૨ દોહરામાં સમજાવેલ છે.

પછી મતાર્થી અને આત્માર્થી જીવનાં લક્ષણો થોડા વિસ્તારથી – લગભગ ૧૮ જેટલા દોહરામાં – આપ્યાં છે. આમ આરંભના લગભગ ૪૧ દોહરામાં આ ગ્રંથ સમજવાની પાત્રતા હોવા માટે જીવમાં કેવાં લક્ષણો ન હોવાં જોઈએ, અને કેવાં લક્ષણો હોવાં જોઈએ તે દર્શાવી પોતાના મુખ્ય વક્તવ્ય માટેની યોગ્ય ભૂમિકા શ્રીમદે તૈયાર કરી છે.

૪૩મી ગાથામાં આત્માનાં છ પદનું નિરૂપણ છે. ૪૪થી ૧૨૭ સુધીની ગાથા ગુરુ તથા શિષ્યના સંવાદરૂપે રચાઈ છે. તેમાં શિષ્યને આ પદની યથાર્થતા વિશે શંકા થાય છે, તેથી પોતાની માન્યતા અનુસાર તે પ્રથમ પદ નથી, તે કેટલીક દલીલોથી બતાવે છે. ગુરુ તેની શંકાનું તર્કપૂર્ણ તથા અનુભવમૂલક દલીલોથી સમાધાન કરી, આત્માનું અસ્તિત્વ સમજાવે છે. આત્માનું અસ્તિત્વ સમજાયા પછી શિષ્ય આત્માના નિત્યપણા વિશેની પોતાની શંકાઓ રજૂ કરે છે. ગુરુ તેનું પણ સમાધાન કરી આત્માનું નિત્યત્વ સમજાવે છે. આમ શિષ્ય છએ પદની યથાર્થતા વિશે શંકા કરી, ગુરુ પાસે તેનું વિનયભાવે નિરાકરણ માગે છે, અને ગુરુ પણ શિષ્યની યોગ્યતા જાણીને શિષ્યને યથાર્થ બોધ દ્વારા છ પદની શ્રદ્ધા કરાવે છે. ૪૪ થી ૧૧૮ સુધીના દોહરામાં કરાયેલી આત્માનાં છ પદની સિદ્ધિ તે આ શાસ્ત્રનો સૌથી મહત્ત્વનો ભાગ છે.

પોતાની શંકાઓનું ગુરુ તરફથી સંતોષકારક સમાધાન થતાં, આત્માનાં છયે પદની યથાર્થતા સમજાતાં, તેની શ્રદ્ધા થતાં શિષ્યને સમ્યક્જ્ઞાન થાય છે. અને તેથી શિષ્ય પોતાને સાચું જ્ઞાન આપવા માટે ગુરુનો અત્યંત ઉપકાર માને છે – ગાથા ૧૧૯ થી ૧૨૭. એ વખતે શિષ્યના મુખમાંથી નીકળતી વાણીની જે રચના શ્રીમદે કરી છે તે અદ્ભુત છે. પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો :–

> "એની શૈલી સંવાદની છે. શિષ્યની શંકા કે પ્રશ્નો અને ગુરુએ કરેલ સમાધાન – આ સંવાદશૈલીને લીધે એ ગ્રંથ ભારેખમ અને જટિલ

ન બનતાં વિષય ગહન હોવા છતાં સુબોધ અને રુચિપોષક બની ગયો છે."

("આત્મસિદ્ધિ આત્મોપનિષદ", "આત્મસિદ્ધિ", સં. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૯)

૧૨૮ થી ૧૪૨ સુધીના દોહરા ઉપસંહારરૂપે છે. તેમાં આત્માનાં છ પદ સમ્યક્પ્રકારે આરાધવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે તે સમજાવાયું છે. તે ઉપરાંત જ્ઞાની, મુમુક્ષુ વગેરેનાં લક્ષણો પણ તેમાં દર્શાવાયાં છે.

આ ગ્રંથની શ્રીમદે કરેલી રચના વિશે શ્રી મનસુખભાઈ ર. મહેતા યોગ્ય જ લખે છે કે :–

"ગ્રંથની બાહ્ય રચના એવા પ્રકારની યોજી છે કે, વેદાંતાદિ દર્શનોના અનુયાયીઓને પણ અનુકૂળ પડે. જોકે તેની આંતર્રચના તો સંપૂર્ણ – અખંડાકારે – શ્રી વીતરાગમાર્ગ પ્રતિ જ સ્થિર થયેલી છે."

("આત્મસિદ્ધિ", સંપા. મ. ર. મહેતા, પ્રસ્તાવના, પૃ. ૨)

માત્ર ૧૪૨ ગાથામાં રચાયેલ "આત્મસિદ્ધિશાસ્ત્ર" કોઈ પણ મતમતાંતરના નિરૂપણ વિના, ષડ્દર્શનનો સાર સમાવતી અને સરળ પદ્યમાં રજૂ થયેલી શ્રીમદ્ની અનુપમ કૃતિ છે. આ કૃતિ અંગેના શ્રી મુકુલભાઈ કલાર્થીના નિમ્ન અભિપ્રાય સાથે સૌ સંમત થશે કે :–

"આવા ગૂઢ તત્ત્વને સરળ પદ્યમાં શબ્દારૂઢ કરીને સામાન્ય કક્ષાના મુમુક્ષુ જીવો પણ યથાશક્તિ સમજીને પોતાની આત્મનોન્નતિ સાધી શકે એવી સરળ પણ ગંભીર પ્રૌઢ ભાષા દ્વારા આધુનિક યુગમાં કેવાં શાસ્ત્રો રચાવાં જોઈએ તેનો યથાર્થ આદર્શ આ શાસ્ત્ર રચી શ્રીમદ્ રાજચંદ્રે રજૂ કર્યો છે."

("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પ્રસ્તાવના, પૃ. ૨૨)

તેમણે વધુમાં લખ્યું છે કે :–

"તત્ત્વજ્ઞાનના મહાન પ્રશ્નોને આવી સરળ ભાષામાં વ્યક્ત કરવા એ ખરેખર મહાપ્રજ્ઞાવંતનું કાર્ય છે. શ્રી રાજચંદ્રનાં બીજાં બધાં લખાણો કરતાં "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની રચના જુદી જ તરી આવે છે. ટૂંકા સરળ શબ્દો સહિત, નય કે ન્યાયનાં અટપટાં અનુમાનો કે ખંડનમંડનની કિલષ્ટતારહિત, સહુ કોઈ મુમુક્ષુ જીવને ભોગ્ય, શ્રેયસ્કર સામગ્રીથી સમૃદ્ધ એવો આ ગ્રંથ શ્રી રાજચંદ્રની આત્મોન્નતિ સાધવાના પરિપાક સમો છે."

("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પ્રસ્તાવના, પૃ. ૨૨)

## મંગલાચરણ

આર્ય ગ્રંથકારોની સનાતન શૈલી એવી રહી છે કે કોઈ પણ કૃતિના આરંભમાં મંગલાચરણની યોજના કરવી. મંગલાચરણમાં કર્તા પોતે જેને પરમોપકારી ગણે છે તેવી વ્યક્તિને નમસ્કાર કરે છે. શ્રીમદ્ પણ "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં આ જ શૈલીને અનુસરીને આરંભમાં શ્રી 'સદ્‌ગુરુ ભગવાન'ને નમસ્કાર કરે છે.

જૈન દર્શનમાં સદ્‌દેવ, સદ્‌ધર્મ અને સદ્‌ગુરુ એ ત્રણ પરમ ઉપકારી તત્ત્વો છે. તેમાં પણ સદ્‌દેવ અને સદ્‌ધર્મની પ્રાપ્તિ સદ્‌ગુરુ દ્વારા જ થઈ શકે છે, અર્થાત્ તે બંનેની સહેલાઈથી પ્રાપ્તિ કરાવનાર સદ્‌ગુરુ જ છે, તેથી તે વિશેષ ઉપકારી તત્ત્વ છે. આમ સદ્‌ગુરુનું વિશેષ માહાત્મ્ય હોવાથી શ્રીમદ્ સદ્‌ગુરુને વંદન કરીને ગ્રંથારંભ કરે છે. કેવા ઉપકાર માટે તેમણે સદ્‌ગુરુને વંદન કર્યાં છે, તે પહેલા દોહરામાં જુઓ :–

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત." ૧

અનાદિ કાળથી જે આત્મસ્વરૂપ સમજાયું નહોતું, અને પરિણામે અનંત દુ:ખ ભોગવ્યું હતું, તે સ્વરૂપને સમજાવીને તે દુ:ખથી મુક્ત કરાવનાર સદ્‌ગુરુ ભગવાનને કર્તાએ આ ગાથામાં નમસ્કાર કર્યા છે.

“સદ્‌ગુરુ ભગવંત” શબ્દ શ્રીમદે બે રીતે યોજ્યો જણાય છે. પ્રાચીન શૈલી અનુસાર ગુરુને ભગવાન એવું વિશેષણ આપ્યું છે, અથવા તો કર્તાએ શ્રી તીર્થંકર પ્રભુને સદ્‌ગુરુ ગણી વંદન કર્યાં છે. આ જન્મમાં શ્રીમદ્‌ને કોઈ પ્રગટ ગુરુ ન હતા, અને તેમને શ્રી જિનનાં વચનના વાંચન-મનન દ્વારા, પૂર્વના સંસ્કારને લીધે, જ્ઞાન પ્રગટયું હતું, તેથી શ્રી જિન ભગવાનને જ ગુરુ ગણી વંદન કર્યાં હોય તે વિશેષ સંભવિત લાગે છે.

મંગલાચરણના દોહરામાં, શ્રીમદે આત્માનાં છયે પદને ગર્ભિત રીતે સિદ્ધ કરેલાં દર્શાવવામાં આવ્યાં છે. એ જ રીતે જોઈએ તો કૃતિના વિષયનો નિર્દેશ પણ તેમણે પ્રથમ દોહરામાં જ કરી દીધો છે.

“આત્માનું અસ્તિત્વ” એ પહેલું પદ છે. ગાથાની શરૂઆત “જે સ્વરૂપ” શબ્દથી થાય છે. સ્વરૂપ એટલે શું? સ્વ + રૂપ = પોતાનું રૂપ. જે ત્રણે કાળમાં અખંડ ટકી રહે, કોઈના પણ સંસર્ગમાં પોતાનો મૂળ સ્વભાવ છોડે નહિ તે સ્વરૂપ. દેહધારી જીવનમાં આવું લક્ષણ ધરાવતું તત્ત્વ તે “આત્મા” છે. આથી “જે સ્વરૂપ સમજ્યા વિના” એમ કહેતાં “આત્માને સમજ્યા વિના” એવો અર્થ થયો. એ દ્વારા આત્માનું અસ્તિત્વ સિદ્ધ થયું.

“આત્માનું નિત્યત્વ” એ બીજું પદ છે. આ દોહરામાં સ્વરૂપ સમજ્યા વિના “પામ્યો દુ:ખ અનંત” એમ કહ્યું છે. અનંત એટલે જેનો છેડો આવ્યો નથી તેવું. આવું અનંત દુ:ખ તે જન્મમરણના ફેરાનું. ચારે ગતિમાં જીવ આ દુ:ખ ભોગવે છે, તે દેહ મેળવે છે અને છોડે છે. તે પરથી પૂર્વજન્મ સિદ્ધ થાય છે. તેથી સમજાય છે કે દેહ નાશવંત છે અને આત્મા અવિનાશી એટલે કે નિત્ય છે. નિત્ય હોય તો જ એક પછી એક દેહ મેળવવાનું અને છોડવાનું દુ:ખ તે ભોગવી શકે ને?

"આત્મા કર્મનો કર્તા છે": એ ત્રીજું પદ છે. આત્માને દેહપર્યાય ધારણ કરવાનું કારણ તેનો કર્મ સાથેનો સંબંધ છે. આત્મા ભાવકર્મના નિમિત્તથી દ્રવ્યકર્મ કરે છે. વળી તે ભાવકર્મનો કર્તા છે. તેથી જો જીવ પોતાના શુદ્ધ નિરંજન, ચૈતન્યમય સ્વરૂપમાં નિર્વિકલ્પપણે સ્થિર ન રહે, પણ રાગદ્વેષનાં પરિણામ કરે તો આત્માને કર્મબંધ થાય છે અને તે દુઃખ ભોગવે છે; પણ જો તે ભાવકર્મ ન કરે તો કર્મરહિત બને છે. "અનંતદુઃખ" શબ્દથી દેહપર્યાયનું ધારણ કરવું સમજાય છે. દેહપર્યાય તે કર્મની વર્ગણા છે. એ દ્રવ્યકર્મ ભાવકર્મ નિમિત્તે છે, અને જીવ પોતાના ભાવકર્મનો કર્તા છે. તેથી આત્મા દ્રવ્યનો પણ કર્તા બને છે તે વાત સિદ્ધ થઈ.

"આત્મા કર્મનો ભોક્તા છે" એ ચોથું પદ છે. "પામ્યો દુઃખ અનંત" એ શબ્દોથી આત્મા દુઃખ ભોગવે છે તે સિદ્ધ થાય છે. તેથી આત્મા પોતે કરેલાં કર્મનો પોતે ભોક્તા બને છે તે સત્ય છે.

"મોક્ષ છે" એ પાંચમું પદ છે. "શ્રી સદ્‌ગુરુ ભગવંત" એ શબ્દોમાં "શ્રી" એટલે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્તુ. તે વસ્તુ તે આત્મા. ભગવંત એટલે ભગવાન. ભગવંત શબ્દનો અર્થ આમ સમજી શકાય. ભગ = ઐશ્વર્ય, ભગવંત એટલે ઐશ્વર્ય સહિત. શ્રી ભગવંત એટલે આત્માની ઉત્તમોત્તમ સમૃદ્ધિ (ઐશ્વર્ય) સહિત જે છે તે. આમ જે સર્વકર્મથી મુક્ત હોય તે ભગવાન. આ પૂર્ણ શુદ્ધતા તે જ મોક્ષ. એટલે "ભગવંત" શબ્દ દ્વારા મોક્ષ સિદ્ધ થાય છે.

"મોક્ષનો ઉપાય છે" એ છઠ્ઠું પદ છે. જે ઉપાયથી સંસારનો ક્ષય થાય છે તે મોક્ષનો ઉપાય છે. આત્માનું સ્વરૂપ સમજ્યા વિના થતી પ્રવૃત્તિથી સંસારની વૃદ્ધિ થાય છે. અને આત્માનું સ્વરૂપ જાણ્યા પછી તેના ઉત્કર્ષ અર્થે થતી પ્રવૃત્તિથી સંસાર ક્ષય થાય છે. તેથી "સમજાવ્યું તે પદ નમું" એ શબ્દો દ્વારા મોક્ષનો ઉપાય હોવાની ખાતરી થાય છે.

આમ મંગલાચરણની ગાથામાં જ શ્રીમદે પોતે નિરૂપિત કરવા ધારેલા વિષયનું ગર્ભિતપણે સૂચન મૂકી દીધું જણાય છે. મંગલાચરણ વિશે શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજી યોગ્ય જ લખે છે કે :–

"સદ્‌ગુરુની ભક્તિના બળથી, સદ્‌ગુરુના આત્માની ચેષ્ટા પ્રત્યે જીવની દૃષ્ટિ વળે છે, અને સદ્‌ગુરુની અપૂર્વતા તેને સ્પષ્ટ ભાસે છે તથા તેના હૃદયની વાત પણ તે સમજે છે, તેવી ભક્તિના નમૂના રૂપે મંગલાચરણની એક કડી છે."

(શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્ધી સ્મારક ગ્રંથ, પૃ. ૪૨)

## ગ્રંથરચનાનો હેતુ

બીજા દોહરામાં કર્તાએ આ ગ્રંથ રચવાનો હેતુ દર્શાવ્યો છે. અનેક પ્રાચીન અદ્‌ભુત ગ્રંથો વિદ્યમાન હોવા છતાં આ ગ્રંથ રચવાનો હેતુ શો છે તે જણાવતાં બીજા દોહરામાં શ્રીમદ્ કહે છે કે :–

"વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને ભાખ્યો અત્ર અગોપ્ય." ૨

વર્તમાનકાળમાં મોક્ષમાર્ગનો બહુધા લોપ થયો છે, તેથી તે માર્ગ દર્શાવવાના હેતુથી આ ગ્રંથની રચના થઈ છે, એમ શ્રીમદે અહીં જણાવ્યું છે. "મોક્ષમાર્ગ બહુ લોપ" એ શબ્દોમાં "બહુ" શબ્દ યથાર્થ છે. શ્રી મુકુલભાઈ જણાવે છે તેમ "મોક્ષમાર્ગ કંઈ નાશ પામ્યો નથી, પરંતુ મોક્ષમાર્ગ પૂરેપૂરો કોઇ વિરલાના જ ધ્યાનમાં આવે છે, એમ સમજવું."

("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૧૧૧)

આ દોહરામાં મોક્ષનો માર્ગ આત્માર્થી મુમુક્ષુ માટે સ્પષ્ટ નિરૂપવાની શ્રીમદ્‌ની પ્રતિજ્ઞા જોઈ શકાય છે. આમ કરવા પાછળ શ્રીમદ્‌ની એ દૃષ્ટિ જણાય છે કે, પ્રાચીન ગ્રંથો તે તે સમયની સ્થિતિનું ભાન કરાવવામાં ઉપકારક હોવા ઉપરાંત, વર્તમાન સ્થિતિનું ભાન કરાવવામાં અલ્પ ઉપકારક હોઈ, વર્તમાન સ્થિતિનું ભાન કરાવનાર ગ્રંથ લખાય તો તે વિશેષ ઉપકારી બને,

અને પોતાને લાધેલા અનુભવમૌક્તિકનું નિરૂપણ આ ગ્રંથમાં કરવાનો તેમણે નિર્ણય કર્યો. તેમણે કરેલી આ ગ્રંથરચના વિશે પંડિત સુખલાલજી યોગ્ય જ લખે છે કે :–

> "શ્રીમદ્ રાજચંદ્રે પ્રસ્તુત રચના માત્ર શાસ્ત્રો વાંચી નથી કરી, પણ એમણે સાચા અને ઉત્કટ મુમુક્ષુ તરીકે આત્મસ્વરૂપની સ્પષ્ટ અને ઊંડી પ્રગતિ માટે જે મંથન કર્યું, જે સાધના કરી અને જે તપ આચર્યું તેને પરિણામે લાધેલી અનુભવપ્રતીતિ જ આમાં મુખ્યપણે નિરૂપાઈ છે. એક મુદ્દામાંથી બીજો, બીજામાંથી ત્રીજો એમ ઉત્તરોત્તર એવી સુસંગત સંકલના થઈ છે કે તેમાં કંઈ નકામું નથી આવતું, કામનું રહી નથી જતું અને ક્યાંય આડું ફંટાતું નથી. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રની આત્મસિદ્ધિ એ સિદ્ધાંતશાસ્ત્ર બની રહી છે."
>
> ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૯)

શ્રીમદે પોતાને લાધેલા આવા અનુભવના નિચોડરૂપ મોક્ષમાર્ગ મુમુક્ષુ માટે બતાવવાનો હેતુ અહીં દર્શાવ્યો છે.

## મોક્ષમાર્ગ ક્યારે પમાય ?

મહાવીર પ્રભુના નિર્વાણ પછી ધર્મમાં ફાંટા વધવા માંડયા હતા. અને તેમાં વધારો થતાં થતાં, ધર્મમાં એટલાં બધાં મતમતાંતર વધી પડયાં કે મોક્ષમાર્ગ ક્યો તે જ સમજાવું કઠિન થઈ ગયું, અને સાચા મુમુક્ષુને તો માર્ગનો લોપ થઈ ગયો હોય તેમ જણાવા લાગ્યું, કારણ કે લોકો તો કોઈ પણ એક વસ્તુને પકડીને મોક્ષમાર્ગ માની બેઠા હતા. કોઈ બાહ્યક્રિયાને તો કોઈ શાસ્ત્રજ્ઞાનને મોક્ષમાર્ગ માની વર્તવા લાગ્યા હતા. આ એકાંતે ગ્રહણ કરેલ તત્ત્વ મોક્ષમાર્ગ નથી તે જાણનાર શ્રીમદ્‌ને અંતરમાં ઘણી કરુણા વર્તવાથી સાચો માર્ગ બતાવવાની ઈચ્છા પ્રબળ થઈ, તે શ્રીમદે 'આત્મસિદ્ધિ'ના ત્રીજા દોહરામાં બતાવ્યું છે.

ક્રિયાજડ તથા શુષ્કજ્ઞાનીનાં લક્ષણો કેવાં હોય તે શ્રીમદે ચોથા ને પાંચમા દોહરામાં બતાવ્યું છે. જે લોકો બાહ્ય આચારવિચારને જ સર્વસ્વ માની તેનાં અંતરના પરિણમનને સ્વીકારતા નથી, તથા જેઓ જ્ઞાનમાર્ગને અયોગ્ય ગણે છે તે ક્રિયાજડ છે અને જે લોકો બાહ્ય આચારને અવગણી માત્ર નિશ્ચયનયની વાણી જાણવાને જ મોક્ષમાર્ગ કહે છે તેઓ શુષ્કજ્ઞાની છે. ક્રિયાજડ કે શુષ્કજ્ઞાની – એમાંથી કોઈને પણ સાચો માર્ગ મળતો નથી.

આ માર્ગ કોને મળે તે જણાવતાં શ્રીમદ્ વૈરાગ્ય પર ખૂબ ભાર મૂકે છે. જેના ચિત્તમાં વૈરાગ્ય ન હોય તેને જ્ઞાન થતું નથી, સાથે સાથે તેઓ એ પણ જણાવે છે કે માત્ર વૈરાગ્ય જ સાધન છે એવું નથી. કારણ કે વૈરાગ્ય અને ત્યાગને જ સર્વસ્વ માની જીવ પ્રવર્તે તો તેનામાં સ્વચ્છંદ આવી જાય છે. અને "માન"ના ફાંસામાં ફસાઈ જીવ પોતાનું અકલ્યાણ કરે છે. એથી મોક્ષમાર્ગને પામવાને લાયક તો એ જ છે કે, જે :–

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ." ૮

શ્રીમદે અહીં બતાવેલું આત્માર્થીપણું સમજાવતાં શ્રી કાનજીસ્વામી કહે છે કે :–

"શ્રદ્ધા અભિપ્રાયના પ્રયોજન ટાણે શ્રદ્ધા સમજે, આચરે; જ્ઞાનને જ્ઞાનપણે સમજે, આચરે; અને આત્માનું ચારિત્ર યથાર્થ ચારિત્રપણે સમજે, અને આચરે, જેને તે યથાર્થ સમજાયું નથી તે યથાર્થ સમજવાની સાચી જિજ્ઞાસા રાખે, પ્રયત્ન કરે તો તે આત્માર્થી જન."

(શ્રી કાનજીસ્વામીનાં આત્મસિદ્ધિશાસ્ત્ર પરનાં પ્રવચનો – પૃ. ૬૩)

આમ જે જગ્યાએ જે યોગ્ય હોય તે જગ્યાએ તે જ સમજે, અને તે પ્રમાણે આચરણ કરે તે સાચો મુમુક્ષુ. અહીં શ્રીમદે એકદમ સરળ ભાષામાં

"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" એ સૂત્ર મૂક્યું છે. શું યોગ્ય છે તે જાણવું તે સમ્યક્‌જ્ઞાન, યોગ્ય શ્રદ્ધાવું તે સમ્યક્‌દર્શન અને યોગ્ય સ્થાને યોગ્ય આચરણ કરવું તે સમ્યક્‌ચારિત્ર. આ ત્રણેની એકતારૂપ જેનું પ્રવર્તન હોય તે જન આત્માર્થી.

"તેમણે આત્માર્થીની જે વ્યાખ્યા કરી છે તે એક રીતે એવી સરલ અને બીજી રીતે એવી ગંભીર છે કે તે વ્યાવહારિક દુન્યવી જીવન અને પરમાર્થિક સત્યધાર્મિક જીવન બંનેમાં એકસરખી લાગુ પડે છે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૨) – એવો પંડિત સુખલાલજીનો અભિપ્રાય કેટલો યથાર્થ છે તે શ્રીમદે કરેલું નિરૂપણ જોતાં જણાશે.

## સદ્‌ગુરુ – માહાત્મ્ય

આત્માર્થી જીવ સદ્‌ગુરુ પાસે કેવી જાતનું આચરણ કરે, આત્માર્થી જીવે માનેલા સદ્‌ગુરુનાં કેવાં લક્ષણો હોય, તે સદ્‌ગુરુની આજ્ઞાએ ચાલવાથી શું ફળ મળે? – વગેરે વિશે શ્રીમદે ૯ થી ૨૩ દોહરામાં સમજાવ્યું છે. આ અંગે પંડિત સુખલાલજી એવો અભિપ્રાય દર્શાવે છે કે :–

> "એ લક્ષણ એવી દૃષ્ટિથી નિરૂપાયાં છે કે તેમાં આત્મવિકાસની ગુણસ્થાનક્રમ પ્રમાણે ભૂમિકાઓ આવી જાય, અને જે ભૂમિકાઓ આવી જાય, અને જે ભૂમિકાઓ યોગ, બૌદ્ધ તેમજ વેદાંત દર્શનની પરિભાષામાં પણ દર્શાવી શકાય. શ્રીમદ્‌ રાજચંદ્રે ગુરુપદ યોજ્યું છે, જે આધ્યાત્મિક જાગૃતિનું સૂચક છે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૨)

આત્માર્થી જીવ, પોતાની મતિકલ્પનાએ માનેલો મોક્ષમાર્ગ છોડી પોતાના સદ્‌ગુરુએ બતાવેલ માર્ગે જાય છે. તે સદ્‌ગુરુનાં લક્ષણો બતાવતાં ૧૦મા દોહરામાં શ્રીમદ્‌ લખે છે કે :–

"આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય." ૧૦

જેને આત્મજ્ઞાન થયું હોય, સમભાવ હોય, કર્મના ઉદય પ્રમાણે વર્તન હોય, પૂર્વે ન સાંભળેલી એવી વાણી હોય, શ્રુતકેવળી જેવી દશા હોય – વગેરે સદ્‌ગુરુનાં લક્ષણો અહીં બતાવાયાં છે. ગુરુઆજ્ઞાનું મહત્ત્વ બતાવતા ૯મા દોહરા વિશે તથા સદ્‌ગુરુનાં લક્ષણો બતાવતા આ દોહરા વિશે વિસ્તારથી સમજણ આપતો પત્ર શ્રીમદે "આત્મસિદ્ધિ" લખાયા પછીના દિવસે લખ્યો હતો. ક્રિયાજડત્વ, શુષ્કજ્ઞાનીપણું વગેરેનું અગૌરવ તથા આત્મજ્ઞાન, સમદર્શિતા આદિનું ગૌરવ વિસ્તારથી બતાવ્યાં છે. ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૨૮-૫૩૩)

આવા પ્રત્યક્ષ સદ્‌ગુરુનું મહત્ત્વ બતાવતાં શ્રીમદ્ લખે છે :–

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર." ૧૧

"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિનસ્વરૂપ." ૧૨

પૂર્વકાળે જ થઈ ગયેલા પરોક્ષ જિનની વાતો પર જ લક્ષ આપીને પોતાની ભ્રાંતિ ટાળનાર પ્રત્યક્ષ સદ્‌ગુરુના વિશેષ ઉપકારને ન સમજે તો તેને સાચો આત્મવિચાર ઉત્પન્ન ન થાય, કારણ કે સદ્‌ગુરુના ઉપદેશ વિના જિનનું સાચું સ્વરૂપ સમજાય નહિ, અને તે સમજ્યા વિના જીવને જ્ઞાન ક્યાંથી થાય? જિનનું સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણમે અને તે જિનદશા પ્રાપ્ત કરે. વળી, જીવને કોઈ શંકા ઉત્પન્ન થાય ત્યારે તેનું સમાધાન પરોક્ષ જિનવચન – શાસ્ત્રો ન કરી શકે, પણ પ્રત્યક્ષ સદ્‌ગુરુ હોય તો તે શંકાનું સમાધાન કરી શકે, આથી પ્રત્યક્ષ જ્ઞાનીનો ઉપકાર સૌથી વિશેષ છે એવો નિશ્ચય આત્માર્થીને વર્તતો

હોય છે, અને એ જ સદ્ગુરુનું માહાત્મ્ય છે. એ વિશે શ્રી મનસુખભાઈ ર. મહેતાના શબ્દોમાં કહીએ તો :–

> "જેમ બારમા દોહરામાં જિનપદ સમજવાનો અને પામવાનો ગ્રંથકારે ઉપદેશ કર્યો છે તેમ સર્વ જ્ઞાનીપુરુષોએ આપણા આત્માને – નિજપદને – શ્રી જિનના કર્મમલરહિત આત્મા – જિનપદ – જેવા કરવાની સાધ્યદૃષ્ટિ રાખી છે, એટલે દૃષ્ટિબિંદુ તો જિનપદ પ્રત્યે સ્થિર કર્યું છે. આ દોહરામાં, આ રીતે, દૃષ્ટિબિંદુ શ્રી જિન પ્રત્યે રાખી, તેઓનું સર્વોત્તમ માહાત્મ્ય અદ્ભુતપણે ગાઈ, પ્રત્યક્ષ સદ્ગુરુનું માહાત્મ્ય પણ તેવા જ ચમત્કારપૂર્વક ગાયું છે." ("આત્મસિદ્ધિ", સંપા. મ. ર. મહેતા, પ્રસ્તાવના, પૃ. ૫.)

પ્રત્યક્ષ સદ્ગુરુનું માહાત્મ્ય ગાતાં શ્રીમદે શ્રી જિનના બે પ્રકાર કહ્યા છે; પ્રત્યક્ષ અને પરોક્ષ. પ્રત્યક્ષ જિન તે કે જ્યારે ઋષભાદિ તીર્થંકરો સયોગીપણે વિદ્યમાન હતા. પરોક્ષ જિન એ કે ઋષભાદિ તીર્થંકરો જે અત્યારે આપણી વચ્ચે દેહાકારે અવિદ્યમાન છે, પણ તેઓએ આપેલો અદ્ભુત બોધ એ આપણા પરનો અનંત ઉપકાર છે. પણ તેમના તે બોધનો આજે, તેમની અવિદ્યમાનતાને કારણે, આપણે મનફાવતો અર્થ કરીએ છીએ, અને તેથી તેનું પૂરું માહાત્મ્ય આપણાથી સમજાતું નથી, અને પરોક્ષ એવા જિન તે ભૂલ સુધારી શકતા નથી. તે કાર્ય સદ્ગુરુ કરે છે. એ અપેક્ષાએ કર્તાએ સદ્ગુરુનું વિશેષ માહાત્મ્ય અહીં બતાવ્યું છે.

આત્મસ્વરૂપ પામવા માટે પ્રત્યક્ષ સદ્ગુરુરૂપી સાધન બતાવી, ૧૩ માં દોહરામાં તે પછીનાં બીજાં સાધનો જિનાગમાદિ શાસ્ત્રોનું મહત્ત્વ બતાવ્યું છે. પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ ન હોય ત્યારે જીવને આત્માનાં અસ્તિત્વાદિનો બોધ કરનારાં જિનાગમાદિ શાસ્ત્રો આધારરૂપ થાય છે, એ સાચું છે, પણ તેને સદ્ગુરુ સમાન ભ્રાંતિના છેદક કહી શકાય નહિ. વળી, આત્માર્થી જીવે

એવા સમયે પ્રત્યક્ષ સદ્‌ગુરુએ જે જે શાસ્ત્રાદિ વાંચવાની, વિચારવાની આજ્ઞા કરી હોય, તે પ્રમાણે પોતાનો અંગત મતમતાંતરોનો ત્યાગ કરીને કરવું ઉચિત છે.

આમ ૧૪મી ગાથા સુધી સદ્‌ગુરુનું માહાત્મ્ય બતાવ્યા પછી ગ્રંથકર્તા સદ્‌ગુરુની આજ્ઞાથી ચાલવાથી અને ન ચાલવાથી જે જાતનાં ફળ મળે છે તેનું વર્ણન તે પછીની ગાથાઓમાં કરે છે. "आणाए धम्मो", "आणाए तवो" એવું જે વચન "શ્રી આચારાંગસૂત્ર"માં આવે છે, તેની યાદ આપતો ૧૫મો દોહરો છે :–

> "રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
> પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ." ૧૫

પોતાનો સ્વચ્છંદ છોડીને ગુરુઆજ્ઞાએ ચાલવાથી જીવનો અવશ્ય મોક્ષ થાય છે. અને એ પ્રમાણે ચાલીને અનંત જીવોએ મોક્ષ પ્રાપ્ત કર્યો છે. અને એ સ્વચ્છંદ રોકવા માટેનો ઉપાય છે – "પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ"; કર્તા તે ૧૬મા દોહરામાં બતાવે છે. અહીં પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગથી સ્વચ્છંદ, માન આદિનો નાશ શ્રી જિનઆજ્ઞાએ જણાવી, તેને સમકિત થવાનું પ્રત્યક્ષ કારણ ગણાવતાં ૧૭મો દોહરો રચ્યો છે કે :–

> "સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
> સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ." ૧૭

અહીં બતાવેલો, સદ્‌ગુરુના શરણમાં જવાનો ઉપાય ન કરતાં, બીજા કોટિ ઉપાય કરે તોપણ જીવનાં સ્વચ્છંદ, માનાદિ શત્રુઓનો નાશ થતો નથી, બલ્કે વધારો થાય છે. પણ સદ્‌ગુરુનાં શરણમાં વિનયભાવે જવાથી તે સર્વનો અલ્પ પ્રયાસથી નાશ કરી શકાય છે. સદ્‌ગુરુનું એવું માહાત્મ્ય શ્રીમદે ૧૮મા દોહરામાં

ગાયું છે. આ સર્વનું માહાત્મ્ય બતાવતો એક શ્લોક ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના "અધ્યાત્મસાર"માં છે કે :–

"शास्त्रं गुरोश्च विनयं क्रियामावश्यकानि च ।
संवरांगतया प्राहुर्व्यवहारविचक्षणाः ॥"
("અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૧૪૧)

આ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે શાસ્ત્ર, ગુરુનો વિનય, ક્રિયા અને આવશ્યક એ સર્વને વ્યવહારને વિશે નિપુણ પુરુષોએ સંવરના અંગરૂપ કહ્યાં છે. સદ્ગુરુનું માહાત્મ્ય હોવાથી, આત્માર્થી જીવો ગુરુ પ્રત્યે ઘણો વિનય દાખવે છે. તે વિનય કેવો હોય તે ૧૯મા દોહરામાં બતાવ્યો છે કે :–

"જે સદ્ગુરુ ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન." ૧૯

જ્ઞાનીપુરુષના યોગથી કોઈ જીવને પ્રબળ પુરુષાર્થ દ્વારા ગુરુ પહેલાં કેવળજ્ઞાન થઈ જાય તોપણ તે કેવળી ભગવાન પોતાના ગુરુનો ઉપકાર સ્વીકારી છદ્મસ્થ ગુરુની વૈયાવચ્ચ પણ કરે. આવો વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે. "ઉત્તરાધ્યયન સૂત્ર"માં વિનયને ધર્મનું મૂળ કહી વર્ણવ્યો છે, તથા 'દશવૈકાલિક સૂત્ર'માં ૯મું વિનય અધ્યયન છે, તેને ધ્યાનમાં રાખીને શ્રીમદે અહીં કહ્યું છે કે :—

"એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય." ૨૦

વિનયનું આટલું માહાત્મ્ય કેમ છે તે સમજાવતાં શ્રી કાનજીસ્વામી જણાવે છે કે :–

"સત્પુરુષનો વિનય, તે પરમાર્થે નિજગુણનો વિનય છે. અને પ્રત્યક્ષ સદ્‌ગુરુના ઉપકારમાં પૂર્વે થઈ ગયેલા અનંત જ્ઞાનીના, ત્રણે કાળના ઉપકાર સમાઈ જાય છે." ("આત્મસિદ્ધિ પરનાં પ્રવચનો", પૃ. ૧૪૫)

પરંતુ આ વિનયના માર્ગનો જો કોઈ અસદ્‌ગુરુ ગેરલાભ ઉઠાવે, પોતાના શિષ્યો પાસેથી માન મેળવવાની આકાંક્ષા રાખે તો તે મહામોહનીય કર્મ ઉપાર્જન કરી, અનેક ભવ વધારી મૂકે અર્થાત્ સંસારસમુદ્રમાં ડૂબે. અહીં ગુરુ માટે માનભાવ સામે ગ્રંથકર્તાએ દીવાદાંડી મૂકી છે. તેઓ યોગ્ય જ જણાવે છે કે જે આત્માર્થી જીવ હોય તે જ આ વિનયમાર્ગને સમજી શકે, અન્ય તો તેનો અવળો ઉપયોગ કરી ભવસાગરમાં ડૂબે અને ડૂબાડે.

શ્રી કાનજીસ્વામીના શબ્દોમાં કહીએ તો :–

"આ રીતે શ્રીમદે વિશેષપણે શ્રી ગુરુનાં લક્ષણ અત્રે એ કહ્યાં છે કે જે મોક્ષમાર્ગપ્રકાશક હોય, માર્ગના સાચા ઉપદેશક હોય... મુખ્યપણે ઉપદેશકની ભૂમિકા ૧૩મું ગુણસ્થાનક છે... નીચેની ભૂમિકામાં છઠ્ઠા ગુણસ્થાનકવર્તી મુનિ યથાર્થ મોક્ષમાર્ગ ઉપદેશક હોઈ શકે. તેઓ પૂર્વાપર અવિરોધપણે સર્વજ્ઞના ન્યાયને, ગુરુપરંપરાથી જાણે છે, તથા ઉપદેશ આપી શકે છે." ("આત્મસિદ્ધિ પરનાં પ્રવચનો", પૃ. ૧૪૧)

આમ ઉપદેશક ગુણસ્થાને વર્તતા ગુરુનાં લક્ષણો શ્રીમદે અહીં બતાવ્યાં છે.

આમ ૨૩ ગાથામાં મંગલાચરણ, ગ્રંથરચનાનો હેતુ, ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની જીવનાં લક્ષણો, સદ્‌ગુરુનાં લક્ષણો, તેનો ઉપકાર, તેમનું માહાત્મ્ય, જીવની પાત્રતા, વિનયમાર્ગ વગેરે વિશે પ્રાથમિક છતાં અર્થગંભીર સમજણ આપ્યા પછી શ્રીમદે ૨૪ થી ૩૩ સુધીની ૧૦ ગાથામાં મતાર્થી જીવનાં લક્ષણો બતાવ્યાં છે.

# મતાર્થી જીવનાં લક્ષણો

જેનામાં આત્મકલ્યાણ કરવાની વૃત્તિનો કે પ્રવૃત્તિનો અભાવ હોય તે જીવ મતાર્થી ગણાય છે. તે મતાર્થી જીવનાં લક્ષણો બતાવતાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'અધ્યાત્મસાર'ના સમકિત અધિકારમાં લખ્યું છે કે :–

"नास्ति नित्यो न कर्ता च न भोक्ताऽत्मा न निर्वृत्तः ।
तदुपायश्च नेत्यादुर्मिथ्यालस्व पदानि षट् ॥"
("અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૬૦, પૃ. ૨૦૨)

આત્મા નથી, નિત્ય નથી, કર્તા નથી, ભોક્તા નથી, મુક્તિ નથી, તથા તેનો ઉપાય કંઈ પણ નથી એમ માનવું તે મિથ્યાત્વનાં છ પદો છે. અર્થાત્ આત્માનાં છ પદોમાં શ્રદ્ધા ન રાખવી તે મિથ્યાત્વ છે.

શ્રીમદે અહીં દર્શાવેલાં મિથ્યાત્વીનાં લક્ષણોમાં આ છયે પદનો સમાવેશ કર્યો નથી. પણ મુખ્યત્વે છઠ્ઠા પદનો – "મોક્ષના ઉપાય" વિશેની અતંત્રતાનો – મતાર્થીનાં લક્ષણો બતાવવામાં ઉપયોગ કર્યો છે. ૨૪ થી ૩૩ સુધીના દોહરાઓ શ્રીમદે મતાર્થીનાં લક્ષણ બતાવવા રચ્યા છે. તેમાં મોક્ષમાર્ગનો ઉપાય યોજતાં યોજતાં જે લોકો ક્રિયાજડ કે શુષ્કજ્ઞાની બની જાય છે તેનાં લક્ષણો બતાવ્યાં છે. ચોથા-પાંચમા દોહરામાં ક્રિયાજડ અને શુષ્કજ્ઞાનીનું જે સ્વરૂપ સંક્ષેપમાં બતાવ્યું છે તેનો અહીં થોડો વિસ્તાર છે. ૨૪ થી ૨૮ સુધીના પાંચ દોહરામાં ક્રિયાજડનાં લક્ષણો અને ૨૯ થી ૩૧ સુધીના ૩ દોહરામાં શુષ્કજ્ઞાનીનાં લક્ષણ આપ્યા પછી ૩૨મો દોહરો મતાર્થ સેવવાથી જીવમાં આવતાં લક્ષણોનું સામાન્ય કથન કરે છે. મતાર્થ સેવવાથી જીવમાં આવતાં લક્ષણોનું સામાન્ય કથન કરે છે. ૩૩માં દોહરામાં મતાર્થથી જીવ છૂટે એ અર્થે મતાર્થીનાં લક્ષણો જણાવ્યાં, અને હવે પછી આત્માર્થ વધે તે અર્થે આત્માર્થીનાં લક્ષણો કહું છું, એમ કર્તાએ જણાવ્યું છે.

# શ્રીમદે દર્શાવેલાં મતાર્થીનાં લક્ષણો

૧. જેને માત્ર બાહ્યથી જ ત્યાગ દેખાય છે, પણ આત્મજ્ઞાન નથી, અને અંતરંગ ત્યાગ નથી તેવા ગુરુને મતાર્થી સદ્‌ગુરુ માને છે, અથવા તો પોતાના કુળધર્મથી જે ગુરુ પ્રાપ્ત હોય તેને જ સાચા ગુરુ માની તેનામાં મમત્વ રાખે છે, અને તેનામાં સદ્‌ગુરુનાં લક્ષણ છે કે નહિ તે વિશે તે વિચારતો નથી.

૨. જે જિનના દેહાદિનું વર્ણન છે, સમવસરણાદિ જિનના અતિશયોનું વર્ણન છે તેને જ મતાર્થી જીવ જિનનું સાચું સ્વરૂપ માની લે છે, અને જિનના પરમાર્થ હેતુરૂપ અંતરંગસ્વરૂપને જાણવા કે સમજવા વિશે મતાર્થી પ્રયત્ન કરતો નથી. અહીં શ્રીમદે શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખવા ઉપર ભાર મૂક્યો છે.

૩. આવા મતાર્થી જીવને ક્યારેક સદ્‌ગુરુનો યોગ થઈ જાય તો પણ તે તેના ઉપદેશથી તદ્દન ઊલટી રીતે ચાલે છે, અને પોતે ખરેખર દૃઢ મુમુક્ષુ છે એમ માની, પોતે માનેલા ગુરુમાં મતાગ્રહથી મમત્વપણું દૃઢ કરી અસદ્‌ગુરુને સદ્‌ગુરુ માને છે.

૪. દેવ, નરક આદિ ચતુર્ગતિના ભાંગાનું વર્ણન કોઈ વિશેષ પરમાર્થ હેતુથી કરેલ છે તે સમજ્યા વિના, તે વર્ણનને જ મતાર્થી શ્રુતજ્ઞાન માને છે, અને પોતે ધારણ કરેલ મત તથા વેશના આગ્રહથી જ મુક્તિ માને છે.

૫. પોતાને ઊઠતી વૃત્તિનું સ્વરૂપ કેવું છે તે સમજ્યા વિના બાહ્યતપને જ ગ્રહણ કરી મતાર્થી પોતાને "વ્રતધારી" ગણાવે છે, અને ક્વચિત્ત સાચો ઉપદેશ સાંભળવા મળે તો પણ લોકો તરફથી મળતાં માન અને સત્કારાદિના લોભથી તે ઉપદેશ મતાર્થી જીવ ગ્રહણ કરતો નથી.

૬. આ બધું ન હોય તો કોઈ વખત ફક્ત નિશ્ચયનયનાં પુસ્તકો વાંચવામાં આવ્યાથી તે સ્વીકારી, વૈરાગ્ય, વિનય આદિ સાચા વ્યવહારધર્મનો તે લોપ

કરે છે અને પરિણામે તે ગ્રંથોનું સાચું પરિણમન થવું જોઈએ તે તેને થતું નથી. વળી, તે શુષ્કજ્ઞાનને જ સર્વસ્વ માની, સાધનરહિત દશામાં એ મતાર્થી જીવ પ્રવર્તે છે. શુષ્કજ્ઞાનીનું આ લક્ષણ બતાવતો એક શ્લોક “અધ્યાત્મસાર”માં પણ મળે છે.

“येषां निश्चय एवेष्टी व्यवहारस्तु संगतः ।
विप्राणां म्लेच्छभाषेव स्वार्थमात्रोपदेशनात् ॥”

(“અધ્યાત્મસાર”, સમકિત અધિકાર, શ્લોક ૬૩, પૃ. ૨૦૪)

આ શ્લોકમાં બતાવ્યું છે તે પ્રમાણે જેઓને સ્વાર્થમાત્રના જ ઉપદેશથી નિશ્ચય ઈષ્ટ છે, અને બ્રાહ્મણોને નહિ બોલવા લાયક મ્લેચ્છ ભાષાની જેમ વ્યવહાર સંગત છે એટલે અનાદર કરવા લાયક છે, તેઓને વ્યવહારનું ઉલ્લંઘન કરનાર મિથ્યાત્વ હોય છે. આમ શ્રી યશોવિજયજીએ “અધ્યાત્મસાર”માં કહ્યું છે તે પ્રમાણે શ્રીમદે પણ નિશ્ચય અને વ્યવહારનું સાથે હોવાપણું મતાર્થ કાઢવા માટે જણાવ્યું છે.

આવા લક્ષણોવાળો જે મતાર્થી જીવ હોય તે જ્ઞાનદશા પામી શકતો નથી, અને તે પામવા માટેનું સાધન પણ તેની પાસે હોતું નથી; તેથી તેના સંગમાં પણ જે જીવ આવે તે ભવસમુદ્રમાં ડૂબે છે. વળી, તે પોતાના કુળના મતનો, પોતાનાં જ્ઞાનનો વગેરેનો મતાગ્રહી બની પોતાની અધિકારરહિતદશાને લીધે આત્માર્થ પામી શકતો નથી, તેવો પોતાનો અભિપ્રાય શ્રીમદે ૩૦-૩૧ એ બે દોહરામાં વ્યક્ત કર્યો છે અને ૩૨મા દોહરામાં મતાર્થી જીવનાં બાહ્ય લક્ષણો પ્રતિ લક્ષ દોર્યું છે કે :–

“નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય.” ૩૨

મતાર્થી જીવને ક્રોધ, માન, માયા, લોભાદિ કષાયો પાતળા પડયા નથી હોતા. તેનાં અંતરમાં સંસાર તરફ વૈરાગ્ય નથી હોતો, આત્માના ગુણો ગ્રહણ

કરવા જેટલું સરળપણું તેનામાં નથી હોતું. વળી, સત્યાસત્યની પરખ કરવા જોઈતી નિષ્પક્ષ દૃષ્ટિનો પણ તેનામાં અભાવ હોવાથી તે જન્મ, જરા, મરણાદિનાં દુ:ખને દૂર કરવા માટેનો માર્ગ ન પામી શકે તેવો દુર્ભાગી હોય છે. આ બધાં લક્ષણો આત્માર્થીથી વિરુદ્ધ પ્રકારનાં છે.

આમ શ્રીમદે અહીં "મોક્ષનો ઉપાય છે" તે પદની સાર્થકતા વિચારતી વખતે જીવમાં જે જે પ્રકારનાં મિથ્યાત્વ પ્રવર્તે છે તેનો નિર્દેશ કર્યો છે. તેમની દૃષ્ટિએ સદ્‌ગુરુને ઓળખી ન શકે, તેની આજ્ઞાએ ચાલી ન શકે અને પોતાના સ્વચ્છંદને પોષ્યા કરે તે મિથ્યાત્વનું મહત્ત્વનું લક્ષણ છે. આ લક્ષણો તેમણે પોતાને લાધેલા અનુભવમાંથી તારવીને આપેલાં જણાય છે, કારણ કે આ લક્ષણો કોઈ પણ સંપ્રદાયને અંધશ્રદ્ધાથી અનુસરતી વ્યક્તિમાં જોવા મળતાં હોવા છતાં આવી વ્યવસ્થિત રીતે નિરૂપાયેલાં જોવા નથી મળતાં. શ્રીમદે આપેલાં મતાર્થી જીવનાં લક્ષણો વિશે પંડિત સુખલાલજીએ યોગ્ય જ લખ્યું છે કે :–

> "આવા મતાર્થીનાં અનેક લક્ષણો તેમણે સ્ફૂટ, જરા વિસ્તારથી, દર્શાવ્યાં છે જે તદ્દન અનુભવસિદ્ધ છે, અને ગમે તે પંથમાં મળી આવે છે. આ સ્થળે એક બે વિશેષતા તરફ ધ્યાન ખેંચવું ઈષ્ટ છે. પ્રસિદ્ધ આચાર્ય સમંતભદ્રે આ "આપ્તમીમાંસા"ની "देवागमनभोयान" આદિ કારિકાઓમાં બાહ્ય વિભૂતિઓમાં વીતરાગપદ જોવાની સાવ ના પાડી છે. શ્રીમદ્ પણ એ જ વસ્તુ સૂચવે છે. યોગશાસ્ત્રના વિભૂતિપાદમાં, બૌદ્ધ ગ્રંથોમાં અને જૈન પરંપરામાંય વિભૂતિ, અભિજ્ઞા – ચમત્કાર કે સિદ્ધિ અને બુદ્ધિમાં ન ફસાવાની વાત કહી છે તે સહજપણે જ શ્રી રાજચંદ્રના ધ્યાનમાં છે. તેમણે એ જોયેલું કે જીવની ગતિ-આગતિ, સુગતિ-કુગતિના પ્રકારો, કર્મભેદના ભાંગાઓ વગેરે શાસ્ત્રમાં વર્ણિત વિષયોમાં જ શાસ્ત્રરસિયાઓ રચ્યાપચ્યા રહે છે અને પોપટપાઠથી આગળ વધતા નથી. તેમને ઉદ્દેશી તેમણે સૂચવ્યું છે કે શાસ્ત્રનાં એ વર્ણનો એનું અંતિમ તાત્પર્ય નથી, અને અંતિમ તાત્પર્ય પામ્યા વિના

શાસ્ત્રોનો પાઠ કેવળ મતાર્થિતા પોષે છે. શ્રીમદ્ રાજચંદ્રનું આ કથન જેટલું અનુભવમૂલક છે તેટલું જ બધી જ પરંપરાઓને એકસરખું લાગુ પડે છે.”

(“આત્મસિદ્ધિ આત્મોપનિષદ”, “આત્મસિદ્ધિ”, સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૩)

મતાર્થી જીવનાં લક્ષણો બતાવવાનો શ્રીમદ્નો હેતુ “આત્મસિદ્ધિ”નો વાચક પોતામાં તેવું કોઈ દૂષણ હોય તો તેનાથી દૂર થવા પ્રયત્ન કરે છે, તે વિશે તેમણે ૩૩મી ગાથામાં કહ્યું છે કે :–

“લક્ષણ કહ્યાં મતાર્થીના મતાર્થ જાવા કાજ;

હવે કહું આત્માર્થીનાં, આત્મ અર્થ સુખસાજ.” ૩૩

આમ મતાર્થીનાં લક્ષણો દ્વારા શ્રીમદે, શ્રી ભોગીલાલ શેઠના શબ્દોમાં કહીએ તો :–

“જે વસ્તુ પામવા યોગ્ય છે તે જિનનું પ્રતિષ્ઠિત અંતરંગ સ્વરૂપ છે અને તેની પ્રશંસા છે, આ વાત દૃષ્ટિસન્મુખ ન રાખવી તેને મતાર્થ ગણ્યો છે.” (“આત્મસિદ્ધિ”, શ્રી ભોગીલાલ ગિ. શેઠ, પૃ. ૧૧૬)

## આત્માર્થી જીવનાં લક્ષણો

મતાર્થ દૂર કરવા માટે શ્રીમદે મતાર્થીનાં લક્ષણો જણાવ્યાં. પરંતુ માત્ર મતાર્થ જવાથી આત્માર્થ આવી જતો નથી. તે મેળવવા જીવમાં કેવાં લક્ષણો હોવાં આવશ્યક છે, તે શ્રીમદે ૩૪થી ૪૧ સુધીના ૮ દોહરામાં બતાવ્યું છે. તે લક્ષણો નીચે પ્રમાણે છે :–

૧. આત્માર્થી જીવ, જેને આત્મજ્ઞાન હોય તેને જ સદ્ગુરુ જાણે છે, અને આત્મજ્ઞાન ન હોય તેવા કુળગુરુને પણ તે કલ્પિત ગુરુ જાણે છે,

આત્મજ્ઞાન વિનાના ગુરુથી ભવનાશ ન થાય તેમ તે નિશ્ચયપૂર્વક જાણે છે.

૨. આત્માર્થી જીવ પોતાને પ્રાપ્ત થયેલા સદ્‌ગુરુના યોગને પરમ ઉપકારી જાણે છે, કારણ કે શાસ્ત્રાદિના વાંચનમાં જ્યારે કંઈ ન સમજાય ત્યારે તે સમજાવનાર સદ્‌ગુરુ જ છે અને તેથી આત્માર્થી જીવ મન, વચન અને કાયા એ ત્રણેની એકતાથી સદ્‌ગુરુની આજ્ઞાએ પ્રવર્તે છે.

૩. મોક્ષમાર્ગ ત્રણે કાળમાં એક જ હોય છે, તેવી દૃઢ શ્રદ્ધા આત્માર્થીને હોય છે, તે વિશે શ્રીમદે લખ્યું છે કે :–

“એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.” ૩૬

અર્થાત્ જેનાથી પરમાર્થની સિદ્ધિ થાય તેવો માર્ગ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે કાળમાં એકસરખો જ હોય છે, તેવી પ્રતીતિ તેને હોય છે.

૪. આત્માર્થી જીવ ત્રણે કાળમાં મોક્ષમાર્ગ એક જ રૂપે હોય છે તેમ સ્વીકારી, તે માર્ગ બતાવનાર સદ્‌ગુરુનો યોગ તે શોધે છે. અને તે ગુરુ પાસે માત્ર આત્માર્થની જ ઇચ્છા રાખે છે, અને માનપૂજાદિની કે રિદ્ધિની લેશ પણ ઇચ્છારૂપ રોગ આત્માર્થીના મનમાં હોતો નથી.

૫. અહીં સુધી મતાર્થીથી વિરુદ્ધ એવા આત્માર્થીનાં આંતરિક લક્ષણો તથા અભિલાષા વર્ણવ્યા પછી, તેનાં બાહ્ય લક્ષણો ૩૮મા દોહરામાં બતાવ્યાં છે કે :–

“કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ” ૩૮

આત્માર્થી જીવને ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો શાંત થઈ ગયા હોય છે, મોક્ષ મેળવવાની એક જ અભિલાષા બાકી રહી હોય છે, ભવભ્રમણ

વિશે અતિશય ખેદ પ્રવર્તતો હોય છે, અને પ્રત્યેક પ્રાણી પ્રત્યે કરુણાભાવ હોય છે. શાસ્ત્રમાં શમ, સંવેગ, નિર્વેદ,અનુકંપા અને આસ્થા એ પાંચ લક્ષણો સમકિતી જીવનાં બતાવાયાં છે, જેને શ્રીમદે અહીં વર્ણવ્યાં છે. ઉપાધ્યાય યશોવિજયજી સમકિતનાં લક્ષણ નીચે પ્રમાણે બતાવે છે :–

"शमसंवेगनिर्वेदानुकम्पाभिः परिष्कृतम् ।
दधतामेतदच्छिन्नं सम्यकत्वं स्थिरतां व्रजत् ॥"
("અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૫૮, પૃ. ૧૦૧.)

"અધ્યાત્મસાર"ના "સમકિત અધિકાર"ના આ શ્લોકમાં બતાવ્યા પ્રમાણે શમ, સંવેગ, નિર્વેદ અને અનુકંપાએ કરીને શોભિત એવા આ આસ્તિ અને નિરંતર ધારણ કરનારા ભવ્ય જીવોનું સમકિત સ્થિરતાને પામે છે, નિશ્ચળ થાય છે.

આ જ લક્ષણો શ્રીમદે ઉપરના દોહરામાં સરળ ભાષામાં બતાવ્યાં છે. શમ એટલે સમભાવ. રાગદ્વેષનાં પરિણામ ન થતાં સમભાવ રહે તે શમ, અને તે જ કષાયની ઉપશાંતતા. સંવેગ એટલે મોક્ષ મેળવવાની ઇચ્છા, અર્થાત્ "મોક્ષ અભિલાષ". નિર્વેદ એટલે સંસાર દુઃખમય લાગવાથી આવતો વૈરાગ્ય, અને તે જ "ભવે ખેદ". અનુકંપા એટલે પ્રત્યેક પ્રાણી તરફનો દયાભાવ અર્થાત્ "પ્રાણીદયા". આ ચાર લક્ષણો તો શ્રીમદે ઉપરના દોહરામાં એકસાથે આપી દીધાં છે. પાંચમા લક્ષણ "આસ્થા" વિશે શરૂઆતના ત્રણ ચાર દોહરા રચ્યા છે. આસ્થા એટલે આત્માનાં અસ્તિત્વ આદિમાં શ્રદ્ધા તથા મોક્ષમાર્ગમાં નિઃશંકતા, જે શ્રીમદે "મોક્ષમાર્ગની એકતાના નિશ્ચય" રૂપે વર્ણવેલ છે.

આમ આત્માર્થી જીવનાં લક્ષણો બતાવવાની સાથે શ્રીમદે શાસ્ત્રમાં બતાવેલા સમકિતીનાં લક્ષણો પણ ખૂબીપૂર્વક બતાવી દીધાં છે. આમ શ્રીમદ્‌ના અભિપ્રાય મુજબ તો સમકિતી જીવ જ આત્માર્થી ગણી શકાય.

જીવને ઉપર જણાવી તેવી આત્માર્થદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગની પણ પ્રાપ્તિ થતી નથી. અને તે માર્ગ ન મળે ત્યાં સુધી તેના આત્મભ્રાંતિરૂપ અનંત દુ:ખના હેતુવાળો અંતરરોગ જતો નથી. પણ જેવી આત્માર્થીની દશા પ્રાપ્ત થઈ કે તરત જ તેને સદ્‌ગુરુનો બોધ સચોટપણે અસર કરે છે. તે બોધ પર વિચાર કરવાથી આત્માર્થી જીવ પોતાનું સ્વરૂપ સમજે છે અને પોતામાં ગુપ્તપણે રહેલું અનંત સુખ તે પ્રગટાવે છે. એટલે સુવિચારણાના ફળરૂપે આત્માર્થી જીવ જ્ઞાન પામે છે, અને અંતમાં નિર્વાણપદ એટલે કે મોક્ષપદ પામે છે.

આત્માર્થ પામવાની ફલશ્રુતિ તરીકે શ્રીમદે મોક્ષપદ બતાવ્યું છે. સવળી મતિ થતાં જીવની આત્માર્થ દશા પ્રારંભાય છે અને તે દશા વિકાસ પામતાં જીવનો મોક્ષ થાય છે, તેમ કર્તાએ ૪૧મા દોહરામાં સ્પષ્ટ કહ્યું છે. આમ એમણે આત્માર્થનું ટૂંકું છતાં માર્મિક સ્વરૂપ આલેખ્યું છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર"ના વાંચનના અધિકારી તરીકે શ્રીમદે ઉપર જણાવેલા આત્માર્થી જીવનાં લક્ષણો ધરાવતી વ્યક્તિને જ સ્વીકારી છે, કારણ કે આવા આત્માર્થી જીવની સુવિચારણાની પુષ્ટિ માટે તથા મોક્ષમાર્ગની સમજ આપવા માટે શ્રીમદે આ ગ્રંથમાં આત્માનાં છ પદ દર્શાવી તેની સિદ્ધિ, ગુરુ-શિષ્યના સંવાદરૂપે, પોતાની અનુભવસિદ્ધ વાણીમાં, શાસ્ત્રના આધારે, કરી છે. જો જીવમાં એ લક્ષણો ન હોય તો શ્રીમદે કરેલી શાસ્ત્રીય ચર્ચા વાંચ્યાથી મોક્ષમાર્ગ માટે જરૂરી એવી સુવિચારણા ઉત્પન્ન ન થાય અને તેથી તે જીવને મોક્ષમાર્ગ સુલભ ન લાગે.

આત્માનાં છ પદની શાસ્ત્રીય ચર્ચારૂપ આ ગંભીર વિષયને શ્રીમદે "આત્મસિદ્ધિ"માં સરળ ભાષામાં નિરૂપ્યો છે, છતાં તેમાં એટલાં ગૂઢ તત્ત્વોનું નિરૂપણ તેઓ કરી શક્યા છે કે તેમના ૧૪૨ દોહરા વિસ્તારથી સમજાવવા માટે શ્રી કાનજીસ્વામીને પુસ્તકનાં ૬૦૦ પાનાં, કે શ્રી ભોગીલાલ શેઠને ૪૫૦ પાનાં ઓછાં લાગ્યાં છે. અને એ બધાએ આપેલી સમજૂતી જોતાં ખ્યાલ આવે છે કે શ્રીમદે આ દોહરામાં કેટલો તત્ત્વસંભાર મૂક્યો છે. તેમ છતાં આ શાસ્ત્રની ખૂબી

એ છે કે તેનું નિરૂપણ એટલી સરળ ભાષામાં થયું છે કે કોઈ પણ મુમુક્ષુ તેમાંથી કંઈ ને કંઈ તો જરૂર મેળવે.

દયારામના "રસિકવલ્લભ"ને સમજવા જેમ ભાગવત સંપ્રદાયના ગ્રંથોનો અભ્યાસ જરૂરી છે, અખાભગતનું "અખેગીતા" સમજવા જેમ વેદાંતનું જ્ઞાન આવશ્યક છે, તેમ "આત્મસિદ્ધિશાસ્ત્ર"નો વિષય તર્કપ્રધાન, દાર્શનિક અને જૈન સાંપ્રદાયિક હોવાને લીધે તેનું ગૌરવ માણવા જૈન પરિભાષાની અને જૈન તત્ત્વજ્ઞાનની થોડી સમજણ હોવી અગત્યની છે. શ્રી ભોગીલાલ શેઠે લખ્યું છે કે :–

> "એમાં ષડ્દર્શનનો સાર છે, આધ્યાત્મિક જીવનનું પરમ ઉત્કૃષ્ટ રહસ્ય છે, આત્મધર્મનો અગમ્ય મર્મ છે. મતાગ્રહને તેમાં સ્થાન નથી, સંપ્રદાયની તેમાં ગંધ નથી, વિરોધને અવકાશ નથી. સત્ય સમજવાની જેને જિજ્ઞાસા છે, સાચા સ્વાધીન અખંડ સુખનો જે અભિલાષી છે અને આત્મિક શાંતિની જેને અપેક્ષા છે તેને આ શાસ્ત્ર પરમ હિતકારી થશે તેમાં સંદેહ નથી." ("આત્મસિદ્ધિશાસ્ત્ર", ભોગીલાલ શેઠ, પ્રસ્તાવના, પૃ. ૫)

આવું ઉત્તમ શાસ્ત્ર વાંચવા તથા સમજવા માટે શ્રીમદે માત્ર ચાર જ વ્યક્તિને અધિકારી શા માટે ગણી હતી તે આ ઉપરથી સમજાશે. આ અધિકાર બતાવ્યા પછી શ્રીમદ્ મુખ્ય વિષય ઉપર આવે છે.

## આત્માનાં છ પદ

"આત્મસિદ્ધિ"માં શ્રીમદે આત્માનાં છ પદ આ પ્રમાણે દર્શાવ્યાં છે :–

> "આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
> છે ભોક્તા, વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ." ૪૩

શ્રી સિદ્ધસેન દિવાકરના "સમ્મતિતર્ક પ્રકરણ"માં, હરિભદ્રાચાર્યના "શાસ્ત્રવાર્તાસમુચ્ચય"માં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના "અધ્યાત્મસાર" આદિ

શાસ્ત્રગ્રંથોમાં આત્માનાં આ છ પદ દર્શાવવામાં આવ્યાં છે. ("અધ્યાત્મસાર", સમકિતઅધિકાર, શ્લોક ૬૦, પૃ. ૨૦૨)

"સમ્મતિતર્ક પ્રકરણ"માં તૃતીય ખંડના ૫૪, ૫૫ એ બે શ્લોકમાં શ્રી સિદ્ધસેન દિવાકરે આત્મા વિશે નાસ્તિત્વ આદિ છ પક્ષોનું મિથ્યાપણું અને અસ્તિત્વ આદિ છ પક્ષોનું સમ્યક્પણું નીચે પ્રમાણે બતાવ્યું છે :–

"णात्थि ण णिच्चो ण कुणइ कयं ण वेएइ णत्थि णव्वाणं ।
णत्थि य मोक्खोवाओ छ म्मिच्छत्तस्स ठाणाइं ॥"
"अत्थि अविणासधम्मी करेइ वेएइ अत्थि णिव्वाणं ।
अत्थि व मोक्खावाओ छ स्सम्मत्तस्स ट्ठाणाइ ॥"

શ્રી સિદ્ધસેન દિવાકરના અહીં જણાવ્યા પ્રમાણે, આત્મા નથી, તે નિત્ય નથી, તે કંઈ કરતો નથી, તે કરેલ કર્મ વેદતો નથી, તેને નિર્વાણ નથી અને મોક્ષનો ઉપાય નથી – એ છ મતો મિથ્યાજ્ઞાનનાં સ્થાનકો છે. આત્મા છે, તે અવિનાશી છે, તે કરે છે, તે વેદે છે, તેને નિર્વાણ છે અને મોક્ષનો ઉપાય છે – એ છ મતો સમકિતનાં સ્થાનકો છે.

"સમ્મતિતર્ક પ્રકરણ"માં આ પદોને વિસ્તારથી સમજાવેલાં નથી. માત્ર ઉપર જોયું તેમ અસ્તિનાસ્તિનું નિરૂપણ તેમાં કરેલું છે. શ્રીમદે આ છએ પદને તર્ક તથા અનુભવથી સિદ્ધ કરીને સમજાવ્યાં છે.

શ્રી યશોવિજયજીએ તેમના "અધ્યાત્મસાર"ના સમકિત અધિકારમાં આત્મા નથી, એ આદિ નાસ્તિત્વ સૂચક છ પદોને મિથ્યાત્વનાં સાધનો ગણાવતાં લખ્યું છે કે :–

"नास्ति नित्यो न कर्ता च न भोक्तात्मा च निवृतः ।
तदुपायश्च नेत्याहुर्मिथ्यात्वस्य पदानि षट् ॥"
("અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૬૦, પૃ. ૨૦૨.)

આત્મા નથી, નિત્ય નથી, કર્તા નથી, ભોક્તા નથી, મુક્ત નથી, અને તેનો ઉપાય નથી — એ છ મિથ્યાત્વનાં સ્થાનકો છે એમ શ્રી યશોવિજયજીએ અહીં જણાવ્યું છે. તેમણે એ છ પદનું અસ્તિત્વ બતાવતો શ્લોક રચ્યો નથી, પણ તે છયે પદને સિદ્ધ કરતા શ્લોકો તેમણે "સમકિત અધિકાર" અને "આત્મજ્ઞાન અધિકાર"માં રચ્યા છે, જેમાંના કેટલાકની છાયા "આત્મસિદ્ધિ"માં પણ જોવા મળે છે.

શ્રીમદે પોતાના સાહિત્યમાં આ છ પદનો ઉલ્લેખ સૌપ્રથમ વિ. સં. ૧૯૪૬ના ભાદરવા માસમાં ધર્મેચ્છક ભાઈ ખીમજીને લખેલા એક પત્રમાં કર્યો છે :–

"આત્મા છે. તે બંધાયો છે. તે કર્મનો કર્તા છે. તે કર્મનો ભોક્તા છે. મોક્ષનો ઉપાય છે. આત્મા સાધી શકે છે. આ જે છ મહા પ્રવચનો તેનું નિરંતર શોધન કરજો" ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૨૨૩)

પોતાને જણાતાં આ છ પદનાં નિઃશંકત્વ વિશે શ્રીમદે પોતાની હસ્તનોંધ (૧૮-(૨))માં પણ નોંધ્યું છે કે :–

"જીવનાં અસ્તિત્વપણાનો તો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. જીવનાં નિત્યપણાનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. જીવનાં ચૈતન્યપણાનો, ત્રિકાળ હોવાપણાનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. તેને કોઈ પણ પ્રકારે બંધ દશા વર્તે છે એ વાતનો કોઈ પણ કાળે સંશય પ્રાપ્ત નહિ થાય. તે બંધની નિવૃત્તિ કોઈ પણ પ્રકારે નિઃસંશય ઘટે છે, એ વાતનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહિ થાય. મોક્ષપદ છે એ વાતનો કોઈ પણ કાળે સંશય નહિ થાય." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૭૯૦)

આ બધી જગ્યાએ શ્રીમદે આત્મા વિશેની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. ત્યાર પછી પણ વિ. સં. ૧૯૫૦ના ફાગણ માસમાં આ છયે પદને સંક્ષેપમાં સમજાવતો એક પત્ર શ્રીમદે શ્રી લલ્લુજી મહારાજને લખ્યો હતો. તે પત્ર "આત્મસિદ્ધિ"ના પૂર્વરૂપ જેવો છે. તે જોઈએ :–

"અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુ દેવને અત્યંત ભક્તિથી નમસ્કાર. શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યક્‌દર્શનનાં નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે :–

"પ્રથમ પદ : આત્મા છે. જેમ ઘટપટાદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટાદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિશે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે."

"બીજું પદ : આત્મા નિત્ય છે. ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટ આદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે, કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી. માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગોથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિશે લય પણ હોય નહિ."

"ત્રીજું પદ : આત્મા કર્તા છે. સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામ ક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે, પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધસહિત વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે."

"ચોથું પદઃ આત્મા ભોક્તા છે. જે જે કંઈ ક્રિયા છે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું

ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું ફળ જેમ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઇ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે."

"પાંચમું પદ : મોક્ષપદ છે. જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે, કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય, પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ "મોક્ષપદ" છે."

"છઠ્ઠું પદ : તે મોક્ષનો ઉપાય છે. જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહિ, પણ કર્મબંધથી વિપરીત સ્વાભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્તત્યાદિ સાધન પ્રત્યક્ષ છે; જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે, માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે."

"શ્રી જ્ઞાનપુરુષોએ સમ્યક્‌દર્શનનાં મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, આંક ૪૯૩, પૃ. ૩૯૪)

અહીં વર્ણવેલાં આત્મા વિશેનાં આ છ પદનો વિસ્તાર શ્રીમદે "આત્મસિદ્ધિ"માં કર્યો છે. અને તે છયે પદ ગુરુશિષ્યના સંવાદરૂપે શ્રીમદે રજૂ કરેલ છે. પ્રત્યેક પદ વિશે શિષ્ય પોતાની શંકા વિનીતભાવે રજૂ કરે છે, અને ગુરુ તેનો સમાધાનકારક

ઉત્તર આપે છે, એવી યોજના શ્રીમદે ૪૩ થી ૧૨૭ સુધીના દોહરામાં કરી છે. આ છ પદ વિશે શ્રી કાનજીસ્વામી કહે છે કે :–

"આ ન્યાયમાં તત્ત્વના જિજ્ઞાસુને બધી મૂંઝવણ ટળી જાય તેવું છે, સરલપણે ન્યાયથી ગુજરાતી ભાષામાં આવી રીતે બીજે ક્યાંય કથન નથી, શ્રીમદ્ રાજચંદ્રે બધા વિરોધ ટાળીને આત્માને સ્પષ્ટ બતાવ્યો છે." ("આત્મસિદ્ધિ" પરનાં પ્રવચનો, પૃ. ૨૫૦)

આ પદ વિશે શ્રીમદે ૪૪મી ગાથામાં લખ્યું છે કે :–

"ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;<br>
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ." ૪૪

આ દોહરામાં જણાવ્યા મુજબ, જે છ પદ સંક્ષેપમાં શ્રીમદે જણાવ્યાં છે, તે જ છયે દર્શનનો સાર છે, અને એ છ પદને જ્ઞાનીઓએ પરમાર્થ માર્ગનો સાર સમજવા માટે કહેલ છે. ગમે તે દર્શન, ગમે તે શાસ્ત્ર કે ગમે તે ધર્મ આ છ પદ સિવાય અન્ય કોઈ પદ વિશે અભિપ્રાય બાંધી શક્યા નથી, કારણ કે આ છ પદના વિસ્તારમાં બધું સમાઈ જાય છે. અસંખ્ય શાસ્ત્રરચના – ન્યાયશાસ્ત્રો, તર્કશાસ્ત્રો, અધ્યાત્મશાસ્ત્રો વગેરેની રચના – આ છ પદની સિદ્ધિ અર્થે થઈ છે. એવો કર્તાનો અભિપ્રાય આપણને આ ગાથામાં જોવા મળે છે.

## પ્રથમ પદ : આત્મા છે

આત્માનું અસ્તિત્વ સ્વીકારવું તે મોક્ષમાર્ગનું સૌથી પહેલું પગથિયું છે. આત્મા હોય તો જ એને મુક્ત કરવાની વાત થાય, એ દૃષ્ટિએ આત્માનું અસ્તિત્વ જાણવું તે સૌથી અગત્યનું છે. આ પદ માટે શ્રીમદે ૪૫ થી ૫૮ સુધીના ૧૪ દોહરાની રચના કરી છે. તેમાં પહેલા ચાર દોહરામાં શિષ્ય પોતાના ગુરુ પાસે વિનયભાવે આત્માના હોવારૂપ પ્રથમ પદ વિશે, સમાધાનાર્થે, પોતાને થયેલી શંકા રજૂ કરે છે. અહીં શિષ્યને પોતાના ગુરુ માટે ખૂબ માન છે. વળી તેને શ્રદ્ધા પણ છે

કે ગુરુ પોતાને સાચો જ માર્ગ બતાવશે, તેથી તે ખૂબ નમ્રતાપૂર્વક, પોતાના આત્મામાં રહ્યા કરતી પ્રથમ પદ વિશેની શંકા નીચેની દલીલો દ્વારા રજૂ કરે છે :–

૧. આત્મા પ્રત્યક્ષ જોવામાં આવતો નથી. વળી તેનું કોઈ જાતનું રૂપ પણ જણાતું નથી, તેમ આત્મા હોવાપણાનો બીજો કોઈ સ્પર્શાદિ અનુભવ પણ થતો નથી, તેથી આત્મા નથી, એમ લાગે છે.

૨. અથવા જો આત્મા હોય તો તે દેહરૂપે જ છે, અથવા શ્વાસોચ્છ્વાસ ચાલે છે તે ઇન્દ્રિયો એ જ આત્મા છે, એ સિવાયનું આત્મા હોવાનું બીજું કોઈ ચિહ્ન જણાતું નથી, તેથી આત્માને દેહથી ભિન્ન માનવો તે નકામું જ છે.

૩. વળી જો આત્મા હોય તો તે ઘટપટ આદિ અન્ય પદાર્થોની જેમ જણાવો જોઈએ, પણ તે તેમ જણાતો નથી, માટે આત્મા નથી.

આ પ્રમાણે પોતાને થતી શંકાઓ રજૂ કરી શિષ્ય ૪૮મા દોહરામાં તે શંકાનું સમાધાન કરવા ગુરુને વીનવે છે કે :–

"માટે છે નહિ આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય,
એ અંતર શંકાતણો, સમજાવો સદુપાય." ૪૮

અહીં શ્રીમદે ચાર્વાક મતમાં "આત્મા નથી" એમ જણાવવા જે દલીલો પ્રચલિત છે, તેને પોતાની વાણીમાં શિષ્યની જિજ્ઞાસારૂપે મૂકી છે. ચાર્વાક મતને રજૂ કરતો નીચેનો શ્લોક ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ રચ્યો છે :–

"नास्त्येवास्मेति चार्वाकः प्रत्यक्षानुपलभतः ।
अहंताव्यपदेशस्य शरीरेणोपपत्तितः ॥"
("અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૬૮)

અહીં જણાવ્યા પ્રમાણે પ્રત્યક્ષ દેખાતો નથી માટે આત્મા છે જ નહિ, અને અહંતાનો વ્યપદેશ તો શરીર થઈ શકે છે, એમ ચાર્વાક કહે છે. એટલે કે આત્મા ચક્ષુ ઇન્દ્રિયો વડે દેખાતો નથી, વળી જે જે વસ્તુ જગતમાં છે તે ઈન્દ્રિયો વડે

દેખાય છે, માટે જો આત્મા હોય તો તે ઇન્દ્રિય વડે પ્રાપ્ત થવો જોઈએ, પણ તેમ થતું નથી, માટે આત્મા નથી. જો કોઈ એવી શંકા કરે કે, "હું સુખી છું", "હું દુ:ખી છું" એ આદિ કોણ બોલે છે? તો તેનું એવું સમાધાન કરે છે કે અહંપણાનો જે વ્યવહાર છે, તે તો પંચમહાભૂતના સમુદાયરૂપ શરીરે કરીને થઈ શકે છે, માટે આત્મા નથી. એમ ચાર્વાક મતવાળા તથા દેહાત્મવાદીઓ કહે છે. ("આત્મસિદ્ધિ"માં શિષ્યની શંકારૂપે શ્રીમદે જુદાં જુદાં દર્શનોના અભિપ્રાય મૂક્યા છે, તે ક્યા દર્શનના છે તે જણાવવા માટે શ્રી યશોવિજયજીએ રચેલ "અધ્યાત્મસાર"માં આપેલ અભિપ્રાયનો અહીં આધાર લીધો છે. ચાર્વાક, બૌદ્ધ, સાંખ્ય, વેદાંત આદિનો એવો અભિપ્રાય "સ્યાદ્વાદમંજરી", "ષડ્દર્શનસમુચ્ચય", "સિદ્ધાંતસાર" વગેરે ગ્રંથમાં આપેલ છે.)

અહીં જોઈ શકાશે કે શ્રીમદે ઉપરની જ દલીલો શિષ્યના મુખમાં, કોઈ પણ દર્શનનું નામ લીધા વિના, જિજ્ઞાસારૂપે મૂકી છે. અને તે પછી ગુરુના મુખે તે શંકાનું સમાધાન આપ્યું છે. અને એ દ્વારા તેમણે ચાર્વાકમતની અયોગ્યતા બતાવી છે. ગુરુએ શિષ્યનું સમાધાન કર્યું છે કે :–

૧. અનાદિકાળનાં અજ્ઞાનને લીધે આત્માને દેહનો પરિચય છે, અર્થાત્ દેહાધ્યાસ છે, અને તે પરિચયને લઈને આત્મા દેહરૂપે ભાસે છે. પણ ખરેખર તો આત્મા અને દેહ, મ્યાન અને તલવારની જેમ સ્પષ્ટ જુદા છે, કેમ કે તે બંનેનાં પ્રગટ લક્ષણો જ જુદાં છે.

૨. આત્મા દૃષ્ટિથી દેખાતો નથી, તેનું સમાધાન બતાવ્યું છે કે :–

"જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ." ૫૧

આત્મા એ દૃષ્ટિથી એટલે કે આંખથી દેખાય તેમ નથી, કારણ કે તે ખુદ આંખનો-દૃષ્ટિનો જ જોનાર છે. અને જે દેખાય છે તે સર્વનો બાધ કરતાં કરતાં છેલ્લે જે અબાધ્ય સ્વરૂપ – નાશ ન કરી શકાય તેવું સ્વરૂપ – બાકી

રહે તે જ આત્માનું સ્વરૂપ છે. એટલે કે દેહ અને તેના પ્રત્યેક અવયવને જોનાર કોઈક જ્ઞાનધારક પદાર્થ અનુભવાય છે તે આત્મા છે. પણ આત્માને જોનાર બીજો કોઈ પદાર્થ અસ્તિત્વમાં નથી.

૩. શિષ્યે એવી શંકા કરી હતી કે દેહ આત્મા ન હોય તો ઇન્દ્રિય કે પ્રાણ એ આત્મા હોવો જોઈએ, તે વિશે શ્રીમદે પર અને પ૩ એ બે દોહરા રચ્યા છે કે :–

"છે ઇન્દ્રિય પ્રત્યેકને નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇન્દ્રિના વિષયનું, પણ આત્માને ભાન."  પર

"દેહ ન જાણે તેહને, જાણે ન ઇન્દ્રિય પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ."  પ૩

કર્ણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય આદિ પાંચે ઇન્દ્રિયોને પોતપોતાના વિષયનું જ્ઞાન છે, પણ તે પ્રત્યેકને બીજી ઇન્દ્રિયનું જ્ઞાન નથી, એટલે કે આંખ, કાન, નાક એકબીજાનું કામ કરી શકતાં નથી. પણ આ પાંચે ઇન્દ્રિયનું જ્ઞાન આત્માને છે. તેથી દેહ, પ્રાણ, ઇન્દ્રિય આદિ આત્માને જાણી શકતાં નથી, પણ તે બધાંને આત્મા જાણે છે, એટલું જ નહિ પણ આત્મા તે બધાંને દોરે છે, પ્રેરણા આપે છે. આત્માનું આ સ્વરૂપ બતાવતો શ્રી યશોવિજયજીનો એક શ્લોક છે કે :–

"इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ।
मनसोऽपि परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥"
("અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૪૦)

આત્મા શું છે તે બતાવતાં અહીં કહ્યું છે કે ઇન્દ્રિયોને પર કહેલી છે. ઇન્દ્રિયો થકી મન પર છે, મનથી પણ બુદ્ધિ પર છે, અને જે બુદ્ધિ થકી પણ પર છે તે આત્મા છે. આમ આત્મા એ –

૪. "સર્વ અવસ્થાને વિશે, ન્યારો સદા જણાય;

પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય." ૫૪

જાગ્રતાવસ્થા, સ્વપ્નાવસ્થા, નિદ્રાવસ્થા વગેરે અવસ્થામાં વર્તતો હોવા છતાં, તે અવસ્થાઓ જાણનાર, તેનાથી જુદો રહેનાર તથા તે અવસ્થા વ્યતીત થયે પણ રહેનાર એવો આત્મા ચૈતન્યમય છે, એટલે કે જાણ્યા કરવું એવો જેનો સ્વભાવ પ્રગટ છે, તે ચૈતન્યમયતાની નિશાની તેનામાં સદાય હોય છે, તેનો ભંગ ક્યારેય થતો નથી. આમ શ્રીમદે અહીં આત્માનું સ્પષ્ટ લક્ષણ સરળ ભાષામાં બતાવી આપ્યું છે.

૫. ઘટ, પટ આદિની જેમ આત્મા પણ જણાવો જોઈએ, તે વિશે ગુરુ કહે છે કે, "ઘટ, પટ આદિને તું પોતે જાણે છે તેથી 'તે છે' તેમ માને છે, પણ જે ઘટ, પટ આદિને જાણનારો છે તેને જ તું માનતો નથી, એને તે કેવું જ્ઞાન કહેવું?"

૬. દેહ એ આત્મા નથી તે બતાવતાં શ્રીમદ્ ગુરુમુખે જણાવે છે કે :–

"પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;

દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ." ૫૬

આ દુનિયામાં ચારે બાજુ જોઈએ તો જોવા મળે છે કે દુર્બળ દેહ હોવા છતાં તીક્ષ્ણ બુદ્ધિ હોય છે, અને સ્થૂળ દેહ હોવા છતાં અલ્પ બુદ્ધિ હોય છે. જો દેહ અને આત્મા એક જ હોય તો તો આવો વિકલ્પ સંભવી શકે નહિ, કારણ કે તો તો સ્થૂળ દેહવાળાને ઘણી બુદ્ધિ અને કૃશ દેહવાળાને થોડી બુદ્ધિ મળવી જોઈએ. પણ તેમ તો દેખાતું નથી, માટે દેહ અને આત્મા જુદા છે.

૭. એ પરથી કહી શકાય કે જડ તથા ચેતન એ બંનેનો સ્વભાવ સ્પષ્ટ રીતે ભિન્ન છે. જડ કોઈ કાળે જાણી શકતું નથી, અને આત્મા કોઈ કાળે જાણ્યા

સિવાય રહી શકતો નથી, એ બંનેનું સ્પષ્ટ રીતે જુદું પડતું લક્ષણ કોઈ પણ કાળે એકરૂપ થતું નથી.

આ બધી દલીલોથી ગુરુ શિષ્યને આત્માનું અસ્તિત્વ અને તેની દેહથી ભિન્નતા સમજાવે છે. અને અંતમાં શિષ્યને ઊંડા વિચારમાં ગરકાવ કરી દે તેવી એક આશ્ચર્યની વાત રજૂ કરે છે કે :–

"આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ." ૫૮

આત્મા પોતે પોતાની જ – શંકાના કરનારની જ શંકા કરે છે તે અમાપ આશ્ચર્યની વાત નથી લાગતી?

આમ ૧૦ દોહરામાં શ્રીમદે "આત્માનાં અસ્તિત્વ" વિશેની શંકાનું સમાધાન રજૂ કર્યું છે. અહીં આત્માનું અસ્તિત્વ અનુભવમૂલક દલીલોથી સિદ્ધ કરી શ્રીમદે જડવાદીઓની દલીલોનું ખંડન કરી, આત્મવાદની રજૂઆત કરી છે. તે વિશે પંડિત સુખલાલજીએ યોગ્ય જ લખ્યું છે કે :–

"આત્માનું અસ્તિત્વ દર્શાવતાં શ્રીમદ્ રાજચંદ્રે દેહાત્મવાદીની પ્રચલિત અને બાલસુલભ દલીલોનું નિરસન કર્યું છે, તે એક બાજુ ચાર્વાક માન્યતાનો નકશો રજૂ કરે છે, ને બીજી બાજુ આત્મવાદની ભૂમિકા રજૂ કરે છે. એમ તો અનેક આત્મસ્થાપક ગ્રંથોમાં ચાર્વાક મતનું નિરસન આવે છે, પણ શ્રીમદ્ રાજચંદ્રની વિશેષતા મને એ લાગે છે કે તેમનું કથન શાસ્ત્રીય, અભ્યાસમૂલક, માત્ર ઉપરચોટિયા દલીલોમાંથી ન જન્મતાં સીધું અનુભવમાંથી આવેલું છે. તેથી જ તેમની કેટલીક દલીલો હૈયાસોંસરી ઊતરી જાય તેવી છે." (આત્મસિદ્ધિ આત્મોપનિષદ્, "આત્મસિદ્ધિશાસ્ત્ર", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૪)

જ્ઞાનીની વાણી અદ્ભુત તથા ચમત્કારિક હોય છે, તેનો થોડો પરિચય આપણને અહીં થાય છે. અહીં શ્રીમદ્ તત્ત્વજ્ઞાનની એક ગૂઢ સમસ્યાનો ઉકેલ

થોડા શબ્દોમાં, અને સરળ તેમ જ પ્રતીતિકર ભાષામાં મૂકી શક્યા છે, તે જ તેમની વાણીની અપૂર્વતા બતાવે છે. તેથી જ તો પૂ. શ્રી કાનજીસ્વામી કહે છે કે અહીં :–

> "શ્રીમદે પોતે જ શિષ્યની જિજ્ઞાસાની આબેહૂબ રચના કરી છે, અને હૃદયમાં આરપાર ઊતરી જાય તેવી હૃદયવેધક ભાષામાં સંવાદ રચ્યો છે." ("આત્મસિદ્ધિશાસ્ત્ર" પરનાં પ્રવચનો, પૃ. ૨૯૦)

"આત્મા છે" તે પદની સિદ્ધિ માટેનાં શ્રીમદે આપેલાં પ્રમાણોનું તર્કબદ્ધ રીતે થયેલું સંકલન શ્રીમદ્‌ની અનુભવમૂલક દૃષ્ટિ બતાવે છે.

## બીજું પદ : આત્મા નિત્ય છે

આત્માનું નિત્યત્વ એ આત્મા વિશેનું બીજું પદ છે. આત્મા એ ત્રિકાળવર્તી, અવિનાશી એવો પદાર્થ છે તેમ આ પદમાં સમજાવાયું છે. શિષ્ય આત્માનું અસ્તિત્વ તો, વિચાર કર્યા પછી સ્વીકારે છે, પરંતુ તેને તેના નિત્યપણા વિશે ખાતરી નથી, તેથી તેને જે જે માન્યતાથી આત્મા અનિત્ય જણાય છે, તે તે ગુરુ સમક્ષ મૂકી પોતાની શંકાનું નિવારણ કરવા વીનવે છે, અને ગુરુ પણ શિષ્યને સાચું જ્ઞાન આપવા એવી જ સરળતાથી આત્માનું નિત્યત્વ સમજાવે છે. આ પદની વિચારણા માટે શ્રીમદે ૧૨ દોહરાનો ઉપયોગ કર્યો છે, તેમાં ૫૯ થી ૬૧ એ ત્રણ દોહરામાં શિષ્યે પોતાની શંકા રજૂ કરી છે, અને ૬૨થી ૭૦ સુધીના ૯ દોહરામાં ગુરુએ તેનું સમાધાન કર્યું છે.

આત્માનાં હોવાપણા વિશે જે જે દલીલો ગુરુએ કરી, તે સર્વ પર ઊંડાણથી વિચાર કરતાં તેની સત્યતા વિશે શિષ્યને ખાતરી થઈ છે, તે જણાવી શિષ્ય આત્માની નિત્યતા વિશે શંકા રજૂ કરે છે કે :–

૧. આત્મા છે, પણ તે દેહ સાથે ઉત્પન્ન થાય છે, અને દેહ સાથે નાશ પામે છે તેમ જણાવાથી આત્મા નિત્ય નથી એવી બીજી શંકા થાય છે.

૨. બીજી રીતે કહીએ તો દરેક વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે તેથી તે અનિત્ય જણાય છે, તે અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી.

અહીં જેઓ આત્માનું નિત્યત્વ સ્વીકારતા નથી, અને તેને ક્ષણિક માને છે તેવા બૌદ્ધ આદિ દર્શનોનો જે અભિપ્રાય છે તે શ્રીમદે શિષ્યમુખે શંકારૂપે રજૂ કર્યો છે. આ અભિપ્રાય જણાવતો, શ્રી યશોવિજયજીનો શ્લોક છે કે :–

ज्ञानक्षणावलीरुपो नित्यो नात्मेति सौगताः ।
क्रमाक्रमाभ्यां नित्यत्वे युज्यतेऽर्थे क्रिया न हि ॥
("અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૮૯, પૃ. ૨૧૯)

બૌદ્ધો કહે છે કે જ્ઞાનના ક્ષણની પરંપરારૂપ આત્મા છે, નિત્ય આત્મા નથી. નિત્ય માનવાથી ક્રમે કરીને અથવા અક્રમે કરીને પણ અર્થક્રિયા ઘટતી નથી.

આત્માના નિત્યત્વને નહીં સ્વીકારતા તથા બૌદ્ધોના ક્ષણિકવાદની દલીલોને પરાસ્ત કરતા શ્રીમદ્ ૬૨ થી ૭૦ સુધીના ૯ દોહરામાં આત્માનું નિત્યત્વ બતાવે છે. શ્રીમદ્ ૬૨મા દોહરામાં પ્રશ્ન કરે છે કે :–

"દેહ માત્ર સંયોગ છે, વળી, જડ, રૂપી, દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય?" ૬૨

દેહ તો મિશ્રણથી બનેલો છે, વળી તે જડ છે, દેખાય તેવો છે, અને બીજાને દેખાવાનો વિષય છે, તેથી તેમાં નાશ અને ઉત્પત્તિ જણાય છે; પણ ચેતનની એવી ઉત્પત્તિ કે લય કોઈના પણ જાણવામાં આવ્યાં છે ખરાં? તે જ આત્માનું તેનાથી જુદાપણું બતાવે છે. આ દોહરાને વિસ્તારથી સમજાવતાં શ્રીમદે એક પત્રમાં લખેલું કે :–

"દેહ છે તે જીવને માત્ર સંયોગ સંબંધે છે, પણ જીવનું મૂળ સ્વરૂપ ઉત્પન્ન થવાનું તે કંઈ કારણ નથી. અથવા દેહ છે તે માત્ર સંયોગથી ઉત્પન્ન થયેલો પદાર્થ છે. વળી તે જડ એટલે કોઈને જાણતો નથી.

પોતાને તે જાણતો નથી, તો બીજાને તે શું જાણે? વળી, દેહ રૂપી છે, સ્થૂળાદિ સ્વભાવવાળો છે અને ચક્ષુનો વિષય છે. એ પ્રકારે દેહનું સ્વરૂપ છે, તો તે ચેતનનાં ઉત્પત્તિ અને લયને શી રીતે જાણે? અર્થાત્ પોતાને તે જાણતો નથી તો 'મારાથી આ ચેતન ઉત્પન્ન થયું છે' તેમ શી રીતે જાણે? 'અને મારા છૂટી જવા પછી આ ચેતન છૂટી જશે અર્થાત્ નાશ પામશે' એમ જડ એવો દેહ શી રીતે જાણે? કેમ કે જાણનારો પદાર્થ તો જાણનાર જ રહે છે, દેહ જાણનાર થઈ શકતો નથી, તો પછી ચેતનનાં ઉત્પત્તિ-લયનો અનુભવ કોને વશ કહેવો?"

"દેહને વશ તો કહેવાય એવું છે જ નહિ, કેમ કે તે પ્રત્યક્ષ જડ છે, અને તેનું જડપણું જાણનારો એવો તેથી ભિન્ન બીજો પદાર્થ પણ સમજાય છે."

"જો કદી એમ કહીએ કે ચેતનનાં ઉત્પત્તિ-લય ચેતન જ જાણે છે તો તે વાત બોલતાં જ વિઘ્ન પામે છે, કેમ કે ચેતનનાં ઉત્પત્તિ-લય જાણનાર તરીકે ચેતનનો જ સ્વીકાર કરવો પડયો, એટલે એ વચન તો માત્ર અપસિદ્ધાંતરૂપ અને કહેવા માત્ર થયું, જેમ 'મારા મોઢામાં જીભ નથી' એવું વચન કોઈ કહે તેમ ચેતનનાં ઉત્પત્તિ-લય ચેતન જાણે છે, માટે ચેતન નિત્ય નથી, એમ કહીએ તેવું પ્રમાણ થયું." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૧)

આ દેહ એ ચેતનનાં ઉત્પત્તિ તથા લયનું કારણ નથી, વળી દેહના ઉત્પત્તિ તથા લયને જાણનાર જે છે તે દેહથી જુદો છે, હોવો જોઈએ, તે વિચારવાથી સમજાય એમ શ્રીમદે ૬૩મા દોહરામાં બતાવ્યું છે.

વળી, જે જે સંયોગો – મિશ્રણ દેખાય છે તે તે સર્વ અનુભવસ્વરૂપ આત્મા જાણે છે, અને તે સંયોગનું સ્વરૂપ વિચારતાં, કોઈ પણ સંયોગ એવો જણાતો

નથી કે જેથી આત્મા ઉત્પન્ન થાય. તેથી કોઈ સંયોગથી ઉત્પન્ન ન થયેલો એવો આત્મા નિત્ય છે. બીજી રીતે જોઈએ તો ચેતનમાંથી જડની ઉત્પત્તિ થતી હોય કે જડમાંથી ચેતનની ઉત્પત્તિ થતી હોય એવો અનુભવ ક્યારેય કોઈને પણ થયો હોય તેમ જણાયું નથી. તેથી શ્રીમદ્ કહે છે કે :–

"કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય." ૬૬

અહીં તર્કપૂર્ણ દલીલથી શ્રીમદ્ સમજાવે છે કે, જેની ઉત્પત્તિ કોઈ સંયોગથી થઈ ન હોય, તેનો નાશ પણ કોઈ દ્રવ્યમાં ન થાય, અર્થાત્ તેનું કોઈ દ્રવ્યમાં રૂપાંતર પણ નથી થતું, તેથી જણાય છે કે આત્મા એ નિત્ય એવો પદાર્થ છે. આ કથનની પુષ્ટિ અર્થે ઉદાહરણ આપ્યું છે કે :–

"ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય." ૬૭

સર્પમાં જેમ જન્મથી જ ક્રોધનું વિશેષપણું જોવામાં આવે છે, પારેવામાં જન્મથી જ નિર્હિંસકપણું જોવામાં આવે છે, માંકડ આદિમાં ભયસંજ્ઞા વિશેષ જોવામાં આવે છે, અન્યમાં અન્ય લક્ષણોની વિશેષતા જોવામાં આવે છે, એટલે કે સર્વ જીવમાં ક્રોધાદિનું તરતમપણું જોવામાં આવે છે, તેમ થવાનું કારણ પૂર્વજન્મના સંસ્કાર જ સંભવે છે. અને પૂર્વભવની સિદ્ધિથી આત્માની નિત્યતા સિદ્ધ થાય છે. (આ દોહરો શ્રીમદે વિસ્તારથી સમજાવ્યો છે; જુઓ "શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૨)

નિશ્ચયથી જોઈએ તો આમ આત્મા નિત્ય છે, છતાં બાહ્યથી જોતાં તેનું અનિત્યપણું જ જણાય છે તેના ખુલાસારૂપે શ્રીમદે લખ્યું છે કે :–

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય." ૬૮

આત્મા વસ્તુપણે નિત્ય છે, પણ જ્ઞાનાદિ પરિણામના પલટાવાથી તેના પર્યાયનું સમયે સમયે પલટાવાપણું થાય છે, જેમ કે બાલ અવસ્થામાં આત્મા બાળક જણાય છે, યુવાનીમાં તે યુવાન જણાય છે, વૃદ્ધાવસ્થામાં તે વૃદ્ધ જણાય છે. પણ તે ત્રણે અવસ્થામાં આત્મા ચેતનદ્રવ્યરૂપે તો એક જ છે, તે તેનું નિત્યત્વ છે. આમ નિશ્ચય અને વ્યવહારથી આત્માનાં નિત્યત્વ વિશેની દેખાતી ભિન્નતાને શ્રીમદે સ્યાદ્‌વાદશૈલીથી યથાર્થ સમજાવી છે. આ વિશે શ્રી યશોવિજયજીએ લખ્યું છે કે :–

नृनारकादिपर्यायै रप्युत्पन्न विनश्वरैः ।
भिन्नैर्जहाति नैकत्वमात्मद्रव्यं सदान्वयी ॥
("અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૨૩)

ઉત્પન્ન થતા અને નાશ પામતા એવા ભિન્ન ભિન્ન મનુષ્ય, નારકી વગેરે પર્યાયો વડે પણ નિરંતર અન્વયવાળું આત્મદ્રવ્ય એકપણાને છોડતું – તજતું નથી, એમ આ શ્લોકમાં જણાવ્યું છે.

ગુરુ શિષ્યને સમજાવે છે કે પ્રત્યેક ક્ષણની પરિસ્થિતિ જાણીને જે કહી શકે છે, તે પોતે ક્ષણિક નથી. કારણ કે જો પ્રત્યેક ક્ષણે આત્મા પલટાતો હોય તો તેને પૂર્વની ક્ષણનું કંઈ યાદ રહે નહિ, તે વિશે વિચાર કરી અનુભવપૂર્વક આત્માની નિત્યતાનો નિર્ધાર કરવાની ભલામણ ગુરુ શિષ્યને ૬૯મા દોહરામાં કરે છે. તે વિશે શ્રી કાનજીસ્વામી કહે છે કે :–

"અહીં તો ભાષા-વચનના ક્ષણે ક્ષણે થતા વ્યાપારને જાણનારો કેવળ ક્ષણિક નથી, નિત્ય છે, એમ બતાવ્યું છે." ("આત્મસિદ્ધિશાસ્ત્ર" પરનાં પ્રવચનો, પૃ. ૩૧૦)

આ અનુભવનો નિર્ધાર કેવો છે તેનો નિર્દેશ કરાયો છે કે :–

"ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ."   ૭૦

કોઇ પણ વસ્તુનો કોઈ પણ કાળે સંપૂર્ણ નાશ થતો નથી, તેથી જો ચેતન નાશ પામતું હોય તો તે કેમાં ભળે છે તેની શોધ કર. તે શોધતાં સમજાશે કે ચેતન કોઈમાં ભળતું નથી, તેમ તે નાશ પામતું નથી, માટે તે નિત્ય છે.

આમ જુદી જુદી ગળે ઊતરી જાય તેવી દલીલો દ્વારા શ્રીમદે આત્માનું નિત્યત્વ બતાવ્યું છે. અહીં વ્યક્ત કરેલી દલીલો અન્ય સ્વરૂપે શ્રીમદ્‌ના તથા બીજાના સાહિત્યમાં જોવા મળે છે, પણ અહીં એની વિશેષતા એ છે કે તે તર્કપૂર્ણ અને અનુભવમાંથી ઊતરીને વ્યવસ્થિત સ્વરૂપમાં ગોઠવાયેલી જોવા મળે છે. તેમણે તેમાં રજૂ કરેલી દલીલોમાં આત્માના નિત્યત્વ વિશેનો વિકાસ જોવા મળે છે. પંડિત સુખલાલજી આ દલીલો વિશે યોગ્ય જ લખે છે કે :–

> "દૃષ્ટિભેદે આત્મા ભિન્ન ભિન્ન અવસ્થાઓ ધારણ કરવા છતાં કેવી રીતે સ્થિર રહે છે અને પૂર્વજન્મના સંસ્કારો કઈ રીતે કામ કરે છે એ દર્શાવતાં એમણે સિદ્ધસેનના "સમ્મતિતર્ક"ની દલીલ પણ વાપરી છે કે બાલ્ય, યૌવન આદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓ છતાં માણસ તેમાં પોતાને સળંગ સૂત્રરૂપે જુએ છે. માત્ર ક્ષણિકતા દર્શાવવા તેમણે કહ્યું છે કે જ્ઞાન તો ભિન્ન ભિન્ન અને ક્ષણિક છે, પરંતુ એ બધાં જ જ્ઞાનોની ક્ષણિકતાનું જે ભાન કરે છે, તે પોતે ક્ષણિક હોય તો બધાં જ જ્ઞાનોમાં પોતાનું ઓતપ્રોતપણું કેમ જાણી શકે? તેમની આ દલીલ ગંભીર છે."
> ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૪)

આમ શ્રીમદે ગુરુમુખે આત્માનું નિત્યત્વ માનનાર જૈન આદિ દર્શનોના અભિપ્રાયને સિદ્ધ કર્યો છે, અને આત્માનું નિત્યત્વ ન સ્વીકારનાર એવા બૌદ્ધ આદિ દર્શનોના અભિપ્રાયને પરાસ્ત કર્યો છે.

## ત્રીજું પદ : આત્મા કર્તા છે

આત્માનું અસ્તિત્વ અને નિત્યત્વ શિષ્યને ગુરુ પાસેથી સમજાયું. તે પછીથી તે આત્માનાં ત્રીજા પદ વિશેની પોતાની શંકા રજૂ કરે છે. તેને લાગે છે કે આત્મા

એ કર્મનો કર્તા નથી, તેને કર્તા માનવાથી કેટલાક દોષ આવતા તેને જણાય છે. પોતાની માન્યતા શિષ્ય ત્રણ દોહરામાં મૂકે છે, અને તેનું સમાધાન ગુરુ તે પછીના ૫ દોહરામાં કરે છે. આમ આત્માના ત્રીજા પદ માટે ૭૧ થી ૭૮ સુધીના કુલ ૮ દોહરાઓ રચાયા છે.

આત્મા કર્તા નથી તે વિશે જુદા જુદા વિકલ્પો બતાવીને શિષ્ય જણાવે છે કે આત્મા એ કર્મનો કર્તા નથી. કર્મનો કર્તા કર્મ છે, અથવા કર્મ અનાયસે, સહજ સ્વભાવથી, થયા કરે છે. જો એમ ન હોય તો, એટલે કે કર્મનો કર્તા આત્મા છે એમ હોય તો, કર્મ કરવાં એ જીવનો ધર્મ છે, જેથી તેની કદી પણ નિવૃત્તિ ન થાય. આત્મા સદાય અસંગ છે, અને સત્ત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે. અથવા તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર કરે છે, તેથી ઈશ્વરેચ્છારૂપ કર્મ હોવાથી, જીવ કર્મથી અબંધ છે. આવા જુદા જુદા વિકલ્પો મૂક્યા પછી શિષ્ય પોતાની માન્યતાનો નિચોડ જણાવે છે કે :–

"માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય." ૭૩

ઉપર જણાવ્યા પ્રમાણે આત્મા કર્મનો કર્તા નથી, અને જો હોય તો તેનું કર્તાપણું કદી ન જાય તેવું છે, તેથી મોક્ષનો ઉપાય વિચારવો એ પણ નકામું છે. જો કદી કર્મથી મુક્તિ જ ન થવાની હોય તો તેનાથી છૂટવાનો ઉપાય શા માટે વિચારવો? અથવા જો કર્મનું બંધન જ ન હોય તો પછી છૂટવાના ઉપાયની શી આવશ્યક્તા છે?

આમ ત્રણ દોહરામાં શ્રીમદે સાંખ્યાદિ દર્શનો, જે આત્માને કર્મના કર્તા તરીકે માનતાં નથી, તેની દલીલો નામનિર્દેશ વિના મૂકી છે. તે સાથે વેદાંત, નૈયાયિક, વૈશેષિક, પાતંજલ વગેરે દર્શનો ઈશ્વરને કર્તા તરીકે માને છે, તેની દલીલો પણ તેમના નામનિર્દેશ વિના મૂકી છે. આમ સરળ ભાષામાં, જે જે દર્શનો આત્માને કર્મના કર્તા કર્તા તરીકે નથી માનતાં, તેમણે પોતાની માન્યતાના સમર્થન માટેની

કરેલી દલીલો, શ્રીમદે શિષ્યના મુખમાં શંકારૂપે રજૂ કરી છે. આત્મા કર્તા નથી એવો વેદાંતનો મત રજૂ કરતો “અધ્યાત્મસાર”માં શ્લોક છે કે :–

“न कर्ता नापि भोक्ताऽत्मा कपिलानां नु दर्शने ।
झन्यधर्माश्रयो नायं प्रकृतिः परिणामिनी ॥”
(“અધ્યાત્મસાર”, સમકિત અધિકાર, શ્લોક ૧૦૩)

કપિલના દર્શનમાં તો આત્મા કર્તા તેમ જ ભોક્તા નથી. વળી, આ આત્માને માયાના ધર્મનો આશ્રય પણ નથી. પણ જે તેનો આશ્રય છે, તે પરિણામવાળી પ્રકૃતિ – માયા છે. આ બધાં દર્શનોએ કરેલી આત્માને અકર્તા ઠરાવવા વિશેની દલીલોનું નિરસન શ્રીમદ્ સદ્ગુરુ મુખે કરે છે. તેમાં પણ ક્યાંયે કોઈ દર્શનના નામનો ઉલ્લેખ નથી. છતાં તેમાં તે બધાંનું ખંડન અને જૈનધર્મની માન્યતાનું મંડન સરળ ભાષામાં સમાવેશ પામે છે, તે જ તેની ખૂબી છે.

શિષ્યે રજૂ કરેલા પ્રત્યેક વિકલ્પને એક પછી એક લઈ, ગુરુ, તે સર્વનું સમાધાન ૭૪ થી ૭૮ સુધીની ૫ ગાથામાં કરે છે. જેમ માત્ર ત્રણ ગાથામાં તેમણે શિષ્યના બધા વિકલ્પો સમાવી દીધા છે, તેમ તે બધાનું સમાધાન કરવામાં તેમણે માત્ર ૫ ગાથા જ રચી છે, અને છતાં તેમાં ક્યાંયે કિલષ્ટતા નથી. ગુરુ પ્રશ્ન કરે છે કે :–

“હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડ સ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી મર્મ.” ૭૪

“કર્મનો કર્તા આત્મા નહિ પણ કર્મ પોતે જ છે” એનું સમાધાન આ ગાથામાં અપાયું છે. ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ; તે ન હોય તો કર્મને કોણ ગ્રહણ કરે? પ્રેરણા આપવાનો સ્વભાવ જડમાં નથી. તે જડ અને ચેતન બંનેના મર્મ વિચારતાં સમજાશે. એટલે કે કર્મ કરવાની પ્રેરણા આપનાર ચેતન છે, માટે

તે કર્મનો કર્તા છે, કેટલીક જગ્યાએ આ ગાથામાં "મર્મ"ને બદલે "ધર્મ" શબ્દ પાઠાંતરરૂપે મળે છે.

હવે જો ચેતન કર્મ ન કરે તો કર્મ થતાં જ નથી. તેથી સહજ સ્વભાવથી કર્મ થાય છે એમ કહેવું પણ ઘટતું નથી. વળી, તે કારણે જ તેને જીવનો ધર્મ કહી શકાય નહિ, કારણ કે સ્વભાવનો નાશ થાય નહિ, અને આત્મા ન કરે તો કર્મ ન થાય એમ સત્ય વસ્તુ હોવાથી, કર્મ કરવાનો ભાવ ટળી શકે છે તે જણાય છે. તેથી કર્મનું ન થવાપણું હોવાથી, તે આત્માનો સ્વાભાવિક ધર્મ પણ કહી શકાય નહિ. આમ ૭૫મા દોહરામાં ૭૧મા દોહરાના "અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ" એ બે વિકલ્પનું સમાધાન આવી જાય છે.

તે પછી ગુરુ અસંગતાની વાત પર આવે છે. આત્મા જો પહેલેથી અસંગ જ હોત, તેને કર્મનું કરવાપણું ન હોત, તો આત્મા તેને પ્રથમથી જ કેમ ન ભાસત? આત્મા અસંગ છે તે વાત સાચી છે, પણ તે અસંગતા પરમાર્થથી છે, નિશ્ચયનયથી એટલે કે તેના શુદ્ધ સ્વરૂપમાં આત્મા અસંગ છે, અને નહિ કે જ્યારે તે કર્મથી લેપાયેલો હોય ત્યારે પણ અસંગ હોય છે. સ્વરૂપનું ભાન આવ્યા પછી અસંગતા આવે છે. આ અસંગતા સમજાવવા શ્રીમદે ૭૬મો દોહરો રચ્યો છે. અને તે પછી ઈશ્વરના કર્તૃત્વની માન્યતાનું અયથાર્થપણું બતાવતાં લખ્યું છે કેઃ–

"કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;  
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ." ૭૭

ઈશ્વર તો શુદ્ધ સ્વભાવી હોવાથી કર્તા ઠરી શકતો નથી, અને છતાં જો તેને કર્તા ઠરાવવામાં આવે તો કેટલાક દોષ આવી જાય છે, એમ અહીં જણાવ્યું છે. તે દોષ કઈ રીતે આવે છે, તે વિશે લખેલા એક લાંબા પત્રમાં તેમણે લખ્યું છે કે :–

"ત્રીજો પ્રકાર ઈશ્વરાદિ કોઈ કર્મ વળગાડી દે તેથી અનાયાસ કર્મનું ગ્રહણ થાય છે એમ કહીએ તો તે ઘટતું નથી. પ્રથમ તો ઈશ્વરનું

સ્વરૂપ નિર્ધારવું ઘટે છે, અને એ પ્રસંગ પણ વિશેષ સમજવા યોગ્ય છે; તથાપિ અમે ઈશ્વર કે વિષ્ણુ આદિ, કર્તાનો કોઈ રીતે સ્વીકાર કરી લઈએ છીએ, અને તે પર વિચાર કરીએ છીએ :–

જો ઈશ્વરાદિ કર્મના વળગાડનાર હોય તો તો જીવ નામનો વચ્ચે કોઈ પદાર્થ રહ્યો નહિ, કેમ કે પ્રેરણાદિ ધર્મે કરીને તેનું અસ્તિત્વ સમજાતું હતું, તે પ્રેરણાદિ તો ઈશ્વરકૃત ઠર્યા, અથવા ઈશ્વરના ગુણ ઠર્યા; તો પછી બાકી જીવનું સ્વરૂપ શું રહ્યું કે તેને જીવ એટલે આત્મા કહીએ? એટલે કર્મ ઈશ્વરપ્રેરિત નહિ, પણ આત્માનાં પોતાનાં જ કરેલાં હોવા યોગ્ય છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૫)

આમ શિષ્યે કરેલી સર્વ શંકાઓનું સમાધાન કર્યા પછી ગુરુ કર્મનું કર્તાપણું સ્યાદ્વાદશૈલીથી સમજાવે છે કે :–

"ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ." ૭૮

આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્ય આદિ સ્વભાવમાં વર્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્તા છે; અને તે પોતાના સ્વભાવમાં ન વર્તતાં વિભાવમાં વર્તતો હોય ત્યારે તે કર્મભાવનો કર્તા છે, આ સમજાવતાં શ્રીમદે એક પત્રમાં લખ્યું છે કે :–

"પરમાર્થે તો જીવ અક્રિય છે, એમ વેદાંતાદિનું નિરૂપણ છે, અને જિન પ્રવચનમાં પણ સિદ્ધ એટલે શુદ્ધાત્માનું અક્રિયપણું છે, એમ નિરૂપણ કર્યું છે; છતાં અમે આત્માને શુદ્ધાવસ્થામાં કર્તા હોવાથી સક્રિય કહ્યો એવો સંદેહ અત્રે થવા યોગ્ય છે. તે સંદેહ આ પ્રકારે શમાવવો યોગ્ય છે :– શુદ્ધાત્મા પરયોગનો, પરભાવનો અને વિભાવનો ત્યાં કર્તા નથી, માટે અક્રિય કહેવા યોગ્ય છે; પણ ચૈતન્યાદિ સ્વભાવનો પણ આત્મા કર્તા નથી એમ જો કહીએ તો તો પછી તેનું કંઈ પણ સ્વરૂપ ન રહે. શુદ્ધાત્માને યોગક્રિયા નહિ હોવાથી તે અક્રિય છે.

પણ સ્વાભાવિક ચૈતન્યાદિ સ્વભાવરૂપ ક્રિયા હોવાથી તે સક્રિય છે. ચૈતન્યાત્મપણું આત્માને સ્વાભાવિક હોવાથી તેમાં આત્માનું પરિણમવું તે એકાત્મપણે જ છે, અને તેથી પરમાર્થનયથી સક્રિય એવું વિશેષણ ત્યાં પણ આત્માને આપી શકાય નહિ. નિજસ્વભાવમાં પરિણમવારૂપ સક્રિયતાથી નિજ સ્વભાવનું કર્તાપણું શુદ્ધાત્માને છે, તેથી કેવળ શુદ્ધ સ્વધર્મ હોવાથી એકાત્મપણે પરિણમે છે; તેથી અક્રિય કહેતાં પણ દોષ નથી. જે વિચારે સક્રિયતા, અક્રિયતા નિરૂપણ કરી છે, તે વિચારના પરમાર્થને ગ્રહીને સક્રિયતા, અક્રિયતા કહેતાં કશો દોષ નથી." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૭)

કર્મનાં કર્તૃત્વ-ભોક્તૃત્વ વિશે શ્રી યશોવિજયજી લખે છે કે :–

"तश्चिदानन्दभावस्य भोक्ताऽऽत्मा शुद्धनिश्चयात् ।
अशुद्धनिश्चयात्कर्मकृतयोः सुखदुःखयोः ॥"
("અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૭૯, પૃ. ૩૧૨)

તેથી કરીને શુદ્ધ નિશ્ચયનયના મતથી આત્મા ચિદાનંદ સ્વભાવનો ભોક્તા છે, અને અશુદ્ધ નિશ્ચયનયના મતથી કર્મે કરેલાં સુખદુઃખનો ભોક્તા છે. અહીં જેમ આત્માનું ભોક્તાપણું શુદ્ધ અને અશુદ્ધ નિશ્ચયનયથી બતાવ્યું છે, તેમ શ્રીમદે કર્મનું કર્તાપણું શુદ્ધ અને અશુદ્ધ નિશ્ચયનયથી ૭૮મા દોહરામાં બતાવ્યું છે.

આમ શ્રીમદે જૈન દર્શનની સ્યાદ્વાદશૈલીનું મંડન કરી, અન્ય દર્શનોનું ખંડન કોઈ પણ આગ્રહ વિના કરી બતાવ્યું છે. તે વિશે પંડિત સુખલાલજી યોગ્ય લખે છે કે :–

"નિરીશ્વર કે સેશ્વર સાંખ્ય જેવી પરંપરાઓ ચેતનમાં વાસ્તવિક બંધ નથી માનતી. તેઓ ચેતનને વાસ્તવિક રીતે અસંગ માની તેમાં કર્મકર્તૃપણું કાં તો પ્રકૃતિપ્રેરિત કે ઈશ્વરપ્રેરિત આરોપથી માને છે. એ માન્યતા સાચી હોય તો મોક્ષનો ઉપાય પણ નકામો ઠરે. તેથી શ્રીમદ્ આ આત્માનું

કર્મકર્તૃપણું અપેક્ષાભેદે વાસ્તવિક છે એમ દર્શાવે છે. રાગદ્વેષાદિ પરિણતિ વખતે આત્મા કર્મનો કર્તા છે અને શુદ્ધ સ્વરૂપમાં વર્તે ત્યારે કર્મનો કર્તા નથી, ઊલટું એને સ્વરૂપનો કર્તા કહી શકાય – એ જૈન માન્યતા સ્થાપે છે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૫)

## ચોથું પદ : આત્મા ભોક્તા છે

પોતે કરેલાં કર્મનો ભોક્તા આત્મા છે એ જણાવતું આત્માનું આ ચોથું પદ છે. શિષ્યને આત્મા ભોક્તા છે, તે યોગ્ય લાગતું નથી. તેથી આત્માનું ભોક્તાપણું ન હોવાને વિશે તે પોતાની દલીલો ગુરુ સમક્ષ ત્રણ દોહરામાં રજૂ કરે છે. અને ગુરુ પાંચ દોહરામાં તેનું સમાધાન કરે છે. આમ આત્મા વિશેનાં ચોથા પદમાં કુલ આઠ દોહરા છે. શિષ્ય શંકા કરે છે કે, જીવને કર્મનો કર્તા કહીએ તોપણ ભોક્તા કહી શકાય તેમ નથી, કારણ કે જડ તેવાં કર્મ શું સમજે કે તે ફળ દેવા પરિણામી થાય? બીજી બાજુ ઈશ્વરને ફળદાતા ગણીએ તો ભોક્તાપણું સાધી શકાય, પણ એમ કહેવાથી તો ઈશ્વરનું ઈશ્વરપણું જ લુપ્ત થાય તેમ છે. આમ ફળદાતા ઈશ્વર સિદ્ધ થતો નથી, એટલે જગતનો કોઈ નિયમ પણ ન રહે. અને એ જોતાં શુભ કે અશુભ કર્મ ભોગવવાનાં કોઈ સ્થાનક પણ ઠરે નહિ, આમ હોવાથી જીવને કર્મનું ભોક્તૃત્વ ક્યાં રહ્યું?

અહીં ૭૯ થી ૮૧ સુધીના ૩ દોહરામાં શ્રીમદે શિષ્ય દ્વારા સાંખ્યાદિ મત આત્માને અકર્તા અભોક્તા માને છે, તેનું નિરૂપણ શંકારૂપે રજૂ કર્યું છે. આ મતની શ્રીમદે અસિદ્ધિ કરી છે. ૮૨ થી ૮૬ સુધીના પાંચ દોહરા શ્રીમદે આત્માનું ભોક્તૃત્વ બતાવવા રચ્યા છે. અને એ દ્વારા કર્મજાળનાં કેટલાંક પાસાં તેમણે ખુલ્લાં કર્યા છે. તેઓ લખે છે :–

"ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફૂરણા, ગ્રહણ કરે જડધૂપ." ૮૨

આ દોહરો સમજાવતાં શ્રીમદે એક પત્રમાં લખ્યું છે કે :–

"જીવ પોતાના સ્વરૂપના અજ્ઞાનથી કર્મનો કર્તા છે. તે અજ્ઞાન તે ચેતનરૂપ છે, અર્થાત્ જીવની પોતાની કલ્પના છે, અને તે કલ્પનાને અનુસરીને તેના વીર્યસ્વભાવની સ્ફૂર્તિ થાય છે, અથવા તેનું સામર્થ્ય તદનુયાયીપણે પરિણમે છે, અને તેથી જડની ધૂપ એટલે દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલની વર્ગણાને ગ્રહણ કરે છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૮)

અને આ સમજાવવા માટે તેમણે એક ઉદાહરણ આપેલું છે કે:–

"ઝેર સુધા સમજે નહિ, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય." ૮૩

ઝેર અને અમૃત પોતે એમ સમજતાં નથી કે અમને ખાનારને મૃત્યુ કે દીર્ઘાયુષ મળે છે, છતાં પણ તેને ગ્રહણ કરનારને તેનું ફળ થયા વિના રહેતું નથી, તેમ અશુભ અને શુભ કર્મ પણ પરિણમે છે, ફળ પ્રાપ્ત થાય છે. અને એમ જીવનું ભોક્તાપણું સમજાય છે. આમ અહીં સુપરિચિત ઉદાહરણથી શ્રીમદે સમજાવ્યું છે કે, બદ્ધ કર્મ પણ યોગ્ય કાળે સ્વયમેવ વિપાક આપે છે. અને આ કર્મના વિપાકરૂપે જ જીવને રાંક અથવા નૃપની સ્થિતિ મળે છે. તે સ્પષ્ટ કરતાં તેમણે લખ્યું છે કે :–

"એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભાશુભ વેદ." ૮૪

આ વિશે શ્રી યશોવિજયજીએ પણ શ્લોક રચ્યો છે કે :–

"राजरंकादि वैचित्र्यमप्यात्मकृत कर्मजम् ।
सुखदुःखादिसंवित्तिविशेषो नान्यथा भवेत् ॥"
("અધ્યાત્મસાર", સમકિતઅધિકાર, શ્લોક ૮૧, પૃ. ૨૧૪)

અહીં શ્રી યશોવિજયજીના જણાવ્યા પ્રમાણે, રાજા, રંક વગેરેની વિચિત્રતા પણ આત્માએ કરેલા કર્મથી ઉત્પન્ન થયેલી છે. નહીં તો સુખદુઃખાદિનું વિશિષ્ટ જ્ઞાન થઈ શકે નહિ. અને આ જ વસ્તુ શ્રીમદે પોતાની વિશિષ્ટ શૈલીમાં, ઉપરના દોહરામાં રજૂ કરેલી જોવા મળે છે.

જગતમાં દેખાતી ભિન્ન ભિન્ન પરિસ્થિતિ તે કર્મની વિચિત્રતા છે, તે શ્રીમદે "મોક્ષમાળા"ના ત્રીજા પાઠ "કર્મના ચમત્કાર"માં બતાવ્યું છે, તે આત્માનું ભોક્તાપણું બતાવે છે. એ જ વસ્તુ શ્રીમદે ખૂબ જ સંક્ષેપમાં ઉપરના દોહરામાં બતાવી છે. તેથી જ શ્રીમદ્ કહે છે કે :–

"ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર." ૮૫

કર્મનું ભોક્તાપણું જાણવામાં ઈશ્વરને વચ્ચે લાવવાની કશી જ જરૂર નથી, તે શ્રીમદે અહીં ગુરુના મુખે, ખૂબ જ સ્પષ્ટતાથી બતાવ્યું છે. અને કર્મશાસ્ત્રની સર્વ ગહનતા તેમણે ખૂબ સંક્ષેપમાં જણાવી છે, તે જણાવતો દોહરો રચ્યો છે કે :–

"તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ." ૮૬

આ ગહનતા કેવી છે તે જણાવતાં શ્રીમદે લખ્યું છે કે :–

"આ વાત ઘણી ગહન છે. કેમ કે અચિંત્ય એવું જીવવીર્ય, અચિંત્ય એવું પુદ્ગલસામર્થ્ય, એના સંયોગવિશેષથી લોકમાં પરિણમે છે. તેનો વિચાર કરવા માટે ઘણો વિસ્તાર કહેવો જોઈએ. પણ અત્રે તો મુખ્ય કરીને આત્મા કર્મનો ભોક્તા છે એટલો લક્ષ કરાવવાનો હોવાથી સાવ સંક્ષેપે આ પ્રસંગ કહ્યો છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૪૯)

આ જોતાં ખ્યાલ આવી શકશે કે મોક્ષમાર્ગ બતાવવા જેવા મોટા વિષયને, જેને માટે અસંખ્ય શાસ્ત્રો રચાયાં છે, તેને અતિ સંક્ષેપેમાં, માત્ર ૧૪૨ જેટલા જ દોહરામાં શ્રીમદે સર્વને સમજાય તેવી સરળ ભાષામાં રજૂ કરેલ છે. શ્રી બ્રહ્મચારીજીના શબ્દોમાં કહીએ તો અહીં શ્રીમદે :–

> "સમયસાર આદિ ગ્રંથોમાં નય આદિના આધારે જે વિસ્તારથી વિવેચન કર્યું છે તેના સારરૂપ અને જીવ ભ્રમમાં ન પડે તેમ ટૂંકામાં જીવના કર્તા, અકર્તા આદિ સ્વભાવનું વિશદ નિરૂપણ કર્યું છે."
> ("શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૪૩)

## પાંચમું પદ : મોક્ષ છે

નિત્ય એવો આત્મા કર્મ બાંધે છે અને તે ભોગવે છે. પણ આત્મા તે કર્મના બંધનથી સર્વથા છૂટીને મોક્ષપદ પામી શકે છે તે શિષ્યથી માની શકાતું નથી. તેથી તે પોતાની માન્યતાના સમર્થનમાં, બે દોહરામાં, જણાવે છે કે :–

જીવ અનંત કાળથી કર્મ ભોગવતો આવ્યો છે, પણ તેનો હજી સુધી મોક્ષ થયો નથી, તેથી લાગે છે કે મોક્ષ જ નથી. વળી શુભ કર્મ કરવાથી દેવ આદિ ગતિ પ્રાપ્ત થાય છે, અને અશુભ કર્મ કરવાથી નરકાદિ ગતિ મળે છે, તે બધામાં ક્યાંયે કર્મરહિત દશા જણાતી નથી, માટે મોક્ષ નથી.

અમોક્ષવાદની આ દલીલ વિશે "અધ્યાત્મસાર"માં શ્રી યશોવિજયજીએ શ્લોક રચ્યો છે કે :–

> "अनादिर्यदि सम्बन्धः इण्यते जीवकर्मणोः ।
> तदानन्त्यान्न मोक्षः स्यात् तदात्माकाशयोगवत् ॥"
> ("અધ્યાત્મસાર", સમકિત અધિકાર, શ્લોક ૧૨૨, પૃ. ૨૩૬)

જો તમે જીવ અને કર્મનો સંબંધ અનાદિ કહેશો તો આત્મા અને આકાશના સંબંધની જેમ તે જીવ-કર્મનો સંબંધ અનંત થશે, એટલે તેથી પણ મોક્ષ સાબિત થશે નહિ. આમ અહીં કર્મ તથા જીવનો સંબંધ છૂટી શકે નહિ, તેમ બતાવ્યું છે.

અમોક્ષવાદીઓની આ દલીલનું ખંડન શ્રીમદ્ ગુરુમુખે ૮૯ થી ૯૧ સુધીના ત્રણ દોહરામાં કરે છે. તેમાં ગુરુ શિષ્યને સમજાવે છે કે શુભ અને અશુભ કર્મનાં ફળને તેં જેમ જાણ્યાં, તેમ તે બંનેની નિવૃત્તિ પણ થાય, અને તે જ મોક્ષ છે. તે વિશેષપણે સમજાવતાં કહ્યું છે કે :–

"વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ." ૯૦

અત્યાર સુધી જે કાળ વીત્યો છે તે શુભ કે અશુભ કર્મના ફળરૂપે છે, પણ તે કર્મોનો નાશ થાય ત્યારે "મોક્ષ સ્વભાવ" પ્રગટે છે. એટલે કે દેહાદિ સંયોગને ફરીથી ગ્રહણ કરવા ન પડે તે રીતે તેનો નાશ કરવામાં આવે ત્યારે સિદ્ધસ્વરૂપ પ્રગટે છે, અને આત્માનંદ ભોગવાય છે. પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો અહીં :–

"મોક્ષનું અસ્તિત્વ સિદ્ધ કરવા તેઓ ટૂંકી ટચ પણ સમર્થ, એક દલીલ એ આપે છે કે જો શુભાશુભ પ્રવૃત્તિનું ફળ કર્મ હોય તો એવી પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ એ શું નિષ્ફળ? નિવૃત્તિ તો પ્રયત્નથી સધાય છે, એટલે તેનું ફળ પ્રવૃત્તિના ફળથી સાવ જુદું જ સંભવે. તે ફળ એ જ મોક્ષ." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૫)

જુદાં જુદાં શાસ્ત્રોએ અમોક્ષવાદનું નિરસન કરતી કેટલીયે દલીલો રજૂ કરી છે, પણ અહીં શ્રીમદે ટૂંકી ટચ તથા સમર્થ દલીલ, હૃદયસોંસરી ઊતરી જાય તેવી ભાષામાં આપી છે, તેવું બીજે ભાગ્યે જ જોવા મળે છે. પરિણામે શિષ્યને મોક્ષપદ વિશે પણ શ્રદ્ધા થાય છે.

# છઠ્ઠું પદ : મોક્ષનો ઉપાય છે

પાંચ પદની શ્રદ્ધા થયા પછી શિષ્યને છઠ્ઠું પદ સમજવાની તાલાવેલી લાગે છે, તેથી આ પદ સમજવામાં તેને નડતી મુશ્કેલીઓ તે ગુરુ સમક્ષ રજૂ કરે છે. તેમાં તે વર્તમાન જીવનમાં પ્રવર્તતી પરિસ્થિતિનો ઉલ્લેખ કરી પોતાને આ પદની શ્રદ્ધા થવામાં કેવા કેવા અંતરાય નડે છે તેનો ચિતાર તેણે ગુરુ પાસે રજૂ કર્યો છે, અને વિનયભાવે માર્ગદર્શન માગ્યું છે. શિષ્ય અનંતકાળનાં ભેગાં કરેલાં કર્મોથી કઈ રીતે છૂટાય તે વિશે પ્રશ્ન કરતાં કહે છે કે :–

"હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય?" ૯૨

અને તે પછી જગતમાં પ્રવર્તતા જુદા જુદા મતમાં ક્યો મત સાચો તે જ ન સમજાતાં, તે વિશે પોતાને નડતી મુશ્કેલી વિશે શિષ્ય માર્ગદર્શન માગે છે કે :–

"અથવા મતદર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો ક્યો, બને ન એહ વિવેક." ૯૩

"કઈ જાતિમાં મોક્ષ છે, ક્યા વેશમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ." ૯૪

આમ મોક્ષ કઈ રીતે થાય તેનો ઉપાય જાણવામાં શિષ્યને ઘણી મુશ્કેલી લાગે છે, તેથી ગુરુને જણાવે છે કે આ બધું જોતાં મોક્ષનો ઉપાય મળે નહિ તેવું લાગે છે. અને તેથી તે કૃપા કરીને સમજાવવા તે ગુરુને વીનવતાં કહે છે કે :–

"પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય." ૯૬

શિષ્યને મોક્ષનો ઉપાય જાણવાની કેટલી તાલાવેલી છે તે આ દોહરામાં જોઈ શકાય છે. ગુરુએ આપેલા પાંચે ઉત્તરથી તે વિશેનું સર્વાંગપૂર્ણ સમાધાન

શિષ્યને થયું છે. અને છઠ્ઠા પદ વિશે જાણવાની તેની તાલાવેલી વધી ગઈ છે. આથી શિષ્ય પોતાને થતી શંકા ૯૨ થી ૯૬ સુધીના ૫ દોહરામાં રજૂ કરે છે.

આત્મા વિશે જુદાં જુદાં દર્શનો જિનથી જુદો અભિપ્રાય દર્શાવે છે. તેથી મોક્ષના ઉપાય વિશે પણ એમનો મત જુદો હોય તે સ્વભાવિક છે. આ બધાં દર્શનો તથા મતના ગૂંચવાડા કેવા થાય છે તે શિષ્યની શંકા દ્વારા શ્રીમદે બતાવ્યું છે. અને તે બધામાં સાચું શું, તે ગુરુએ કરેલા સમાધાનરૂપે શ્રીમદે જણાવ્યું છે. મોક્ષનો ઉપાય સમજાવવા માટે સૌથી વધુ જગ્યા "આત્મસિદ્ધિ"માં રોકાઈ છે. તે માટે ૨૨ દોહરા રચાયા છે.

શ્રીમદે રચેલા "મૂળમાર્ગ રહસ્ય", "પંથ પરમપદ બોધ્યો" આદિનો નિચોડ અહીં જોવામાં આવે છે. અને સર્વ દર્શનોના સારરૂપ મોક્ષમાર્ગ નિષ્પક્ષ રીતે શ્રીમદે અહીં સમજાવ્યો છે. મોક્ષમાર્ગ બતાવતાં પહેલાં ગુરુ શિષ્યને હૈયાધારણ આપે છે કે :–

"પાંચે ઉત્તરની થઈ, આત્મા વિશે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત." ૯૭

અહીં ગુરુ શિષ્યને કહે છે કે જેમ પાંચ ઉત્તરથી તને આત્મા વિશેની પ્રતીતિ આવી તેમ સહજ માત્રમાં મોક્ષ-ઉપાયની પણ પ્રતીતિ થશે.

શ્રીમદ્ – "અહીં સહજ શબ્દના પ્રયોગથી એમ સૂચવે છે કે જેને આત્માના પાંચ પદની યથાર્થ નિશ્ચયતા આવી છે તેને છઠ્ઠા પદની પ્રતીતિ થવી સુલભ છે." (ભોગીલાલ ગિ. શેઠ., "આત્મસિદ્ધિ", પૃ. ૨૬૪)

શિષ્ય જેવી જિજ્ઞાસુ કોઈ પણ વ્યક્તિને પાંચ પદની શ્રદ્ધા થયા પછી, છઠ્ઠા પદની શ્રદ્ધા થવી સુલભ છે, તેમ જણાવી ગુરુ મોક્ષમાર્ગનું નિરૂપણ કરે છે. તેની ભૂમિકારૂપે તેઓ જણાવે છે કે :–

૧. કર્મના ઉદયથી થતી અવસ્થાને પોતાની જાણવી તે કર્મભાવ છે, ને તે કર્મભાવ જીવનું અજ્ઞાન છે. પોતાના સ્વભાવમાં રહેવારૂપ મોક્ષભાવ તે આત્માનું સાચું રહેઠાણ છે. આથી જ્ઞાનરૂપી પ્રકાશથી અજ્ઞાનરૂપી અંધકાર સત્વર નાશ પામે છે.

૨. જે જે માર્ગે જવાથી કર્મબંધ થાય તે સંસારભ્રમણનો રસ્તો છે, અને તેનાથી જેનું છેદન થાય તે મોક્ષનો પંથ છે, એટલે કર્મમુક્તિ કરવી તે સાચો માર્ગ છે. આ કર્મબંધ થવાનાં મુખ્ય કારણ ક્યાં તે જણાવતો દોહરો છે કે :–

"રાગદ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ." ૧૦૦

જીવને કર્મબંધ થવાનાં મુખ્ય કારણો રાગ, દ્વેષ અને અજ્ઞાન છે. તે ત્રણેનો નાશ કરવો તે જ મોક્ષનો પંથ છે. અહીં સંક્ષેપમાં આખો મોક્ષમાર્ગ બતાવ્યો છે. તે પછી રાગદ્વેષ આદિથી કલેશિત આત્માનું સાચું સ્વરૂપ કેવું છે, તે વિશે લખ્યું છે કે :–

"આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામીએ, મોક્ષપંથ તે રીત." ૧૦૧

આત્માનાં અસ્તિત્વના વિચાર વખતે તેનાં આ લક્ષણો શ્રીમદે બતાવ્યાં હતા. અને તે લક્ષણોવાળો શુદ્ધ આત્મા જે રીતે પમાય તે મોક્ષનો પંથ છે એમ શ્રીમદે અહીં બતાવ્યું છે. આમ કર્મથી છૂટવું તે જ મોક્ષપંથ છે તે શ્રીમદે ગુરુમુખે જુદી જુદી રીતે બતાવ્યું છે. તે પછીના પગથિયા રૂપે શ્રીમદ્ કર્મથી છૂટવાનો રસ્તો બતાવે છે. અને તે સમજાવવા કર્મનું સ્વરૂપ પ્રત્યક્ષ કરાવે છે. અનંત પ્રકારનાં કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર – એ ૮ પ્રકારનાં કર્મ મુખ્ય છે. તે ૮માં પણ મોહનીય

મુખ્ય છે. તેનો નાશ થતાં બીજાનો સહેલાઈથી નાશ કરી શકાય છે, તેનો નાશ કઈ રીતે કરી શકાય તે વિશે તેમણે લખ્યું છે કે :–

"કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ." ૧૦૩

મોહનીય કર્મના બે ભેદ છેઃ દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શનમોહ આત્માનું સાચું સ્વરૂપ જાણવા નથી દેતો, અને ચારિત્રમોહ આત્માનું સાચું સ્વરૂપ પ્રગટવા નથી દેતો. આ બંનેનો નાશ કરવા માટે બોધ એટલે કે સદ્ગુરુનો ઉપદેશ, અને વીતરાગતા એટલે કે ઉચ્ચ પ્રકારનો સમભાવ, એ બે સૌથી પ્રબળ સાધનો છે. મોહનીયના નાશ માટે આ બંને સાધનો કેટલાં અગત્યનાં છે તેનું નિરૂપણ શ્રીમદ્ રચિત "અપૂર્વ અવસર" કાવ્યમાં જોવા મળે છે. શ્રીમદ્ જણાવેલા માર્ગના સમર્થનમાં કહે છે કે :–

"કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ?" ૧૦૪

ક્રોધાદિ કષાય કરવાથી કર્મનો બંધ થાય છે અને ક્ષમાદિ એવા અકષાયી ભાવ રાખવાથી કર્મનો નાશ થાય છે તેવો અનુભવ તો સર્વને થાય છે. તો પછી તે બાબતમાં સંદેહ શા માટે કરવો જોઈએ? એટલે કે ગમે તે સંજોગોમાં ક્ષમાદિ અકષાયી ભાવ રાખવાથી મોહનીય કર્મનો નાશ થાય છે. અને મોહનીયનો જે રસ્તે નાશ થાય તે જ મોક્ષપંથ છે. તેથી તો શ્રદ્ધાપૂર્વક ગુરુ કહે છે કે :–

"છોડી મતદર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે,જન્મ તેહના અલ્પ." ૧૦૫

શિષ્યે ગુરુને પ્રશ્ન કર્યો હતો કે જગતમાં ઘણાં દર્શન અને મત પ્રવર્તે છે, તેમાં ક્યા માર્ગે જવાથી મોક્ષમાર્ગ મળે? તેના ઉત્તરરૂપે આ દોહરો રચાયો છે. કોઈ પણ મત કે દર્શનને એકાંતે આરાધવાથી કલ્યાણ થતું નથી, પણ તે બધાંનો મતાગ્રહ

છોડી કર્મનાશ કરવાનો ઉપાય અહીં કલ્યાણ માટે બતાવ્યો છે. તેનું આરાધન કરવાથી મોક્ષમાર્ગ મળે છે. અને તે પછી ૧૦૬ ઠ્ઠા દોહરામાં વિશેષમાં બતાવ્યું છે કે આ છયે પદની સાચી શ્રદ્ધા થવી તે જ મોક્ષમાર્ગ છે. તે શ્રદ્ધા પ્રગટે ત્યારે એવા ભાવ પ્રવર્તે કે જ્ઞાનીઓએ જે કંઈ કહ્યું છે તે સત્ય છે. આમ સદ્‌ગુરુમાં શ્રદ્ધા થવી તે પણ મોક્ષમાર્ગ છે. તેમાં છયે પદની સર્વાંગી શ્રદ્ધા થવી જરૂરી છે, કારણ કે કોઈ પણ પદ એકાંતે ઉત્થાપતાં મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. કઈ જાતિ, વેશ આદિમાં મોક્ષ થાય છે, તેવા શિષ્યના પ્રશ્નના ઉત્તરમાં ગુરુ જણાવે છે કે :–

"જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય." ૧૦૭

મુક્તિ મેળવવા માટે જાતિ, વેશ આદિ કોઈની જરૂર નથી; તે બધાં તો કર્મથી પ્રાપ્ત થયેલાં બાહ્ય સાધનો છે. પણ આગળ જણાવેલ છે તેવા ભાવ વર્તે, તે માર્ગે જીવ વર્તે તો તેને મુક્તિ મળે. તે માટે તેણે જાતિ, વેશ આદિનો આગ્રહ છોડવાનો છે, છ પદની સર્વાંગી શ્રદ્ધા કરવાની છે, મોહનીય કર્મ તથા અન્ય કર્મનો નાશ કરવાનો છે, આ બધું જે માર્ગે થાય તે જ મોક્ષમાર્ગ.

આ મોક્ષમાર્ગ કોને મળે તે બતાવતાં તેમણે જિજ્ઞાસુનાં લક્ષણો બતાવ્યાં છે કે :–

"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ." ૧૦૮

આત્માર્થી જીવનાં લક્ષણો એ જ જિજ્ઞાસુ જીવનાં લક્ષણો છે, તે અહીં જણાય છે. આ સર્વ લક્ષણો સમકિતિ જીવનાં છે. મોક્ષમાર્ગ પામવા માટે સમ્યગ્દર્શન એ સૌથી અગત્યનું અંગ છે. તે પ્રાપ્ત થાય ત્યારે મોક્ષમાર્ગ સુલભ બને છે. તે સમકિતિના ત્રણ પ્રકાર શ્રીમદે બતાવ્યા છે :–

"તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ." ૧૦૯

"મતદર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ" ૧૧૦

"વર્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત." ૧૧૧

અહીં જણાવેલાં ત્રણ પ્રકારનાં સમકિત વિશે શ્રીમદે એક પત્રમાં લખ્યું હતું કે :–

"૧. આપ્તપુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદ નિરોધપણે આપ્તપુરુષની ભક્તિરૂપ એ પ્રથમ સમકિત કહ્યું છે.
૨. પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર છે.
૩. નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે."

"પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે, બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગપુરુષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવા યોગ્ય છે, સત્કાર કરવા યોગ્ય છે, ભક્તિ કરવા યોગ્ય છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૭૦)

આત્માર્થી જીવને સદ્‌ગુરુનો બોધ થાય ત્યારે સમકિત થાય છે, અને તે સમકિત ઉત્તરોત્તર શુદ્ધ બનતાં "પરમાર્થ સમકિત"માં પલટાય છે. આ સમકિતની વિશુદ્ધતા વધતાં અજ્ઞાનાદિ ટળતાં જાય છે, અને ચારિત્રનો ઉદય થાય છે. પરિણામે વીતરાગપદ પ્રાપ્ત થાય છે. આ વીતરાગપદ એટલે :–

"કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ." ૧૧૩

અહીં પોતાના સ્વભાવમાં અખંડ સ્થિરતાને કેવળજ્ઞાન જણાવ્યું છે. અને તે પ્રત્યેક મુમુક્ષુ જીવનું લક્ષ પણ છે, અહીં સુધી શ્રીમદે કરેલી રચના વિશે શ્રી કાનજીસ્વામી કહે છે કે :–

"શ્રીમદે એવી અપૂર્વ ઘટના કરી છે કે તેમાં કોઈ અંગ બાકી ન રહે, એવી રીતે સંક્ષેપમાં સાચું તત્ત્વ જાહેર કર્યું છે." ("આત્મસિદ્ધિ" પરનાં પ્રવચનો, પૃ. ૩૪૦)

શિષ્યને પ્રશ્ન થયો હતો કે અનાદિકાળથી જીવ કર્મ કરતો આવ્યો છે, તો તે બધાં કર્મની નિવૃત્તિ કઈ રીતે થાય? તેના ઉત્તરમાં ગુરુ તેને જણાવે છે કે :–

"કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય." ૧૧૪

કરોડો વર્ષો ચાલતું સ્વપ્ન આવતું હોય તે જાગ્રતાવસ્થા થતાં લય પામી જાય છે, તેમ અનાદિકાળથી વિભાવમાં વર્તતા જીવનું અજ્ઞાન, જ્ઞાન થતાં તરત જ નાશ પામી જાય છે. આ જ ભાવ દર્શાવતો "અધ્યાત્મસાર"નો શ્લોક છે કે :–

"यथा स्वप्नावबुद्धोऽर्थो विबुद्धेन न द्रश्यते ।
व्यवहारमतः सर्गो ज्ञानिना न तथेक्ष्यते ॥"
("અધ્યાત્મસાર", આત્મજ્ઞાન અધિકાર, શ્લોક ૨૮)

જેમ સ્વપ્નમાં જાણેલો પદાર્થ જાગ્યા પછી દેખાતો નથી, તેમ જ્ઞાની વડે વ્યવહારે માનેલો સર્ગ દેખાતો નથી.

શિષ્યે પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપ્યા પછી ગુરુ ત્રણ દોહરામાં મોક્ષમાર્ગનું સ્વરૂપ તથા શુદ્ધ આત્મસ્વરૂપ સંક્ષેપમાં જણાવે છે. તેને આપણે "આત્મસિદ્ધિશાસ્ત્ર"ના નિચોડરૂપે ગણી શકીએ :–

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." ૧૧૫

"એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ." ૧૧૬

"શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ." ૧૧૭

અનાદિકાળથી જીવ દેહમાં મારાપણું માનતો આવ્યો છે, તે દેહાધ્યાસ છૂટી જાય, અને સ્વસ્વરૂપમાં જ રમમાણ રહે તો જીવ કર્મ કરતો નથી, તેમ જ ભોગવતો નથી, અને તેને શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. એટલે કે કર્મનું કર્તાપણું કે ભોક્તાપણું એ કોઈ અપેક્ષાથી છે. આ વસ્તુ સમજવી તથા આચરવી તે જ ધર્મનો મર્મ છે, અને એ ધર્મથી જ મોક્ષ મળે છે. આટલું જાણ્યા પછી ગુરુ શિષ્યને આત્મસ્વરૂપ જણાવે છે. ગુરુ કહે છે કે, આત્મા મોક્ષસ્વરૂપ એટલે કે મોક્ષનું સુખ પામી શકે તેવો છે. વળી, શુદ્ધ આત્મા અનંતદર્શન અને અનંતજ્ઞાન સહિત હોય છે, જે સ્વરૂપ અવ્યાબાધ છે. અને તે સ્વરૂપ કેવું છે તે ૧૧૭મા દોહરાની પ્રથમ પંક્તિમાં જણાવ્યું છે. શુદ્ધ એટલે કર્મમલથી રહિત, બુદ્ધ એટલે બોધસ્વરૂપ, ચૈતન્યઘન એટલે ચેતનવંતો પિંડ, સ્વયંજ્યોતિ એટલે સ્વપ્રકાશક અને અનંતસુખના ધામરૂપ આત્મા છે, તેમ શ્રીમદે આત્માના મુખ્ય તથા વિશિષ્ટ ગુણો પણ અહીં ગુરુમુખે બતાવ્યા છે.

આમ મોક્ષનો ઉપાય છે એ પદની સિદ્ધિ કરતી વખતે ગુરુએ મોક્ષમાર્ગનું સ્વરૂપ, શુદ્ધ આત્મસ્વરૂપ, સમકિતના પ્રકાર આદિ અન્ય મુદ્દાઓની સમજણ પણ શિષ્યને આપી છે, જેથી તેને શંકા રહે નહિ. અહીં જે કંઈ કહેવાયું છે, સમજાવાયું છે, તે સર્વ જ્ઞાનીઓને સમ્મત છે તેની ખાતરી આપતાં ગુરુ અંતમાં જણાવે છે કે :–

"નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય." ૧૧૮

જેને સર્વ જ્ઞાનીઓએ સ્વીકારેલ છે તેનું નિરૂપણ અહીં કર્યું છે એમ જણાવી ગુરુ પોતાને સહજ એવી સમાધિમાં સ્થિર થયા, અને વાણીયોગની અપ્રવૃત્તિ કરી. આ દોહરા દ્વારા શ્રીમદ્ એમ સૂચવવા માગે છે કે આ છ પદની સિદ્ધિ દ્વારા જે

કંઈ કહ્યું છે તે સર્વ જ્ઞાનીઓને સંમત છે. તેમનાથી વિરુદ્ધ એક પણ વસ્તુ અહીં આવતી નથી, એટલે કે આ આત્મસિદ્ધિ સર્વદર્શનના સારરૂપ છે.

૧૧૮મા દોહરે ગુરુ પોતાનું વક્તવ્ય પૂરું કરે છે. જે કંઈ જણાવાયું છે તે વિશે ઊંડાણથી વિચાર કરવાની ભલામણ પણ તેમાં કરી છે.

ગુરુએ આપેલા પ્રત્યેક ઉત્તરનો શિષ્ય ઊંડાણથી વિચાર કરે છે. વિચાર કરતાં કરતાં બોધબીજની પ્રાપ્તિ થતાં ગુરુ પ્રત્યે તેને અપૂર્વ ઉલ્લાસ આવે છે. અને તે ઉલ્લાસને શિષ્ય વાણીમાં વ્યક્ત કરે છે.

## શિષ્યને બોધબીજની પ્રાપ્તિ

ગુરુએ સમજાવેલાં આત્માનાં છયે પદનો વિસ્તારથી વિચાર કરતાં શિષ્યને પોતાના યથાર્થ સ્વરૂપનો ખ્યાલ આવે છે. અને તેથી તેને અપૂર્વ ઉલ્લાસ પ્રગટ થાય છે; સાથે સાથે ગુરુ માટે અહોભાવ પણ પ્રગટે છે. તે ઉલ્લાસ તથા અહોભાવ શિષ્ય ગુરુ સમક્ષ પ્રગટ કરે છે. તેમાં ગુરુભક્તિનો આદર્શ શ્રીમદે રજૂ કરેલો જોઈ શકાય છે. તે માટે ૧૧૯થી ૧૨૭ સુધીના ૯ દોહરાની રચના શ્રીમદે કરી છે.

સદ્‌ગુરુના ઉપદેશથી અજ્ઞાન ટળી જતાં પોતાનું યથાતથ્ય સ્વરૂપ કેવું દેખાયું તેનું વર્ણન કરતાં શિષ્ય કહે છે કે :–

“ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને દેહાતીત સ્વરૂપ.” ૧૨૦

શુદ્ધતા, ચેતનતા, અજરતા, અમરતા, અવિનાશીપણું, દેહાદિથી ભિન્નપણું; – એ આદિ ગુણોવાળો આત્મા પ્રત્યક્ષ થયો, એમ શિષ્યના અહીં જણાવવાની સાથે તે આત્માનાં પહેલાં બે પદ આત્મા છે, અને તે નિત્ય છે, તેની અનન્ય શ્રદ્ધા પણ વ્યક્ત થાય છે.

તે પછીના બે દોહરામાં આત્માના ત્રીજા તથા ચોથા પદની શ્રદ્ધા શિષ્ય બતાવે છે. તેમાં સ્વસ્વરૂપમાં સ્થિર હોય ત્યાં સુધી આત્મા કર્મનો કર્તા – ભોક્તા નથી પણ પોતાના શુદ્ધ ચેતનસ્વરૂપનો કર્તા-ભોક્તા છે, અને વિભાવમાં જાય ત્યારે તે કર્મનો કર્તા-ભોક્તા બને છે, એ જણાવ્યું છે :–

“કર્તા-ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય.” ૧૨૧

“અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.” ૧૨૨

આમ માત્ર બે જ દોહરામાં શ્રીમદે આત્માનું કર્તૃત્વ તથા ભોક્તૃત્વ સ્યાદ્વાદશૈલીથી શિષ્ય પાસે સમજાવી દીધું છે. જે બે પદ સમજાવતાં તેમણે ૧૬ દોહરા આગળ રચ્યા હતા, તેને જ સારરૂપે અહીં બે દોહરામાં જણાવી દીધેલ છે.

“મોક્ષ છે” તથા “મોક્ષનો ઉપાય છે” એ બે પદની શ્રદ્ધા તો શિષ્યે ૧૨૩ મા એક જ દોહરામાં જણાવી દીધી છે. સાથે સાથે તે બે પદનો સાર પણ સમાવાયો છે. જુઓ :–

“મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિગ્રંથ.” ૧૨૩

પોતાનું શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ, અને જે માર્ગે તે પામી શકાય તે મોક્ષમાર્ગ, એમ જણાવી પાંચમ તથા છઠ્ઠા પદની શ્રદ્ધા અહીં વ્યક્ત થયેલી છે. આમ માત્ર ૪ દોહરામાં છયે પદની શ્રદ્ધા તથા તેની સમજાવટનો સાર શ્રીમદે સમાવી દીધાં છે. અને અહીં જણાવે છે કે નિર્ગ્રંથ પ્રભુએ જણાવેલો મોક્ષમાર્ગ સંક્ષેપમાં કહીએ તો આ જ છે. એટલે કે છ પદની સમજણ, શ્રદ્ધા અને તે અનુસાર આચરણ તે જ મોક્ષમાર્ગ છે.

પોતાને સાચા નિર્ગ્રંથમાર્ગમાં લાવનાર ગુરુની શિષ્ય ખૂબ જ વિનયભાવથી ભક્તિ કરે છે. અને તેમાં તે ગુરુમાહાત્મ્ય ગાય છે :–

"અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર." ૧૨૪

"શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન." ૧૨૫

"આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન." ૧૨૬

આ ત્રણ દોહરામાં શિષ્ય ગુરુની મહાનતા અને પોતાની પામરતા વ્યક્ત કરે છે. આ પણ "પ્રભુ પ્રત્યે દીનત્વ" જેવી એક ખૂબ જ ભાવવાહી પ્રાર્થના કહી શકાય. શિષ્યને સદ્ગુરુ માટે કેવા ભાવ પ્રગટવા જોઈએ તેનો આદર્શ અહીં જોઈ શકાય છે. શિષ્યના આ ભાવો વિશે પંડિત સુખલાલજીના શબ્દોમાં કહીએ તો :–

"એમાં શિષ્યને મોઢે અહોભાવના ઉદ્ગારો ટાંકી જે સમર્પણભાવ વર્ણવ્યો છે તે જેમ કવિત્વની કળા સૂચવે છે, તેમ તાત્ત્વિક સિદ્ધિનો પરમ આનંદ પણ સૂચવે છે, જે વાંચતાં મન કૂણું થઈ જાય છે અને એ અહોભાવનો અનુભવ કરવાની ઊર્મિ પણ રોકી રોકાતી નથી." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૩૬)

શિષ્યને આ અહોભાવ શા કારણથી આવ્યો, ગુરુએ એવો કયો તેના પર ઉપકાર કર્યો, તે જણાવતો દોહરો છે કે :–

"ષટ્સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ." ૧૨૭

આત્માનાં છ પદને સમજાવીને, મ્યાનમાંથી તલવાર જુદી કાઢી બતાવીએ તેમ આત્માને દેહાદિથી સ્પષ્ટ જુદો બતાવ્યો તે, અમૂલ્ય કહી શકાય તેવા ગુરુનો ઉપકાર શિષ્ય પર થવાથી શિષ્યે ઉલ્લાસમાં આવી ઉપરનાં અહોભાવનાં વચનો ઉચ્ચારેલાં છે તેમ જોઈ શકાશે.

આમ ૧૨૭ ગાથા સુધી "આત્મસિદ્ધિશાસ્ત્ર"નું મુખ્ય વક્તવ્ય આવે છે. તેમાં આત્માનાં છ પદની સમજણ અપાયેલી છે.

## ઉપસંહાર

૧૨૮ થી ૧૪૨ સુધીના ૧૫ દોહરા ઉપસંહારરૂપે રચાયેલા છે. તેમાં શ્રીમદે જણાવ્યું છે કે "આત્મસિદ્ધિ" એ છયે દર્શનના સારરૂપ તથા નિશ્ચય અને વ્યવહાર બંનેના સમન્વયરૂપ છે. તેથી અહીં જણાવેલો માર્ગ ત્રણે કાળમાં એકરૂપે જ રહેવાનો છે. માટે તે માર્ગે જવાની ભલામણ કરી, અંતમાં જ્ઞાનીને વંદન કરી "આત્મસિદ્ધિ" પૂર્ણ કરી છે.

"આત્મસિદ્ધિ"માં છયે દર્શનનો સાર આવી જાય છે, તે જણાવ્યા પછી ગુરુનું મહત્ત્વ બતાવતાં કર્તાએ લખ્યું છે કે :–

"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન." ૧૨૯

વૈદકનું રૂપક યોજી આત્માની સ્થિતિ અહીં સમજાવાઈ છે. જીવને મોટામાં મોટો કોઈ રોગ હોય તો તે આત્મભ્રાંતિનો છે, એટલે કે પોતાનું સ્વરૂપ ભૂલી જવારૂપ રોગ એ આત્માને લાગુ પડેલ સૌથી ભયંકર રોગ છે. તે રોગનું નિદાન કરવા માટે સાચો વૈદ્ય તે સદ્‌ગુરુ છે. આ સદ્‌ગુરુનાં લક્ષણો તેમણે આ શાસ્ત્રની શરૂઆતમાં જ બતાવ્યાં છે. તે રોગ કાઢવા માટે ગુરુ-આજ્ઞાએ ચાલવા જેવો બીજો કોઈ ઉત્તમ ખોરાક નથી, અને તે રોગના ઔષધ તરીકે

સ્વ-સ્વરૂપનો વિચાર અને નિદિધ્યાસન ઉત્તમ છે. આમ વૈદકશાસ્ત્રના રૂપક દ્વારા આત્મરોગ ટાળવાનો ઉપાય ટૂંકાણમાં જણાવ્યો છે.

અહીં જણાવેલો આત્મભ્રાંતિરૂપ રોગ કાઢવા માટે ગ્રંથકર્તા સત્યપુરુષાર્થ કરવાનું પ્રોત્સાહન ૧૩૦મા દોહરામાં આપે છે. લોકો કેવાં કેવાં બહાનાથી તે પુરુષાર્થમાં મંદતા આણે છે તે તેમના ખ્યાલમાં હોવાથી તેનાથી બચવા જણાવે છે કે :–

"નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય." ૧૩૧

આમ અહીં કોઈ પણ સંજોગોમાં આત્માર્થી જીવને પરમાર્થ ન ચૂકવાની ભલામણ ગ્રંથકર્તા કરે છે. મહાવીર પ્રભુએ ગૌતમસ્વામીને એક સમય માત્રનો પણ પ્રમાદ ન કરવાની આજ્ઞા કરી હતી, તે જ પ્રકારનો ઉપદેશ અહીં પણ જોઈ શકાશે. માત્ર નિશ્ચયનયની વાતો સાંભળી વ્યવહાર ન તજવાની ભલામણ પણ શ્રીમદે અહીં કરી છે. કારણ કે નિશ્ચય અને વ્યવહાર એ બંને સાથે જ રહેલા છે, કોઈ પણ એકને મહત્ત્વ આપવાથી તે લાભનો હેતુ ન થતાં હાનિકર્તા થાય છે. માટે જ નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કરવા પર શ્રીમદ્ ૧૩૨-૩૩ એ બે દોહરામાં ખૂબ ભાર મૂકે છે.

નિશ્ચય અને વ્યવહારના સમન્વયરૂપ જણાવેલો મોક્ષમાર્ગ ત્રણે કાળમાં એકસરખો જ હોય છે તેની પ્રતીતિ આપતો દોહરો છે કે :–

"આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય." ૧૩૪

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના જ્ઞાનીઓનો માર્ગ એકરૂપે જ રહેવાનો છે, તે અહીં જણાવાયું છે, અને આ માર્ગે જવાનું સર્વ જીવને માટે સુલભ છે કારણ કે બધા જ સિદ્ધ થઈ શકે છે.

આ માર્ગ પામવાનાં બે નિમિત્ત તે "સદ્‌ગુરુ-આજ્ઞા" અને "જિનદશા" છે તે તેમણે ૧૩૫મા દોહરામાં બતાવ્યું છે. સદ્‌ગુરુએ ઉપદેશેલી જિતેંદ્રિયની દશા વિચારવી તથા સદ્‌ગુરુની આજ્ઞામાં રહેવું તેને માર્ગ પામવાનાં ઉત્તમ સાધન શ્રીમદે ગણાવ્યાં છે. અહીં "જિન" શબ્દ સાંપ્રદાયિક અર્થમાં નહિ પણ જિતેંદ્રિયના અર્થમાં વપરાયેલ જણાય છે.

જે લોકો બીજાં બીજાં કારણો ગણાવી આ નિમિત્તોનો ત્યાગ કરે છે, તે લોકો કદી મોક્ષપદ પામી શકતા નથી. જ્ઞાન, દર્શન આદિ ઉપાદાન સાથે આ નિમિત્તોનો સમન્વય, મોક્ષ પામવા માટે થવો જોઈએ, એવો નિશ્ચય શ્રીમદે ૧૩૬મા દોહરામાં બતાવ્યો છે.

આમ અહીં સુધી જુદા જુદા મુદ્દાની વિચારણા કર્યા પછી શ્રીમદે જ્ઞાનીનાં લક્ષણો ચાર દોહરામાં આપ્યાં છે, તે મુમુક્ષુ જીવે ખૂબ જ વિચારવા યોગ્ય છે. મુમુક્ષુ વિશે તેઓ કહે છે :–

"દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિશે, એહ સદાય સુજાગ્ય." ૧૩૮

આત્માર્થીના અને મુમુક્ષુના ગુણો સરખા છે. જ્ઞાનીદશા તો એ છે કે :–

"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત." ૧૩૯

"સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન,
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન." ૧૪૦

જ્ઞાનીદશાના સૌથી પહેલા લક્ષણ તરીકે શ્રીમદે અહીં "મોહક્ષય"ને બતાવેલ છે; અને બીજું લક્ષણ છે સંસાર તરફની ઉદાસીનતા. આ બંને લક્ષણો તેમણે પ્રતીતિકર ભાષામાં આપ્યાં છે. તેમણે જણાવેલાં આ લક્ષણો એવાં છે કે જેને કસોટી તરીકે સ્વીકારવાથી માણસની દશા કેવી છે તેનો ખ્યાલ ઝડપથી આવી જાય.

ગમે તેવી ઊંચી વાતો કરનાર માણસ જ્ઞાની છે કે નહિ તે જાણવા માટે તેનામાં મોહ અને સંસાર પ્રત્યેની રુચિ કેવી છે તે જોવાથી સમજી શકાય છે. કોઈ પણ વ્યક્તિ કસોટી કરી શકે તેવાં અનુભવમૂલક લક્ષણો શ્રીમદે અહીં વ્યક્ત કર્યાં છે.

આમ શ્રીમદે પોતાની અનુભવવાણીમાં જ્ઞાનીની દશા બતાવી છે, તે પછી આ છ પદની શ્રદ્ધા કરવાથી, અને છઠ્ઠા પદમાં બતાવેલા માર્ગે જવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે તે વિશેનો પોતાનો સંદેહરહિત અભિપ્રાય તેમણે આપ્યો છે. અને અંતમાં દેહ હોવા છતાં પણ જેની સ્થિતિ તેમાં મમત્વરહિત છે, તેવા જ્ઞાનીનાં ચરણમાં વંદન કરીને "આત્મસિદ્ધિ" તેમણે પૂર્ણ કરી છે. તે દોહરો છે :–

"દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત." ૧૪૨

આમ અંતમાં તેમણે જ્ઞાનીનાં ચરણમાં અગણિત વંદન કરીને કૃતિ પૂર્ણ કરી છે. આ જ્ઞાની કેવા છે? દેહ હોવા છતાં પણ આત્મમય સ્થિતિમાં જે રહે છે તેવા જ્ઞાનીને વંદન કરાયાં છે. અહીં શ્રીમદે "સિદ્ધાત્મા"ને નહિ પણ "સયોગી કેવળી"ને વંદન કર્યાં છે, તે હેતુપૂર્વક છે. "સિદ્ધ"ની દશા પણ દેહાતીત છે. તેમને બદલે જેમની દેહ હોવા છતાં પણ દેહાતીત સ્થિતિ છે તેવા જ્ઞાનીને વંદન કર્યાં છે. પૂર્વકર્મના યોગથી દેહ પ્રાપ્ત થયો છે, પણ વર્તમાન દશાએ તો તેઓ સ્વરૂપમાં લીન છે. આવા જ્ઞાની, મુમુક્ષુ જીવને જ્ઞાનદશા મેળવવા માટે સિદ્ધ કરતાં પણ વિશેષ ઉપકારી છે, કારણ કે તેઓ પ્રત્યક્ષ સદ્ગુરુ છે. અને પ્રત્યક્ષ સદ્ગુરુનું મહત્ત્વ તો તેમણે આરંભમાં જ દર્શાવ્યું છે.

આમ ઉપસંહારમાં પણ શ્રીમદે તત્ત્વનો ઘણો બોધ આપ્યો છે. ઉપસંહાર વિશે પંડિત સુખલાલજી લખે છે કે :–

> "એનો ઉપસંહાર એટલો સહજપણે અને નમ્રપણે છતાં નિશ્ચિત્ત વાણીથી કર્યો છે કે તે એક સુસંગત શાસ્ત્ર બની રહે છે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૯)

# "આત્મસિદ્ધિ"

## ષડ્દર્શનનો સાર

"આત્મસિદ્ધિ"માં શ્રીમદે આત્માનાં છ પદને ગુરુશિષ્યના સંવાદરૂપે સમજાવ્યાં છે તે આપણે જોયું. આ છ પદ વિશે તેમણે લખ્યું છે કે :–

"ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ." ૪૪

"દર્શન ષટે સમાય છે, આ ષટ્સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ." ૧૨૮

આમ શ્રીમદ્ના અભિપ્રાય પ્રમાણે મીમાંસા, જૈન,સાંખ્ય, નૈયાયિક, બૌદ્ધ અને ચાર્વાક એ છયે દર્શનોનો સાર આત્માનાં છ પદમાં આવી જાય છે. અને "આત્મસિદ્ધિ"માં તે છ પદનું નિરૂપણ થયું હોવાથી "આત્મસિદ્ધિ" એ છ દર્શનનો સાર છે તેમ કહી શકાય. તે વિશે ડો. ભગવાનદાસ મહેતા લખે છે કે:–

"જેમાં ષટ્દર્શનનો સાર સમાવ્યો છે અને જેમાં શ્રુતસમુદ્ર મથી તત્ત્વ-નવનીત જમાવ્યું છે, એવી અનુભવ રસગંગા શ્રીમદ્ની આત્મસિદ્ધિ તો આ અવની પરનું સાક્ષાત્ અમૃત છે." ("શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્ધી સ્મારકગ્રંથ." પૃ. ૨૫)

એટલે કે આ શાસ્ત્રનું મનન કરવામાં આવે તો આત્માર્થી જીવ ઉત્તમ વસ્તુ અને ઉત્તમ ધર્મ પામી શકે તેવું તત્ત્વ "આત્મસિદ્ધિ"માં છે.

ભારતમાં આત્મા વિશેની વિચારણા હજારો વર્ષો પહેલાં શરૂ થયેલ છે. અનેક જ્ઞાનીઓએ એ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. તે સંતોના વિચારોનો

સંગ્રહ જુદી જુદી ભાષામાં અને જુદા જુદા ગ્રંથોમાં થયેલો છે. આધ્યાત્મિક દૃષ્ટિએ કરાયેલી આ સાધનાનાં પરિણામોનું નિરૂપણ આ ગ્રંથોમાં થયેલું છે. તે દરેકનો એક પ્રયત્ન જોવા મળે છે કે પોતાના વિશેનું અજ્ઞાન નિવારવું અને સમ્યક્‌જ્ઞાન મેળવવું.

સમ્યક્‌જ્ઞાન મેળવવાના અનેક પ્રયત્નો થયા, અનેક માર્ગો શોધાયા, અને કોઈએ કોઈ અંગ તો કોઈએ કોઈ અંગ પર ભાર મૂક્યો. એમાંથી પંથભેદ જન્મ્યા, અને તે ટૂંકી દૃષ્ટિથી પોષાતાં વાડા બની ગયા. આથી કોઈ એક તત્ત્વ પર જ ભાર મૂકતી પરંપરાઓ ઊભી થઈ. આવા જુદા જુદા ભેદવાળાં મુખ્ય છ દર્શન અસ્તિત્વમાં આવ્યાં. આ છ દર્શન તે બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, જૈન, મીમાંસા, અને ચાર્વાક. એમાં પહેલાં પાંચ આસ્તિક એટલે કે બંધ, મોક્ષ, આત્મા આદિને સ્વીકારનારાં દર્શનો છે; ત્યારે ચાર્વાક એ નાસ્તિક દર્શન છે; એ આત્માદિ પદાર્થને સ્વીકારતું નથી.

નૈયાયિકના અભિપ્રાયને ઘણો મળતો આવે એવો અભિપ્રાય વૈશેષિકનો છે. સાંખ્ય જેવો યોગનો અભિપ્રાય છે; બંને વચ્ચે બહુ ઓછો ભેદ છે તેથી તે સ્વતંત્ર દર્શન ગણાતાં નથી. મીમાંસા દર્શનના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ છે. તે બંનેમાં વિચારનો ભેદ વિશેષ છે. પણ મીમાંસા શબ્દથી બંનેનું ઓળખાણ થતું હોવાથી તે બંને સાથે પણ લેવાય છે. પૂર્વમીમાંસાનું “જૈમિની” અને ઉત્તરમીમાંસાનું “વેદાંત” એવાં નામ પ્રચલિત છે. બૌદ્ધ દર્શનના મુખ્ય ચાર ભેદ છેઃ સૌમાંતિક, માધ્યમિક (શૂન્યવાદી), વિજ્ઞાનવાદી અને વૈભાષિક. જૈન દર્શનના બે મુખ્ય ભેદ છેઃ દિગંબર અને શ્વેતાંબર.

જૈન, બૌદ્ધ અને ચાર્વાક સિવાયનાં બધાં દર્શનો વેદને મુખ્ય રાખી પ્રવર્તે છે, માટે તે વેદાશ્રિત દર્શનો છે. તેઓ બધા વેદાર્થ પ્રકાશી પોતાનું દર્શન સ્થાપવાનો પ્રયત્ન કરે છે. જૈન અને બૌદ્ધ વેદાશ્રિત નથી, પણ સ્વતંત્ર દર્શન છે. અને ચાર્વાક તો નાસ્તિક દર્શન છે.

મુખ્ય મુખ્ય પુરુષોએ કરેલી આત્મા વિશેની વિચારણા આ છ દર્શનોના ગ્રંથમાં સમાવેશ પામી જાય છે. તેઓએ આ છ પદ ઉપરાંત કોઈ પણ પદની તત્ત્વની રીતે વિચારણા કરી નથી. આ બધાં દર્શનોનાં શાસ્ત્રો આ છ પદના ખંડન કે મંડન અર્થે જ રચાયાં છે. અલબત્ત, સૌની સમજાવવાની શૈલી જુદી જુદી છે, સૌએ પોતપોતાના મતના સમર્થન માટે અનેક તર્કો દોડાવ્યા છે, ઢગલાબંધ દલીલો મૂકી છે કે અનુભવવવાણી પ્રગટ કરી છે. પણ તે બધાનો સાર કાઢવામાં આવે તો તે છ પદની સમજણમાં જ સમાઇ જાય છે. એ રીતે જોતાં આત્માનાં છ પદમાં છ દર્શન સમાઈ જાય છે. "આત્મસિદ્ધિ"માં એ છ પદનો વિસ્તાર કરેલો હોવાથી તેને છ દર્શનના સારરૂપ કહી શકાય.

બીજી રીતે જોતાં પણ "આત્મસિદ્ધિ"માં છયે દર્શનનો સાર છે તેમ કહી શકાય. આ છયે દર્શનોએ આત્મા વિશે જે જાતનો અભિપ્રાય ઉચ્ચાર્યો છે તે સર્વનો સમાવેશ તેના નામનિર્દેશ વિના "આત્મસિદ્ધિ"માં થયેલો જોઈ શકાશે. ("આત્મસિદ્ધિ"માં જૈન, બૌદ્ધ, સાંખ્ય-યોગ, નૈયાયિક-ન્યાય-વૈશષિક, મીમાંસા-પૂર્વ અને ઉત્તર, અને ચાર્વાક એ છયે દર્શન આવી જાય છે તેમ શ્રીમદે કહ્યું છે. તેમના આ વિધાનને પ્રખર રીતે તપાસવા માટે તો સર્વ દર્શનનો આમૂલ અભ્યાસ જોઈએ. અહીં શક્ય તેટલી સ્પષ્ટતા કરવા "શ્રીમદ્ રાજચંદ્ર" ગ્રંથમાંના આંક ૭૧૧ તથા ૭૧૩, શ્રીમદ્‌ની હસ્તનોંધ, "અધ્યાત્મસાર", "સ્યાદ્વાદમંજરી", શ્રી મનસુખભાઈ રવજીભાઈએ લખેલો "આત્મસિદ્ધિ"નો ઉપોદ્‌ઘાત વગેરેનો આશ્રય લીધો છે.)

## ચાર્વાક દર્શન

આત્માનાં અસ્તિત્વ, નિત્યત્વ, મોક્ષ આદિને ન સ્વીકારે તેવું એક જ દર્શન છે, જે ચાર્વાકને નામે ઓળખાય છે. ચાર્વાકમતવાદીઓ જગતમાં જેટલું દેખાય છે તેટલું જ સાચું છે તેમ માને છે. આ મતની દલીલો શ્રીમદે પ્રથમ પદની શંકા વખતે શિષ્યના મુખમાં મૂકી છે. શિષ્ય 'આત્મા નથી' એવો પોતાનો વિચાર રજૂ

કરતી વખતે, તેના સમર્થન માટે જે દલીલો કરે છે તે દલીલો ચાર્વાક મતની છે. તે બતાવવા માટે શ્રીમદે ભાષા તો પોતાની જ વાપરી છે.

આ મતનું ખંડન કરી શ્રીમદ્ અન્ય પાંચે આસ્તિક દર્શનોને માન્ય એવું આત્મા હોવા વિશેનું પ્રમાણ આપે છે. તે સર્વ દર્શનોએ કરેલી આત્માના અસ્તિત્વને દર્શાવતી દલીલોનું સંકલન તથા અનુભવોનું સંકલન ગુરુએ આપેલા ઉત્તરમાં શ્રીમદે રજૂ કર્યું છે.

## બૌદ્ધ દર્શન

ચાર્વાક સિવાયનાં બધાં દર્શનો આત્માનાં અસ્તિત્વ આદિને સ્વીકારે છે, પણ તેમની માન્યતામાં થોડો થોડો ભેદ જોવા મળે છે. તેના નિત્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ વિશે ભેદ જોવા મળે છે. તે ભેદ જ્યાં જ્યાં છે તેનો ઉલ્લેખ "આત્મસિદ્ધિ"માં થયેલો છે, અને જ્યાં એકમત છે, તે સમાધાનરૂપે આપેલ છે. જૈન સિવાય વેદાશ્રિત ન હોય તેવું બૌદ્ધ દર્શન છે. તેઓ આત્માને સ્વીકારે છે, અને આત્માને ક્ષણિક ગણાવે છે. તેમને અભિપ્રાયે જગત્કર્તા તરીકે ઈશ્વર અભિપ્રેત નથી, આત્માને જ કર્તા ગણાવે છે. શૂન્યવાદી બૌદ્ધને અભિપ્રાયે આત્મા વિજ્ઞાન માત્ર છે, અને વિજ્ઞાનવાદી બૌદ્ધને અભિપ્રાયે આત્મા દુ:ખાદિ તત્ત્વ છે. એટલે કે બૌદ્ધના અભિપ્રાયે આત્મા અનિત્ય અને પરિણામી – પરિણામ કરવાવાળો છે.

પોતાના કથનને પુષ્ટ કરતી બૌદ્ધ દર્શનની દલીલોનો સમાવેશ પણ "આત્મસિદ્ધિ"માં થાય છે. બીજી શંકા રજૂ કરતી વખતે, એટલે કે આત્માનું નિત્યત્વ નિષેધતી વખતે, શિષ્યે જે દલીલો ગુરુ સમક્ષ મૂકી છે તે બૌદ્ધવાદીની છે. તેના ઉત્તરમાં ગુરુ શિષ્યને સમજાવે છે કે આત્મા એકાંતે અનિત્ય નથી; તે અપેક્ષાએ અનિત્ય છે. આત્મા વસ્તુપણે, દ્રવ્યપણે નિત્ય છે અને સમયે સમયે જ્ઞાન આદિ પરિણામના પલટાવાથી તે પલટાતો જણાય છે, તે દૃષ્ટિએ અનિત્ય છે. આમ આ આત્માનું નિત્યાનિત્યપણું સ્વીકારતાં જૈનાદિ દર્શનોનું મંડન અહીં કરેલ છે.

બૌદ્ધ દર્શન જગત્કર્તા ઈશ્વરને સ્વીકારતું નથી. તે વિશેની દલીલ આપણને "આત્મસિદ્ધિ"માં જોવા મળે છે. કર્મનો કર્તા તથા ભોક્તા આત્મા છે, તે સિદ્ધ કરતી વખતે જે દલીલો ઈશ્વરના અકર્તૃત્વ તથા અભોકતૃત્વ માટે મુકાઈ છે તે જગત્કર્તા તરીકે ઈશ્વરને નિષેધતાં બૌદ્ધ જૈન આદિ દર્શનોમાંથી લેવાયેલી છે. આ ઉપરાંતના પ્રસંગોમાં પણ બૌદ્ધ અને જૈનનું મળતાપણું હોવાથી તેનો સાથે સમાવેશ થયો હોય તે સ્વાભાવિક છે.

આમ "આત્મસિદ્ધિ"માં બૌદ્ધ દર્શનનો અભિપ્રાય જે જગ્યાએ જૈન દર્શનથી જુદો પડે છે, તે જગ્યાએ શંકાની દલીલો સાથે મુકાયેલો જોઈ શકાય છે. એ પરથી આપણે કહી શકીએ કે "આત્મસિદ્ધિ"માં બૌદ્ધ દર્શનનો સમાવેશ થયેલો છે, ભલે પછી તે ખંડનના રૂપમાં હોય કે મંડનના રૂપમાં હોય.

## નૈયાયિક દર્શન

નૈયાયિક અને ન્યાય-વૈશેષિક એ બેમાં બહુ ઓછો ભેદ હોવાથી તે સાધારણ રીતે સાથે જ લેવાય છે. તેણે કરેલા આત્મા વિશેના નિરૂપણનો અભિપ્રાય પણ "આત્મસિદ્ધિ"માં મૂકાયેલો જોવા મળે છે.

નૈયાયિક આત્માને સ્વીકારે છે, તેના મત પ્રમાણે તટસ્થપણે ઈશ્વર કર્તા છે, સર્વવ્યાપક એવા અસંખ્ય જીવ છે, ઈશ્વર પણ સર્વવ્યાપક છે. તેઓ આત્માને નિત્યપણે તથા સાક્ષીકર્તા એટલે જ્ઞાતા દૃષ્ટારૂપે સ્વીકારે છે.

આત્માના અસ્તિત્વનું પ્રમાણ આપતી ગુરુની દલીલોમાં, કર્મનો કર્તા આત્મા નહિ પણ ઈશ્વર છે તે બતાવતી શિષ્યની દલીલોમાં, આત્મા નિત્ય છે તેનું પ્રમાણ આપતી ગુરુની દલીલોમાં નૈયાયિકના અભિપ્રાયને જોઈ શકાય છે.

આમ નૈયાયિક જે વસ્તુઓમાં જૈનથી વિરુદ્ધ છે કે જૈન સાથે સંમત છે તે સર્વ માટેની દલીલો સંક્ષેપમાં "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં મૂકાયેલી છે.

## સાંખ્ય દર્શન

સાંખ્ય અને યોગ વચ્ચે બહુ ઓછો તફાવત હોવાથી તે સાથે લેવાય છે. સાંખ્ય આત્માનાં અસ્તિત્વને તથા અનેકત્વને સ્વીકારે છે. તેના મતે આત્મા નિત્ય, અપરિણામી અકર્તા અભોક્તા એટલે કે અબંધ સાક્ષીરૂપ છે. સેશ્વર કે નિરીશ્વર બંને સાંખ્ય પરંપરામાં આ મત અભિપ્રેત છે.

શ્રીમદ્ આત્માનાં અસ્તિત્વ અને નિત્યત્વને સ્વીકારી અનેકત્વ પણ "આત્મસિદ્ધિ"માં સ્વીકારે છે. અને આત્માને અકર્તા તથા અભોક્તા અપેક્ષાથી સ્વીકારે છે. સાંખ્ય જીવને અબંધ માની કર્મનું કર્તાપણું પ્રકૃતિપ્રેરિત કે ઈશ્વરપ્રેરિત માને છે. એ માન્યતા સાચી હોય તો મોક્ષનો ઉપાય નકામો છે. તેથી શ્રીમદ્ અપેક્ષાએ આત્માને અકર્તા તથા અભોક્તા તરીકે સ્વીકારે છે. જીવ જ્યારે રાગ અને દ્વેષાદિ વિભાવમાં હોય ત્યારે તે કર્મનો કર્તા તથા ભોક્તા છે, પણ દેહાધ્યાસ છૂટતાં તે કર્તાભોક્તા રહેતો નથી. તે માટે શ્રીમદે દોહરો રચ્યો છે કે :–

"છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ." ૧૧૫

ઈશ્વર પણ કર્તા તરીકે આવી શકે નહિ તે વિશેની દલીલો પણ શ્રીમદે અહીં મૂકી છે. આમ જોઈએ તો સાંખ્યનો આત્માનાં છ પદ વિશેનો અભિપ્રાય "આત્મસિદ્ધિ"માં એક અથવા બીજે રૂપે જોવા મળે છે.

## મીમાંસા દર્શન

મીમાંસાના પૂર્વ અને ઉત્તર એમ બે વિભાગ છે. તેમાં પૂર્વમીમાંસા 'જૈમિની' અને ઉત્તરમીમાંસા 'વેદાંત' તરીકે ઓળખાય છે.

વેદાંત આત્માને સ્વીકારે છે. તેને નિત્ય પણ માને છે, અને તેની સાથે અપરિણામી એટલે કે અકર્તા-અભોક્તા તરીકે માને છે. આત્માને સાક્ષીરૂપે

સ્વીકારે છે, અને જગત્કર્તા ઈશ્વરને માન્ય કરે છે. પૂર્વમીમાંસા આત્માને અનેકરૂપે અને વેદાંત આત્માને એકરૂપે માને છે.

વેદાંતની આ બધી માન્યતાને પુષ્ટ કરતી કે ખંડન કરતી દલીલો આપણને "આત્મસિદ્ધિ"માં જોવા મળે છે. આત્માને સ્વીકારતી દલીલો, તેના નિત્યત્વને સ્વીકારતી દલીલો, અકર્તા અને અભોક્તાપણું અપેક્ષાએ છે તે બતાવતી દલીલો, જગત્કર્તા તરીકે ઈશ્વર ન હોઈ શકે, તે વગેરે વિશે શ્રીમદે "આત્માસિદ્ધિ"માં નિરૂપણ કર્યું છે.

આ બધું વાંચીએ ત્યારે વેદાંતનો અભિપ્રાય એક યા બીજે રૂપે તેમાં સમાવેશ પામતો જણાય છે.

## જૈન દર્શન

આ બધાં દર્શન ઉપરાંત છઠ્ઠું દર્શન તે જૈન. તેમાં અનેકાંતવાદ છે. અને તે પ્રત્યેક વસ્તુને અપેક્ષાથી સ્વીકારે છે. જૈનમાં આત્મા નિત્ય પણ છે, અનિત્ય પણ છે, કર્તા પણ છે અને અકર્તા પણ છે, ભોક્તા પણ છે અને અભોક્તા પણ છે, બંધ પણ છે અને મોક્ષ પણ છે – આ બધું જ જૈન દર્શનમાં અપેક્ષાથી સમજાવેલ છે.

> "જૈનને અભિપ્રાયે અનંત દ્રવ્ય આત્મા છે, પ્રત્યેક જુદા છે, જ્ઞાનદર્શનાદિ ચેતનરૂપ, નિત્ય અને પરિણામી, પ્રત્યેક આત્મા અસંખ્યાત પ્રદેશી સ્વશરીર અવગાહવર્તી માન્યો છે." ("શ્રીમદ્ રાજચંદ્ર", અગાસ આવૃત્તિ ૧, પૃ. ૫૨૧)

આ આત્મા કઈ અપેક્ષાથી કેવો છે તેનું નિરૂપણ શ્રીમદે "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં કરેલ છે. આ સ્યાદ્વાદદશૈલીને લીધે તેમાં સર્વ દર્શનોનો સાર સમાઈ જાય છે. અને આખી "આત્મસિદ્ધિ" જૈન દર્શન અનુસાર રચાઈ છે તેનો પરિચય ઠેકઠેકાણે મળે છે.

શ્રીમદે બતાવેલા મતાર્થી, આત્માર્થી, સદ્‌ગુરુ, શુષ્કજ્ઞાની, ક્રિયાજડ વગેરેનાં લક્ષણો જૈન દર્શન અનુસાર છે. વળી, સમકિત, શુષ્કજ્ઞાની, મિથ્યાત્વ આદિ શબ્દો પણ જૈન પરિભાષાના છે. ટૂંકમાં કહીએ તો જૈન દર્શનમાં બતાવેલો મોક્ષમાર્ગ શ્રીમદે "આત્મસિદ્ધિ"માં બતાવ્યો છે.

"આત્મસિદ્ધિ"ના સંવાદમાં શ્રીમદે એ પ્રકારની યોજના કરી છે કે, શિષ્ય પાસે જગતમાં પ્રચલિત હોવા છતાં અસંમત થાય તેવી દલીલો રજૂ કરાવી છે, અને એ અયોગ્ય લાગતા મતોના વિકલ્પો પણ જણાવાયા છે. શિષ્ય એ બધા રજૂ કરી, તે વિશે ગુરુ પાસે માર્ગદર્શન પણ માગે છે. આમ આત્માનાં છ પદનું નાસ્તિત્વ સ્વીકારતા મતોનું નિરૂપણ શિષ્ય દ્વારા થયેલું છે.

શિષ્યે રજૂ કરેલા મતો વિશેની યોગ્ય વિચારણા ગુરુ તેના ઉત્તરમાં સમાધાનરૂપે આપે છે. તે સમાધાનમાં શિષ્યની દલીલો કઈ રીતે અયોગ્ય છે તે ગુરુ સમજાવે છે. એટલે કે આત્માનાં અસ્તિત્વાદિ છ પદનું નિરૂપણ ગુરુએ કરેલ સમાધાનમાં આવે છે.

આમ શિષ્ય અને ગુરુના સંવાદથી જગતમાં પ્રવર્તતાં છયે દર્શનનો સાર આવી જાય છે, એટલું જ નહિ, સ્યાદ્વાદશૈલીને લીધે જૈન દર્શનની ઉત્તમતા પણ બતાવાઈ જાય છે. શિષ્યે કરેલી શંકાના સમાધાનમાં ગુરુ જૈન દર્શનનો અભિપ્રાય રજૂ કરે છે. એટલે કે જૈન એ અનેકાંત દર્શન હોવાથી કોઈ અપેક્ષાએ અન્ય દર્શનનોએ જણાવેલા અભિપ્રાયને સ્વીકારી, બીજી અપેક્ષાએ તેનો નિષેધ કરે છે. આવાં સ્થળોએ જે વસ્તુ આત્મશ્રેય માટે યોગ્ય લાગી તે જ વસ્તુ શ્રીમદે જણાવી છે. કોઈ પણ દર્શનનું નામ મૂક્યા વિના પોતાનો અભિપ્રાય તેમણે વ્યક્ત કરેલો જણાય છે.

તેમના આ નિષ્પક્ષપાતપણા વિશે શ્રી મનસુખભાઈ રવજીભાઈ યોગ્ય જ લખે છે કે :–

> "શ્રીમાન આનંદઘનજી મહારાજ, પરમતખંડન અને સ્વમતમંડનની પદ્ધતિથી એટલા માટે દૂર રહ્યા છે કે, જે મતનું ખંડન કરવામાં

આવે છે તે મતના અનુયાયીઓ સત્ય સ્વીકારવાને બદલે ઊલટા વિમુખ થાય છે; તેમ શ્રીમાન રાજચંદ્રે આ આત્મસિદ્ધિશાસ્ત્રમાં આ વાદવિવાદનાં સ્થળોએ પણ એવી સૂક્ષ્મ કાળજી રાખી છે કે, કોઈ પણ મતનું એક અક્ષર પણ પ્રત્યક્ષ ખંડન ન કરતાં, જે અભિપ્રાયો પોતે પ્રતિપાદન કરવામાં આત્મશ્રેય માન્યું છે, તે અભિપ્રાયો સરલતાપૂર્વક અને વસ્તુપણે જણાવવા. શ્રીમાન હરિભદ્રસૂરિએ પોતાના "ષડ્દર્શન સમુચ્ચય" નામક ગ્રંથમાં જુદાં જુદાં છ દર્શનોનું સ્વરૂપ બતાવતાં જેમ પ્રત્યેક દર્શનના પ્રતિનિધિ તરીકે નિષ્પક્ષપાત બુદ્ધિ રાખી છે, તેમ શ્રીમાન રાજચંદ્રે પણ પ્રત્યેક ધર્મમતનું સ્વરૂપ બતાવતાં તેના પ્રતિનિધિ તરીકે કામ લીધું છે. વિશેષમાં તેઓએ વર્તમાન સમયને અનુકૂળ ગણાય એવી એક શૈલી રાખી છે કે, ક્યો અભિપ્રાય ક્યા ધર્મનો છે એમ અગોપ્યપણે બતાવ્યું નથી, કેમ કે ચોક્કસ મતનો ફલાણો મત છે અને તે અયોગ્ય છે એમ બતાવવામાં આવે, તો તે મતના અનુયાયીને, ગ્રંથકારને પોતાના અભિપ્રાય પર આગ્રહ છે એમ લાગી આવે, તેથી તેનો સ્વીકાર કરવાનું મન થતું નથી; એટલું જ નહિ પણ તેને ગ્રંથકાર પક્ષપાતી લાગે છે. આવું ન થાય તે માટે ગ્રંથકારે અતિશય કાળજી રાખી છે. જુદાં જુદાં દર્શનોના અભિપ્રાય આ છ પદમાં આવ્યા છે, પણ તે વાંચતાં વિચારતાં કોઈને ન લાગે કે ગ્રંથકારનો ચોક્કસ અભિપ્રાય પ્રત્યે અભાવ છે... દાખલા તરીકે જ્યારે આત્મા નિત્ય નથી એવા વિચારના પ્રતિનિધિ તરીકે દાવો રજૂ કર્યો છે ત્યારે કોઈને પણ કિંચિત્ માત્ર એવી અસર ન થાય કે, તેમાં એક વકીલ તરીકે કોઈ પણ પ્રકારની ન્યૂનતા રાખી છે. આ રીતે જ્યારે તેના નિષેધકર્તા વકીલ તરીકે ઊભા રહ્યા છે ત્યારે તેના તરફની ન્યૂનતા રાખી નથી." ("આત્મસિદ્ધિ", સંપા. મનસુખભાઈ રવજીભાઈ, પ્રસ્તાવના, પૃ. ૨૦.)

આમ આપણે જોઈ શકીશું કે "આત્મસિદ્ધિ" એ ખંડનમંડનરહિત, છયે દર્શનનો સાર માત્ર ૧૪૨ ગાથામાં સમાવતું એક અપૂર્વ શાસ્ત્ર છે. તેથી જ "આત્મસિદ્ધિશાસ્ત્ર"ને "આત્મોપનિષદ" ગણાવતાં પંડિત સુખલાલજી લખે છે કે :–

> "આત્મસિદ્ધિ વાંચતાં અને તેનો અર્થ પુનઃ પુનઃ વિચારતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે શ્રીમદ્ રાજચંદ્રે આ એક નાનકડી કૃતિમાં આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૫)

મુનિશ્રી લલ્લુજી મહારાજે આપેલો અભિપ્રાય પણ મનનયોગ્ય છે. તેમણે કહ્યું છે કે :–

> "શ્રી આત્મસિદ્ધિમાં આત્મા ગાયો છે. તેમાં કોઈ ધર્મની નિંદા નથી. સર્વ ધર્મ માનનારને વિચારવા યોગ્ય છે. આપણે પણ આત્મા ઓળખવો હોય તો તેનો વારંવાર વિચાર કરવા યોગ્ય છે. ચૌદ પૂર્વનો સાર તેમાં છે. આપણને આપણી યોગ્યતા પ્રમાણે વિચારવાથી ઘણો લાભ થાય તેવું છે. એમાં જે ગહન મર્મ ભર્યો છે તે તો જ્ઞાનીગમ્ય છે, કોઈ સત્પુરુષના સમાગમે સાંભળીને મનન કરવા યોગ્ય છે. પણ જેટલો અર્થ આપણને સમજાય તેટલો સમજવા પુરુષાર્થ કર્તવ્ય છે. એટલે ગમે તે ધર્મ માનનાર હોય તેની સાથે આત્મસિદ્ધિ વિશે વાત થાય અને તે સાંભળે તો તેને રુચે તેમ છે." ("ઉપદેશામૃત", પત્રાવલિ નં. ૧૫૬)

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની મૌલિકતા

"આત્મસિદ્ધિ"માં આત્માનાં છ પદ વિશેની શ્રદ્ધા તથા તેનાં અસ્તિત્વનું નિરૂપણ થયેલું છે. ભારતીય તત્ત્વજ્ઞાનીઓની વિચારણાની દૃષ્ટિએ જોઈએ તો તે પદની સિદ્ધિ એ નવીનતા નથી. "આચારાંગ", "સૂત્રકૃતાંગ", "ઉત્તરાધ્યયન", "પ્રવચનસાર",

"સમયસાર" આદિ પ્રાકૃત ગ્રંથોમાં આત્માનાં છ પદ વિશેના જે વિચારો જુદી જુદી રીતે છૂટાછવાયા મળી આવે છે, તેનું સંકલન જોવા મળે છે. ગણધરવાદમાં જે વિચારનું તર્કશૈલીથી સ્થાપન કરવામાં આવ્યું છે, હરિભદ્રાચાર્યે પોતાના "શાસ્ત્રવાર્તાસમુચ્ચય"માં કે શ્રીમાન્ યશોવિજયજીએ પોતાના "અધ્યાત્મસાર"માં જે વિચારને વધારે પુષ્ટિ આપી છે, તે સમગ્ર વિચાર "આત્મસિદ્ધિશાસ્ત્ર"માં એવી રીતે ગૂંથાઈ ગયો છે કે તે વાંચનારને પોતાના પૂવાચાર્યોના ગ્રંથોનું પરિશીલન કરવા માટેની મુખ્ય ચાવી પૂરી પાડે છે. આ ઉપરાંત "આત્મસિદ્ધિ"માં શંકરાચાર્ય, વાત્સાયન, વ્યાસ આદિએ આત્માનાં અસ્તિત્વની બાબતમાં જે દલીલો આપી છે, તે પણ અહીં જોવા મળે છે.

આમ વિચારણાની દૃષ્ટિએ તો "આત્મસિદ્ધિશાસ્ત્ર" એ અનેક ગ્રંથોના વ્યવસ્થિત સંકલન જેવું લાગે છે. તેમ છતાં એ વાંચીએ ત્યારે, પંડિત સુખલાલજી જણાવે છે તેમ :–

> "મન પર એમની વિવેકપ્રજ્ઞા, મધ્યસ્થતા અને સહજ નિખાલસતાની અચૂક છાપ પડયા વિના કદી ન રહે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૭)

આત્મસિદ્ધિ વાંચતાં એક પ્રતીતિ તો તરત જ થાય તેમ છે કે શ્રીમદે એ રચના માત્ર શાસ્ત્રો વાંચીને જ નથી કરી, પણ તેથી વિશેષ એક સાચા મુમુક્ષુ તરીકે તેમણે જે આત્મમંથન અનુભવ્યું, આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જે સાધના કરી અને તપ આચર્યું, તેનાં પરિણામે જે અનુભવમૌક્તિક તેમને લાધ્યું તથા આત્મસ્વરૂપની જે પ્રતીતિ તેમને થઈ, તેના પરિપાકરૂપે આ રચના થયેલ છે. "કોટિજ્ઞાનીનો એક જ અભિપ્રાય હોય છે" એ વચનાનુસાર શ્રીમદ્‌ને લાધેલા અનુભવ તેમના પૂર્વના આચાર્યોના અનુભવને મળતો હોય તે સ્વાભાવિક છે. જે સત્ય છે તે તો ત્રિકાળ સત્ય જ રહેવાનું છે, આથી આત્માનાં અસ્તિત્વ આદિ પદોનું જે નિરૂપણ થયેલ છે તે પૂર્વના ગ્રંથોમાં મળી આવે તે યોગ્ય જ છે. પરંતુ

એનું જે શૈલીમાં અને જે પ્રકારે "આત્મસિદ્ધિ"માં નિરૂપણ થયેલ છે તે જ તેની વિશેષતા છે. આત્મસિદ્ધિ જેવી ૧૪૨ દોહરાની નાની કૃતિમાં આત્માને લગતું આવશ્યક રહસ્ય દર્શાવી આપ્યું છે તે કંઈ નાનીસૂની સિદ્ધિ નથી. આ કૃતિ વિશે પંડિત સુખલાલજી યોગ્ય જ લખે છે કે :–

> "માતૃભાષામાં અને તે પણ નાના નાના દોહા છંદોમાં, તેમાં પણ જરાય તાણી કે ખેંચી અર્થ ન કાઢવો પડે એવી સરલ પ્રસન્ન શૈલીમાં આત્માને સ્પર્શતા અનેક મુદ્દાઓનું ક્રમબદ્ધ તેમ જ સંગત નિરૂપણ જોતાં અને તેની પૂર્વવર્તી જૈન-જૈનેતર આત્મવિષયક મહત્ત્વપૂર્ણ ગ્રંથો સાથે સરખામણી કરતાં અનાયાસે કહેવાઈ જાય છે કે પ્રસ્તુત આત્મસિદ્ધિ એ સાચે જ આત્મોપનિષદ છે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૫)

પોતપોતાના પક્ષ અને મંતવ્યની સિદ્ધિ અર્થે સેંકડો ગ્રંથો અનેક વર્ષોથી લખાતા આવ્યા છે. "સર્વાર્થસિદ્ધિ" વિશે માત્ર જૈન આચાર્યોએ જ નહિ, પણ જૈનેતર આચાર્યોએય પોતપોતાના સંપ્રદાય અનુસાર લખ્યું છે. વેદાંતમાં "બ્રહ્મસિદ્ધિ", "અદ્વૈતસિદ્ધિ" આદિ પ્રસિદ્ધ છે. "નૈષ્કર્મ્યસિદ્ધિ" અને "ઈશ્વરસિદ્ધિ" પણ જાણીતાં છે. "સર્વજ્ઞસિદ્ધિ" જૈન, બૌદ્ધ વગેરે પરંપરામાં લખાયેલ છે, અને આ ઉપરાંત બીજાં અનેક પુસ્તકો સિદ્ધિ વિશે લખાયેલાં ઉપલબ્ધ થાય છે, તે બધાં સાથે આત્મસિદ્ધિની સરખામણી કરવામાં આવે ત્યારે જ તેનું મૂલ્ય સમજાય. આ બધા સિદ્ધિગ્રંથોમાં અમુક વિષયની દલીલો દ્વારા ઉપપત્તિ કરવામાં આવેલી દેખાય છે, અને સાથે સાથે તેનાથી વિરુદ્ધ દલીલોનું તર્ક કે યુક્તિથી નિરાકરણ કરેલું જોવા મળે છે. આથી એની પાછળ આત્મસાધના કે આધ્યાત્મિક પરિણતિનું સમર્થ બળ ભાગ્યે જ જોવા મળે છે. તેની સરખામણીમાં આત્મસિદ્ધિની ભાત જુદી પડે છે. તેમાં તો શ્રીમદે પોતાના અનુભવના ઊંડાણમાંથી જે પ્રાપ્ત થયું છે તેનું નિરૂપણ કરેલું છે. તેમાં તાર્કિક ઉપપત્તિ નથી, પણ આત્માનુભવની થયેલી સિદ્ધિ જોવા મળે છે. આ જ કારણે "આત્મસિદ્ધિ"માં એક પણ વેણ કડવું, આવેશપૂર્ણ,

પક્ષપાતી કે વિવેકરહિત મળતું નથી. તેથી જ તેને આપણે પંડિત સુખલાલજીની જેમ કહી શકીએ કે :–

> "તેમણે આધ્યાત્મિક મુમુક્ષુને આપેલી ભેટ એ તો સેંકડો વિદ્વાનોએ આપેલી સાહિત્યિક ગ્રંથરાશિની ભેટ કરતાં વિશેષ મૂલ્યવંતી છે." ("આત્મસિદ્ધિ", સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૮)

અને એથી જ જે ઉંમરે અને જે ટૂંકા ગાળામાં પોતે પચાવેલું જ્ઞાન આત્મસિદ્ધિમાં શ્રીમદે ગૂંથ્યું છે તેનો વિચાર કરતાં સર્વ કોઈનું મસ્તક નમી પડે તેમ છે.

અલબત્ત, આ જ અનુભવ પૂર્વના જ્ઞાનીઓએ પણ વર્ણવ્યો છે; કારણ કે જ્ઞાનીના માર્ગ બે નથી. પણ અહીં આરંભમાં દર્શાવેલ આત્માર્થી, મતાર્થી, સદ્‌ગુરુ આદિનાં લક્ષણો, પછી આવતો આત્માનાં છ પદ વિશેની શંકા અને તેના સમાધાનને લગતો મહત્ત્વનો ભાગ, તેનો ઉપસંહાર આદિ એટલાં તર્કપૂર્ણ અને સંપૂર્ણતાથી રજૂ થયેલ છે કે આધ્યાત્મિક ક્ષેત્રમાં રસ ધરાવનાર કોઈના માટે પણ આકર્ષણનું તત્ત્વ બની રહે તેમ છે.

પ્રા. દિનુભાઈ પટેલ આત્મસિદ્ધિ વિશે લખે છે કે :–

> "શ્રીમદ્ રાજચંદ્રની લાક્ષણિક શૈલીમાં આત્મસિદ્ધિશાસ્ત્ર લખાયું છે. આત્મસિદ્ધિશાસ્ત્રમાં વાંચનારને સાચે જ અનુભવ થાય છે કે આ શાસ્ત્ર કોઈ પણ વ્યાવહારિક ધર્મને વળગી રહેતું નથી. પોતાનાં વાંચનમાં અને અનુભવમાં આવેલા, જુદી જુદી કક્ષાના મુમુક્ષુ જીવોના નિઃશ્રેયસ્ કલ્યાણ અર્થે, ભૂતકાળમાં થયેલા આત્મજ્ઞાનીઓના અનુભવોને લક્ષમાં લઈ ટૂંકામાં છ સિદ્ધાંતો આત્મસિદ્ધિમાં બહુ જ સરળ ભાષામાં અને હૃદયંગમ શૈલીમાં પ્રરૂપ્યા છે. તર્કની ભાષા જ સમજે એવા તર્કગ્રાહી પુરુષો માટે પણ આત્મસિદ્ધિશાસ્ત્ર ઘણું મનનીય છે." ("શ્રીમદ્ રાજચંદ્રઃ અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૧૨૪)

આમ આપણે જોઈએ તો તત્ત્વની દૃષ્ટિએ "આત્મસિદ્ધિ" મૌલિક નથી, પણ તેની નિરૂપણશૈલીમાં મૌલિકતા સમાયેલી છે. તેથી જ પૂ. લલ્લુજી મહારાજ જણાવે છે કે :–

> "મોટાં મહાભારત, પુરાણ કે જૈનનાં શાસ્ત્રો કરતાં બહુ સુગમ અને સરળતાથી સર્વ શાસ્ત્રના સારરૂપ આત્મસિદ્ધિમાં વાત કરેલી છે. તે ગહન વાત વિચારવાન જીવને બહુ લક્ષમાં લેવા યોગ્ય છે." ("ઉપદેશામૃત", પત્રાંક ૨૧, પૃ. ૧૩૫)

## "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની લોકભોગ્યતા

આપણે જોયું તેમ આ ગ્રંથમાં ખૂબ જ ગહન વિષયનું નિરૂપણ થયેલું છે. પણ તેની રચના શ્રીમદે એવી સરળ ભાષામાં કરી છે કે તે સમજવામાં સર્વ કોઈને સુગમ થઈ પડે. ગુજરાતી ભાષામાં અને તે પણ નાના નાના દોહરામાં સરળ, પ્રસન્ન ભાષામાં તેની રચના થયેલી છે. તેમાં અટપટા વિષયોની વિવિધતા નથી, તેમાં દૃષ્ટાંતિક કથા કે વર્ણનો નથી. છ પદની સિદ્ધિ માટે પ્રશ્નોત્તરરૂપે તત્ત્વનિરૂપણનો વિષય હોવા છતાં સૈદ્ધાંતિક ગ્રંથો જેવી કઠણાઈ તેમાં નથી. બહુ સૂક્ષ્મ ચર્ચા કે વિચારણા કરતા પોતે ગૂંચવાઈ જાય, થાકી જાય તેમ ન કરતાં સૂક્ષ્મ વિચારણા કરવા વાચક પ્રેરાય અને આત્માસંબંધી નિઃશંક થાય તેવી સુશ્લિષ્ઠ રચના આ શાસ્ત્રની છે. તેથી આ શાસ્ત્ર સૌ કોઈ મુમુક્ષુ જીવને અવગાહવા અને નિત્ય પઠન કરવા યોગ્ય અવશ્ય છે. એવો મુકુલભાઈનો અભિપ્રાય આ શાસ્ત્ર વાંચ્યા પછી યથાર્થ લાગ્યા વિના રહે તેમ નથી. ('આત્મસિદ્ધિ', સંપા. મુકુલભાઈ કલાર્થી, પૃ. ૨૪)

સામાન્ય જ્ઞાન ધરાવતી વ્યક્તિ, પોતપોતાની કક્ષા, ક્ષયોપશમતા અનુસાર તેમાંથી અર્થ સમજી શકે તેવી સરળતા તેની રચનામાં રહેલી છે. ભાષા સરળ છે એટલું જ નહિ, ગોઠવણી પણ એટલી બધી વ્યવસ્થિત છે કે તેમાં ક્યાંયે

ગૂંચવણ થાય તેવું નથી. વળી અન્ય મતોના ખંડનમંડનથી આ કૃતિ દૂર રહી છે, તેથી આબાલવૃદ્ધ સર્વને ભોગ્ય, હિતકારી સામગ્રીથી ભરેલ આ કૃતિ બનેલ છે. બ્રહ્મચારીજીના શબ્દોમાં કહીએ તો :–

> "શ્રીમદ્‌નાં બીજાં બધાં લખાણો કરતાં આત્મસિદ્ધિની પદ્ધતિ જુદી જાતની છે...તેથી આ ગ્રંથ લોકપ્રિય થઈ પડયો છે, અને ભવિષ્યમાં પણ ઘણા જીવોને માર્ગદર્શનરૂપ થઈ પડે તેવો છે." ("શ્રીમદ્ રાજચંદ્ર: અર્ધશતાબ્દી સ્મારકગ્રંથ", પૃ. ૪૪)

ગ્રંથની ભાષા સાદી, સીધી, સરળ, ટૂંકાક્ષરી અને તુરત સમજાય તેવી છે. તેમ છતાં આ આખી કૃતિ સૂત્રાત્મક છે, અને તેમાંથી પ્રત્યેક જીવ પોતપોતાની યોગ્યતા અનુસાર પામી શકે છે. કોઈ પણ જીવ એવો નહિ હોય કે જે એમાંથી કશું જ ન મેળવી શકે. આથી મુનિ શ્રી લલ્લુજી મહારાજે આપેલો આત્મસિદ્ધિ વિશેનો નીચેનો અભિપ્રાય બહુ મનન કરવા યોગ્ય છે :–

> "નાના પુસ્તકના આકારે જણાય છે, પણ તે ચમત્કારી વચનો છે.. તે લબ્ધિવાક્યો છે, મંત્રસ્વરૂપ છે. રિદ્ધિસિદ્ધિની કંઈ જરૂર નથી. પણ જન્મમરણના ફેરા ટળે તેવાં તે વચનો છે. કોઈ સમજે ન સમજે તોપણ કાનમાં તે વચનો પડવાથી પણ પુણ્ય બાંધે છે. તેમાં જે આત્મા વિશે વાત જણાવી છે તે માન્ય કરવા યોગ્ય છે, શ્રદ્ધા કરવા યોગ્ય છે." ("ઉપદેશામૃત", પત્રાંક ૨૧, પૃ. ૧૩૫)

> "આત્મસિદ્ધિમાં તો ભલભલાને માન્ય કરવી પડે તેવી વાતો છે. તેથી વધારે હું જાણું છું એમ કહેનાર કંઈ જાણતો નથી. તેમાં ભૂલ દેખનાર પોતે જ ભૂલ ખાય છે. શ્રી આત્મસિદ્ધિને યથાર્થ સમજનાર તો કોઈ વિરલા જ્ઞાની પુરુષ છે. પણ ગુજરાતી ભાષામાં હોવાથી નાનાં બાળક, સ્ત્રી, વિદ્વાન ગમે તે વાંચી શકે, મોઢે કરી શકે, રોજ બોલી શકે અને

યથાશક્તિ સમજી શકે તેમ છે. અને ન સમજે તોપણ તે જ્ઞાનીપુરુષના શબ્દો કાનમાં પડે તોપણ જીવ પુણ્ય બાંધે એવો એનો પ્રભાવ છે." ("ઉપદેશામૃત", પત્રાંક ૧૫૬)

**"આત્મસિદ્ધિશાસ્ત્ર"** એ શ્રીમદ્‌ની ઉત્તમોત્તમ કૃતિ છે, તે વિશે સર્વ વિદ્વાનો સંમત થાય છે.

ગમે તે વાટે અને ગમે તે દર્શનથી કલ્યાણ થતું હોય, તો ત્યાં પછી મતમતાંતરની કંઈ અપેક્ષા શોધવી યોગ્ય નથી. આત્મત્વ જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી કે જે જ્ઞાનથી પ્રાપ્ત થાય તે અનુપ્રેક્ષા, તે દર્શન કે તે જ્ઞાન સર્વોપરી છે; અને જેટલા આત્મા તર્યા, વર્તમાને તરે છે, ભવિષ્યે તરશે તે સર્વ એ એક જ ભાવ પામીને.

— શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત
આંક ૭૧, પૃ. ૧૯૩.

## પ્રકરણ ૨

# આત્માની સિદ્ધિ

શુદ્ધાત્માનાં અડોલ, સહજાનંદી, અરૂપી ચૈતન્યઘન સ્વરૂપે પ્રગટ થતાં સિદ્ધરૂપને, જે આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપની ઉત્કૃષ્ટતાની સમાનતા સાથે સમગ્ર લોકના સર્વ પ્રદેશોમાં કલ્યાણનાં પરમાણુઓ દ્વારા એકરૂપે સ્થાપે છે, એવા શ્રી સિદ્ધ ભગવાનને અપૂર્વ યોગની પર્યાય તથા અપૂર્વ સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાનાં પરિબળથી નિષ્ઠાપૂર્વક સાષ્ટાંગ વંદન કરી, એ સિદ્ધિને પરસિદ્ધિમાંથી સ્વરૂપસિદ્ધિમાં પરિણમાવવા માટે શ્રી પંચપરમેષ્ટિ ભગવાનની આજ્ઞાથી એ જ્ઞાનને જાણવા, ઓળખવા, શ્રધ્ધવા, આચરવા તથા પરિણમન કરવા ધર્મના સનાતનપણામય અને મંગલપણામય પરમ વિશુદ્ધ ભાવરસ, ભેદરસ, તથા આજ્ઞારસની આજ્ઞા માગીએ છીએ.

હે ત્રણ લોકના અરિહંત! તમારા અપૂર્વ, અબાધિત, અયોગી પુરુષાર્થનો સાથ લઈ, તમારા યોગ સાથેના સમય માત્રના જોડાણ દ્વારા એ અલૌકિક, અકથ્ય, અરૂપી, અપૂર્વ તથા શબ્દાતીત વેદનને લૌકિક, રૂપી શબ્દનાં કથનમાં પરિણમન કરવા જેવા દુષ્કર, દુષ્કર, અતિ દુષ્કર કાર્યને તમારી કૃપાથી અને આજ્ઞાથી સફળ કરીએ, એટલું જ નહિ પણ એ સર્વ આજ્ઞાંકિત પુરુષાર્થનાં શુભ ફળ તથા પુણ્યને રૂપી શબ્દના આજ્ઞારસથી નિચોવી અરૂપી વેદનમાં લઈ જઈ, આત્માના પ્રદેશે પ્રદેશમાં સાદિ અનંતકાળ માટે પરિણમાવીએ એ જ આ દાસાનુદાસની તમારી સમક્ષ અતિ અતિ નમ્ર વિનંતિ છે; કે જેથી આત્માની સિદ્ધિ કરવાનો મુખ્ય માર્ગ અમને પ્રાપ્ત થાય.

'આણાએ ધમ્મો, આણાએ તવો'; 'સમયં ગોયમ્ મા પમાયએ'; 'આત્મિક શુદ્ધિથી પરમાર્થિક સિદ્ધિ'; 'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'; 'ૐ ગમય આણાયં, આણાયં ગમય ૐ'; 'પૂર્ણ આજ્ઞાસિદ્ધિ – પૂર્ણ કલંકરહિત અડોલ દશા'; 'શ્રી પંચપરમેષ્ટિનાં પંચામૃતથી બ્રહ્મરસ સમાધિ'; તથા 'શ્રી કેવળીપ્રભુનો સાથ' એ પ્રકરણોનો અભ્યાસ કરવાથી તથા પ્રભુની આજ્ઞામાં રહેવાના મહાપુરુષાર્થથી, એમાં સ્થિર તથા લીન થવાથી લક્ષ આવશે કે એ સર્વ અમૂલ્ય બોધ, શ્રી પ્રભુનું પરમ શ્રુતજ્ઞાન હતું. શ્રી પ્રભુ આ શ્રુતને માનવતાના માધ્યમ દ્વારા, શ્રદ્ધાનાં સામ્રાજ્યમાં વણી લઈ, પરમ પુરુષાર્થરૂપી પુંજીની પ્રાપ્તિ કરવા શ્રદ્ધાના મહામાર્ગમાં પુરુષાર્થનાં વાહનથી કેવી રીતે ગતિ કરવી તે સમજાવીને ધ્રુવલક્ષરૂપ મોક્ષલક્ષ્મીને અનંતાનંત કાળ માટે વરી લેવાનું માર્ગદર્શન તથા બોધ આપે છે.

> "અહો! શ્રી અરિહંત પરમાત્મા! તમારી કરુણા અપરંપાર છે. તમે અમને ઊંડાણથી તથા ક્રમબદ્ધ બોધ આપો છો. આ બોધને યથાર્થ રીતે શ્રદ્ધા તથા શ્રમમાં પરિણમાવવા માટે અમ જેવા દાસના મંદ પુરુષાર્થને જાણીને, ખૂબ કરુણાભાવથી અમારા હ્રદયના ભાવને સમજીને, આ દુષ્કર સિદ્ધિને સિદ્ધ કરવા માટે, માતા જેમ પોતાનાં પંગુ બાળકની ખામીને પૂરવા અતિ પ્રેમ, તથા લાગણી વરસાવી, વિશેષ ધ્યાન આપી, તેને પુરુષાર્થ કરવામાં મદદ કરી કાર્યસિદ્ધિ કરાવે છે; તેમ તમે અમારાં પંચમકાળનાં હીનવીર્યને, છેવટ્ટાનાં શરીરને, સંસારમાં વર્તતા પ્રબળ મોહને, યથાર્થ સર્વસંગ પરિત્યાગના અભાવને તથા હુંડાવસર્પિણી કાળની કાલિમાને લક્ષમાં રાખી, અમારી અપંગતાને આજ્ઞાનાં માધ્યમથી શક્તિનો ભંડાર બનાવી, સરળ તથા સુગમ માર્ગ બતાવી રહ્યા છો."

> "હે પ્રભુ! આ ઋણનો આભાર માનવા માટે શબ્દો તો શું, પણ અહોભાવનું વેદન પણ સાવ ફિક્કું લાગે છે; પરંતુ જેમ નાનું બાળક

પોતાની કાલીઘેલી ભાષામાં માતાને પોતાના ભાવ સમજાવે છે તેમ અમે તમારા પ્રતિના અહોભાવથી તરબતર બની એ જ માગીએ છીએ કે, 'હે પ્રભુ! આ સાથ તમે લોકનાં સર્વ જીવોમાં જગાડો કે જેથી ધર્મનાં શાંતિ, મંગલપણું તથા સનાતનપણું અસ્ખલિત ધારાથી અનંતાનંત કાળ માટે વહ્યા કરે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! તમો તમારા પુરુષાર્થના ભાવરસ દ્વારા જડ એવા પુદ્ગલમાં આ અપૂર્વ માર્ગને સમાવો છો, તમારા એ ભાવ, તમારો એ ઉત્તમ પુરુષાર્થ તથા તમારું આજ્ઞાધીનપણું સદાય જયવંત રહો! કે જેથી સંસારની અસારતાનો સાર કાઢવા માટે સારરૂપ ધર્મનું સામ્રાજ્ય સદાકાળ માટે અતિ અતિ બળવાન રહે; આ ભાવનાથી, તમારા આ બોધરૂપ વાણીના ધોધને ઝીલવા તથા વર્ણવવા કૃપા તેમજ આજ્ઞા માગીએ છીએ.'"

શ્રી કેવળીપ્રભુના સાથથી, જીવને શિવ થવા માટે શ્રુત પ્રાપ્ત થાય છે. આ શ્રુતને ચારિત્રની વિશુદ્ધિમાં પરિણમાવી, તેને અનુભવરૂપ પરમાવગાઢ દશામાં લઈ જવાના માર્ગને તથા પુરુષાર્થને 'આત્માની સિદ્ધિ' તરીકે શ્રી પ્રભુ ઓળખાવે છે. આત્માની સિદ્ધિને યથાર્થ રીતે પ્રગટ કરવા માટે, આત્માના અશુદ્ધ પ્રદેશોના વિભાગનું રૂપ યથાર્થ રીતે જાણવું તથા સમજવું અનિવાર્ય થાય છે. શ્રી પ્રભુ એમનાં અંતર્જ્ઞાનનાં પેટાળમાંથી ૐરૂપ ગુંજનનાં માધ્યમથી સ્પષ્ટ અનુભવરૂપ ચેતનભાવનાને યથાર્થ શબ્દદેહ આપી, પુદ્ગલની અલૌકિક રચનાને પ્રગટ કરતાં, આ વિભાગનું જ્ઞાન આપણને આપે છે.

આત્માના અશુદ્ધ પ્રદેશો પર વિવિધ પ્રકારનાં ઘાતિ તેમજ અઘાતિ કર્મોનો જમાવ હોય છે. કર્મનું આ સિંચન અસમાન હોય છે. પરંતુ શ્રીપ્રભુ આપણને સમજાવે છે તે પ્રમાણે આ પ્રદેશો પર કર્મની રચના વિવિધ પ્રકારની હોવા છતાં પણ, તેમાં અમુક અપેક્ષાએ સમાનતા રહેલી હોય છે. સમ્યક્ત્વ મેળવ્યા પહેલાં તે જીવનાં સર્વ અશુદ્ધ પ્રદેશો અજ્ઞાનીની જેમ વર્તતા હોય છે. સમ્યક્ત્વ પામે છે ત્યારે તે જીવના અડધાથી વધારે પ્રદેશો શ્રાવકશ્રાવિકા જેવું વર્તન

કરતા થાય છે, બાકીના પ્રદેશો અજ્ઞાની જેવું વર્તન કરતા રહે છે. તે જીવ જ્યારે પ્રભુને પોતાનાં મન, વચન તથા કાયાની સોંપણી કરી છઠ્ઠા ગુણસ્થાને પહોંચે છે ત્યારે, તેના ઘણા પ્રદેશો (અડધાથી વધારે) શ્રાવકશ્રાવિકાને બદલે સાધુસાધ્વી જેવું વર્તન કરતા થાય છે, અજ્ઞાનીની જેમ વર્તતા કેટલાક પ્રદેશો શ્રાવકશ્રાવિકાનાં વર્તનની કક્ષાએ આવે છે અને બાકીના પ્રદેશો પોતાનું અજ્ઞાની વર્તન ચાલુ રાખે છે. એ જીવ આત્મશુદ્ધિમાં વધારે વિકાસ કરે છે ત્યારે તેના કેટલાક પ્રદેશો ઉપાધ્યાયજીની કક્ષાનું વર્તન શરૂ કરે છે, કેટલાક સાધુસાધ્વીની કક્ષાનું વર્તન સ્વીકારે છે, કેટલાક શ્રાવકશ્રાવિકાની કક્ષા પામે છે અને અજ્ઞાની જેવું વર્તન કરનારા પ્રદેશોની સંખ્યા ઘટતી જાય છે. જ્યાં સુધી જીવ ક્ષાયિક સમકિત મેળવતો નથી, ત્યાં સુધી તેના અમુક પ્રદેશો મિથ્યાત્વની અસરથી અજ્ઞાની જેવું વર્તન ત્યાગી શકતા નથી. એ જીવ હજુ વિશેષ આજ્ઞાધીન થઈ વર્તતાં શીખે છે ત્યારે તેના ઉપાધ્યાયજીની કક્ષાના કેટલાય પ્રદેશો આચાર્યજી જેવી વર્તના સ્વીકારે છે, કેટલાક ઉપાધ્યાયજી જેવી વર્તના કરે છે, અમુક પ્રદેશો સાધુસાધ્વીની કક્ષાએ વર્તતા થાય છે અને બાકીના પ્રદેશો શ્રાવકશ્રાવિકા જેવી વર્તના રાખે છે. અજ્ઞાની જેવી વર્તના કરનાર પ્રદેશોની સંખ્યા ઘણી ઘટી જાય છે, પણ નિર્મૂળ થતી નથી. પરંતુ જીવ જ્યારે ક્ષાયિક સમકિત મેળવે છે, મિથ્યાત્વને દેશવટો આપે છે ત્યારે તે ક્ષણથી જ તેના પ્રદેશોનું અજ્ઞાની જેવું વર્તન બંધ થઈ જાય છે. બધા પ્રદેશો ઓછામાં ઓછા શ્રાવકશ્રાવિકાની રસમનું વર્તન કરતા થાય છે. જે ગુણસ્થાને જીવ ક્ષાયિક મેળવે, (ચોથાથી છઠ્ઠા – સાતમા ગુણસ્થાન સુધીમાં) તે ગુણસ્થાનથી જીવના પ્રદેશોનું અજ્ઞાની વર્તન બંધ થઈ જાય છે.

જે જીવ ભાવિમાં ગણધરપદ પામવાના હોય તેના કેટલાક પ્રદેશો આજ્ઞાધીનપણું વધારી, ગણધર જેવા કલ્યાણભાવ વેદી, તે કક્ષાએ પહોંચે છે. તે જીવના બાકીના અશુદ્ધ પ્રદેશો આચાર્ય, ઉપાધ્યાય, સાધુસાધ્વીની કક્ષાએ તથા નહિવત્ પ્રદેશો શ્રાવકશ્રાવિકાની કક્ષાએ રહે છે. જે જીવ તીર્થંકરપદ સુધી

પહોંચવાનો હોય તેના અમુક અશુદ્ધ પ્રદેશો ઉપર જણાવેલી પ્રક્રિયામાંથી પસાર થઈ તીર્થંકર પ્રભુના ભાવની કક્ષા અને વર્તના સુધી જાય છે. જીવના અડધાથી વધારે પ્રદેશો તીર્થંકરની કક્ષાએ પહોંચે છે અને કલ્યાણભાવનું ઉત્કૃષ્ટપણું વેદે છે ત્યારે તે જીવ તીર્થંકર નામકર્મ બાંધે છે, અર્થાત્ તે કર્મ નિકાચીત કરે છે. જ્યાં સુધી અડધાથી વધારે પ્રદેશો તીર્થંકરની કક્ષાના થતા નથી, અથવા તો તે પ્રદેશો ભાવનું ઉત્કૃષ્ટપણું વેદતા નથી, ત્યાં સુધી એ પદ નિકાચીત થતું નથી. આ જ પ્રમાણે શ્રી ગણધરની બાબતમાં પણ બને છે. જીવના અડધાથી વધારે અશુદ્ધ પ્રદેશો ગણધરના ભાવની કક્ષાએ પહોંચે છે અને તેઓ કલ્યાણભાવનું ઉત્કૃષ્ટપણું વેદે છે ત્યારે તે જીવમાં ગણધર નામકર્મ બાંધવાની પાત્રતા આવે છે, અને પાંચ સમવાય ભેગા થાય ત્યારે તે નામકર્મ નિકાચીત થાય છે. શ્રી તીર્થંકર પ્રભુની બાબતમાં પણ ઉપરની બે શરતો પૂરી થવા સાથે પાંચ સમવાય ભેગા થાય ત્યારે તે પદ નિકાચીત થાય છે, આવું જ અન્ય પરમેષ્ટિની બાબતમાં પણ બને છે. જીવના સાધુસાધ્વીની કક્ષાના પ્રદેશોની સંખ્યા જ્યારે અડધાથી વિશેષ થાય છે અને ભાવનું ઉત્કૃષ્ટપણું પાંચ સમવાય સહિત તે જીવ જ્યારે વેદે છે ત્યારે તેનું તે પદ નિકાચીત થાય છે. તે પછી તે જીવ તેથી ઉપરના પદને નિકાચીત કરતો નથી, પણ સ્પર્શી શકે છે. પરંતુ તે જીવ સાધુસાધ્વીનું પદ નિકાચીત કરે તે પહેલાં જ ઉપાધ્યાયજીની કક્ષાના જીવ સમસ્તના કલ્યાણભાવ તેમાંના અમુક પ્રદેશો કરવા લાગે તો, તેને સાધુસાધ્વીના પદનો માત્ર સ્પર્શ કર્યો કહેવાય એમ શ્રીપ્રભુ આપણને સમજાવે છે. તે પછી જીવનું આજ્ઞાધીનપણું વધવાથી અને ભાવની વિશુદ્ધિ થવાથી તેના ઉપાધ્યાયજીની કક્ષાના પ્રદેશોની સંખ્યા વધતી જાય છે. એવા સંજોગોમાં જો તે જીવના અડધાથી વધારે અશુદ્ધ પ્રદેશો ઉપાધ્યાયજીની કક્ષાના થઈ જાય, તેને ભાવનું ઉત્કૃષ્ટપણું આવે અને પાંચે સમવાય એકત્ર મળે તો તેને ઉપાધ્યાયજીનું પદ નિકાચીત થાય છે, અને ભાવિમાં તે જીવ પંચપરમેષ્ટિમાં ઉપાધ્યાયજીનું પદ પામે છે. જો કોઈ સંજોગમાં તે જીવનું ઉપાધ્યાયજીનું પદ નિકાચીત

થયા પહેલાં તેના પ્રદેશો આચાર્યજીની કક્ષાના ભાવ કરવા લાગે, અને એ સ્થિતિએ ઉપાધ્યાયજીની કક્ષાના પ્રદેશોની સંખ્યા ઓછી થઈ જાય તો તે જીવે ઉપાધ્યાયજીનું પદ નિકાચીત ન કરતાં તેનો સ્પર્શ કર્યો એમ કહેવાય. આગળના વિશેષ પુરુષાર્થમાં તે જીવનું વિશેષ શુદ્ધિકરણ થતાં થતાં તેના અડધાથી વધારે પ્રદેશો આચાર્યજીની કક્ષા મેળવે છે ત્યારે તે જીવે આચાર્યપદનો સ્પર્શ કર્યો કહેવાય. અને તે બધા પ્રદેશો કલ્યાણભાવનું ઉત્કૃષ્ટપણું પાંચ સમવાય સહિત વેદે તો તેનું આચાર્યપદ નિકાચીત થઈ જાય, અને પંચપરમેષ્ટિ પદમાં તેઓ તે સ્થાન ભોગવે. તે જીવ આચાર્યપદ નિકાચીત કરતાં પહેલાં વિશેષ બળવાન તથા ઉત્તમ પુરુષાર્થ આદરી પોતાના આત્મપ્રદેશોને ગણધર પ્રભુની કક્ષાના ભાવો કરતા કરે, અને આચાર્યની કક્ષાના ઉત્કૃષ્ટ ભાવ કરતા પ્રદેશોની સંખ્યા અડધાથી નાની થઈ જાય અને તે જીવના અશુદ્ધ પ્રદેશો જ્યારે અડધાથી વધારે સંખ્યામાં ગણધરની કક્ષાના બની જાય ત્યારે તેને ગણધર નામકર્મ નિકાચીત કરવાનો યોગ આવે છે. પણ ગણધર નામકર્મ તે જીવને જ નિકાચીત થાય છે જે જીવ સિદ્ધ થતા ગણધર પ્રભુના નિમિત્તથી નિત્યનિગોદમાંથી બહાર નીકળ્યો હોય, બીજી રીતે કહીએ તો કહી શકાય કે અન્ય કોઈ પણ જીવ ગણધર નામકર્મ નિકાચીત કરવા ભાગ્યશાળી બની શકતો નથી; એટલું જ નહિ, પણ અમુક વિરલા તીર્થંકર ભગવાન સિવાય એ પદનો છદ્મસ્થ દશામાં સ્પર્શ કરવા પણ સદ્ભાગી થતા નથી. કોઈક વિરલા સદ્ભાગી તીર્થંકર પ્રભુ ગણધર પદનો સ્પર્શ કરે છે અને તેમાંથી વિકાસ કરી પોતાના અડધાથી વધારે પ્રદેશોને તીર્થંકર પ્રભુની કક્ષાના કરે છે. તે સાથે કલ્યાણભાવનું ઉત્કૃષ્ટપણું તથા પાંચ સમવાય એકઠા થાય છે ત્યારે તે જીવનું તીર્થંકર નામકર્મ નિકાચીત થાય છે. આ પર વિચારણા કરતાં સ્પષ્ટપણે સમજાય તેવું છે કે પંચપરમેષ્ટિપદમાં સ્થાન પામનાર જીવનો ઉત્તરોત્તર પુરુષાર્થ વધતો જતો હોય છે; તેમાં તેના અડધાથી વધારે પ્રદેશો કલ્યાણભાવની પ્રવૃત્તિમાં રત રહેતા હોય છે, ભાવનું ક્રમસર ઉત્કૃષ્ટપણું આવવું જરૂરી બને છે અને તેની સાથે

પાંચે સમવાયનો સુમેળ એટલો જ અગત્યનો બને છે. મોટેભાગે જીવ એકાદ પદનો જ સ્પર્શ કરી તે પદને નિકાચીત કરતો હોય છે. છદ્મસ્થ દશામાં પરમેષ્ટિપદનો સ્પર્શ પણ સામાન્યપણે દુર્લભ છે, કારણ કે સહુ જીવ માટે એકસરખો કલ્યાણભાવ વેદવો એ વેરવિરોધમાં વસતા સંસારી જીવ માટે ઘણું ઘણું દુષ્કર કાર્ય છે. તે ઉત્તરોત્તર ઉચ્ચ પદવીએ જતાં જીવોની સંખ્યા અલ્પ અલ્પ થતી જાય છે, સાધુસાધ્વીજીની સંખ્યા કરતાં ઉપાધ્યાયજીની સંખ્યા નાની હોય છે, ઉપાધ્યાયજી કરતાં આચાર્યજી ઓછા જ હોય છે, આચાર્યજી કરતાં ગણધરજી ખૂબ અલ્પ હોય છે, અને તીર્થંકર પ્રભુ તો આંગળીને વેઢે ગણી શકાય એટલા ઓછા થાય છે. આવી કોઈ પણ પદવીમાં ન સમાનાર જીવો શ્રાવકશ્રાવિકા તરીકે આરાધન કરી, કેવળજ્ઞાન પામી, પંચપરમેષ્ટિનાં સિદ્ધપદમાં સમાવેશ પામે છે, તે પહેલાં તેમનો સમાવેશ પંચપરમેષ્ટિ પદમાં થતો નથી. એક પદને સ્પર્શી તે જ પદને નિકાચીત કરનાર આત્માઓ આટલી અલ્પ સંખ્યામાં થાય છે, તો એકથી વધારે પદનો સ્પર્શ કરી ગણધર કે તીર્થંકરપદને નિકાચીત કરનાર જીવો અતિ અતિ વિરલા હોય તેમાં નવાઈ શી? જીવને સિદ્ધપદ તો ત્યારે જ મળે છે કે જ્યારે તેના અસંખ્યે અસંખ્ય પ્રદેશો કર્મની કાલિમાથી સંપૂર્ણપણે મુક્ત થાય છે. આવી વિશુદ્ધિ મેળવનાર સામાન્ય કેવળી, સાધુસાધ્વી કેવળી, ઉપાધ્યાય કેવળી, આચાર્ય કેવળી, ગણધર કેવળી કે તીર્થંકર કેવળી હોય છે.

આ જાણકારી પરથી આપણે તારણ કાઢી શકીએ કે પ્રત્યેક જીવના પરિભ્રમણકાળની શરૂઆતમાં અસંખ્યમાંથી માત્ર આઠ જ પ્રદેશ શુદ્ધ હોય છે, બાકીના સર્વ પ્રદેશો કર્મની ઉત્કૃષ્ટતાથી ઘેરાયેલાં હોય છે. જેમ તે જીવને ઉત્તમ પુરુષનો સંપર્ક આવે છે તેમ તેમ તે અસંજ્ઞીમાંથી સંજ્ઞીપણા પ્રતિ વિકાસ કરે છે. સંજ્ઞી પંચેન્દ્રિય થયા પછી અંતરવૃત્તિસ્પર્શ કર્યા પછી તે જીવ કાળે કરીને બીજા આઠ શુદ્ધ કેવળીગમ્ય પ્રદેશો શ્રી તીર્થંકર પ્રભુની અસીમ કૃપાથી મેળવે છે. અને તે પછીથી સદ્‌ગુરુ, સત્પુરુષ આદિની અવર્ણનીય સહાયથી આત્માર્થે

વિકાસ કરવા તે જીવ ભાગ્યશાળી બને છે. આ હકીકતનો વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કે આત્મામાં અજ્ઞાની પ્રદેશોની સંખ્યા અસંખ્યમાંથી ઉત્તમ આત્માના આશ્રયથી ઘટતી જાય છે, અને જ્ઞાની પ્રદેશોની સંખ્યા વધતી જાય છે. સમકિત પામેલા આત્મામાં અજ્ઞાની પ્રદેશોની સંખ્યા, શ્રાવકશ્રાવિકારૂપ પ્રદેશોની સંખ્યા, સાધુસાધ્વીજીની કક્ષાના પ્રદેશોની સંખ્યા, ઉપાધ્યાયજીની કક્ષાના પ્રદેશોની સંખ્યા, તથા ગણધર અને તીર્થંકર પ્રભુની કક્ષાના પ્રદેશોની સંખ્યા કેટલી હોય તેનો આધાર એ જીવના પુરુષાર્થ પર, તેનાં ભાવિ પદ પર તથા તે જીવ જે આત્માનાં નિમિત્તથી નિત્યનિગોદમાંથી નીકળી ઇતરનિગોદમાં આવ્યો હોય તેનાં પદ આદિ પર રહેલો છે.

આપણે જાણીએ છીએ કે સાધુસાધ્વીજીની પ્રકૃતિના અસંખ્ય પ્રકાર છે, ઉપાધ્યાયજીની પ્રકૃતિના પણ અસંખ્ય પ્રકાર છે, આચાર્યજીની પ્રકૃતિ પણ અસંખ્ય પ્રકારે છે, અને ગણધરજીની પ્રકૃતિ પણ અસંખ્ય પ્રકારની છે. આ બધી પ્રકૃતિઓની મેળવણી કરીએ તો તેના અનંતાનંત ગુણકો (permutations and combinations) થાય, આમ જીવની છદ્મસ્થ પર્યાયમાં આત્માની પ્રકૃતિના અનંત પ્રકાર થઈ જાય છે. આની સાથે પાંચ સમવાયની વિવિધતાનો ઉમેરો કરીએ તો તેમાંથી અનંતાનંત પ્રકૃતિઓ થાય. આમ હોવા છતાં શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પ્રકૃતિની લાક્ષણિકતામાં સર્વ જીવોની પ્રકૃતિ સમાઈ જતી હોવાને લીધે એ અનંતાનંત પ્રકૃતિઓ ધર્મ અપેક્ષાએ પાંચ વિભાગમાં સમાઈ જાય છે. આ જ કારણથી શ્રી પ્રભુએ ધર્મને સરળ, સુગમ તથા સહજ કહ્યો છે. આ મુદ્દાને વિશેષ વિચારીએ તો સ્પષ્ટ થાય છે કે સિદ્ધ પર્યાયમાં સર્વ આત્માઓ શુદ્ધિની અપેક્ષાએ સમાન જ છે. આ પરથી નિર્ણિત થઈ શકે છે કે ધર્મનું મૂળ કાર્ય સમાન બનાવવાનું છે. જીવમાં જે અસમાનતા દેખાય છે, જે અસરળતા અનુભવાય છે, જે અસહજતા દૃષ્ટિગોચર થાય છે, તથા ધર્મનું જે અગમઅગોચરપણું લાગે છે તે સર્વ વિભાવજનિત કર્મ પુદ્ગલનાં કારણે જ છે.

જીવમાં મૂળ સનાતન તથા મંગલ ધર્મનું રોપણ પૂર્ણાતિપૂર્ણ રૂપે તેના આઠ રુચક પ્રદેશોમાં સતત છે. એમાંથી મળતો ધર્મનો સંદેશો જીવના અન્ય અશુદ્ધ પ્રદેશોને સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાનાં ચતુરંગીયમાં દોરે છે. પરંતુ કર્મરૂપી પુદ્‌ગલનો પરિપાક એ જ ચેતનને જડરૂપી જડતામાં ભોક્તારૂપે દોરે છે. આ ચેતન તથા જડનાં યુદ્ધમાં જીવ અસહાયપણે વિભાવ કરી બેસે છે, જેથી તેને ફરજિયાતપણે જડ એવા પુદ્‌ગલ પરમાણુઓનો ધર્માસ્તિકાયના સાથ દ્વારા આશ્રવ કરવો પડે છે. તથા ચેતનના શુદ્ધ ભાવને અધર્માસ્તિકાયના સાથથી આઠ રુચક પ્રદેશોમાં સ્થિર રાખવો પડે છે. જીવની આ સમાન પર્યાયને આકાશ એકીસાથે જીવના દેહમાં રહેલા આકાશાસ્તિકાયમાં અવગાહના આપે છે, જેથી કાળ જતાં, એ જડ ભાવને જીવ ચેતનમય બનાવી સદા માટે સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાનાં પૂર્ણાતિપૂર્ણ સ્વરૂપે અસ્તિત્ત્વ, નિત્યત્ત્વ, કર્તૃત્ત્વ, ભોકતૃત્ત્વ તથા મોક્ષરૂપ બનાવી અન્ય જીવોને માટે સહજ સ્થિતિને પામવા માટે માર્ગને સનાતન તથા મંગલમય બનાવે છે.

આપણા જેવા મંદબુદ્ધિવાળા જીવ માટે શ્રીપ્રભુ આ અટપટા ખુલાસાને વધારે સહજ તથા સુગમ બનાવતા સમજાવે છે કે લોકના પ્રદેશો અસંખ્ય હોવા છતાં, તેની સંખ્યા આત્માના પ્રદેશોની સંખ્યા સમાન જ છે, તેમાં નથી એક પ્રદેશ ઓછો કે નથી એક પ્રદેશ અધિક. લોકમાં જેમ નિત્યનિગોદ, નરક, નીચા દેવલોક, મનુષ્યલોક, ઉત્તમ દેવલોક, તિર્યંચગતિનાં દુઃખદ સ્થાનો, વગેરે એક જ કાળે સહઅસ્તિત્ત્વ ધરાવે છે, એ જ રીતે આત્માના પ્રદેશોમાં (પ્રદેશની સંખ્યા સમાન હોવાના કારણે) એ જ નિયમના આધારે સુખ તેમજ દુઃખનાં કારણો સહઅસ્તિત્ત્વ ધરાવે છે.

આવાં સુખદુઃખનાં કારણોથી છૂટવા માટે અને પરમ વિશુદ્ધ બનવા માટે શ્રીપ્રભુએ આપણને ઉત્તમ મોક્ષમાર્ગની ભેટ આપી છે. એ માર્ગમાં સર્વોત્તમ પુરુષાર્થ કરવા માટે, ક્ષપક શ્રેણિએ ચડવા માટે શ્રી પ્રભુએ પરમ કૃપા તથા પરમ કરુણા કરી આપણને આઠ રુચક પ્રદેશ તથા આઠ કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ

કરાવી છે. જીવને આઠ રુચક પ્રદેશની ભેટ(પ્રાપ્તિ) ત્યારે જ મળે છે કે જ્યારે તેનાં કર્મબંધનનાં પાંચ કારણોનો ગોળો છૂટો થઈ, અલગ ભૂમિકાએ પ્રવર્તે છે; જેથી તેના અન્ય અશુદ્ધ પ્રદેશોને ધર્મલાભ મેળવવાનો માર્ગ પ્રાપ્ત થઈ શકે. આ વિચારણાને વિશેષ આકાર આપતાં જણાય છે કે શ્રીપ્રભુ જીવને આઠ કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ ત્યારે જ કરાવે છે કે જ્યારે જીવ આત્મારૂપે અશુદ્ધ પ્રદેશ સહિત અંતર્વૃત્તિસ્પર્શ અને નિશ્ચયથી વ્યવહાર સમકિત ધારણ કરે છે. આવી કૃપા તથા કરુણા કરવા પાછળ શ્રીપ્રભુનો એવો આશય જણાય છે કે જીવ ક્યારેય પણ એમની ભેટથી મિથ્યાત્વી ન થાય, સ્વચ્છંદી ન થાય, પ્રમાદી ન થાય કે કષાયી ન થાય; બલ્કે આત્માના સર્વ પ્રદેશો સમપણે અપૂર્વ સહજસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે. શ્રી પ્રભુએ આપેલી આ ભેટથી સમજાય છે કે આત્માના સર્વ પ્રદેશો પર કોઈકને કોઈક પ્રગતિ થવી સર્જાયેલી છે.

પ્રભુના આ સંદેશાને જો આપણે યથાર્થ રીતે માન્ય કરીએ તો, આ વિષય એવો છે કે તે આ પહેલાનાં શ્રી કેવળીપ્રભુનો સાથ ભાગ ૧ થી ૫નાં સર્વ પ્રકરણોનાં બોધામૃતને આત્માનાં હાર્દ સુધી પહોંચાડી, આત્માના સર્વ પ્રદેશોને પ્રકૃષ્ટ શુદ્ધ કરવા માટે આપણને બાંહેધરી આપે છે. જો મળેલા આ જ્ઞાનને જીવ પુરુષાર્થની ભૂમિકામાં નહિ સરાવે (લઈ જાય) તો આ જ્ઞાન જ્ઞાનરૂપે ન પરિણમતાં, શબ્દની ગોઠવણી બની, માત્ર ક્ષણિક શાતાનું વેદન કરાવશે. શ્રી પ્રભુનો આપણને પરમ બોધ છે કે, જો શ્રીપ્રભુ અતિ અતિ નિર્બળ એવા નિત્યનિગોદના જીવોને પણ વિના પુરુષાર્થ ભેટ આપતા નથી, તો આપણા જેવા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય પાસે પુરુષાર્થની અપેક્ષા રાખ્યા વિના પ્રાપ્તિ શા માટે કરાવે? આ મુદ્દો ખૂબ જ વિશેષતાથી વિચારવા યોગ્ય છે.

'શ્રી કેવળીપ્રભુનો સાથ' એ પ્રકરણમાં આપણે આઠ કેવળીગમ્ય પ્રદેશોનો જીવનો આત્મવિકાસ કરાવવામાં શું ફાળો છે તેની સમજણ લીધી હતી, તે ઉપરાંતમાં આ આઠ કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરવામાં જીવનો કેવો પુરુષાર્થ હોવો જોઈએ, એ પુરુષાર્થ કેવી રીતે કાર્યકારી થાય છે, આવો પુરુષાર્થ કરતી

વખતે જીવને શ્રી તીર્થંકર પ્રભુની કેવી અને કેટલી સહાય મળે છે અને તેના લીધે જીવનું ભાવિ ઘડતર કેવું ઘડાય છે વગેરે વિશે પણ આપણે સમજણ મેળવી હતી. હવે આપણે શ્રી તીર્થંકર પ્રભુના જીવને કેવળીગમ્ય પ્રદેશો મેળવતી વખતે કેવો પુરુષાર્થ કરવાનો રહે છે, કેવી પ્રક્રિયામાંથી પસાર થવાનું હોય છે, અને તેમની બાબતમાં અન્ય જીવો કરતાં કેવી વિશેષતા રહેલી છે તેની જાણકારી મેળવવી એ પણ ખૂબ અગત્યની બીના છે, તે માટે આપણે શ્રી પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી તેમના ૐ ધ્વનિને અવધારી, એ ધ્વનિને શબ્દદેહ આપી સમજણ લેવાનો પુરુષાર્થ કરવાનો છે.

સર્વ જીવોને આઠ કેવળીગમ્ય પ્રદેશો આઠ સમય જેટલા નાના કાળમાં કોઈ એક અરિહંત પ્રભુથી પ્રાપ્ત થાય છે. આ આઠે પ્રદેશો અપેક્ષાએ સમાન હોય છે. શ્રી પ્રભુ દાન આપવામાં ક્યારેય લોભ કરતા નથી. તેઓ પોતાનાં ઉત્તમ વીર્ય સહિત એ આઠે પ્રદેશોની ભેટ જીવને આપે છે. આમ હોવા છતાં, જીવનાં સિદ્ધ થવાનાં માધ્યમ, કાર્ય, પરિણામ તથા ભૂમિકા જુદાં જુદાં હોય છે. કોઈ આત્મા અરિહંત તરીકે સિદ્ધ થાય છે, કોઈ ગણધરરૂપે, કોઈ આચાર્યરૂપે, કોઈ ઉપાધ્યાયરૂપે, કોઈ સાધુસાધ્વીરૂપે, તો કોઈ અન્ય સ્વરૂપે સિદ્ધ થાય છે. પ્રભુની સિદ્ધ થવામાં જો આટલી બધી વિવિધતા હોય, તો તે સર્વના કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ તથા પરિણમનમાં જરૂરથી ફેરફાર હોવો જોઈએ; કેમકે શ્રી સવર્જ્ઞપ્રભુ તો ક્યારેય અને ક્યાંય પણ પક્ષપાત કરતા નથી. એથી નિર્ણય કરી શકાય કે આવો ભેદ થવાનું કારણ જીવનાં વીર્યગ્રહણમાં તથા તેના ઉપયોગમાં રહેલું હોવું જોઈએ. આમ કઈ રીતે થાય છે અને તેનું શું પરિણામ આવે છે તેની જાણકારી તથા સમજણ આપણે પ્રભુકૃપાથી તથા આજ્ઞાથી લઈએ.

કેવળીગમ્ય પ્રદેશો જીવને શ્રી અરિહંત પ્રભુની અકથ્ય કૃપાનાં કારણે જ પ્રાપ્ત થાય છે તે આપણને સુવિદિત છે. શ્રી અરિહંતપ્રભુ પૂર્ણ વીતરાગ તથા આજ્ઞામાર્ગને પરિપૂર્ણતાએ પાળનારા અપૂર્વ વિરલા આત્મા છે, એમણે પૂર્વકાળમાં લગભગ ૨૫૦ થી ૩૦૦ ભવ સુધી લોકના સમસ્ત જીવો માટે

કલ્યાણભાવ નિર્માનીપણે વેદ્યો હોય છે, આવા ઉત્તમોત્તમ આત્મા જ્યારે અજ્ઞાન અવસ્થામાં પણ પક્ષપાત વગર કલ્યાણભાવ સેવતા હોય છે, તો પછી પરમાત્મપણે તેઓ પક્ષપાતવાળો ભાવ સેવે જ નહિ એ નિર્વિવાદ હકીકત છે. તેઓ કેવળીગમ્ય પ્રદેશ પ્રાપ્ત કરતા જીવ પર સહેજે ઉત્કૃષ્ટ તથા પરમેષ્ટિ કલ્યાણરસ સમાનપણે વહેવડાવે છે; પરંતુ જીવનાં ભાવ આદિ, તથા પાંચ સમવાયનું વિવિધપણું એની પ્રાપ્તિમાં વિવિધતા ઉપજાવે છે. આ અલૌકિક, શબ્દાતીત, તથા અતિગુપ્ત અનુભવને સમજવા તથા સમજાવવા માટે શ્રી પ્રભુ પાસેથી પરમેષ્ટિ શુક્લ આજ્ઞાબંધના પાત્ર જીવ માટે નીપજતા શુદ્ધ કલ્યાણમય ચેતનરસનો આધાર લઈ, એ અકથ્ય શબ્તાતીત અનુભવને શબ્દદેહ આપવાનું કપરું કાર્ય કરવા શ્રી પ્રભુની ક્ષણે ક્ષણે, શબ્દે શબ્દે આધારરૂપ કૃપા તથા આજ્ઞા અમે માગીએ છીએ.

અન્ય સર્વ જીવોની કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ વખતની પ્રક્રિયા આપણે 'શ્રી કેવળીપ્રભુનો સાથ' (ભાગ ૫, પ્રકરણ ૨૦) એ પ્રકરણમાં જાણી હતી. હવે ભાવિ અરિહંત જીવ કેવળીગમ્ય પ્રદેશ પ્રાપ્ત કરતી વખતે કઈ અને કેવી પ્રક્રિયામાંથી પસાર થાય છે તે જાણવાનો પુરુષાર્થ આપણે શ્રી પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આદરીએ.

શ્રી અરિહંત પ્રભુ, કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરાવતાં પહેલાં ભાવિ અરિહંત જીવ ઉપર એક વિશિષ્ટ પ્રક્રિયા કરે છે. પ્રગતિનાં પ્રત્યેક પગથિયે તે જીવે યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અધઃકરણ તથા અનિવૃત્તિકરણ કરવાં પડે છે. કેવળીગમ્ય પ્રદેશો મેળવવા માટે જીવે ઓછામાં ઓછા આઠ સમય માટે દેહાત્માની ભિન્નતા અનુભવવી જરૂરી છે, અર્થાત્ જીવે નિશ્ચયથી વ્યવહાર સમકિત પ્રાપ્ત કર્યું હોવું જોઈએ. તે પછી જ તે જીવ કેવળીગમ્ય પ્રદેશો મેળવવારૂપ ગ્રંથિભેદ કરી શકે છે. માટે આટલા કાળની દેહાત્માની ભિન્નતા અનુભવી લેવી તે કેવળીગમ્ય પ્રદેશો મેળવવા માટેની એક પૂર્વ શરત છે. આઠ સમયની ભિન્નતા અનુભવવા સાથે તે જીવે તે જ આઠ સમયમાં આઠ અશુદ્ધ પ્રદેશો પરથી બધાં જ ઘાતિકર્મો

તથા અશુભ અઘાતિકર્મો કાઢી નાખવાનાં હોય છે. એ આઠ પ્રદેશો આઠ સમયના કાળમાં શ્રી કેવળીપ્રભુના પ્રદેશો જેવા અને જેટલા શુદ્ધ થાય ત્યારે જ આ ગ્રંથિભેદ થાય છે. અને એ આઠે પ્રદેશો તે સમયથી 'કેવળીગમ્ય પ્રદેશો' તરીકે ઓળખાય છે. આવું કપરું કાર્ય કરવા માટે તે દીનહીન છતાં ભાવિ અરિહંત જીવે શ્રી પ્રભુ પાસેથી વીર્યની ભેટ માગવી પડે છે. આ કઈ રીતે થાય છે તે સમજવા આપણે પ્રયત્ની બનીએ. તે ભાવિ અરિહંત જીવ ગુપ્તપણે શ્રી અરિહંત પ્રભુને પ્રાર્થે છે કે,

"હે દીનાનાથ! અમારી પાસે અમારા મેલાઘેલા આત્મા સિવાય આ લોકમાં કંઈ પણ એવું નથી કે જે અમે તમને આપી શકીએ. અમારા જ વિભાવને કારણે કર્મપુદ્‌ગલરૂપી મેલ અમારાં શાંતિ, સહજાનંદ તથા પૂર્ણ લીનતામાં અમને બાધા આપ્યા કરે છે. હે પ્રભુ! તમે તો પૂર્ણ વીતરાગ છો, સ્વરૂપને સતત માણનાર તથા વેદનાર છો. તેને માણવાની શક્તિ તથા ભાગ્ય તમે ધરાવો છો. આવા અલૌકિક અને અતીંદ્રિય સુખના ધારક એવા તમને અમારા મેલાઘેલા આત્મામાંથી તમારી શાંતિને વધારે એવું કંઈ પણ મળે તેમ અમને લાગતું નથી. તેમ છતાં લોકમાં અશરણપણું અનુભવતા એવા અમને, ભક્તિના સેતુ દ્વારા મળતો એક માત્ર તમારો સાથ જ લાભદાયી થશે તેમ લાગે છે. તેથી એ કારણસર અતિ વિનમ્રભાવથી અમને સાથ આપવા તથા રક્ષણનું કવચ આપવા માટે અમે તમને વિનંતિ કરીએ છીએ. 'હે કરુણાના ભંડાર! તમે અમારા દોષો તરફ ન જોતાં, અમારે તમારા જેવા બનવું છે એવા અમારા ભાવને પ્રાધાન્ય આપી, અમારી વિનંતિને માન્ય કરજો. જેથી સિદ્ધભૂમિમાં તમારાં સાથે ઘનસ્વરૂપ બની, અમે અનંતાનંત કાળ માટે વિના વિઘ્ને તમારાં ચરણસેવા, ભક્તિ તથા વિનયની સિદ્ધપર્યાય માણી શકીએ. પ્રભુજી! તમારા આ સાથમાં અમે માત્ર લેનાર છીએ અને તમે માત્ર દેનાર છો.

અમારી સામાન્ય દૃષ્ટિથી અમને આ અજુગતું અને અન્યાયયુક્ત લાગે છે.' આ ભાવ હૃદયસ્પર્શી બનતાં, તમારી પ્રેરણા વધવાથી અમારા અંતરંગમાં તેનું બળવાનપણું થઈ પ્રાર્થના થાય છે કે, 'અહો ધર્મના નેતા પ્રભુ! તમારો આ અલૌકિક માર્ગ સદાય જયવંત રહો. તમારી આજ્ઞાથી સભર પંચપરમેષ્ટિનાં પરમાણુઓ આ લોકના સર્વ જીવોને કર્મનાં દાસત્વથી મુક્ત કરો અને સહજાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરાવો. અહો જિનપ્રભુ! તમારાં ચરણકમળની અતિશુદ્ધ સેવનાથી જીવ તમારાં જેવું ઉત્તમ તીર્થંકર નામકર્મ બાંધે છે. તો પ્રભુ! એવી જ અતિશુદ્ધ સેવના તમે સર્વ જીવોને આપો કે જેથી કોઈ પણ પ્રકારના સ્વાર્થરહિત એવો કલ્યાણભાવ આ જગતમાં સતત વહ્યા કરે, અને સંસારનું અનાદિઅનંતપણું અનાદિસાંત થઈ જાય. પ્રભુ! તમારો ઉપકાર માનવા માટે ભક્તિ વિનય સહિતનો આભાર માનવા સિવાય કોઈ અન્ય રીત અમને જણાતી નથી. તેથી અમારા આભારભાવને એ જ રીતે સમજજો, એવી વિનંતિ કરી તમને સાષ્ટાંગ વંદન કરીએ છીએ."

આ પ્રકારની પ્રાર્થના દ્વારા તે જીવ વીર્ય તથા બળ મેળવી, કેવળીગમ્ય પ્રદેશો મેળવવાની મહાશુભ પ્રક્રિયામાંથી પસાર થાય છે. આ કેવળીગમ્ય પ્રદેશો આપવામાં શ્રી તીર્થંકર પ્રભુનો અર્થાત્ અરિહંત પ્રભુનો ફાળો અકથ્ય તથા અવર્ણનીય છે. તેમ છતાં શ્રી પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી આ વર્ણન કરવાનાં કપરાં કાર્યને એમના જ સાથથી શબ્દના પુદ્ગલ દેહમાં બાંધી સફળ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો સ્વપર કલ્યાણ માટે અનેક પ્રકારે પુરુષાર્થ કરી અનેક લાક્ષણિકતાઓ પ્રગટ કરે છે.

ભાવિ તીર્થંકર જીવના કેવળીગમ્ય પ્રદેશોમાં શ્રી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોની લાક્ષણિકતા તથા ગુણો આવવા સાથે, તેના પોતાના રુચક પ્રદેશોની

લાક્ષણિકતા તથા ગુણો સમાવા જોઈએ; કેમકે ભાવિમાં એ આઠે કેવળીગમ્ય પ્રદેશોએ આઠે રુચકપ્રદેશો સાથે અનુસંધાન કરી, જીવના આત્માને શિવ બનાવવાનો છે, એટલું જ નહિ પણ, તેમણે ભાવિમાં અન્ય પાત્ર જીવોને કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરાવવાની તૈયારી પણ કરવાની રહે છે. આ કેવળીગમ્ય પ્રદેશો નિયમથી રુચકપ્રદેશોની બાજુના જ પ્રદેશો હોય છે, તેથી એ પ્રદેશોને રુચક પ્રદેશોના ગુણસ્વભાવ પ્રતિ આકર્ષણ તથા ખેંચાણ રહેવું જરૂરી છે. માટે આપણે તારણ કાઢી શકીએ કે એ બધા પ્રદેશો વચ્ચે સમાન ગુણોવાળી પ્રક્રિયા થાય તો જ એ આઠે પ્રદેશો આઠ સમયમાં કેવળીગમ્યપણું પામી શકે. આ ઉપરાંત, જે અરિહંત પ્રભુ કેવળીગમ્ય પ્રદેશ આપવાનું કાર્ય કરે છે તેઓ પૂર્ણ જ્ઞાની તથા પૂર્ણ વીતરાગી હોય છે. તેમની સર્વ ક્રિયા કે પ્રક્રિયા નિસ્પૃહ પૂર્ણાતિપૂર્ણ આજ્ઞાનાં સ્પંદનથી ભરપૂર હોય છે. તેથી તેઓ રુચકપ્રદેશના નિર્માતા એવા શ્રી સિદ્ધભગવાન કે સિદ્ધભગવાનોની આજ્ઞા લીધા પછી, તથા તેમનો યોગ્ય વિનય કર્યા પછી જ આ કાર્યની સિદ્ધિ કરે છે. પરિણામે આ પ્રક્રિયા કરવાથી તેમનાં પૂર્વકર્મનાં ઋણની નિવૃત્તિ થાય છે. શ્રી અરિહંત પ્રભુના આત્મપ્રદેશો પર ચાર અઘાતિ કર્મો ઉદયમાં તથા સત્તામાં રહ્યા હોય છે. કલ્યાણ કરતી વખતે તેમને પૂર્ણ સિદ્ધપ્રભુ પાસેથી માર્ગદર્શન મેળવીને જ કલ્યાણ કરવું હોય છે. કે જેથી પોતાનાં અઘાતિ કર્મ દ્વારા સર્જાતી અપૂર્ણતા પણ એ જીવનાં કલ્યાણમાં બાધારૂપ બને નહિ.

બીજી બાજુ, શ્રી પ્રભુ આવું વર્તન કરીને એ કેવળીગમ્ય પ્રદેશો પર પોતે સમર્થ શિક્ષક બની અરિહંતપણા સાથે ગણધરપણાના, આચાર્યપણાના, ઉપાધ્યાયપણાના તથા સાધુસાધ્વીપણાના ગુણોનું પણ રોપણ કરે છે. જેથી એ કેવળીગમ્ય પ્રદેશો પોતાના રુચક પ્રદેશો પાસેથી જ્ઞાન, અનુભવ તથા આજ્ઞા મેળવીને અન્ય અશુદ્ધ પ્રદેશોને તે જ જ્ઞાન, અનુભવ તથા બોધ આપી શકે. ભાવિમાં એ જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી તેના સર્વ અશુદ્ધ પ્રદેશમાંથી અમુક પ્રદેશો શ્રાવકશ્રાવિકારૂપ, અમુક પ્રદેશો સાધુસાધ્વીરૂપ, અમુક પ્રદેશો

ઉપાધ્યાયજી રૂપ, અમુક પ્રદેશો આચાર્યરૂપ, અને અમુક પ્રદેશો ગણધરરૂપ બની અરિહંતરૂપ થતા જાય છે, બાકી પ્રદેશો અજ્ઞાન અવસ્થામાં રહે છે; અને તે જીવને જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે ત્યારથી તેના સર્વ પ્રદેશો ઓછામાં ઓછા શ્રાવકશ્રાવિકાનાં રૂપમાં આવી જાય છે; જે બધા તે જીવની શુદ્ધિના વિકાસ સાથે ઉચ્ચ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરતા જાય છે. છેવટે જ્યારે તેમનું તીર્થંકર નામકર્મ ઉદયમાં આવે છે ત્યારે સર્વ પ્રદેશો તીર્થંકરની કક્ષાના થયા હોય છે, અને જેમને ગણધર નામકર્મ ઉદયમાં આવે છે તેમના બધા પ્રદેશો ગણધરની કક્ષામાં પલટાઈ ગયા હોય છે.

આવા ભાવિ તીર્થંકર જીવને, જે પ્રદેશો જે કક્ષાના હોય તેની ઉપરની કક્ષાવાળા પ્રદેશોનું માર્ગદર્શન, તેમને વિકાસ કરી ઉપરની કક્ષાએ જવા માટે જરૂરી બને છે. જેમકે જે પ્રદેશો સાધુસાધ્વીની કક્ષાના હોય તેમને વિકાસ કરવા માટે ઉપાધ્યાયરૂપ પ્રદેશો (ગુરુ)ના માર્ગદર્શનની જરૂર રહે છે. ઉપાધ્યાયજી કક્ષાના અશુદ્ધ પ્રદેશોને વિકાસ માટે આચાર્યરૂપ ગુરુપ્રદેશના માર્ગદર્શનની આવશ્યક્તા રહે છે, તેવી જ રીતે આચાર્યની કક્ષાના અશુદ્ધ પ્રદેશોને ગણધરરૂપ ગુરુની જરૂર હોય છે, અને ગણધરની કક્ષાના અશુદ્ધ પ્રદેશોને શ્રી તીર્થંકરરૂપ ગુરુની આવશ્યક્તા હોય છે. આ બધા જ પ્રકારના ગુરુના ભાગ કેવળીગમ્ય પ્રદેશોએ ભજવવાના રહે છે. તેની સાથોસાથ કેવળીગમ્ય પ્રદેશોએ સાચું શિષ્યપણું કેમ કેળવવું તેનું માર્ગદર્શન આપવા માટે, પ્રત્યેક કક્ષાનું વર્તન, વર્તન દ્વારા બોધવાનું રહે છે. જેમકે સાધુસાધ્વીની કક્ષાના પ્રદેશોને તેમણે સાધુસાધ્વી માટે યોગ્ય વર્તન કેવું હોય તેની સમજ યોગ્ય વર્તન દ્વારા આપવાની હોય છે. ઉપાધ્યાયજીની કક્ષાના પ્રદેશોને તેને યોગ્ય વર્તન વાસ્તવિક રીતે જણાવવાનું હોય છે, અને એ જ રીતે કેવળીગમ્ય પ્રદેશોએ આચાર્ય તથા ગણધરની કક્ષાના પ્રદેશો માટે પણ વર્તવાનું હોય છે.

આમ ભાવિ અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોએ કરવાનાં બધાં કાર્યોની ગણતરી કરવાથી, શ્રી પ્રભુની કૃપાથી આપણને જણાય છે કે આવાં બીજાં

અસંખ્ય કાર્યો શ્રી અરિહંત પ્રભુનાં આ કાર્યમાં સમાયેલાં છે. પરંતુ પુદ્‌ગલ શબ્દોની મર્યાદાને કારણે આ જાણકારીને અહીં જ સીમિત રાખવી ઘટે છે. તેથી આપણે હવે ભાવિ અરિહંતને કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરતી વખતે થતી મૂળ પ્રક્રિયા તરફ વળીએ.

આ જાણકારી લેવા માટે આપણે તેના માટે જરૂરી એવી શરતોની ફરીથી સ્મૃતિ લેવાની જરૂર છે. કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરવા માટે જીવે દેહાત્માની ભિન્નતાનો અનુભવ ઓછામાં ઓછા આઠ સમય માટે કર્યો હોવો જોઈએ. આ પ્રાપ્તિ કરતી વખતે સળંગ આઠ સમય માટે દેહાત્માની ભિન્નતા જીવને અનુભવાવી જોઈએ. ઉપરાંતમાં, એ જીવને નિત્યનિગોદમાંથી નીકળતી વખતે તેના રુચક પ્રદેશોની જે આકૃતિ બની હોય, તે જ આકૃતિ તેના રુચક પ્રદેશ તથા ભાવિના કેવળીગમ્ય પ્રદેશોની બનવી જોઈએ. વળી, આ રુચક પ્રદેશો હ્રદયના મધ્યભાગમાં હોવા જોઈએ, અને એની બાજુમાં જ ભાવિના કેવળીગમ્ય પ્રદેશોનો એક જ એકત્રિત આકાર હોવો જોઈએ. તેની સાથે સાથે અન્ય સર્વ અશુદ્ધ પ્રદેશોને એ અરિહંત પ્રભુ માટે ભક્તિભાવ તથા પૂજ્યભાવ વેદાવા જોઈએ. આ બધામાં અંતિમ શરત એ હોય છે કે જે સમયે શ્રી તીર્થંકર પ્રભુ આ પ્રક્રિયા શરૂ કરે તેના પહેલા સમયે તેમનું યોગ સાથેનું જોડાણ ન હોવું જોઈએ.

કોઈ પણ કાર્યની સિદ્ધિ કરવા માટે ઉપાદાન તથા નિમિત્તનું જોર એકી વખતે ઉદિત થવું જોઈએ. માટે, ઉપાદાન અને નિમિત્તનું બળ એકી સાથે ઉદિત થવા માટે તેની પૂર્વ તૈયારી થવી જરૂરી છે, એટલે કે કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ કરવા માટે તથા કરાવવા માટે જીવ તેમજ શ્રી પ્રભુની યથાર્થ પૂર્વ તૈયારી થવી જોઈએ. આ બધી શરતો જ્યારે પૂરી થાય છે ત્યારે જ ‘કેવળીગમ્ય પ્રદેશ’ની કાર્યસિદ્ધિ થઈ શકે છે. જીવના રુચક પ્રદેશો તથા ભાવિના કેવળીગમ્ય પ્રદેશો નિત્યનિગોદમાંથી નીકળતી વખતના આકારમાં એકત્રિત બની, ઋણાનુબંધી શ્રી અરિહંત પ્રભુને પ્રાર્થનારૂપી ભક્તિના માધ્યમ દ્વારા આહ્‌વાન – આમંત્રણ

આપે છે. આ પ્રક્રિયાને શ્રી સિદ્ધસેન દિવાકરે 'કલ્યાણમંદિર સ્તોત્ર'ની નીચેની પંક્તિઓમાં ગુપ્તરીતે વર્ણવી છે,

"હે સ્વામી! આપ હૃદય વિશે આવો તદા પ્રાણી તણા,
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન જાય તૂટી જગતણાં"

"દર્શન અહો! જિનેંદ્ર માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભયભરેલા સહેજમાં ટળી જાય છે."

"તારક તમે જિનરાજ! કેવી રીતથી સંસારીના,
તમને હૃદયમાં ધારી ઉલટા તારતા સંસારીઆ."

કેવળીગમ્ય પ્રદેશો મેળવવાની પ્રક્રિયા કરવા માટે શ્રીપ્રભુ તથા ઇચ્છુક જીવની પૂર્વ તૈયારી કરવા વિશે તથા તેની શરતો વિશે આપણે વિચારણા કરી. હવે આપણે આ પ્રક્રિયા ચારે ગતિમાં થઈ શકે છે તેનો વિચાર શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી કરીએ.

જીવ જ્યારે આઠ સમય માટે દેહથી ભિન્ન રહી શકે છે, અર્થાત્ તેને નિશ્ચયથી વ્યવહાર સમકિત પ્રાપ્ત થાય છે ત્યારે તેનામાં કેવળીગમ્ય પ્રદેશોને મેળવવાનાં ઉપાદાન તથા શક્તિ તૈયાર થાય છે. આ રીતે ઉપાદાન તૈયાર થયા પછી પણ અન્ય કોઈ એકાદ શરત પણ પૂરી ન થાય તો તે જીવ કેવળીગમ્ય પ્રદેશો મેળવી શકતો નથી; અને તેની ગ્રંથિભેદ કરવાની પ્રક્રિયા અપૂર્ણ રહી જાય છે. સામાન્ય રીતે પહેલી વખતના જીવના પુરુષાર્થમાં ગ્રંથિભેદ થઈ શકતો નથી; વધારે વખતના પુરુષાર્થની જીવને તેમાં જરૂર પડે છે. કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ જીવને સંજ્ઞીપંચેન્દ્રિયવાળી કોઈ પણ ગતિમાં થઈ શકે છે, પરંતુ સામાન્ય રીતે મનુષ્ય ગતિમાં તેની સુલભતા જીવને ઘણી વધારે રહે છે. ચારે ગતિમાં ગતિ અપેક્ષાની અમુક લાક્ષણિકતા જીવમાં આવે છે, તેથી જે ગતિમાંથી જીવે કેવળીગમ્ય પ્રદેશો મેળવ્યા હોય તેની અમુક ખાસિયતો આ કેવળીગમ્ય પ્રદેશોમાં

પણ પ્રગટ થાય છે. શ્રી પ્રભુની પરમ કૃપાથી અને આજ્ઞાથી આ વિશે આપણે સમજણ લઈએ.

સંજ્ઞીપંચેન્દ્રિયપણામાં જીવને દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક એ ચાર ગતિનો લાભ મળે છે. દરેક ગતિમાં અમુક લાક્ષણિકતા રહેલી છે, અર્થાત્ કેટલાક ગુણદોષ પ્રત્યેક ગતિમાં રહેલા છે. દેવગતિમાં જીવને લોભ કષાયનું પ્રાબલ્ય વેદવાનું હોય છે; મનુષ્ય ગતિમાં જીવને માનનું બળવત્તરપણું રહે છે; તિર્યંચ ગતિમાં જીવને વિશેષતાએ માયા કષાય પ્રવર્તે છે અને નારકીને ક્રોધ કષાય ઘણી વિશેષતાએ વેદવો પડે છે. તેથી જે ગતિમાં જીવે કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરી હોય, તે ગતિનાં લક્ષણો અમુક અંશે એ પ્રદેશોમાં ડોકિયાં કરી જતાં હોય છે. અહીં કોઈને એ મુંઝવણ સતાવે કે મનુષ્ય સિવાયની ત્રણે ગતિઓમાં અપેક્ષાએ સંજ્ઞાનું મંદપણું હોય છે; તો તે જીવ અન્ય ગતિમાં સંજ્ઞાની મંદતા સાથે કેવળીગમ્ય પ્રદેશો મેળવવાની અટપટી તથા અતિ દુર્લભ પ્રક્રિયામાંથી કેવી રીતે પસાર થઈ શકતો હશે?

શ્રી પ્રભુ એમનાં વીતરાગી જ્ઞાન તથા દર્શનનાં પેટાળમાંથી ૐ ધ્વનિ રૂપ કલ્યાણમય ગુંજનમાંથી, શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની પરમ કૃપાથી એ જ્ઞાનચેતનાને સહજરૂપે યોગ્ય શબ્દરૂપી પુદ્‌ગલથી નવાજી, અરૂપી વાણીને રૂપી સ્થૂળતા બક્ષે છે. તેઓ આપણને સમજાવે છે કે, જો સમ્યક્ત્વ પામવું ચારે ગતિમાં સંભવે છે, તો એનાં પહેલાનાં સર્વ સોપાનો સંજ્ઞી પંચેન્દ્રિયપણાની ચારે ગતિમાં સંભવી શકે એ સમજાય તેવી બીના છે. આપણી પાત્રતા જાણી શ્રીપ્રભુ આપણને સમજાવે છે કે, આ જ ન્યાયથી ચારે ગતિમાં કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ કરવી સંભવિત છે. પરંતુ આ પ્રદેશો પ્રાપ્ત કરતી વખતે જે ગતિનો જે દોષ છે, તે દોષને તે જીવે કેવળીગમ્ય પ્રદેશો મેળવતા પહેલા થોડા કાળ માટે દૂર કરવો પડે છે. આ દોષને દૂર કરવાની પ્રક્રિયા જુદી જુદી હોય છે, અને તેની રીત આપણને શ્રી રાજપ્રભુ રચિત 'અપૂર્વ અવસર' કાવ્યની સાતમી કડીમાં જોવા મળે છે.

"ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો,
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહિ લોભ સમાન જો." અપૂર્વ

જે ક્રમથી શુદ્ધ થતા આત્માના કષાયો સંપૂર્ણપણે જાય છે, નિર્મૂળ થતા જાય છે, તે જ ક્રમથી કષાયો દૂર કરવાના ઉપાયો આપણે વિચારીએ. ક્રોધ એ નરકગતિનાં નારકીનું મુખ્ય લક્ષણ છે. આ ગતિમાં જીવે આઠ કેવળીગમ્ય પ્રદેશો મેળવતા પહેલા શ્રી પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી કરણશક્તિના આધારે મિથ્યાત્વના ઉદયને તથા કષાયનાં રૌદ્ર કે આર્ત પરિણામને દૂર કરવાં પડે છે, અહીં ઝેરથી ઝેરને મારવામાં આવે છે.

ચારે ગતિમાંથી, મનુષ્યગતિમાં જીવની સંજ્ઞા સહુથી વિશેષ ખીલેલી હોય છે. તેમ છતાં તે સંજ્ઞાનો મોટાભાગે દુરુપયોગ થતો હોવાથી મનુષ્યને માન કષાયનો જબરો ઉદય આવ્યા કરે છે. આવો અવળી દિશામાં ચાલતો જીવ પ્રભુ કૃપાથી સદ્‌ગુરુના સંસર્ગથી સવળો થાય છે ત્યારે તે પોતાની ખીલેલી સંજ્ઞાથી જાણે છે કે શ્રી પ્રભુનાં ભાવ, શક્તિ, વીર્ય તથા પાત્રતા પોતા કરતાં ઘણા ઘણા ઊંચા પ્રકારનાં છે, તેમની સામે પોતે તો સાવ દીનહીન છે. આ રીતે તે જીવ દીનતાના ભાવમાં જઈ માન કષાયને તોડવો શરૂ કરે છે, અને કષાયને નિર્બળ બનાવતો જાય છે. તેની સાથે સાથે તે અન્ય એક મોટા લાભને પણ મેળવે છે. 'શ્રી પ્રભુ સમય સમયનું જ્ઞાન ધરાવનાર શુદ્ધ આત્મા છે, પૂર્ણ વીતરાગ છે, અનંત ગુણોના ભંડાર છે તથા સર્વ જીવો માટે નિસ્પૃહભાવ ધરાવનાર છે'. આ જાણકારી મેળવવા સાથે માનવ જ્યારે દીનપણાનો ભાવ વેદે છે ત્યારે તે પોતાના માન કષાયને તો તોડે જ છે; પણ તેની સાથે સાથે શ્રી પ્રભુના અનંત ગુણો પ્રતિ દૃષ્ટિ રાખી ગુણગ્રાહીપણું પણ મેળવે છે. પરિણામે તે જીવ આઠ કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ વખતે

શ્રી પ્રભુ પાસેથી એમના ગુણોના ભંડારના અંશો એ પ્રદેશમાં બક્ષિસ રૂપે મેળવે છે. જેની સહાયથી તે જીવ ભાવિમાં પ્રભુ જેવા લોકકલ્યાણનાં ભાવો કરતો થાય છે. મુખ્યતાએ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતો, તેમાંય ખાસ કરીને ભાવિ તીર્થંકર, ગણધર, આચાર્ય અને ઉપાધ્યાયજી મનુષ્ય ગતિમાં કેવળીગમ્ય પ્રદેશો મેળવતા હોય છે, જેને લીધે તેમનામાં વિશેષ ગુણગ્રાહીપણું પોતપોતાની કક્ષાનુસાર આવતું હોવાને લીધે તેમના કેવળીગમ્ય પ્રદેશોમાં લોકકલ્યાણની ભાવના સત્તારૂપે મૂકાય છે.

તિર્યંચગતિમાં જીવને માયા કષાયનું જોર પ્રવર્તે છે. આ ગતિમાં કેવળીગમ્ય પ્રદેશો મેળવનાર જીવ, એ પ્રદેશોની પ્રાપ્તિ કરતી વખતે સાક્ષીભાવ (તટસ્થપણું) કેળવી અપેક્ષાએ સરળતાનો ગુણ મેળવે છે. આ ગુણના આધારે તેનામાં નારકી તથા દેવ કરતા વિશેષ આજ્ઞાધીનપણું આવે છે. આવા જીવો પંચપરમેષ્ટિપદમાં સાધુસાધ્વીજીનું પદ પામી શકે છે, કારણ કે સરળતાના સંસ્કાર ખીલવવા એ સાધુસાધ્વીજીનું મુખ્ય લક્ષણ છે. આ સંસ્કાર તે જીવને શ્રી પ્રભુ તરફથી દાનરૂપે મળે છે.


દેવોને લોભ કષાયનું મુખ્યપણું હોય છે. દેવો આ લોભકષાયને નકારાત્મક શૈલીથી તોડે છે. સામાન્ય કેવળી ઘણેભાગે નારકી, કે દેવગતિમાં કેવળીગમ્ય પ્રદેશો મેળવતા હોય છે. કારણ કે આ બંને ગતિઓમાં જીવ નકારાત્મક વલણથી કષાયના જોરને તોડે છે. મનુષ્ય તથા તિર્યંચ એ બંને ગતિઓમાં જીવ હકારાત્મક વલણથી કષાયનું જોર ઘટાડતા હોય છે, માટે તેઓ ગુણગ્રાહીપણાનો લહાવો લેતાં લેતાં કેવળીગમ્ય પ્રદેશો મેળવે છે, પરંતુ જે જીવો જરૂરિયાત કરતાં ઓછી માત્રામાં ગુણગ્રાહીપણું કેળવે છે તેઓ સામાન્ય કેવળીની કક્ષાથી આગળ વધી શકતા નથી. જે જીવો વિશેષતાએ ગુણગ્રાહીપણું, કેવળીગમ્ય પ્રદેશો લેતી વખતે ધારણ કરી શકે છે, તેઓ ભાવિમાં છદ્મસ્થપણે પંચપરમેષ્ટિપદમાં સ્થાન પામવાનું સૌભાગ્ય મેળવી શકે છે.

આ થઈ કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરનાર સર્વ સામાન્ય જીવે કરવા યોગ્ય પૂર્વ તૈયારી બાબતની વિચારણા. કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરતા વખતની સામાન્ય પ્રક્રિયા વિશેની જાણકારી આપણે 'શ્રી કેવળીપ્રભુનો સાથ' (ભાગ-૫) એ પ્રકરણમાં લીધી હતી. જિજ્ઞાસુને એ વિશે ત્યાં જોઈ લેવા વિનંતિ છે.

હવે આપણે ભાવિ તીર્થંકરને કેવળીગમ્ય પ્રદેશો પ્રાપ્ત કરતી વખતે કેવી પ્રક્રિયા થાય છે તેની જાણકારી મેળવીએ. શ્રી પ્રભુ આપણા પર પરમ કરુણા કરી આપણને આ બધી જાણકારી આપે છે. આ ઉપકારનો પ્રતિ ઉપકાર વાળવો કોઈ શાબ્દિક રીતે શક્ય જણાતો નથી. માત્ર આભારનાં હર્ષાશ્રુ વહાવી આભારનો ભાવ વ્યક્ત થાય છે. શ્રી પ્રભુ પાસેથી આવું અતિગુપ્ત જ્ઞાન પ્રાપ્ત થતું અનુભવી અમારા હ્રદયમાં એવા ભાવ જાગે છે કે, "હે પ્રભુ! તમારી આજ્ઞામાં રહેવું એ જ અમારા સંસારમાં રહેવા માટેનો તથા મોક્ષમાં જવા માટેનો મુખ્ય ધોરી માર્ગ છે. તો હે પરમાત્મા! તમે અમને એ માર્ગમાં પરમ શુદ્ધિ સાથે ચલાવો." આપણી આવી પ્રાર્થના સાંભળીને શ્રી પ્રભુ આપણને આજ્ઞાના ઈચ્છિત માર્ગમાં રાખી, અતિગુપ્ત જ્ઞાનને આપણા દીન આત્મા તરફ પરમ પરમ કરુણા તથા કલ્યાણ સહિત વહેવડાવે છે.

કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ વખતની પ્રક્રિયાને શ્રી પ્રભુ સ્વસ્તિકના આકારનું ઉદાહરણ લઈ આપણને સમજાવે છે.

અહીં દોરેલા ચિત્ર પરથી સમજાશે કે ભાવિ તીર્થંકર જીવના રુચક પ્રદેશો સ્વસ્તિકના આકારમાં ગોઠવાય છે. આ પ્રદેશો આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ઉપરના ભાગમાં અથવા તો ડાબી બાજુના ભાગમાં રહે છે, અને તેનાથી થોડા અંતરે તેની નીચેના ભાગમાં તથા બાજુના ભાગમાં તે જીવના ભાવિ કેવળીગમ્ય પ્રદેશો ગોઠવાય છે. આ પ્રક્રિયા જીવ આઠ સમય કે તેથી વધુ સમય માટે દેહાત્માની ભિન્નતા અનુભવી શકે છે, ત્યાર પછી જ થતી હોવા છતાં તે જ્યારે કેવળીગમ્ય




પ્રદેશો પ્રાપ્ત કરવાની તૈયારી કરે છે ત્યારે તેણે આઠ સમય અને આઠ સમય માટે જ ભિન્નતા વેદવાની હોય છે, ઓછી કે અધિકી નહિ. તે વખતે શ્રી અરિહંત પ્રભુના આઠે કેવળીગમ્ય પ્રદેશો એમના આત્મામાંથી બહાર નીકળી, લંબાઈને જીવના રુચક તથા ભાવિ કેવળીગમ્ય પ્રદેશોની વચ્ચે સમાય છે. આ પ્રક્રિયા ત્યારે જ થાય છે કે જ્યારે અગાઉ જણાવેલી બધી જ શરતો પૂરી થાય છે. શ્રી તીર્થંકર પ્રભુને જીવ સાથેના જોડાણના પહેલા સમયે યોગ સાથે જોડાણ હોતું નથી; તેથી તે સમયે તેઓ સિદ્ધસમાન અવસ્થામાં હોવાને લીધે જીવના રુચક પ્રદેશો સાથે ચિટકી જાય છે. તે સમયથી શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જીવના રુચક પ્રદેશો પાસેથી ૐધ્વનિ રૂપ જ્ઞાનનો પ્રવાહ (current) ખેંચે છે. જ્યારે શ્રી તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો યોગ સાથે જોડાય છે ત્યારે તેમનું ૐ ધ્વનિરૂપ જ્ઞાનનો પ્રવાહ ખેંચવાનું કાર્ય પૂરું થાય છે. અને પ્રભુ જ્યારે યોગના જોડાણથી મુક્ત થાય છે ત્યારે મૂળ પ્રક્રિયા શરૂ થાય છે.

શ્રી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોનું જીવના રુચક પ્રદેશ પાસેથી જ્ઞાનનો પ્રવાહ ખેંચવાનું કાર્ય જઘન્ય બે સમય માટે અને ઉત્કૃષ્ટ સાત સમય માટેનું હોય છે. આ પ્રવાહ ખેંચવાના સમયની સંખ્યા નક્કી થવામાં અનેક કારણો જવાબદાર બને છે. શ્રીપ્રભુ કેટલા સમયના આંતરે યોગ સાથે જોડાય છે; યોગના જોડાણ વગરના ક્યા સમયથી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જીવના રુચક પ્રદેશ સાથે જોડાય છે; અને એ સમયમાં પાંચ સમવાયની સ્થિતિ શું છે એ વગેરે પરિબળોના આધારે થયેલા જોડાણમાં કેટલા સમય સુધી જ્ઞાનનો પ્રવાહ તેમના કેવળીગમ્ય ખેંચશે તે નક્કી થાય છે. જેમકે એક તીર્થંકર ભગવાન ચાર સમયના આંતરે યોગ સાથે જોડાતા હોય તો તેમના માટે પાંચ સમવાયના આધારે પહેલાથી ત્રીજા સમયના કોઈ પણ સમયે જીવના રુચક પ્રદેશ સાથે જોડાવાનું શક્ય છે. શ્રી તીર્થંકર પ્રભુ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સાત સમયના આધારે યોગ સાથે જોડાતા હોય છે, તેથી જીવના રુચક પ્રદેશ પાસેથી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો ઉત્કૃષ્ટ સાત સમય સુધી જ્ઞાનનો પ્રવાહ ખેંચી શકે છે. પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જ્યારે યોગ સાથે જોડાય છે ત્યારે તેમનું જ્ઞાનનો પ્રવાહ ખેંચવાનું કાર્ય પૂરું થઈ જાય છે અને પછીની પ્રક્રિયા શરૂ થાય છે.

આ પ્રક્રિયા સમજતાં પહેલાં શ્રીપ્રભુ પરમ કૃપા કરી આપણને એક અદ્ભુત રહસ્ય સમજાવે છે, જેના આધારે ભાવિ તીર્થંકર પ્રભુની કક્ષા કેવી થશે અને સિદ્ધભૂમિમાં તેમનું સ્થાન ક્યાં હશે એની માહિતી આપણને મળી શકે છે. પ્રભુજી આપણને આ રીતે એ ઉત્તમ સમજણ આપે છે.

શ્રી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જીવના રુચક પ્રદેશ સાથે બે સમય માટે જોડાયા પછી જો યોગ સાથે જોડાય છે, તો તે ભાવિ તીર્થંકરનો જીવ ભવિષ્યમાં તીર્થંકર નામકર્મ નિકાચીત કરી, તીર્થ પ્રવર્તાવી સિદ્ધ થાય છે. એ જ રીતે શ્રીપ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જીવના રુચક પ્રદેશ સાથે ત્રણ સમય માટે જોડાયા પછી યોગ સાથે જોડાય છે, તો તે ભાવિ તીર્થંકરનો જીવ ભાવિમાં સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય કે ગણધરમાંથી કોઈ પણ એક પદનો છદ્મસ્થ દશામાં સ્પર્શ કરી, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી, તીર્થ પ્રવર્તાવી સિદ્ધ

થાય છે. શ્રી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જીવના રુચક પ્રદેશ સાથે જોડાયા પછી, ચાર સમય પછી યોગ સાથે જોડાય છે તો તે જીવ ભાવિમાં ઉપર જણાવેલા કોઈ પણ બે પદનો છદ્મસ્થ દશામાં સ્પર્શ કરી, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરી, તીર્થ સ્થાપી સિદ્ધ થાય છે. આ રીતે આ બંને પ્રદેશોના પાંચ સમયના જોડાણ પછી પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો જો યોગ સાથે જોડાયા હોય તો તે જીવ ભાવિમાં તીર્થપદના નિકાચીતપણા ઉપરાંત બીજા ત્રણ પદનો સ્પર્શ છદ્મસ્થ દશામાં કરી શકે છે. અને ઉત્તમ તીર્થ પ્રવર્તાવી સિદ્ધ થાય છે. જો શ્રીપ્રભુના કેવળીગમ્ય પ્રદેશો છ સમય સુધી યોગ સાથે જોડાયા વિના જીવના રુચક પ્રદેશો પાસેથી સતત જ્ઞાનનો પ્રવાહ ઝીલ્યા કરે છે તો તે જીવ ભાવિમાં છદ્મસ્થ દશામાં પાંચ પદનો (સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય, ગણધર અને અરિહંત) સ્પર્શ કરીને તીર્થંકર થાય છે, અને જે તીર્થંકર પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો સાત સમય સુધી યોગ સાથેના જોડાણ વિના જીવના રુચક પ્રદેશ પાસેથી જ્ઞાનનો પ્રવાહ સ્વીકારતા રહે છે, તે જીવ ભાવિમાં ઉપરના પાંચ પદ ઉપરાંત છદ્મસ્થ દશામાં સિદ્ધપદનો અનુભવ અવશ્ય કરે છે. તીર્થંકર નામકર્મ નિકાચીત કર્યા પછી અને કેવળજ્ઞાન લીધા પહેલાં તે આત્માને છઠ્ઠા પદનો અનુભવ મળે છે.

આમ થવાનું ગૂઢ રહસ્ય શ્રીપ્રભુ આપણને પરમ કૃપા તથા કરુણા કરી, આ પંચમકાળની કઠણાઈ તોડાવવા માટે આપે છે. શ્રીપ્રભુ ઉદયાનુસાર જ્યારે યોગ સાથે જોડાય છે ત્યારે તેઓ પંચપરમેષ્ટિનાં પૂર્ણ કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ મોટા જથ્થામાં આશ્રવે છે; જે પરમાણુઓ જીવના રુચક પ્રદેશમાં (જે સિદ્ધ સમાન પૂર્ણ વીતરાગ છે) રહ્યાં હોતાં નથી. પરંતુ તે જીવના આઠે રુચક પ્રદેશમાં સિદ્ધ થતા તીર્થંકર પ્રભુનું અખૂટ વીર્ય પૂરાયેલું હોય છે, તે વીર્યને પ્રગટ કરી, ભાવિ તીર્થંકરના ઉત્પન્ન થતા કેવળીગમ્ય પ્રદેશોને એ વીર્ય તથા પંચપરમેષ્ટિ પ્રભુના તત્કાલીન આશ્રવેલા કલ્યાણનાં ઉત્તમ પરમાણુઓ ભેટ આપવાનું અભૂતપૂર્વ કાર્ય સાક્ષાત્ સમર્થ તીર્થંકર પ્રભુ કરે છે. જેટલું વિશેષ જ્ઞાન તથા વીર્ય જીવના

કેવળીગમ્ય પ્રદેશોમાં શ્રી પ્રભુ પૂરી શકે, અને તે જીવ તેનો જેટલા અંશે સ્વીકાર કરી શકે તેટલા અંશે તે જીવ ભાવિમાં ઉચ્ચ કક્ષાનો થાય.

આમ જીવને ઉત્કૃષ્ટ સ્થિતિએ જવામાં ઉત્કૃષ્ટ આત્માના નિમિત્તથી જીવનું નિત્યનિગોદમાંથી નીકળવું, કેવળીગમ્ય પ્રદેશો મેળવતી વખતે જીવથી ઉત્તમ પુરુષાર્થ થવો અને સાથે સાથે કેવળીગમ્ય પ્રદેશોનું દાન આપનાર પ્રભુ પણ એવા જ ઉત્તમ પુરુષાર્થી અને સમર્થ હોય તે આવશ્યક છે.

શ્રી પ્રભુ દ્વારા જીવના રુચક પ્રદેશ પાસેથી જ્ઞાનનો પ્રવાહ ખેંચાયા પછી જ્યારે શ્રી તીર્થંકર પ્રભુ યોગ સાથે જોડાય છે ત્યારે તેમના કેવળીગમ્ય પ્રદેશો જીવના ભાવિ કેવળીગમ્ય પ્રદેશોનું અનુસંધાન પામી તેની સાથે જોડાય છે, અને તેમણે મેળવેલા જ્ઞાનનો પ્રવાહ તેઓ થતા કેવળીગમ્ય પ્રદેશો પર વહેવડાવે છે. આ પ્રક્રિયા આઠ સમય સુધી ચાલે છે. એ પ્રક્રિયાના અંતે એ જીવના ભાવિ કેવળીગમ્ય પ્રદેશો પોતાનું સર્વકાળનું કેવળીગમ્યપણું પામે છે. શ્રી પ્રભુ એ જીવના રુચક પ્રદેશમાં રહેલું જ્ઞાન એના કેવળીગમ્ય પ્રદેશોને આપી વિનયનું ઉત્તમોત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

શ્રી અરિહંતપ્રભુ કેવળીગમ્ય પ્રદેશોની જીવને પ્રાપ્તિ કરાવ્યા પછી પણ તેને સાથ આપવાનું છોડી દેતા નથી. પરંતુ એ કેવળીગમ્ય પ્રદેશો દ્વારા કેવળીપ્રભુના સાથને સક્રિય કરવા માટે એક અતિગુપ્ત છતાં અતિ ગંભીર પ્રક્રિયા તેઓ કરે છે. આ પ્રક્રિયાનું સ્થૂળ વર્ણન શાસ્ત્રોમાં જોવા મળતું નથી, પણ તેનું પરોક્ષ ચિત્રણ (વર્ણન) પ્રભુએ ગુપ્ત રીતે ઘણી જગ્યાએ કર્યું છે. શ્રી રાજપ્રભુએ આ પ્રક્રિયાનું વર્ણન 'અપૂર્વ અવસર' કાવ્યની વીસમી કડીમાં કર્યું છે :–

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો."   અપૂર્વ

શ્રી પ્રભુની અસીમ અને અકથ્ય કૃપાના આધારે તથા તેમની આજ્ઞાના સાથથી આ અનુભવ શ્રુતને શબ્દદેહ આપવા અમે પ્રયત્ન કર્યો છે.

આપણે જોયું તે પ્રમાણે શ્રી તીર્થંકર પ્રભુના આઠ કેવળીગમ્ય પ્રદેશોના સાથથી ભાવિ અરિહંત જીવને કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ થાય છે. શ્રી અરિહંત પ્રભુના આઠે કેવળીગમ્ય પ્રદેશો જીવના આઠે રુચક પ્રદેશો તથા ભાવિ કેવળીગમ્ય પ્રદેશોની વચ્ચે આવી, તે બંને પ્રકારના પ્રદેશોની વચ્ચે પરમ સેતુ તથા સેંગુસમાન ભોમિયા બને છે. આ સાથથી જીવના ભાવિના આઠ કેવળીગમ્ય પ્રદેશો સાદિ અનંતકાળ માટે કેવળીગમ્યપણું પામે છે. આ આઠે કેવળીગમ્ય પ્રદેશોએ ભાવિમાં જીવના રુચક પ્રદેશનાં જ્ઞાન તથા અનુભવને અન્ય સર્વ અશુદ્ધ પ્રદેશો સુધી પહોંચાડી, તે સર્વને 'અનુભવગોચર' કરાવવાનાં છે. તેની સાથે ભાવિમાં અન્ય પાત્ર જીવોને આવા જ ઉત્તમ કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ પણ તેમણે કરાવવાની છે. આ કાર્ય કરવા માટે સહજતાએ સમજાય તેવું છે કે જીવના કેવળીગમ્ય પ્રદેશોએ પોતાના જ આઠે રુચક પ્રદેશો સાથે અનુસંધાન તથા વાર્તાલાપ કરવાની શક્તિ તેમજ સિદ્ધિ મેળવવી જરૂરી છે. એ પ્રદેશોને જે કેવળીગમ્યપણું પ્રાપ્ત થયું છે તે શ્રી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોના પ્રત્યક્ષ સાથથી જ મળ્યું છે. આવો પ્રત્યક્ષ સાથ કોઈ પણ જીવને સદાકાળ માટે મળતો નથી, મળી શકતો નથી. થોડા જ કાળમાં એ સાથ પરોક્ષ થઈ જાય છે. તેથી તે જીવના આઠે કેવળીગમ્ય પ્રદેશોએ એ પરોક્ષ સાથને રૂપાંતરિત કરી, પોતાના રુચક પ્રદેશો સાથે પ્રત્યક્ષ બનાવવાનો રહે છે. આ ભાવનું વર્ણન આપણને શ્રી રાજપ્રભુ રચિત 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની નીચેની કડીઓમાં જોવા મળે છે.

"સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ,
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ." ૯


"આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ,
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ." ૧૦

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર." ૧૧

"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યા વણ ઉપકાર શો, સમજ્યે જિન સ્વરૂપ." ૧૨

આ પ્રક્રિયામાં શ્રી અરિહંત પ્રભુના આઠે કેવળીગમ્ય પ્રદેશો જીવના રુચક પ્રદેશોનો એક ગોળો (concentric circle) કરે છે. એ રુચક પ્રદેશના વર્તુળની બહારની ધાર પર પોતે પોતાના કેવળીગમ્ય પ્રદેશોનું એક બીજું ગોળ વર્તુળ બનાવે છે. અને અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોની બહારની ધાર ઉપર જીવના કેવળીગમ્ય પ્રદેશોનો ગોળાકાર રચાય છે. આ રચનાની આકૃતિ નીચે મુજબ થાય છે.

શ્રીપ્રભુ કરુણા કરી આપણને સમજાવે છે કે, શ્રી અરિહંત પ્રભુના આઠે કેવળીગમ્ય પ્રદેશો બે બાજુવાળા ગુંદરનું કામ કરે છે. તેઓ અંદરની બાજુમાં, આઠ રુચક પ્રદેશોની વીતરાગતાને યોગ્ય રૂપે ધારણ કરી, પોતાની પૂર્વકૃત



સ્પૃહાની નિર્જરાર્થે આકાર આપે છે; અને બહારની બાજુમાં જીવના કેવળીગમ્ય પ્રદેશોને યોગ્ય સ્પૃહા સહિતની વર્તના કરી, ભાવિના પુરુષાર્થ માટે તેમાં પરમ વીતરાગરસ પૂરી, બહારની ધાર ઉપર જીવના કેવળીગમ્ય પ્રદેશોનો ગોળાકાર રચાવે છે. આ પ્રક્રિયા જ્યારે પૂર્ણ થાય છે ત્યારે શ્રી અરિહંત પ્રભુના આઠે કેવળીગમ્ય પ્રદેશો શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી, સ્વચ્છંદ વગર, વચ્ચેના ભાગમાંથી એકી સાથે સરકી (નીકળી) જાય છે, અને પ્રભુમાં સમાઈ જાય છે. નીકળતી વખતે એ પ્રદેશો વીતરાગતાના તથા કેવળજ્ઞાન પછી આવતી પરમાર્થ સ્પૃહાના પરમાણુઓ દાનરૂપે કેવળીગમ્ય પ્રદેશોમાં મૂકે છે. પોતે જીવના કેવળીગમ્ય પ્રદેશોની બહારની ધાર પર જઈ એમને ધક્કો મારે છે. આ પરમાણુઓ જીવના કેવળીગમ્ય પ્રદેશોને તથા રુચક પ્રદેશોને યોગ્ય પંચાસ્તિકાય આપી બંનેનું મિલન કરાવે છે. આ મિલનથી જીવના આઠ કેવળીગમ્ય પ્રદેશો તથા રુચક પ્રદેશોને એકબીજા સાથે વાર્તાલાપ કરવા માટે યોગ્ય ઓળખાણ થાય છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની નીચે જણાવેલી કડીઓમાં આ પ્રક્રિયાનું વર્ણન છે તે આપણે પ્રભુકૃપાથી તથા આજ્ઞાથી જાણીએ.

"રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ." ૧૫

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયેઃ બમણો થાય." ૧૬

"સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ." ૧૭

"માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય,
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય." ૧૮

(૧) આપણે અહીં જાણ્યું તે પ્રમાણે શ્રી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો ભાવિ તીર્થંકર જીવને શિવ બનવા માટે કેવળીગમ્ય પ્રદેશોની અપૂર્વ ભેટ આપી, અકથ્ય અને અવર્ણનીય ઉપકાર કરી સાથ આપે છે. આવા કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ થકી, રુચક પ્રદેશોની અપેક્ષાએ જણાતી અક્રિયતાને સક્રિય થવાનું નિમિત્ત મળે છે. અને અન્ય અશુદ્ધ પ્રદેશોને રુચક પ્રદેશો જેવી શુદ્ધિ તથા સિદ્ધિ મેળવવાનું અપૂર્વ સાધન થાય છે. આનાથી થતી ક્રિયાનો વિચાર કરતાં આપણને સમજાય તેમ છે કે એ પ્રવૃત્તિ અપેક્ષાએ ગુરુશિષ્યના ઉત્તમ સંવાદ રૂપે થાય છે; જેમાં રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો ગુરુસ્થાને છે, તથા અશુદ્ધ પ્રદેશો શિષ્યના સ્થાને છે. આમાં કેવળીગમ્ય પ્રદેશો ગુરુના બોધની વાણીના માધ્યમનું કાર્ય કરે છે. અપૂર્વ એવી આત્મિક સિદ્ધિનાં કાર્યને સફળ કરવા માટે, શ્રી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો તરફથી જીવના રુચક પ્રદેશોને કેવળીગમ્ય પ્રદેશોની ભેટ મળે છે. આ ભેટની અનિવાર્યતાને લક્ષમાં લેવાથી, પ્રભુ તરફના અહોભાવ તથા આભારભાવની લાગણી આપણામાં ઉછળી ઉછળીને તેનું વેદન આપણને કરાવે છે.

(૨) આ ભાવને આધારરૂપ થાય તેવી ભેટ જીવના રુચક પ્રદેશો શ્રી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોને આપે છે. આ ગુપ્ત રહસ્ય અતિ અતિ ગુપ્ત તથા ગંભીર છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી આ રહસ્યને અમે શબ્દદેહ આપીએ છીએ.

જીવના રુચક પ્રદેશો શ્રી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોને સિદ્ધ પર્યાયનું વેદન, વેદનની પરિભાષામાં આપી, અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોને યોગના જોડાણથી મુક્ત કરવા માટેનાં ગૂઢ રહસ્યો તથા શ્રુત અનુભવ આપી વિનયની પરાકાષ્ટાનું ઉત્તમ ઉદાહરણ સિદ્ધ કરે છે. આ વિશેનું વર્ણન 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ઓગણીસમી તથા વીસમી કડીમાં આપણને જોવા મળે છે.

"જે સદ્‌ગુરુ ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન." ૧૯

અહીં અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો અને જીવના કેવળીગમ્ય પ્રદેશો જીવના રુચક પ્રદેશના શિષ્ય છે, અને જીવના કેવળીગમ્ય પ્રદેશો અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશના શિષ્ય થાય છે. જીવના રુચક પ્રદેશ પાસેથી અરિહંત પ્રભુના કેવળીગમ્ય પ્રદેશો સિદ્ધ પર્યાયનું વેદન મેળવે છે એ અપેક્ષાએ તેઓનું શિષ્યપણું છે, અને તેઓ પોતાના જ્ઞાન તથા કલ્યાણભાવનો ધોધ જીવના કેવળીગમ્ય પ્રદેશોને આપે છે તે અપેક્ષાએ તેમનું ગુરુપણું અને જીવના પ્રદેશોનું શિષ્યપણું છે, સમગ્ર આત્માની અપેક્ષાએ કેવળીગમ્ય પ્રદેશ મેળવતો જીવ અજ્ઞાની હોવાથી, આ કડીની સાર્થકતા આપણને સમજાય તેમ છે.

"એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ,
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય." ૨૦

ઉપર પ્રસિદ્ધ થયો છે તેવો વિનયનો સૂક્ષ્મ માર્ગ વીતરાગ ભગવંતે પ્રભુના કેવળીગમ્ય પ્રદેશોના આચરણથી આપણને સમજાવ્યો છે. આ માર્ગનો મૂળ હેતુ કે રહસ્ય શું છે તે તો કોઈ સદ્‌ભાગી જીવ જ સમજી શકે છે. આ સમજણને લક્ષમાં લઈ જીવના કેવળીગમ્ય પ્રદેશો અન્ય અશુદ્ધ પ્રદેશોને શુદ્ધ તથા સિદ્ધ કરવા પૂર્ણાતિપૂર્ણ કલ્યાણનાં પરમાણુઓ કેવી રીતે સર્જે છે, અને તેમાં શ્રી પંચપરમેષ્ટિ ભગવંતનો શું ફાળો હોય છે, તે આપણે વિચારીએ.

શ્રી અરિહંત પ્રભુ કલ્યાણનાં પરમાણુઓનું દાન આપતી વખતે તેમાં ૐ ધ્વનિનાં માધ્યમથી ધર્મનાં સનાતનપણાનાં તથા મંગલપણાનાં ઉત્કૃષ્ટ રૂપને સર્જે તેવાં સામર્થ્ય અને શક્તિ પૂરે છે. આવો ૐરૂપ કલ્યાણનો ધોધ શ્રીપ્રભુ તરફથી ગણધર પ્રભુના પ્રશ્નના ઉત્તરરૂપે વહે છે. કલ્યાણનાં આ પરમાણુઓ માત્ર ગણતરીના સમયમાં જ શ્રી ગણધર પાસે પહોંચી જાય છે.

ગણધરજીને એમનાં પદના ઉદય સાથે નિયમથી પહેલાં ચાર જ્ઞાન વિપુલતાએ પ્રગટયાં હોય છે. તેથી ગણધરજી મન:પર્યવજ્ઞાનના આધારે પુદ્‌ગલની આ ગૂંથણીને જાણે છે. સાથે સાથે પોતાના કલ્યાણભાવનાં પરમાણુઓની ગૂંથણીને અને તેમાં રહેલી ખામીને પણ ઓળખે છે. આ બંને પ્રકારનાં પરમાણુઓમાં જે ભિન્નતા રહેલી છે તેને મિટાવી અભેદપણું પ્રગટાવવા માટે ગણધરજીમાં અપૂર્વ ભૂમિકાવાળા ચાર ગુણોની રચના થાય છે. આ ચાર ગુણો છે સરળતા, ભક્તિ, વિનય અને આજ્ઞા. આ ચારે ગુણોને શ્રી પ્રભુ પોતાના ૐ ધ્વનિના માધ્યમથી તેમને આપે છે; તેમાંથી ઉત્તમ શબ્દદેહની રચના પણ પ્રભુનાં અખૂટ વીર્યના સાથ તથા નિમિત્તથી પ્રગટ થાય છે. શ્રી પ્રભુ તરફથી કલ્યાણનાં જે પુદ્‌ગલ પરમાણુઓનો ધોધ આવે છે, તેની રચનાને અપૂર્વ ધ્યાનથી નિહાળતાં ગણધરજીને સમજાય છે, કે એમાં ધર્મનાં સનાતનપણાનાં તથા મંગલપણાનાં યોગ્ય સમતોલનવાળાં પુદ્‌ગલની ગોઠવણી થયેલી છે. એ ગોઠવણી પાંચ સમવાય, સર્વ નય તથા અનેકાંતવાદની લાક્ષણિકતાથી વિભૂષિત થયેલી હોય છે. આ સમજણ આવતાંની સાથે ગણધરજીને પોતાના છદ્મસ્થ આત્માથી ઉપજતી કલ્યાણની પુદ્‌ગલ ધારામાં પ્રભુનાં પરમાણુઓની અપેક્ષાએ ઘણી ઘણી ખામીઓ દૃષ્ટિગોચર થાય છે. આવા દાતાર તથા યાચક વચ્ચેનાં અંતરની (તફાવતની) જાણકારી આવવાથી, ગણધરજીના પ્રત્યેક અશુદ્ધ પ્રદેશમાં પ્રભુ પ્રતિની ઉત્તમ ભક્તિનો ફુવારો વેદાય છે. આવી ઉત્તમ ભક્તિ ઉદ્‌ભવ પામવાથી શ્રીપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓને આવકારવા માટે સરળ, સુગમ તથા સર્વોત્કૃષ્ટ સેતુ સર્જાય છે; જેમાં શ્રીપ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓમાંથી ધર્મનાં સનાતનપણાનો ભાગ અલગ થઈ વેગથી પહેલાં આવે છે, આ પરમાણુઓનાં સનાતનપણાના ભાગનો સ્પર્શ થવાથી તેમને (ગણધરને) પ્રભુ તરફથી આવેલી આજ્ઞા પણ સમજાય છે, કે ઉત્તમોત્તમ કલ્યાણનાં પરમાણુઓમાં ઉત્કૃષ્ટ પૂર્ણાતિપૂર્ણ ધર્મનું સનાતનપણું તથા મંગલપણું હોવું અનિવાર્ય છે. આ ભક્તિપ્રેરિત આજ્ઞાથી ગણધરજી પોતામાં

વેદાતા ધર્મનાં મંગલપણાના ભાવમાં શ્રી પ્રભુનાં ધર્મનાં સનાતનપણાનાં પરમાણુઓ બીડે છે. આ બંને આવશ્યક ભાવનું મિલન થતાં ગણધરજીને લક્ષ થાય છે કે ધર્મનાં સનાતનપણાની પવિત્રતાની તુલનામાં ધર્મનાં મંગલપણાનો ભાગ નબળો છે. પોતાની મંગલપણાની આ ઓછપને પૂરવા તેઓ પોતાના સરળતાના ગુણથી શ્રીપ્રભુનાં મંગલપણાનાં કલ્યાણનાં પરમાણુઓ, પોતાનાં કલ્યાણનાં પરમાણુઓની રચનામાં બીડે (ઉમેરે) છે. આ પરમાણુઓ એકઠા થવાથી ગણધરજીને 'આજ્ઞા'ના ગુણ દ્વારા સમજાય છે કે મંગલપણાનો પૂર્ણાતિપૂર્ણ લાભ સર્વ છદ્મસ્થ તથા પૂર્ણ પરમેષ્ટિમાં રહેલો છે. અત્યાર સુધીનાં કલ્યાણનાં પરમાણુઓનાં સર્જનમાં પૂર્ણનો ભાગ પૂર્ણ હોવા છતાં, છદ્મસ્થનો ભાગ તો અપૂર્ણ જ છે. તેથી યોગ્ય વિનયના ગુણ દ્વારા એ સક્રિય પરમાણુઓના સ્કંધમાં ગણધરજી અરિહંતપ્રભુ તથા પોતાનાં પરમાણુઓમાં આજ્ઞાપ્રેરિત આજ્ઞા, આજ્ઞાપ્રેરિત વિનય, આજ્ઞાપ્રેરિત ભક્તિ તથા આજ્ઞાપ્રેરિત સરળતાનું સિંચન કરી એ સ્કંધને આચાર્યજી પાસે ઉપયોગ કરવા મોકલે છે.

આચાર્યજી એ વિનયગુણને પુરુષાર્થની મુખ્ય ભૂમિકારૂપ ધ્રુવકાંટો બનાવ્યો હોય છે. તેથી તેઓ આજ્ઞારૂપ વિનયને તરત જ ઓળખી જાય છે. વળી, ગણધરજીની આજ્ઞા હોવાથી તેઓ તેમાંના યોગ્ય ભાગનો ઉપયોગ કરી વિના પ્રમાદે પોતાનાં મંગલપણાના ભાવનું રોપણ એ કલ્યાણના સ્કંધમાં અંતર્મુહૂર્તમાં જ કરે છે. એ સ્કંધને તેઓ આજ્ઞાપ્રેરિત આજ્ઞાથી ઉપાધ્યાયજી પાસે મોકલે છે.

શ્રી ઉપાધ્યાયજીના પુરુષાર્થની મુખ્ય ભૂમિકા 'ભક્તિ' છે. તેથી તેઓ એ સ્કંધમાં 'આજ્ઞાપ્રેરિત ભક્તિ'ને જોઈ, અતિ વેગપૂર્વક ગણધરજી તથા આચાર્યજીની આજ્ઞાને ઓળખી તે સ્કંધનો ઉપયોગ કરી, તેમાં પોતાનો મંગલપણાનો ભાવ રોપે છે. શ્રી ઉપાધ્યાયજી આજ્ઞાપ્રેરિત આજ્ઞાથી વેગપૂર્વક અંતર્મુહૂર્તમાં જ એ કલ્યાણના સ્કંધને સાધુસાધ્વીજી પાસે મોકલે છે.

સાધુસાધ્વીજીનો પુરુષાર્થ સદાય સરળતાના મિનારા પર ટકેલો હોય છે. જ્યારે તેઓ આવતા સ્કંધમાં આજ્ઞારૂપી સરળતાને ભાળે છે, ત્યારે તેઓ અતિ વેગથી એ સ્કંધને અનુભવી પોતાનાં મંગલપણાના ભાવ એ પુદ્‌ગલસ્કંધમાં માત્ર અંતર્‌મુહૂર્તમાં રોપી દે છે. આ સ્કંધને તેઓ આજ્ઞાપ્રેરિત આજ્ઞાથી ઉપાધ્યાયજી તરફ મોકલે છે, સાથે સાથે તેની યથાર્થતા વિચારી, તેમાં કોઈ ખામી રહી ગઈ હોય તો તે પૂરવા માટે વિનંતિ કરે છે.

શ્રી ઉપાધ્યાયજી એ સ્કંધને પૂર્ણ સરળતાવાળા મંગલપણાથી વિભૂષિત કરી, આજ્ઞાપ્રેરિત આજ્ઞાથી આચાર્યજી પાસે મોકલે છે; જેથી તેઓ એ સ્કંધમાં પૂર્ણાતિપૂર્ણ સરળતા તથા ભક્તિનું રોપણ કરી શકે. આજ્ઞાપ્રેરિત આજ્ઞાથી એ કાર્ય કર્યા પછી, આચાર્યજી આજ્ઞા પ્રેરિત આજ્ઞા દ્વારા એ સ્કંધને પ્રમાણપત્ર મેળવવા માટે ગણધરજી પાસે મોકલે છે. ગણધરજી પુદ્‌ગલના એ સ્કંધને પૂર્ણ સરળતા, ભક્તિ તથા વિનયથી વિભૂષિત કરી, ભાવને સમ કરી, શ્રી અરિહંત પ્રભુ પાસે સમય સમયની આજ્ઞાનું, વિનયનું, ભક્તિનું તથા સરળતાનું પૂર્ણાતિપૂર્ણ રોપણ કરવા મોકલે છે. શ્રી અરિહંત પ્રભુ એ સ્કંધમાં યોગ્ય રોપણ કરી, પૂર્ણાતિપૂર્ણ સક્રિય આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગનાં કલ્યાણનાં પરમાણુરૂપે તે સ્કંધ જગતને ભેટ આપે છે. આ સર્વ પ્રક્રિયા માત્ર અંતર્‌મુહૂર્ત કાળમાં જ થાય છે, જેથી સર્વ પંચપરમેષ્ટિનું વીર્ય સક્રિય જ રહે છે. આ ક્રિયા માર્ગને શ્રીપ્રભુ 'સક્રિય આજ્ઞામાર્ગ પ્રેરિત, કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગ' તરીકે ઓળખાવે છે.

## આત્મસિદ્ધિ શાસ્ત્ર

જગતના જીવો પર પરમ કરુણા કરી, આ આજ્ઞામાર્ગનું અજોડ નિરૂપણ કરતી આત્માની સિદ્ધિને વરવાની ચાવી બતાવનાર 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' ની રચના શ્રી રાજપ્રભુએ સં. ૧૯૫૨ના આસો વદ એકમે નડિયાદ શહેરમાં કરી હતી.

એમાં થયેલા આ માર્ગનાં નિરૂપણની દૃષ્ટિએ આપણે આ શાસ્ત્રની વિચારણા કરીએ. આ શાસ્ત્રમાં મંગલાચરણરૂપ પહેલી કડી છે :–

'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.' ૧

જીવને આત્માનું મૂળભૂત સ્વરૂપ સમજાયું નહોતું ત્યાં સુધી તે આ સંસારમાં રખડતાં રખડતાં અનંત પ્રકારનાં દુઃખ ભોગવતો હતો. આવા જીવ પર શ્રી સદ્‌ગુરુએ પરમ કૃપા કરી અને તેને મૂળપદની સમજણ આપી, અને તેને પરિભ્રમણનો અંત લાવવાનો ઉપાય બતાવ્યો, તે માટે કરુણાના કરનાર એવા શ્રી સદ્‌ગુરુ ભગવંતના પદમાં – ચરણમાં કર્તાએ વંદન કર્યા છે.

સંસારના ચક્રવ્યુહમાં ફસાઈને સતત દુઃખનું વેદન કરતા જીવો પર અપરંપાર કરુણા કરનાર, તેમના માટે બળવાન કલ્યાણભાવ વેદી 'સર્વ જીવ કરું શાસનરસિ'ના ભાવને સાકાર કરનાર, ચૌદપૂર્વના સારભૂત કથન 'ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર'ને સ્વપર અનુભવગમ્ય કરાવનાર, જગતપિતાનું બિરુદ ધરાવી તીર્થ પ્રવર્તાવે છે એવા સદ્‌ગુરુ ભગવંત શ્રી અરિહંત પ્રભુને નિજપદની અનુભૂતિ કરાવવા માટે વંદના કરી શ્રી રાજપ્રભુ આ મહાગ્રંથની રચના કરવા મંગલાચરણની કડીમાં આશીર્વાદ માગે છે.

આ કડીનો અભ્યાસ કરતાં જણાય છે કે શ્રી રાજપ્રભુએ કર્મનો એક ઉત્તમ સિદ્ધાંત આ કડીમાં ગૂઢતાથી સમાવ્યો છે. એમની જ કૃપાથી તથા આજ્ઞાથી એને અમે શબ્દસ્વરૂપ આપીએ છીએ. આ પૂર્વે આપણે જાણ્યું છે કે અંતરાય કર્મ તથા વેદનીય કર્મ આઠે કર્મો સાથે જોડાયેલાં છે. જીવ અંતરાય કર્મ પોતાના વિભાવભાવને કારણે બાંધે છે, તેનાથી જીવ પોતાના આત્મામાં રહેલાં અનંત વીર્યનો અસ્ખલિત અનુભવ કરી શકતો નથી. વીર્યહીનતાનું આવું વેદન જીવને દુઃખી કર્યા કરે છે. દુઃખનાં આવાં વેદનને લીધે જીવ કષાયરૂપ ચારિત્રમોહ તથા મિથ્યાદર્શનરૂપ દર્શનમોહની સહાયથી સંસારના રૂપી પદાર્થો પર રાગ તેમજ દ્વેષ

કરી, સુખબુદ્ધિની લાગણી અનુભવી, તથા હિંસાદિ પ્રવૃત્તિ કરી પોતાના માટે દુઃખોની વણજાર ઊભી કરે છે. આવા અજ્ઞાનના મહા ઉદય દ્વારા જીવ પરિષહ અને ઉપસર્ગ સહન કરતા કરતા પોતાના તથા પરના આત્મા સંબંધી નવી અંતરાય બાંધતો રહે છે. તે ઉપરાંત, સંસારના અન્ય જીવો સાથે અને કોઈકવાર શુદ્ધ થતા આત્મા સાથે વેર બાંધી અનંત પ્રકારનાં દુઃખોનો કર્તાભોક્તા થાય છે.

સંસારની આવી ભયંકર માયાજાળથી જીવને છોડાવવા માટે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ એક અતિ ગુપ્ત માર્ગનું નિરૂપણ કરે છે. અને તેને પંચામૃતરૂપ અમૃતનું દાન આજ્ઞાધીનપણે કરે છે. એ માર્ગને શ્રી રાજપ્રભુએ ‘આત્મસિદ્ધિ શાસ્ત્ર’માં સમાવ્યો છે. આ માર્ગમાં જીવે આત્માને કેવી રીતે પામવો, શુદ્ધ કરતા જવો, પૂર્ણ કરવો તથા છેવટે સિદ્ધ કરવો તેની મુખ્ય પદ્ધતિ તથા પ્રક્રિયા જણાવી છે. આ પ્રક્રિયાને સાધક જીવ પંચપરમેષ્ટિ પ્રભુની સહાયથી, આજ્ઞાથી તથા વેદનથી સુલભ બનાવી શકે છે. તે વિશેની બાંહેધરી પણ તેમણે આ શાસ્ત્રમાં આપી છે. આ સાથે જીવની અંતરંગ ચર્યામાં તેના રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો કેવી રીતે આંતરશૈલી દ્વારા બાહ્યશૈલીમાં રાચતા જીવના સ્થૂળ શુભ અને શુદ્ધ ભાવને પ્રકાશિત કરે છે તેની સમજણ પણ તેઓએ આ શાસ્ત્રમાં ગૂંથી લીધી છે. એને શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી સક્રિય સ્થૂળરૂપ આપવાનો અમે અહીં પ્રયત્ન કર્યો છે.

‘વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય’. ૨

આવો અદ્‌ભુત મોક્ષમાર્ગ વર્તમાનકાળમાં લગભગ લુપ્ત થઈ ગયો છે, છૂપાઈ ગયો છે. તેથી આત્માર્થી જીવને તેની વિચારણા કરવા અહીં ખુલ્લી રીતે જણાવ્યો છે, જે વિચારતાં તે સ્વરૂપને અભિમુખ થઈ શકે.

વર્તમાનકાળમાં – હાલના કાળમાં શુદ્ધ મોક્ષમાર્ગની ખૂબ દુર્લભતા બતાવી કર્તા ધર્મદુર્લભ ભાવના દર્શાવે છે. ધર્મની અતિ દુર્લભતાવાળા આ પંચમ

હુંડાવસર્પિણી કાળની અભિવ્યક્તિ કરતાં તેઓ એક ગુપ્ત વાત પ્રગટ કરે છે કે આ કાળમાં અંતરાય કર્મનું પ્રાબલ્ય ઘણું વધારે હોવાથી મોક્ષમાર્ગને ઓળખવો તથા જાણવો એ ખૂબ જ કપરું કાર્ય થઈ પડયું છે. હવે તો માનવતા, શ્રુતિ, શ્રદ્ધા અને શ્રમ એ ચારેનાં ચતુરંગીયપણાની ઉત્તરોત્તર વિશેષ વિશેષ દુર્લભતા જોવા મળે છે.

આ હકીકતને અંતરંગ આત્મા પ્રતિ વાળીએ તો સમજાય છે કે આ કાળમાં અંતરાય કર્મનાં પ્રબળ જોરને કારણે જીવના આત્મપ્રદેશો કર્મનાં પરમાણુઓથી વિશેષ પ્રમાણમાં લદાયેલાં રહે છે. તેના પ્રભાવથી જીવના અશુદ્ધ પ્રદેશો સ્વદોષ કરતાં પરદોષની શરણાગતિ સ્વીકારીને કષાયરૂપ મોહ તથા અન્ય કર્મના કર્તાભોક્તા થાય છે. તે કારણે જીવના અશુદ્ધ પ્રદેશો ચતુરંગીયનું પાન કરવામાં ઘણી દુષ્કરતા અનુભવે છે. પરિણામે તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિની દુર્લભતા વધતી જાય છે. માર્ગની દુર્લભતાનું વેદન થવાથી, શ્રી રાજપ્રભુના કેવળીગમ્ય પ્રદેશો પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી, તેમનાં (પંચપરમેષ્ટિનાં) કલ્યાણનાં પરમાણુઓને અલ્પ ઉપયોગના કારણે સક્રિયમાંથી અક્રિય થતાં અટકાવવા માટે તથા આત્માર્થી જીવનાં કલ્યાણ માટે મોક્ષમાર્ગ પ્રકાશે છે. આ ભાવની સફળતા થાય તો જ આ કાળનું હુંડાવસર્પિણીપણું ઘટતું જાય, અને તેમનું કલ્યાણકાર્ય માત્ર આ ભરતક્ષેત્રમાં જ સીમિત ન રહેતાં ઐરાવત, મહાવિદેહ, આદિ ક્ષેત્રમાં પહોંચી ધર્મનાં સનાતનપણાને તથા મંગલપણાને સિદ્ધ કરે. તેમનો આ ભવ્ય પુરુષાર્થ તેમનાં ભાવિ તીર્થપદની આપણને આગાહી તથા સાક્ષી આપે છે. વળી, આ પ્રક્રિયાથી તેમનો આત્મા સક્રિય આજ્ઞાપ્રેરિત કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગ પર છદ્મસ્થ તેમજ પૂર્ણ અવસ્થામાં ચાલવાની ભાવના કરે છે, તે આપણને અહીં જણાઈ આવે છે.

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ. ૩

માર્ગની દુર્લભતાના આ કાળમાં કેટલાક જીવો બાહ્ય ક્રિયાને જ મહત્ત્વ આપનારા ક્રિયાજડ બન્યા છે, તો કેટલાક જીવો માત્ર પોપટિયા જ્ઞાનમાં રમી શુષ્કજ્ઞાની રૂપે પ્રવર્તે છે, તેમ છતાં તેઓને પોતે મોક્ષનો માર્ગ આરાધે છે તેવી માન્યતામાં રમી રહેલ જોઈ કર્તાનાં અંતરંગમાં ખૂબ જ કરુણા વ્યાપી ગઈ છે.

શ્રી રાજપ્રભુની ધર્મને સનાતન કરવાની તથા વર્તમાન કાળમાં મંગલ કરવાની ઉત્તમ ભાવના આ કડીમાં આપણને સ્પષ્ટપણે જોવા મળે છે. આ લોકમાં ધર્મ પામવા તથા મોક્ષ મેળવવા માટે અનેક માર્ગો પ્રસિદ્ધ છે. તેમાં શ્રીપ્રભુએ ક્રિયામાર્ગને પણ મોક્ષ મેળવવાના એક માર્ગ તરીકે ગણાવ્યો છે. ક્રિયામાર્ગમાં બાહ્યક્રિયાથી શરૂ કરી અંતરના ભાવ સુધી પહોંચવામાં એ માર્ગનું હાર્દ સમાયેલું છે. તેમ છતાં ઘણા જીવો એ ક્રિયાકાંડમાં, બાહ્યક્રિયાનાં સાધનોમાં જડતાને અનુભવી અંદરનાં ચેતનત્વને જ ભૂલી જાય છે. આવા જીવો અવળા તથા અયોગ્ય ભાવો કરીને જે પરમાણુઓ છોડે છે તે પરમાણુઓ અન્ય જીવ ગ્રહણ ન કરે ત્યાં સુધી આ લોકમાં ફરતા જ રહે છે. વિભાવભાવમાં રહેલો જીવ ક્રિયાની જડતાને સમ્મત કરી, મોટાભાગે પોતાના વિભાવને અનુકૂળ થતા પરમાણુઓ પોતાના અશુદ્ધ પ્રદેશો પર સંચિત કરે છે. આ પરમાણુઓ તેના આત્માની સિદ્ધિ માટે બાધા રૂપ બની તેને મિથ્યાત્વની જડતાનો અનુભવ કરાવે છે, સાથે સાથે તેને કષાયી બનાવી, વિશેષ અશુભ આશ્રવ કરાવ્યા કરે છે.

એ જ રીતે જ્ઞાનમાર્ગને પણ શ્રી પ્રભુએ મોક્ષ મેળવવાના એક સાધન તરીકે ઓળખાવ્યો છે. તે માર્ગમાં જીવે શ્રુત મેળવીને તેનો અનુભવ કરવાનો હોય છે. ઘણીવાર, જીવ એ શ્રુત લેતી વખતે આંતર અનુભવને ગૌણ કરી કે ભૂલી જઈને માત્ર શ્રુતજ્ઞાનનો ઉપદેશ લઈ તથા આપી, તેમજ શાસ્ત્રાભ્યાસને જ મહત્ત્વ આપી, માનાદિ કષાયમાં વર્તી સ્વપર અકલ્યાણની પ્રવૃત્તિમાં જઈ બેસે છે. આવા વિભાવભાવથી સર્જાયેલા પરમાણુઓ લોકમાં ફરતા રહે છે. જીવના અશુદ્ધ પ્રદેશોએ આવા પરમાણુઓ અજ્ઞાનની કોઈ ભૂમિકાના ભાવ કરતી

વખતે એકઠા કર્યા હોય છે. જો આ પરમાણુઓ વિપાક ઉદયથી ભોગવવાના આવે તો તેઓ જીવની સમ્યક્ સમજણને કષાયરૂપી નાગનાં ઝેરથી કલંકિત કરી નાખે છે. જીવને જ્યારે ખરા અંતઃકરણથી આત્માની સિદ્ધિ કરવાના ભાવ જાગે છે, ત્યારે તેના કેવળીગમ્ય પ્રદેશો શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓની પાસે એવું વર્તન કરાવે છે કે જેથી આવાં ક્રિયાજડત્વવાળાં તથા શુષ્કજ્ઞાનનાં વિષમ પરમાણુઓ વિપાક ઉદયને બદલે પ્રદેશોદયથી ભોગવાઈને ખરી જાય છે. કેવળીગમ્ય પ્રદેશો આ પરમાણુઓને જોઈ, તેની વિપરીત પર્યાયોને જાણી, તેનું જીવાત્માને ખોટા માર્ગે દોરવાનું સામર્થ્ય જાણી, તેની ઊંધી અસરથી જીવને બચાવવા, કરુણાસભર બની યથાર્થ મોક્ષમાર્ગને (આત્માની સિદ્ધિના માર્ગને) શબ્દદેહ આપવા પ્રેરણા આપે છે. આવા કરુણામય કેવળીગમ્ય પ્રદેશોની ઓળખાણ કરાવનાર તથા આવી ગૂઢ વાતોને સાદા સ્થૂળ શબ્દો દ્વારા વ્યક્ત કરવાનો ઉપકાર કરનાર શ્રી રાજપ્રભુનું ઋણ આપણા પર સદાય માટે રહેશે.

બાહ્યક્રિયામાં રાચતાં, અંતર્ભેદ ન કાંઈ;<br>
જ્ઞાનમાર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આંહી. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;<br>
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી. ૫

જેઓ માત્ર બાહ્યથી જ ક્રિયાઓ કરીને પોતે મોક્ષમાર્ગ આરાધે છે તેવી ભ્રમણામાં રાચે છે, અંતરંગમાં દેહથી ભિન્નતાનો કોઈ અનુભવ તેને હોતો નથી, જે જ્ઞાનમાર્ગનો નિષેધ કરે છે વગેરે લક્ષણો ધરાવનારને ચોથી કડીમાં ક્રિયાજડ કહ્યા છે.

એવી જ રીતે જેઓ માત્ર વાણી દ્વારા બંધન અને મોક્ષનાં વર્ણન કર્યાં કરે છે, પણ પોતે તો સતત મોહથી ભરેલી પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહે છે તેવા જીવોનો સમાવેશ શુષ્કજ્ઞાનીના પ્રકારમાં કર્યો છે.

આ બંને કડીઓમાં કર્તા 'ક્રિયાજડ' તથા 'શુષ્કજ્ઞાની' જીવની ખાસિયતો વર્ણવે છે. ક્રિયાજડ થયેલો જીવ માત્ર બાહ્યના ક્રિયાકાંડમાં જ ધર્મની સિદ્ધિ થઈ એમ માને છે. તેનું અંતરંગ તો કોરું ને કોરું જ રહે છે, તે ધર્મના ભાવથી ભીંજાતું નથી, પરિણામે તેનું સંસારનું પરિભ્રમણ અટકતું નથી. વળી, ક્રિયાજડ થયેલો જીવ જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ આદિ અન્ય માર્ગોનો નકાર કરે છે, ધિક્કારે છે; તેથી તેવા જીવને પરમાર્થની મોટી અંતરાયો બંધાય છે, અને તેને પરમાર્થનાં અશાતાવેદનીય કર્મનાં ઘણાં બંધન થાય છે.

શુષ્કજ્ઞાની જીવ શાસ્ત્રો મુખપાઠે કરી, નિશ્ચયાત્મક વાણીનો આશ્રય કરી, અન્ય જીવો પાસે પોતાનાં માનપાનને સચવાવી, મોહરાજા આદિ કર્મોની સત્તા તથા શક્તિ વધારે છે. આ કારણથી તે જીવ પરમાર્થની અંતરાય બાંધવા સાથે બળવાન મિથ્યાત્વને સ્વીકારી અનંત સંસારનું પોતાનું પરિભ્રમણ વધારી મૂકે છે.

આત્મસિદ્ધિશાસ્ત્રના રચયિતાએ ક્રિયાજડ તથા શુષ્કજ્ઞાનીનાં લક્ષણો વર્ણવતી આ બે કડીઓમાં એક અતિગુપ્ત રહસ્ય સમાવ્યું છે. એમની જ કૃપાથી તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના સાથથી આ રહસ્યનો વિસ્ફોટ કરવાનું અતિ કઠિન કાર્ય કરવાનો અમે પ્રયત્ન કરીએ છીએ.

જીવના આત્મપ્રદેશો આખા દેહવ્યાપી છે. શરીરનો અમુક ભાગ ક્રિયા કરે છે. અમુક ભાગ તે જ્ઞાનની પ્રાપ્તિ કરે છે. દેહનો જે ભાગ જે જાતનાં કાર્ય કરે છે, તેના અનુસાર જીવ ભાવ કરે છે. જે પ્રકારે જીવ ભાવ કરે છે તે પ્રકારનાં કર્મપરમાણુઓ જીવ આશ્રવે છે. આમ, જીવનાં જે અંગ ક્રિયા કરે છે તે અંગ ક્રિયામાર્ગને અપનાવી ક્રિયાજડનાં પરમાણુઓ ખેંચે છે. આ પરમાણુઓ પૂર્વકાળમાં દૃઢ ક્રિયાવાદીઓએ લોકમાં છોડયાં હોય છે. જીવના પ્રદેશો જ્યારે આવા પરમાણુઓ ગ્રહણ કરે છે ત્યારે, એ પરમાણુઓનો વિભાવરસ એ હીનવીર્ય પ્રદેશોને ક્રિયાવાદ તરફ દોરે છે. તેની આ દોરવણી જીવમાં અન્ય માર્ગ પ્રતિ નકાર વર્તાવે છે.

બીજી બાજુ, મસ્તકાદિ ભાગથી જીવ જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે. વર્તતા વિભાવને કારણે જીવ જ્ઞાનમાર્ગનાં પરમાણુઓ ખેંચે છે. જે તેને શાસ્ત્રના બાહ્યાભ્યાસ તરફ દોરે છે. પરિણામે અંતરમાં તેનું મોહપડળ વિશેષ ઘટ્ટ બની તે જીવને અધોગતિ તરફ લઈ જાય છે. આ બંને અજ્ઞાનમય પાપશ્રમણીય સ્વતંત્રપણે ભયાનક છે. પરંતુ જીવનો આત્મા તો એક જ છે, સળંગ છે. માત્ર જીવનાં સાચા સ્વરૂપને સમજાવવા માટે પ્રભુએ સગવડતા ખાતર તેના પ્રદેશો બતાવ્યા છે. તેથી સ્પષ્ટ થાય છે કે જીવ દેહના અમુક ભાગના પ્રદેશોથી ક્રિયામાર્ગને અને અમુક ભાગના પ્રદેશોથી શુષ્કજ્ઞાનના માર્ગને એકી વખતે આદરે છે. જીવ માટે આ બંને પરસ્પર વિરોધી બાબત છે. તેથી જીવના બે ભાગ વિપરીત માર્ગનું આચરણ કરી, પોતા સાથે જ વેર તેમજ દ્વેષની ભાવના ઉપજાવી, મહાભયાનક અંતરાય તથા મોહનીય કર્મ બાંધે છે. તેની સાથે સાથે તેનું ચક્રવૃદ્ધિ વ્યાજ પણ ભરે છે. અહો! કર્મની કેવી વિચિત્રતા છે! વિભાવનું કેવું અટપટાપણું અને બળવત્તરતા છે! કે જેથી જીવ કોઈ બાહ્ય નિમિત્ત ન હોવા છતાં પણ, પોતાના ધર્મ પુરુષાર્થનાં શુભ કાર્યમાં પણ મહા પાપશ્રમણપણું ભોગવે છે!

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;<br>
તેમજ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન. ૬

સંસારનો વૈરાગ્ય ગ્રહણ કરી જીવ ધર્મમાર્ગ ગ્રહણ તો કરે છે, પરંતુ તેને જો આત્મજ્ઞાનની પ્રાપ્તિ કે પ્રાપ્તિ કરવાનો લક્ષ ન હોય તો, તેનું ધર્મારાધન નિષ્ફળ જાય છે, તે જીવ શુષ્કજ્ઞાની કે ક્રિયાજડ થઇ જાય છે. એટલે કે આત્માને શુદ્ધ કરવાના લક્ષથી જ જો ધર્મ આરાધવામાં આવે તો જ જીવનું વૈરાગ્યાદિ ગ્રહણ કરવું સફળ થાય છે.

આ શાસ્ત્રના રચયિતાએ આ કડીમાં જીવને અનુભવ સહિતનું આત્મજ્ઞાન હોય, અથવા તો એ અનુભવ કરવાના લક્ષથી તેનું ધર્મનું આરાધન થતું હોય

તો જ જીવ શિવ બનવા ભાગ્યશાળી થાય છે, તે સમજાવ્યું છે. આમ, આ કડીમાં તેમણે માર્ગ પર ભાર મૂકવા કરતાં જીવના ભાવ તથા પુરુષાર્થ પર ભાર મૂક્યો છે. સાચું પરિણામ મેળવવા માટે, જીવ ક્રિયામાર્ગ, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ, યોગમાર્ગ આદિ વિવિધ માર્ગથી મુક્તિનો માર્ગ પામી શકે છે તે ચોથી, પાંચમી અને છઠ્ઠી એ ત્રણે કડીઓમાં સમજાવ્યું છે. આત્માની સિદ્ધિ કરવા માટે જીવે કોઈ પણ માર્ગનાં આરાધનમાં વર્તતા વૈરાગ્યને સફળ કરવા માટે અનુભવ સહિતનું આત્મજ્ઞાન મેળવવાનો પુરુષાર્થ કરવો જોઈએ એમ અહીં વ્યક્ત કરાયું છે. આ વિશે વિચારતાં એક ગુપ્ત રહસ્ય પકડાય છે. તે શ્રી પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી અમે પ્રસિદ્ધ કરીએ છીએ.

ઉપર જણાવ્યા પ્રમાણે, જીવના અશુદ્ધ પ્રદેશો પોતાની પ્રવૃત્તિ અનુસાર ક્રિયામાર્ગ, જ્ઞાનમાર્ગ કે અન્ય કોઈ માર્ગનું અનુસરણ કરી, પોતાના પુરુષાર્થ તથા ભાવાનુસાર કર્મ પરમાણુઓને ગ્રહણ કરે છે. આ પરમાણુઓને એકાંત દૃષ્ટિથી જોતાં, તેઓ પરસ્પર વિરોધી જણાય છે. બીજી બાજુ, આપણને એ પણ ખબર છે કે આત્મા તો એક જ છે, પરંતુ તેની યોગ્ય ઓળખાણ કરાવવા માટે પ્રભુએ તેના પ્રદેશરૂપ ભાગ સર્જ્યા છે. વળી, ભાવ તો આખો આત્મા કરે છે, અમુક જ પ્રદેશો ભાવ કરે તેવો કોઈ નિયમ નથી, માટે, જીવ જો આવા વિવિધ પરમાણુઓના જોરથી વિવિધ ભાવો કરતો રહે તો તે સતત કર્મના પાશમાં બંધાયા જ કરે. આ પાશથી છૂટવા માટે કર્તાએ ખૂબ સુંદર રીતે આ કડીમાં વર્ણવ્યું છે કે, જીવના પ્રદેશો ગમે તે માર્ગનું આરાધન કરતા હોય, પણ તેમાં સંસારના નકારની ભાવના – વૈરાગ્ય સાથે આત્મજ્ઞાન મેળવવાની તાલાવેલી હોય તો તેને જરૂર આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે અને અનાદિકાળથી થતી આવતી જીવની ભૂલનો અંત આવે છે.

વૈરાગ્ય ધારણ કરીને જીવે ધર્મનું આરાધન પૂર્વના અનેક ભવોમાં કર્યું છે, પણ તે કરવા પાછળ તેનો હેતુ સંસારની શાતા મેળવવાનો, વર્તતા દુઃખથી છૂટવાનો, વગેરે સંસારીભાવ મુખ્યપણે હતો; તેમાં આત્મશુદ્ધિ કરવાનો ભાવ

મુખ્યતાએ હતો નહિ, તેનું અતિ અતિ ગૌણપણું જ હતું. તેથી જીવ નવ ગ્રેવયેક સુધીની શાતા ભોગવીને પણ સંસારમાં જ રમતો રહ્યો. અને તેણે ધારણ કરેલો વૈરાગ્ય અને તેની આનુષંગિક સર્વ પ્રવૃત્તિ આત્માર્થે નિષ્ફળ ગયા હતા. જીવ જો એક વખત આત્મજ્ઞાનને અને આત્મજ્ઞાન મેળવવાનાં સાધનોને મુખ્યપણું આપી, સંસારીભાવને ગૌણ કરે તો, તેણે ધારણ કરેલાં વૈરાગ્ય, જપ, તપ, ક્રિયા આદિ સર્વ પ્રવૃત્તિ સફળ થાય. આત્મા સ્વસુખ મેળવવા સદ્ભાગી થાય. બીજી રીતે કહીએ તો, સર્વ જુદા જુદા માર્ગે ગ્રહણ કરેલાં પરમાણુઓનો વિરોધ મટાડનાર અને જીવને મોક્ષ પ્રતિ દોરનાર એક આત્મજ્ઞાન જ છે.

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

જે જીવના અંતરમાં ત્યાગ તથા વૈરાગ્ય રમતા નથી, તેને આત્મજ્ઞાન થઈ શકતું નથી. પણ જો જીવ ત્યાગ અને વૈરાગ્યને જ પોતાનાં જીવનનું ધ્યેય સમજીને વર્તે તો તે પોતાનાં સ્વરૂપનું ભાન પણ ભૂલી જાય છે.

શાસ્ત્રકારે આ કડીમાં ગુપ્તપણે મહાસંવર માર્ગની સમજણ મૂકી છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી આ સમજણનું રૂપીપણું આપવાનો અમે પ્રયત્ન કર્યો છે.

આગળની કડીઓમાં જણાવ્યા પ્રમાણે, જીવના અશુદ્ધ પ્રદેશો વિવિધ માર્ગે ભાવના કરતા હોય છે. તે જીવ પોતાના ભાવ અનુસાર કર્મ પરમાણુઓને ખેંચતો રહે છે, અને બંધાતો રહે છે. આવા પરસ્પર વિરોધી પરમાણુઓનાં બંધનથી તથા માર્ગની વિવિધતાથી છૂટવા માટે શ્રીપ્રભુએ વૈરાગ્યભરિત પુરુષાર્થ બોધ્યો છે. આ જ ભાવને વિસ્તારિત કરતા કર્તાએ આ કડીમાં જણાવ્યું છે કે ત્યાગની ભાવના કરી જીવ અશુદ્ધ પ્રદેશો પરથી કર્મ પરમાણુઓને ખેરવે છે, તેમાં વૈરાગ્ય સહિતનો સંસારનો તેનો નકાર આ પ્રક્રિયાને સક્રિય વેગ આપી

પોષે છે. આમ અશુભ પરમાણુઓની નિર્જરા કરવાથી જીવનાં આવરણો ખસતાં જાય છે, અને તેને આત્મજ્ઞાનનું પાન કરવાની સંભાવના વધતી જાય છે.

આ સાથે આ જ કડીમાં સાધક જીવને ચેતવણી અપાઈ છે કે જીવ જો માત્ર ત્યાગ તથા વૈરાગ્યને જ પોતાના પુરુષાર્થનો ધ્રુવકાંટો બનાવે છે તો, એ જીવ નકારાત્મક વલણને આદરી એક સમય માટે ખાલીપાનો (vacuum) અનુભવ કરે છે, આવા ખાલીપાનો જીવને અમુક સમયે અનુભવ થવાથી, તેની પોતાની અનાદિકાળની ટેવના કારણે ફરીથી નવો કર્માશ્રવ ચાલુ થાય છે, અને તેણે પ્રાપ્ત કરેલું જ્ઞાન વિસ્મૃત થઈ જાય છે. આ ત્યાગ તથા વૈરાગ્ય કેળવવાની સાથે જીવ જ્યારે ગુણાશ્રવ કરવાની ભાવના રાખે છે ત્યારે, તેનો પુરુષાર્થ હકારાત્મક વલણ દાખવે છે. પરિણામે તેના અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશો પાસેથી સતત ગુણોનું દાન માગી શકે છે. ગુણોનું આવું દાન આપવાથી, તેના કેવળીગમ્ય પ્રદેશો નવીન પંચપરમેષ્ટિ પરમાણુઓ મેળવવા માટે હકદાર થાય છે, અને તેના થકી જીવની મુક્તિ મેળવવા સુધીની પ્રવૃત્તિ વેગ પકડે છે. આ પ્રક્રિયાનો ઊંડાણથી વિચાર કરતાં આપણને લક્ષ આવે છે કે આ કડીમાં કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગનું હાર્દ ગુપ્તપણે ગોઠવાયેલું છે. અહો! ધન્ય છે શ્રી રાજપ્રભુનું આજ્ઞાધીનપણું! ધન્ય છે તેમનો કલ્યાણભાવ! અને ધન્ય છે તેમનાં જ્ઞાનની વિશાળતા!

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે,આત્માર્થી જન એહ. ૮

આગળની બધી કડીઓનું તારણ કાઢી આ કડીમાં કર્તાએ સમજાવ્યું છે કે દ્રવ્ય,ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ સહિતના પાંચે સમવાય અનુસાર જે જગ્યાએ જે યોગ્ય હોય તે જગ્યાએ તે જ સમજવું. અને તે સમજણ અનુસાર યથાર્થ વર્તન કરવું તે આત્માર્થી જીવનું મુખ્ય લક્ષણ છે. આત્માર્થી એટલે આત્માને શુદ્ધ કરવાની ઇચ્છાવાળો જીવ.

શ્રી જિન વીતરાગ માર્ગનો ધ્રુવકાંટો તથા મૂળ 'આજ્ઞા'માં સમાયાં છે. આજ્ઞાપ્રેરિત જિનમાર્ગ આ લોકમાં સનાતનરૂપે પ્રવર્તે છે. આજ્ઞાનું મૂળ પાંચ સમવાય અનુસાર સરળતા, ભક્તિ તથા વિનયમાં સમાયેલું છે. સત્‌ની આજ્ઞામાં રહેવાથી દાતાર તરફથી જીવને એક રક્ષણ કવચ મળે છે; જે તેને સંજોગ પ્રમાણે રક્ષણ આપ્યા કરે છે.

આપણે અગાઉ જોયું તે પ્રમાણે જીવના આત્મપ્રદેશો પ્રવૃત્તિ અનુસાર જુદા જુદા માર્ગથી પુરુષાર્થ કરે છે. તેને વૈરાગ્યરૂપી તાલીસ (એક પ્રકારની વનસ્પતિ) મુક્તિધામ તરફ પ્રગતિ કરાવે છે. આ જ ભાવની સ્પષ્ટતા કરતાં કર્તા આ કડીમાં વૈરાગ્યરૂપી મુક્તિ તાલીસને રક્ષણ આપનાર આજ્ઞારૂપી કવચનું નિરૂપણ કરે છે.

આજ્ઞાનાં કવચને સફળ કરવા માટે બે પ્રવૃત્તિઓ અગત્યની છે. (૧) જ્ઞાનદર્શનની વિશુદ્ધિ (યોગ્ય સમજણ) અને (૨) ચારિત્રરૂપ પ્રવૃત્તિ.

જીવ જ્યાં સુધી પૂર્ણ શુદ્ધ થતો નથી, ત્યાં સુધી તેના સર્વ અશુદ્ધ પ્રદેશો સ્વચ્છંદ તથા અજ્ઞાનને વશ થઈ વિભાવ કરી કર્મ પુદ્‌ગલોને સતત આશ્રવ્યા કરે છે. આ વિભાવ સમય જેવા ટૂંકા ગાળામાં પર્યાય પામે છે. જીવને સંજ્ઞાના સાધન દ્વારા અસંખ્યાત કે તેથી વધારે સમયના ગાળાનું ભાન રહે છે, તેનાથી અલ્પકાળનું સભાનપણું તેને હોતું નથી. આથી તેના અધવચના કાળમાં તેને જે વિભાવો થાય છે તેને નિઃશેષ કરવા જીવને પૂર્ણના વીતરાગી સાથની જરૂર પડે છે, અને એ સાથથી તે થતા કર્માશ્રવની સમજણ લઈ લે છે. આ સાથે તે પ્રભુની આજ્ઞાનુસાર વર્તન કરી કર્મને નિર્જરાવવા ભાગ્યશાળી થાય છે. કર્તાએ આ પ્રક્રિયાને આ કડીમાં અતિ સુંદર રીતે ગૂંથી લીધી છે. આની સાથે સાથે તેમણે જીવના આત્મપ્રદેશોમાં જુદા જુદા ભાવો ચાલી શકે છે તેનો પૂરાવો (સમયની પર્યાયની અપેક્ષાએ) પણ આપ્યો છે. તે ઉપરાંત આપણને અહીં એ પણ સમજાય છે કે જીવ પાસે તેના આત્મામાં એક એવો વિભાગ પણ હોય છે કે જે એને પ્રદેશોના

કર્મવિપાક તથા સત્તાગત સ્થિતિ અનુસાર સમજણ આપ્યા કરે છે. સદ્‌ભાવી જીવે આ બોધ (સમજણ) ને સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાથી અપ્રમત્ત પુરુષાર્થ સહિત પાળવો કર્તવ્યરૂપ બને છે. આવું કાર્ય કરનાર 'આત્માર્થી' જન તરીકે ઓળખાય છે.

સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯

આત્માર્થી જીવ જો સદ્‌ગુરુનાં ચરણને સેવે છે, અર્થાત્ તેમનાં બોધ તથા તેમની ઇચ્છા પ્રમાણે ચાલે છે અને પોતાની અંગત માન્યતાઓને છોડી દે છે, તે તે પરમાર્થનાં લક્ષને (આત્માને શુદ્ધ કરવાની ઇચ્છાને) પ્રાપ્ત કરે છે, અને તેનાથી તેને પોતાનાં સ્વસ્વરૂપની ઓળખાણ થાય છે.

શ્રી રાજપ્રભુ આ કડીમાં આજ્ઞાનાં મહાત્મ્યને સ્પષ્ટપણે જણાવતાં કહે છે કે, જે જીવ સદ્‌ગુરુરૂપ ભોમિયાનાં ચરણમાં સ્વચ્છંદનો પૂર્ણતાએ ત્યાગ કરી સર્વસ્વ સોંપે છે, અને એકનિષ્ઠાએ તેમને આજ્ઞાધીન થઈ વર્તે છે, તે જીવ આત્માને શુદ્ધ કરવાના માર્ગને – પરમાર્થને પામે છે; અને તેને નિજપદનો અર્થાત્ સ્વસ્વરૂપનો લક્ષ આવે છે, એટલે કે તેને આત્માનાં છએ પદ – આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મનો કર્તા છે, આત્મા કર્મનો ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે – તેનું શ્રદ્ધાન વધવાથી પોતાના પુરુષાર્થનું ધ્યેય (લક્ષ) શું હોવું જોઈએ તે નક્કી થઈ જાય છે.

આ કડીમાં તેમણે પરોક્ષપણે તથા અતિગુપ્તપણે શ્રી સદ્‌ગુરુમાં રુચક પ્રદેશોને તથા કેવળીગમ્ય પ્રદેશોને ગૂંથી લઈ એક અપૂર્વ તથા ગુપ્તમાર્ગ નિરૂપ્યો છે. જીવના જે અશુદ્ધ પ્રદેશો વિવિધ માર્ગોનું આરાધન કરે છે, તે આરાધન કરતાં પ્રદેશોમાં સંસારસુખની ઇચ્છા જે માત્રામાં ભળેલી હોય છે તે માત્રામાં તે જીવ દુઃખનું વેદન કરે છે. જ્યારે તેને આ દુઃખથી નિવૃત્ત થવાના ભાવ થાય છે ત્યારે તેનામાં ત્યાગ તથા વૈરાગ્ય ઉદ્‌ભવી વધવા લાગે છે. આ ત્યાગ તથા વૈરાગ્યમાં

જ્યારે આજ્ઞાનું કવચ બંધાય છે, ત્યારે તે બંને, જીવના પ્રદેશો પર કાયમી સ્થાન પામે છે. આ આજ્ઞારૂપી કવચને મોટામાં મોટો ભય સ્વચ્છંદનો રહે છે, આવા સ્વચ્છંદરૂપી મહાશત્રુને છેદવા માટે પ્રભુ અશુદ્ધ પ્રદેશોને બોધે છે કે, “તમે તમારું સર્વસ્વ સદ્‌ગુરુને સોંપી તેમની નિષ્ઠાપૂર્વક સેવા કરો.” સેવામાં સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞા સમાય છે. આવો પુરુષાર્થ કરવાથી જીવના પ્રદેશો સહજતાથી તથા સુગમતાથી સ્વચ્છંદનો ત્યાગ કરી શકે છે. તે વખતે રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો જીવના અશુદ્ધ પ્રદેશોને પાંચ સમવાય અનુસાર યોગ્ય કલ્યાણ પમાય તે અર્થે ‘નિજપદ’નો લક્ષ કરાવે છે,

આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી, પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦

આ કડીમાં સદ્‌ગુરુની ખાસિયત અર્થાત્ ઉત્તમ ગુણો પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે લાક્ષણિકતાઓ છે – આત્મજ્ઞાનની અનુભૂતિ, સહુ પ્રતિનો સમભાવ, માત્ર કર્મોદય અનુસાર સારા કે નરસા પ્રત્યાઘાત પાડયા વગર હરવું – ફરવું અર્થાત્ વિચરવું, મીઠાશ, સત્ય, કલ્યાણભાવ આદિથી સભર અપૂર્વ વાણી, બહુશ્રુતપણું વગેરે વગેરે.

આ કડીમાં કર્તાએ શ્રી સદ્‌ગુરુરૂપ ભોમિયાનાં લક્ષણો બતાવી પ્રછન્ન રીતે રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો પ્રતિ અંગુલિનિર્દેશ કર્યો છે. શ્રી સદ્‌ગુરુમાં આત્મજ્ઞાન હોવા સાથે સમદર્શીપણાની જરૂરત બતાવી છે, જેની ઉપસ્થિતિ જીવને પૂર્ણ વીતરાગતા ભણી દોરી જાય છે. આ બંને ગુણો સાકાર કરવા ઉપરાંત સદ્‌ગુરુ માત્ર ઉદયાનુસાર જ વિચરે છે; એમ અહીં જણાવ્યું છે. આત્મજ્ઞાન સાથેની વીતરાગતા ઉચ્ચદશાવાન સત્પુરુષમાં વખતે સંભવે છે, પણ માત્ર ઉદય અનુસાર જ વિચરવાની શક્તિ તો ઘાતિકર્મનાં ક્ષય પછી જ પૂર્ણતાએ આવે છે. આ લક્ષણો સર્વ કેવળી ભગવંતોમાં રહેલાં છે તેથી તેમનો સમાવેશ સદ્‌ગુરુ પદમાં થઈ શકે. પરંતુ શ્રી રાજપ્રભુએ તો અપૂર્વ વાણી તથા પરમશ્રુતપણાને

પણ સદ્‌ગુરુનાં અનિવાર્ય લક્ષણ તરીકે ઓળખાવેલ છે. અપૂર્વવાણી તથા એટલે જે વાણી દ્વારા જીવ પરમશ્રુતને પામી શકે તે વાણી. માટે તેમાં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓનું યોગ્ય સમતોલન હોવું જરૂરી છે. આવી વાણી કેવળીપર્યાયમાં મુખ્યત્ત્વે શ્રી અરિહંતપ્રભુ પાસે જ હોય છે. બીજી બાજુ 'પરમશ્રુત'નો અર્થ એ સમજાય છે કે જેણે છદ્મસ્થ અવસ્થામાં શ્રુતકેવળીપણું ઉત્કૃષ્ટતાએ ખીલવી, અપૂર્વ વાણીના સાથથી ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના ભાવ ખૂબ સેવ્યા હોય; આવા ભાવ મુખ્યતાએ તો શ્રી અરિહંત પ્રભુએ જ કર્યા હોય છે. તેથી તેઓ જ સર્વોત્તમ સદ્‌ગુરુ પુરવાર થાય છે. અહીં બતાવેલા શ્રી સદ્‌ગુરુનાં લક્ષણોની ગોઠવણી વિચારીએ તો તે ચડતા ક્રમમાં થયેલી જોવા મળે છે.

આ ક્રમની વિચારણા કરતાં સ્પષ્ટ થાય છે કે સર્વોત્તમ સદ્‌ગુરુ તો શ્રી તીર્થંકર પ્રભુ જ છે. તે પછી આવે છે સર્વજ્ઞ કેવળી ભગવંત. તે પછીના ક્રમમાં આવે છે ઉત્તમ પ્રકારના સત્પુરુષ. આ પરથી આપણને રાજપ્રભુની અંતરંગ ભાવના તથા તેમનાં ભાવિ પદની ઝાંખી સ્પષ્ટપણે થાય છે. સાથે સાથે ગુપ્ત રીતે આંતરશૈલીથી માર્ગદર્શન મળે છે કે જીવના અશુદ્ધ પ્રદેશોએ કોને ઉત્તમ સદ્‌ગુરુ માનવા જોઈએ.

જીવના આત્મપ્રદેશોમાં આ સર્વ લક્ષણો માત્ર તેના કેવળીગમ્ય પ્રદેશોમાં જ જોવા મળે છે. કેવળીગમ્ય પ્રદેશો પર ઘાતિ કર્મ કે અશુભ અઘાતિ કર્મ છે જ નહિ, તેથી તેનામાં આત્મજ્ઞાન, સમદર્શીપણું, વિચરે ઉદય પ્રયોગ, અપૂર્વવાણી તથા પરમશ્રુતપણું રહેલાં હોય છે. અહીં વખતે સવાલ થાય કે સંપૂર્ણપણે કર્મરહિત છે તેવા સિદ્ધ સદશ રુચક પ્રદેશોને ઉત્તમ સદ્‌ગુરુરૂપે સ્થાન કેમ ન આપી શકાય?

શ્રી પ્રભુની ઉત્તમ કૃપાથી અને આજ્ઞાથી આપણને આ સવાલનો જવાબ અર્થાત્ ખુલાસો મળે છે. જીવને આઠ રુચક પ્રદેશમાંથી સાત પ્રદેશો શ્રી તીર્થંકર

પ્રભુનાં નિમિત્તથી મળે છે. અને આઠમો પ્રદેશ સિદ્ધ થતા ભગવાનના નિમિત્તથી પ્રાપ્ત થાય છે. આ આઠમો પ્રદેશ પૂર્વના સાતે પ્રદેશોને પોતાની લાક્ષણિકતાથી નવાજે છે. તેથી ભાવિ તીર્થંકર પ્રભુ સિવાયના કોઈ પણ જીવાત્માના રુચક પ્રદેશોમાં ઉપર જણાવેલી બધી લાક્ષણિકતા આવતી નથી. આ ઉપરાંત બીજી એક ખાસિયત જાણવી ખૂબ જ અગત્યની તથા ઉપકારી છે. જીવને રુચક પ્રદેશની પ્રાપ્તિ થાય છે ત્યારે તેને મિથ્યાત્વનો ઉદય ચાલુ હોય છે, તેથી તે અપેક્ષાએ ત્યાં તેને આત્મજ્ઞાન નથી. જ્યારે કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ વખતે જીવને પ્રભુની શુદ્ધિના પ્રભાવથી આઠ સમય માટે મિથ્યાત્વના ઉદય તથા બંધ હોતા નથી. વળી, એ આઠે આઠ પ્રદેશોમાં તીર્થંકર પ્રભુની પૂર્ણ લાક્ષણિકતા આવી શકે છે, જેનો આધાર જીવની ગ્રહણશક્તિ પર રહેલો છે. આ ઉપરાંત નિત્યના અભવિ જીવોને પણ આઠ રુચક પ્રદેશો તો હોય જ છે. પણ તેને કોઈ કાળે કેવળીગમ્ય પ્રદેશો મળતા નથી. આ પરથી આપણે તારણ કાઢી શકીએ કે જીવના રુચક પ્રદેશો કરતાં કેવળીગમ્ય પ્રદેશો વધારે ઊંચી કક્ષાના હોય છે, અને જીવના અશુદ્ધ પ્રદેશો માટે તે યથાર્થ પરમશ્રુતરૂપ નીવડે છે.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર. ૧૧

જીવને આત્મદૃષ્ટિએ વિકાસ કરવામાં પરોક્ષ એવા જિનના ઉપકાર કરતાં પ્રત્યક્ષ સદ્‌ગુરુનો ઉપકાર વિશેષ લાભકારી છે, એવો લક્ષ જીવને જ્યાં સુધી આવતો નથી, ત્યાં સુધી તેને યથાર્થ રીતે આત્માનો વિચાર સંભવી શકતો નથી.

નિત્યનિગોદમાંથી બહાર નીકળ્યા છે તે જીવોને આઠ રુચક પ્રદેશોની પ્રાપ્તિ થઈ હોય છે, અને એમાંના કેટલાકને આત્માર્થે વિકાસ શરૂ કર્યા પછી આઠ કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ પણ થઈ હોય છે, જે જીવના અન્ય અશુદ્ધ પ્રદેશો માટે પ્રત્યક્ષ સદ્‌ગુરુનું કામ કરે છે. જે જીવને આ પ્રદેશોની પ્રાપ્તિ થઈ હોતી

નથી, એને કાળ જતા પાંચ સમવાય ભેગા થાય છે, અને આઠ કેવળીગમ્ય પ્રદેશોની પ્રાપ્તિ થાય છે. પહેલા સાત રુચક પ્રદેશ તથા કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ કરવામાં જીવને શ્રી તીર્થંકર પ્રભુનું નિમિત્ત અનિવાર્ય છે. તીર્થંકર પ્રભુ જીવના આત્મામાં નહિ પણ એની બહાર અન્ય સ્થળમાં કર્મવશાત્ બિરાજતા હોય છે. શ્રી તીર્થંકર પ્રભુ શ્રી પંચપરમેષ્ટિ ભગવંતની આજ્ઞાથી પરોક્ષ રૂપે જીવના આત્મા પર પ્રક્રિયા કરી, મહા મહા ઉપકાર કરી કેવળીગમ્ય પ્રદેશ જેવા પ્રત્યક્ષ સદ્‌ગુરુની પ્રાપ્તિ કરાવે છે. બીજી રીતે કહીએ તો કેવળીગમ્ય પ્રદેશની પ્રાપ્તિ થવાથી જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે.

જ્યાં સુધી જીવને આ પ્રદેશોની પ્રાપ્તિ થઈ હોતી નથી, ત્યાં સુધી તેને કલ્યાણાર્થે તથા અન્ય અશુદ્ધ પ્રદેશોને શુદ્ધ કરવા માટે પરોક્ષ રીતે (પરોક્ષનો અર્થ અહીં 'આત્માની બહાર' લેવાનો છે) જિનનો ઉપકાર લેવો અનિવાર્ય છે. વળી, જ્યાં સુધી જીવને કેવળીગમ્ય પ્રદેશો ઉપલબ્ધ થતા નથી, ત્યાં સુધી તેના રુચક પ્રદેશો પરોક્ષ રહે છે. કેમકે તે પ્રદેશોનો બોધ તથા સમજણ ગ્રહણ કરવા માટે પરોક્ષ એવા પ્રત્યક્ષ તીર્થંકર પ્રભુનો ઉપકાર ગ્રહવો અનિવાર્ય થાય છે. જીવની આ પરાધીનતાની સમજણ જેમ જેમ અન્ય અશુદ્ધ પ્રદેશોને આવતી જાય છે, તે સાથે શ્રી જિનેશ્વર પ્રભુએ જીવના કલ્યાણ માટે કેટલો મોટો ભાગ ભજવ્યો છે તેની જાણકારી જેમ જેમ જીવને આવતી જાય છે તેમ તેમ તેના અશુદ્ધ પ્રદેશોમાં યથાર્થપણે સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞા ઉપજતા જાય છે, જેનાથી તેનામાં આત્મિક ગુણો જેવા કે ક્ષમા, માર્દવ, આર્જવ તથા શૌચ પ્રગટતાં જાય છે, તેમજ ખીલતાં જાય છે. આ ગુણોના આધારથી અને સહાયથી તે જીવ લોકમાં ફરતાં શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનાં પરમાણુઓ ખેંચતો જાય છે. આ પરમાણુઓની સહાયથી જીવના આત્મવિચાર વિશુદ્ધ તથા વર્ધમાન થતા જાય છે.

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;<br>
સમજ્યા વિણ ઉપકાર શો, સમજ્યે જિન સ્વરૂપ. ૧૨

જીવને જ્યાં સુધી સદ્‌ગુરુનો ઉપદેશબોધ પ્રાપ્ત થતો નથી, ત્યાં સુધી તેને જિનેંદ્રનું સાચું સ્વરૂપ સમજવામાં આવતું નથી. જ્યાં સુધી જીવને પ્રભુનું સ્વરૂપ ન જણાય ત્યાં સુધી તેના પર ઉપકાર થઈ શકતો નથી, અને જ્યારે પ્રભુનું સ્વરૂપ યથાર્થ રીતે સમજાય છે, ત્યારે તે જીવ પુરુષાર્થ કરી જિનસ્વરૂપ થાય છે, અર્થાત્ પૂર્ણ શુદ્ધ થાય છે.

આ કડીમાં સદ્‌ગુરુના ઉપદેશને પામ્યા વિના જીવને આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું હોય તે સમજાતું નથી, અને સ્વના શુદ્ધ સ્વરૂપની સમજણ વિના શ્રી ગુરુએ પોતા પર કરેલા ઉપકારની ઓળખ પણ મળતી નથી; એવું આડકતરી રીતે સમજાવી સદ્‌ગુરુના ઉપદેશનું મહાત્મ્ય તથા ઉપકાર વ્યક્ત કર્યા છે. જીવ જો સદ્‌ગુરુના ઉપદેશથી જિનસ્વરૂપને એટલે કે આત્માનાં શુદ્ધ સ્વરૂપને ઓળખે તો તે પોતે સત્પ્રયત્ન કરી, શુદ્ધ થઈ જિનસ્વરૂપને મેળવે; આમ જણાવી કર્તા વિશિષ્ટ રીતે જીવે તથા તેના અશુદ્ધ પ્રદેશોએ ઉત્તમ બોધ પામવા તથા ઉપદેશ મેળવવા કેવી પૂર્વ તૈયારી કરવી જોઈએ તથા પુરુષાર્થ કરવો જોઈએ તેનો ગુપ્તપણે ઉલ્લેખ કરે છે. શ્રી પ્રભુની અપૂર્વ કૃપાથી તથા આજ્ઞાથી, આવો અલૌકિક બોધ પામવા માટે અને એ બોધનો ઉત્તમોત્તમ આજ્ઞાપાલન કરવામાં ઉપયોગ કરવા માટે, તેમજ પૂર્વના તથા વર્તમાનના વિભાવથી બંધાતા અંતરાયાદિ કર્મોનો નાશ કરવા માટે અમે આજ્ઞા માગીએ છીએ.

શ્રી સદ્‌ગુરુનો કલ્યાણકારી ઉપદેશ કોને મળે અને કોણ પામે? અંદરમાંથી સમજાય છે કે સદ્‌ગુરુનો ઉપદેશ માત્ર ઈચ્છુક ભક્તને જ મળે છે. જે ભક્ત યોગ્ય સમતોલન સાથે વધતા ક્રમમાં સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાનું સિંચન પોતામાં કરે છે, જે ભક્તજીવના આત્માને પરમાર્થ લોભે એવી રીતે ઘેરી લીધો હોય છે કે એ જીવ સુયોગ્ય રીતે પ્રાર્થના, ક્ષમાપના, મંત્રસ્મરણ તથા ધ્યાનરૂપી અપૂર્વ આરાધનને 'આણાએ ધમ્મો, આણાએ તવો' રૂપ કલ્યાણથી વિભૂષિત કરી, પોતાના આત્માના અશુદ્ધ પ્રદેશોને ભાવ કારણથી પંચાસ્તિકાય તથા પાંચ સમવાયને આની કાર્યસિદ્ધિ માટે સહયોગી બનાવે છે, તે ભક્તને સદ્‌ગુરુનો

ઉપદેશ ઉત્તમતાએ ફળે છે. અહીં જણાવેલા પરમાર્થ લોભને કારણે કર્મપુદ્ગલોમાં એવા પ્રકારનું હલનચલન થાય છે કે જેથી તેનાં ભાવ વર્તુળમાં એક પ્રકારનો ખંડિત (partial) ખાલીપો આવે છે. આ ખાલીપો વર્તુળમાં રહેલાં પંચપરમેષ્ટિનાં પરમાણુઓને એવા પ્રકારનું હલનચલન કરાવે છે કે જેનાં થકી યોગ્ય ૠણાનુબંધી સત્પુરુષને કલ્યાણવાણી બોધવા આદિ માટે યોગ્ય માધ્યમ વાપરી ઉપદેશ કરવા પ્રેરણા આપે છે, આવી કલ્યાણવાણીથી જીવ ક્રમે ક્રમે જિનમાર્ગને સમજતો થાય છે. અને પોતાનું આત્મકલ્યાણ સાધવા માટે ભાગ્યશાળી થાય છે. આ જ માર્ગના આરાધનથી સાધક જીવ પોતાના અશુદ્ધ પ્રદેશોને કેવળીગમ્ય પ્રદેશો જેવા અને છેવટમાં રુચક પ્રદેશો જેવા પૂર્ણ શુદ્ધ કરી શકે છે, તે આ કડીના ઊંડા અભ્યાસથી નક્કી થાય છે.

અહીં આપણે જોઈ શકીએ છીએ કે શ્રી રાજપ્રભુએ આ કડીમાં પોતાની વહાલી હકારાત્મક શૈલીના સ્થાને નકારાત્મક શૈલીનો ઉપયોગ કર્યો છે. તેનું કારણ તેમણે અનુભવેલો ઉત્તમ કલ્યાણભાવ જણાય છે. તેઓ પોતાના અશુદ્ધ પ્રદેશોને તથા લોકના સમસ્ત જીવોને પોકારી પોકારીને કહેતા જણાય છે કે મોક્ષમાર્ગ સુલભ છે, સરળ છે, સુગમ છે, માટે તમે પુરુષાર્થની ઉત્કૃષ્ટ શ્રેણિને ધારણ કરી મુક્તિને આરાધો. અહીં તેઓ વીતરાગતાને સાધવા સાથે બળવાન લોકકલ્યાણની ભાવના પણ કરતા જણાય છે; અને તેમાં ‘સર્વ જીવોને મોક્ષમાર્ગ તરફ વળવાનું આમંત્રણ’ રહેલું અનુભવાય છે; જે તેમનાં સૂક્ષ્મ કર્તાપણાના ભાવને વ્યક્ત કરે છે. આ પરથી આપણે એવા અનુમાન પર આવી શકીએ કે તેમણે તીર્થંકર પદ બાંધ્યા પહેલાં અન્ય પરમેષ્ટિ પદનો સ્પર્શ પણ કર્યો હોવો જોઈએ. તેમણે વેદેલો કર્તાભાવ અતિ અલ્પ તથા ક્ષણિક જણાય છે, ‘સમજ્યે જિનસ્વરૂપ’ એ ચરણ આ વિધાનને સ્પષ્ટ કરી પુષ્ટિ આપે છે. જો સદ્ગુરુના ઉપદેશને યથાર્થપણે સ્વીકારી આચરણમાં મૂકવામાં આવે તો, જીવને પોતાનાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ જલદીથી થાય છે. આમ કહેતી વખતે તેમની ઊંડી વીતરાગતા છતી થયા વિના રહેતી નથી. બીજી રીતે કહીએ તો

તેઓ પોતાનો કર્તાપણાનો ભાવ 'વીતરાગ આજ્ઞા'માં સમાવી દે છે. જે તેમના 'કર્તા અકર્તા' સહિતના કલ્યાણભાવને વ્યક્ત કરે છે.

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

જ્યારે સુપાત્ર જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુના સમાગમનો યોગ રહેતો નથી, ત્યારે આત્માનાં છ પદને વર્ણવનારાં જે શાસ્ત્રો છે, તે શાસ્ત્રો વાંચવા તથા વિચારવાથી જીવને ખૂબ આધારરૂપ – અવલંબનરૂપ થાય છે.

આત્માનાં અસ્તિત્વ, નિત્યત્વ આદિ છ પદનું નિરૂપણ કરનારાં જે શાસ્ત્રો છે, તેનો અભ્યાસ કરવો તે સુપાત્ર જીવને પ્રત્યક્ષ સદ્‌ગુરુનો યોગ ન હોય ત્યારે આધારરૂપ – મદદરૂપ થાય છે. જો ગુરુ ન મળ્યા હોય તો આવો અભ્યાસ ગુરુ પ્રાપ્ત કરવાની પાત્રતા આપે છે, અને જો ગુરુનો કોઈ અપેક્ષાથી વિયોગ થયો હોય તો ફરીથી ગુરુનો મેળાપ કરવાનું પુણ્ય ઉપાર્જન થાય છે, અને એ દ્વારા મોક્ષમાર્ગનું સાતત્ય જળવાય છે. આમ આ કડીમાં કર્તાએ સુંદર રીતે ધર્મનાં સનાતનપણાને મંગલપણાની લાક્ષણિકતામાં ગૂંથી લીધું છે. એટલું નહિ પણ, આગળની બારમી કડીમાં વ્યક્ત થયેલા ધર્મનાં મંગલપણાના કર્તાભાવને તેમણે વીતરાગ પર્યાયમાં પરોવી, મંગલપણાની પર્યાયને સનાતનપણામાં સરાવી દીધી છે.

ઉત્તમોત્તમ આત્મમાર્ગને સાધવા માટે જીવે માનવતા, શ્રુતિ, શ્રદ્ધા તથા સત્શ્રમને અર્થાત્ ચતુરંગીયનાં સાધનોને જિન વીતરાગ માર્ગમાં ચડતા ક્રમમાં પરોવવાનાં છે. પરંતુ આવી રળિયામણી ઘડીઓ જીવનાં સંસાર પર્યટનમાં ઘણી અલ્પ હોય છે; તેમ છતાં ધર્મ ક્યાંય તથા કોઈથી પણ રોક્યો રોકાતો નથી; અને રોકાવાનો પણ નથી. જો કે આ ચતુરંગીયનું સાતત્ય એકરૂપે જળવાતું નથી, તો પણ જીવ ધારે તો ધર્મમાં બળવાન પુરુષાર્થ કરી ઇચ્છિત પ્રગતિ કરી શકે છે. આમ બારમી કડીના નકારાત્મક અભિગમને તેમણે તેરમી કડીમાં હકારાત્મક કરી દીધો છે; જે તેમની આજ્ઞા પ્રતિની અભિરુચી વ્યક્ત કરે છે.

આ પરથી આપણે તારણ કાઢી શકીએ કે એ વખતે તથા ભાવિમાં શ્રી રાજપ્રભુ આજ્ઞાપ્રેરિત, કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગથી ધર્મને પ્રકાશવાના છે. ચતુરંગીયનાં ચારે અંગો વિદ્યમાન ન હોય ત્યારે જીવ તેમજ તેના અશુદ્ધ પ્રદેશો માનવતા સાથે સત્શ્રુતનો આધાર લઈ પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણકારી પરમાણુઓ ગ્રહણ કરી, ચતુરંગીયને પૂર્ણપણે પરિણમાવી શકે છે. આમ સત્શ્રુત પ્રત્યક્ષ સદ્‌ગુરુના યોગની ગેરહાજરીમાં પણ, પુરુષાર્થી જીવ માટે ભોમિયાનું કાર્ય કરે છે, તે અહીં સ્પષ્ટ કર્યું છે. તેમ થવાનું કારણ શ્રી પ્રભુની કૃપાથી એમ સમજાય છે કે લેખક તથા શ્રી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ સત્શાસ્ત્રમાં અક્રિયરૂપે રહ્યાં હોય છે. આ પરમાણુઓને જ્યારે જ્યારે ચેતનરૂપી માનવતાનો સ્પર્શ થાય છે ત્યારે ત્યારે તે અક્રિયમાંથી સક્રિય થાય છે, અને સત્શ્રુતનો પરિપાક કરાવી માનવતાને સત્શ્રુત, સત્શ્રદ્ધા તથા સત્શ્રમ માટે તૈયાર કરે છે.

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

એક વખત સાચા સદ્‌ગુરુનો યોગ થયા પછી, જો તેમનો વિયોગનો સમય આવે તો તે સમયે સાધક જીવે શું કરવું તે કર્તાએ આ કડીમાં જણાવ્યું છે. શ્રી સદ્‌ગુરુના પ્રત્યક્ષ યોગ વખતે તેમણે જે જે શાસ્ત્રો વાંચવાનું, વિચારવાનું તથા મનન કરવાનું જણાવ્યું હોય તે તે શાસ્ત્રો રોજેરોજ તેમના વિયોગકાળમાં વાંચવા, વિચારવા અને તેનો અભ્યાસ સાધકે કરવો જોઈએ; અને તેમ કરતી વખતે પોતાના અંગત મત, અભિપ્રાય આદિને કોરાણે મૂકી દઈ, તેનાથી પર બની શાસ્ત્રના યથાર્થ અર્થને સમજવાનો પુરુષાર્થ આદરવો જોઈએ.

શ્રી અરિહંત પ્રભુ આદિ મહત્ પુરુષોની વાણી પ્રભુ આજ્ઞાએ શાસ્ત્રોમાં બંધાયેલી છે. એ શાસ્ત્રવાણી પ્રત્યક્ષ સદ્‌ગુરુનો અભાવ હોય ત્યારે જીવ માટે આત્મસંશોધન કરવામાં બળવાન નિમિત્ત બને છે. આમ કર્તાએ આ હકીકતમાં ગુપ્તપણે શાસ્ત્રોનાં પ્રતિકરૂપ શ્રી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓને સમાવી

લીધાં છે. એની સાથે સાથે આ પુરુષાર્થને વધારે વિશદ તથા અસરકારક બનાવવા સહજ રીતે ‘આજ્ઞાનાં મહાત્મ્ય’ને તેમાં ભેળવી દીધું છે. ‘અથવા સદ્‌ગુરુએ કહ્યાં’ એ પદનો અર્થ જ એ છે કે પોતાની ગેરહાજરીમાં જે જે શાસ્ત્ર આદિ વાંચવાનું, વિચારવાનું તથા મનન કરવાનું અર્થાત્ અવગાહવાનું શ્રી ગુરુએ જણાવ્યું હોય તે તે તેમની આજ્ઞા પ્રમાણે સાધક જીવે તેનું મનન તથા નિદિધ્યાસન નિયમિતપણે કરવું જોઈએ; કે જેથી તેનું સત્ફળ જીવને ત્વરાથી પ્રાપ્ત થાય.

જીવ સ્વચ્છંદથી પણ શાસ્ત્રવાંચન આદિ કરી શકે છે; પરંતુ તેમ કરવાથી જીવ મોટે ભાગે શુષ્કજ્ઞાની બની, પાપશ્રમણીય થઈ પોતાનો અમૂલ્ય મનુષ્ય જન્મ વ્યર્થ ગુમાવી દે છે. આ જ વાતનાં ઊંડાણમાં જતાં ખ્યાલ આવે છે કે જીવ જો સ્વચ્છંદે શ્રી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ ખેંચવાનો પુરુષાર્થ કરે તો તે અપૂર્ણ આજ્ઞાવાળાં પરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓ ખેંચીને ગ્રહે છે, અને તેનાં ફળરૂપે તે જીવ ભાવિમાં અધોગતિમાં પણ જઈ શકે છે. આવો જીવ સ્વચ્છંદથી મુક્ત થઈ જો આજ્ઞાધીનપણે શાસ્ત્રવાંચન આદિ ન કરી શકે કે કરવા માટે યોગ્ય પાત્રતા ન મેળવી શકે તો તેણે શું કરવું જોઈએ?

આ વિશે શ્રી રાજપ્રભુએ સહુને માર્ગદર્શન આપ્યું છે કે જે પુરુષાર્થ તથા ગુણો શ્રુતરૂપે શ્રી સદ્‌ગુરુ પાસેથી મળ્યા હોય તેનો સંજ્ઞા દ્વારા ઊંડાણથી વિચાર કરીને જીવ સમય જતાં આત્માની સિદ્ધિ મેળવી શકે છે. આ વાતનો વિવેકથી વિચાર કરતાં સમજાય છે કે સદ્‌ગુરુરૂપ કેવળીગમ્ય પ્રદેશો પાસેથી અન્ય અશુદ્ધ પ્રદેશોને આત્માર્થે સતત લાભ મળતો નથી; તેને વચ્ચે વચ્ચે અયોગના પ્રસંગો આવ્યા જ કરે છે; આવા અયોગના સમયમાં તે પ્રદેશો પોતાની અજ્ઞાનથી ભરેલી માન્યતાઓનો ત્યાગ કરી, પૂર્વે મળેલાં સત્શ્રુતને શ્રદ્ધાપૂર્વક સત્શ્રમરૂપ વિચારમાં લઈ જાય તો તેનું ઉપાદાન ઉત્તમ રીતે તૈયાર થાય છે. ઉપાદન તૈયાર થવાથી નિમિત્તનાં પાંચે સમવાય એકત્રિત થાય છે, અને જીવ પોતાની પ્રગતિની સિદ્ધિ કરી શકે છે.

આ પ્રક્રિયાને સમજવાથી સહજપણે એક પ્રશ્ન ઉદ્‌ભવે છે કે શ્રી સદ્‌ગુરુ તો જુદા જુદા સમયે ઘણું ઘણું શ્રુત આપતા હોય છે; તો તે સરળતાથી યાદ રહે એવા નિયમથી સમજવું હોય તો તે નિયમ ક્યા હોઈ શકે?

શ્રી પ્રભુની ઉત્તમ કરુણા તથા કલ્યાણભાવ ભક્તનાં હૃદયને સારી રીતે ભિંજવી નાખે છે, અને તેનું સમાધાન જીવને સહજતાએ મળે છે. શ્રીપ્રભુ ભક્તને બોધે છે કે, “હે વત્સ! તને આટલું પણ સમજાતું નથી? શું તું મૂર્ખ છે? વિચાર તો ખરો કે એવો ક્યો પદાર્થ છે કે જે બધા જ સત્શ્રુતમાં સમાયેલો હોય છે?” ભક્તનાં મુખ પર મુંઝવણની રેખાઓ વધતી જોઈ, શ્રી પ્રભુ કરુણાની વર્ષા કરી જવાબ આપે છે કે, “સરળતા, ભક્તિ, વિનય અને આજ્ઞા એ ચારનો સુમેળ સર્વ સત્શ્રુતમાં સમાયો હોય છે, આ ક્રમ જીવના વિકાસ માટે ઘણો સૂચક છે. પણ આ ગુણોના વિકાસક્રમમાં શ્રી તીર્થંકર પ્રભુ તથા ભાવિ તીર્થંકર અપવાદરૂપ છે.” તેઓ સરળતા, વિનય, ભક્તિ તથા આજ્ઞાના ક્રમથી પોતાની ગુણવત્તા વધારે છે. આ ક્રમનો સ્વચ્છંદથી વિચાર ન કરતાં, પ્રભુરૂપ સદ્‌ગુરુએ કહ્યું છે માટે મારે તેનો નિષ્ઠાપૂર્વક વિચાર કરવો છે એવા કર્તવ્યભાવથી વિચાર કરવાથી જીવને ભક્તિ, પરમભક્તિ, પરાભક્તિ તથા પરમેષ્ટિની ભક્તિ પ્રાપ્ત થાય છે. આ પ્રાપ્તિ કરતો જીવ ‘વણમાગ્યે પ્રભુજીએ મુજને સર્વે આપી દીધું રે’ એવી લાગણીને સતત અનુભવે છે. તેથી તે ભક્તજનને સમજાય છે કે સાચા ભક્તને શ્રીપ્રભુ પાસે કંઈ પણ માગવાની જરૂર નથી; તેની પ્રત્યેક જરૂરિયાત શ્રીપ્રભુ જ પૂરી કરે છે.

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

આગળની કડીમાં જણાવ્યા પ્રમાણે જીવ જો સ્વચ્છંદનો ત્યાગ કરે, તેને આગળ વધતો અટકાવે તો તે જરૂરથી મોક્ષને પ્રાપ્ત કરી શકે. આ જ માર્ગને અનુસરીને અર્થાત્ સ્વચ્છંદનો ત્યાગ કરી, આજ્ઞાધીનપણે વર્તીને અનંત જીવો અત્યાર સુધીમાં મોક્ષને મેળવી ચૂક્યા છે. એવું વિધાન શ્રી સર્વજ્ઞ એવા જિનપ્રભુએ દોષરહિતપણે

કર્યું છે, કર્તાએ આજ્ઞાનાં મૂળભૂત મહાત્મ્યને આ પ્રકારે અહીં સહજતાથી વ્યક્ત કર્યું છે.

મતમતાંતરની ભંગજાળનો ત્યાગ કરીને જીવ જો આજ્ઞાધીનપણે વર્તે તો તે અવશ્ય શિવ બની જાય; અને મોક્ષલક્ષ્મીને સ્વીકારી લે. 'અત્યાર સુધીમાં અનંત જીવો મોક્ષને પામ્યા છે.', એ વિધાનની સત્યતા જણાવવા શ્રી જિનેશ્વર પ્રભુનાં નિર્દોષ વચનની શાખ આપી, કર્તાએ સર્વ અશુદ્ધ પ્રદેશોને રુચક પ્રદેશ સમાન શુદ્ધ કરવાની ચાવી બતાવી દીધી છે. જીવનાં કેવળીગમ્ય પ્રદેશો ઘાતીકર્મથી તથા સર્વ અશુભ અઘાતીકર્મથી સર્વથા મુક્ત હોવા છતાં, શુભ અઘાતિ કર્મના પ્રભાવથી અમુક અમુક સમયના આંતરે યોગ સાથે જોડાય છે. એટલા અંશે એ પ્રદેશો પોતાનું સંપૂર્ણ આજ્ઞાધીનપણું છોડી, કલ્યાણનાં રૂપી પરમાણુઓ માટે અપેક્ષાએ સ્વચ્છંદથી મમપણું સેવે છે. અન્ય અશુદ્ધ પ્રદેશો આ ખામીને પોતાનાં વીર્ય તથા કક્ષા અનુસાર સેવે છે. જો જીવે શિવ થવું હોય તો રુચક પ્રદેશની પૂર્ણાતિપૂર્ણ આજ્ઞા પાળવાનો સર્વ અશુદ્ધ પ્રદેશોએ નિર્ણય કરવો જોઈએ; તથા તે માટે યોગ્ય માત્રામાં સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાપાલનને કેળવી, સંજ્ઞાના આધારથી અને યોગ્ય પરિશ્રમરૂપ પુરુષાર્થનાં માધ્યમથી પૂર્ણ શુદ્ધ રુચક પ્રદેશ જેવા થવાનો ભાવ દૃઢ ને દૃઢ કરતા જવો જોઈએ.

આવા ભાવ ભાવતા રહેવાથી, જીવની યોગ્યતા અનુસાર પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓ તેના આત્મપ્રદેશ આસપાસ એકત્ર થાય છે. જ્યારે તે જીવના કેવળીગમ્ય પ્રદેશો યોગ સાથે જોડાય છે ત્યારે તે કલ્યાણનાં પરમાણુઓ એ કેવળીગમ્ય પ્રદેશો પર સ્થાન ગ્રહણ કરે છે. જ્યારે કેવળીગમ્ય પ્રદેશોનું યોગ સાથેનું જોડાણ છૂટી જાય છે ત્યારે એ પ્રદેશો પરના પરમાણુઓ અન્ય અશુદ્ધ પ્રદેશો પર પાત્રતા અનુસાર કલ્યાણની વર્ષા કરે છે. તેમાં એવો નિયમ કામ કરે છે કે અશુદ્ધ પ્રદેશોને છૂટવા માટેના ભાવ જેટલા વધારે બળવાન હોય છે, તેટલા વિશેષ શુદ્ધ પંચપરમેષ્ટિનાં પરમાણુઓનો સંચય એ પ્રદેશનાં વર્તુળમાં થાય છે. જેટલો શુદ્ધ પરમાણુઓનો સંચય વધારે થાય છે, તેટલી વિશેષ માત્રાની

નિસ્પૃહતા કેવળીગમ્ય પ્રદેશો યોગ સાથેના જોડાણ વખતે રાખી શકે છે. તે પ્રદેશો જેટલી વધારે નિસ્પૃહતા રાખી શકે છે, એટલો વિશેષ કલ્યાણરસ તેઓ અશુદ્ધ પ્રદેશો પર વરસાવી શકે છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે આજ્ઞાપાલનનું ચક્ર ત્યારે જ અત્યુત્તમ બની શકે છે કે જ્યારે જીવના અશુદ્ધ પ્રદેશો મતમતાંતરવાળા સ્વચ્છંદનો ત્યાગ કરી, નિરાકાર આજ્ઞાની વ્યવસ્થા તથા અનુશાસનના પ્રભુત્વનો સ્વીકાર કરે.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયેઃ બમણો થાય.   ૧૬

જીવે જો સ્વચ્છંદનો ત્યાગ કરવો હોય તો તેણે પ્રત્યક્ષ સદ્‌ગુરુનાં શરણમાં જઈ પુરુષાર્થ કરવો જોઈએ; એ સિવાયના બાકીના બીજા અનેક ઉપાયો યોજવાથી તો તેનો સ્વચ્છંદ મોટાભાગે વધતો જ જાય છે.

પંદરમી કડીમાં અનંત દુઃખથી ભરેલા સંસારનાં પરિભ્રમણનું કારણ સ્વચ્છંદ જ છે, તે જણાવ્યા પછી તે ઘાતકી સ્વચ્છંદને (સ્વમતિકલ્પનાએ ચાલવાની વૃત્તિને) છોડવાનો સચોટ ઉપાય આ કડીમાં રાજપ્રભુએ બતાવ્યો છે. જીવે જો સ્વચ્છંદને ત્યાગવો હોય તો તેણે પ્રત્યક્ષ સદ્‌ગુરુનાં શરણમાં જઈ ઉત્સાહથી આરાધન કરવું જોઈએ. આ સિવાયનો કોઈ પણ ઉપાય કરવાથી જીવનો સ્વચ્છંદ લગભગ વધતો જ જાય છે. અને એને અનેક પ્રકારનાં દુઃખના ફંદામાં જવું પડે છે. તેથી સાચું સુખ મેળવવા માટે જીવે સ્વચ્છંદનો ત્યાગ કરી, ગુરુને આજ્ઞાધીન થતાં શીખવું જોઈએ.

સર્વ જ્ઞાની ભગવંતોએ આ સંસારને એકાંતે દુઃખમય ગણાવ્યો છે. આવાં દુઃખો આવવાનું કારણ શું હોઈ શકે? દુઃખ આવવાનું મૂળ અને મુખ્ય કારણ જીવનો સંસાર પ્રતિનો વિપરીત અભિગમ છે. આ વિપરીતતાને કારણે જીવને પરિણામમાં અનંત દુઃખ હોય તેવા તાત્કાલિક શાતાનાં નિમિત્તમાં સુખ લાગે છે;

અને અનંત સુખવાળા તથા ક્ષણિક દુઃખવાળાં નિમિત્તોમાં જીવને દુઃખ લાગે છે. આ વિચિત્રતાને રાજપ્રભુએ આ રીતે વર્ણવી છે.

અનંત સુખ, નામ દુઃખ; ત્યાં રહી ન મિત્રતા;
અનંત દુઃખ નામ સુખ; પ્રેમ ત્યાં વિચિત્રતા.
ભાવનાબોધ – સંસારભાવના

આવી ઊંધી સમજણ થવાનું કારણ જો આપણે વિચારીએ તો જણાય છે કે જીવ કેટલીયે ખોટી માન્યતાઓ સેવે છે; એટલું જ નહિ પણ, તે માન્યતાઓ માટે એટલો જ બળવાન દુરાગ્રહ પણ સેવે છે. આવો અજ્ઞાનમય સંકલ્પ જીવને ગેરમાર્ગે દોરી જઈ, સંસારનું પરિભ્રમણ કરાવે છે. આવા પરિભ્રમણનું દુઃખ જીવ એક કે બે વાર નહિ પણ વારંવાર ભોગવતો રહે છે, અને તે જીવ સવળો ન થાય તો તેનું પરિભ્રમણ અનંતકાળ પછી પણ અટકતું નથી, આમ થવા પાછળનું રહસ્ય એ છે કે જીવ પોતાની ખોટી માન્યતાઓને સાચી સમજે છે અને સદ્ધર્મ, સદ્ગુરુ તથા સત્શાસ્ત્રોએ બતાવેલા સન્માર્ગને ખોટો માને છે. પરિણામે તે સ્વચ્છંદરૂપી મહાશત્રુની જાળમાં અટવાઈને મહા દુર્ભાગ્યને આપે એવાં કર્મનાં પરમાણુઓનો આશ્રવ કરે છે.

આવાં અસાર અને નિરર્થક પરિભ્રમણ કરતાં કરતાં જીવને જો જોગાનુજોગ સત્પુરુષરૂપી ભોમિયાનો સંપર્ક થાય છે તો તે સત્પુરુષ જીવને અસત્ માન્યતા તથા અસત્ ભાવના વિષપાનથી છોડાવી સત્સુખમાં મહાલવાની ચાવી બતાવે છે. શ્રી સદ્ગુરુ જીવના કદાગ્રહવાળા અવગુણને આજ્ઞાની મક્કમતામાં પલટાવે છે. આ બાહ્ય પ્રક્રિયાની ભીતરમાં જવાથી સમજાય છે કે અશુદ્ધ પ્રદેશોને શુદ્ધ કરવાની ચાવી આ કડીમાં સમાવેશ પામી છે. જ્યારે જ્યારે અશુદ્ધ પ્રદેશોને પ્રત્યક્ષ સદ્ગુરુરૂપ કેવળીગમ્ય પ્રદેશોનો સંપર્ક થાય છે, ત્યારે ત્યારે તેઓ પોતાની ભિન્ન ભિન્ન માન્યતાઓને આજ્ઞાના માધ્યમથી એકરૂપ કરી સત્ બનાવે છે. અન્ય સર્વ માર્ગનાં આરાધનમાં જીવના અશુદ્ધ પ્રદેશોએ બમણા પરિભ્રમણનો બોજો

ઊઠાવવો પડે છે. આમ આ કડીમાં શ્રી રાજપ્રભુએ વીતરાગ પ્રેરિત આજ્ઞામાર્ગને ગૂંથી લીધો છે.

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.   ૧૭

જીવ પોતાના સ્વચ્છંદને, મતાગ્રહાદિને છોડી, સદ્‌ગુરુના જણાવ્યા પ્રમાણે વર્તન કરતો થાય, તો એ વર્તનને સમ્યક્‌ત્વ મેળવવાનું પ્રત્યક્ષ કારણ ગણીને સમકિતનું પ્રમાણપત્ર મળે છે.

જીવ સ્વચ્છંદરહિત થઈ, સદ્‌ગુરુની આજ્ઞાએ ચાલવાનો સત્શ્રમ કરે તો તેને શું ફળ મળે છે, તથા તેનું મહાત્મ્ય શું છે તે આ કડીમાં સમજાવ્યું છે. આ પહેલાંની કડીમાં જીવને જો સદ્‌ગુરુરૂપી ભોમિયાની પ્રાપ્તિ થાય તો તેનો સ્વચ્છંદ ઓગળવાની શક્યતા ઘણી વધી જાય છે, એમ કહ્યું છે. પરંતુ કાર્યસિદ્ધિ કરવા માટે માત્ર નિમિત્ત કે માત્ર ઉપાદાન પર્યાપ્ત નથી; નિમિત્ત સાથે ઉપાદાનરૂપ સાધકનો પુરુષાર્થ એટલો જ, બલ્કે તેથી વિશેષ આવશ્યક છે. નિમિત્ત મળવા છતાં જો ઉપાદાનની તૈયારી ન હોય તો આત્મશુદ્ધિની કાર્યસિદ્ધિ થઈ શકતી નથી. નિમિત્તની સહાયથી સમ્યક્ પુરુષાર્થ કરવાથી જીવને શું ફળ મળે છે તેની જાણકારી આપણને આ કડીમાંથી મળે છે.

જીવને જ્યારે શુભ કે શુદ્ધ નિમિત્ત મળે છે ત્યારે તેણે શું કરવું જોઈએ? સાધક જીવને શુભ કે શુદ્ધ નિમિત્તની સાચી ઓળખાણ ત્યારે જ થાય છે કે જ્યારે એનામાં યોગ્ય માત્રામાં માનવતા તથા શ્રુતિ ખીલ્યાં હોય છે. તેનામાં પ્રાથમિક કક્ષાનાં શ્રદ્ધા તથા શ્રુતિ આવે ત્યારે તેણે એની કેડીએ આગળ વધવાનું હોય છે; કે જેથી એની શ્રદ્ધા મધ્યમ ભૂમિકાને પાર કરી ઉત્કૃષ્ટ ભૂમિકા સુધી જઈ શકે. શ્રદ્ધાની ભૂમિકાને બળવાન કરવા માટે જીવે સ્વચ્છંદ તથા મતાગ્રહ ટાળવા જરૂરી છે. યોગ્ય પુરુષાર્થ કરી જીવ જેમ જેમ સ્વચ્છંદ તથા મતાગ્રહ તેમજ દુરાગ્રહ

છોડતો જાય છે તેમ તેમ તેની શ્રદ્ધા શુદ્ધિની પરિસીમા નજીક જતી જાય છે. માત્ર સ્વચ્છંદ અને મતાગ્રહ તોડવાથી જીવમાં ખાલીપો (vacuum) આવી શકે છે. તેથી તેના ઉપશમ કે ક્ષય સાથે જીવમાં પ્રેમ, શ્રદ્ધા તથા અર્પણતા સદ્‌ગુરુનાં શ્રુતિ પ્રતિ જાગવાં જોઇએ. તેનાથી એ સત્શ્રુત જીવના આત્મપ્રદેશો પર કાર્યકારી થાય છે. આ રીતે જીવ સમ્યક્‌ત્વનાં કારણોને ભજી શુદ્ધિ તથા સિદ્ધિના પંથે પ્રગતિ કરતો જાય છે.

આ પ્રક્રિયાને જીવના અંતરંગ અશુદ્ધ પ્રદેશો માટે વિચારીએ તો જણાય છે કે અશુદ્ધ પ્રદેશોની કક્ષા ભિન્ન ભિન્ન હોય છે. તેથી તેના પ્રત્યેક પ્રદેશની માનવતાની કક્ષા ભિન્ન ભિન્ન હોય તે સ્વાભાવિક છે. તેનાં પરિણામે તેનામાં શ્રુતિનું પરિમાણ પણ જુદું જુદું આવે, શ્રદ્ધાની કક્ષા પણ અલગ અલગ રહે અને પ્રત્યેક પ્રદેશનો શ્રમ પણ ચડઉતરવાળો અર્થાત્ તરતમતાવાળો હોય. કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને બોધરૂપ શ્રુતિ આપે છે તે સમાન હોવા છતાં પ્રત્યેક પ્રદેશની અલગ અલગ દશાને લીધે પ્રત્યેક પ્રદેશને એ અલગરૂપે ભાસે છે, તેથી પ્રત્યેક પ્રદેશનો શ્રમ પણ અલગ જ થાય છે. આવા સંજોગોમાં જીવ જો સ્વચ્છંદનો ત્યાગ કરી, શ્રુતને શ્રદ્ધામાં પલટાવવાનો પુરુષાર્થ કરે છે તો તે પ્રદેશો વચ્ચેની અસમાનતા ઘટતી જાય છે; સમાનતા વધતી જાય છે. આ છે આ કડીમાં છતું થતું ગુપ્ત છતાં સુંદર રહસ્ય.

આમ સ્વચ્છંદ તથા મતાગ્રહ છોડનાર જીવ અને તેના અશુદ્ધ પ્રદેશો સમ્યક્‌ત્વ તથા સમ્યક્‌ત્વને પ્રાપ્ત કરાવનાર કારણોનું સદ્‌ગુરુની આજ્ઞાએ આરાધન કરે છે, તો તેને સમ્યક્‌ત્વની શુદ્ધિ મળે છે, અથવા તો સમ્યક્‌ત્વની પ્રાપ્તિનાં કારણો પ્રત્યક્ષ થવાથી શ્રી ભગવાને તેને અપેક્ષાએ સમ્યક્‌ત્વપ્રાપ્ત જીવ કહ્યો છે.

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર મહાન શત્રુઓ છે તેના માનાદિ કષાયો. તે શત્રુઓને ડામવા તથા હરાવવા માટે જીવની માત્ર પોતાની જ શક્તિ કાર્યકારી થતી નથી. જીવ પોતાની રીતે એ શત્રુઓને હરાવવાનું કાર્ય કરવા જાય તો તેની એવી સ્થિતિ થાય છે કે તે એક કષાયને ઘટાડે ત્યાં બીજો કષાય ઉગ્રરૂપ ધારણ કરી લે છે. પરંતુ જો તે જીવ સદ્‌ગુરુનાં શરણમાં જઈ, તેમની આજ્ઞા પ્રમાણે કષાય તોડવાનો પ્રયત્ન કરે તો તે બધા કષાયો થોડો પ્રયત્ન કરતાં જ ક્ષીણ થવા માંડે છે. જીવે મુખ્યતાએ સદ્‌ગુરુનાં શરણમાં જવાનો જ પુરુષાર્થ કરવાનો રહે છે, તેમનો સાથ મળતાં કષાયો ભાગવા માંડે છે.

આવું ભવનાશક સમ્યક્‌ત્વ મેળવવામાં જીવને મુખ્યતાએ માન વગેરે કષાયો આડા આવે છે. જીવ જો સ્વચ્છંદથી આરાધન કરી તેનો નાશ કરવા ઇચ્છે તો તે સફળ થઈ શકતો નથી. આવા મહામહા શત્રુઓનો નાશ કરવો હોય તો જીવે સદ્‌ગુરુનું શરણ સ્વીકારવું અતિ મહત્ત્વનું છે; કેમકે તેમના કલ્યાણભાવથી ભરેલા પ્રદેશોનો સથવારો જીવને મળે છે. બીજી રીતે કહીએ તો સદ્‌ગુરુનાં ઉત્તમ કલ્યાણકારી પરમાણુઓ જીવના અશુદ્ધ પ્રદેશો પર આવવાથી એ જગ્યાએ રહેલાં ઘાતિકર્મનાં પરમાણુઓ સહેલાઈથી નીકળતાં જાય છે. તેથી આ કાર્ય કરવામાં જીવને ઘણો ઓછો શ્રમ કરવો પડે છે. પરંતુ આ કલ્યાણભરિત પરમાણુઓ જીવ પાસે આવે છે ક્યારે? જીવને જ્યારે તેના સદ્‌ગુરુ પ્રતિ ખૂબ ખૂબ પ્રેમભાવ, અહોભાવ અને અર્પણભાવ વર્તે છે ત્યારે તે સહેલાઈથી સદ્‌ગુરુનાં કલ્યાણનાં પરમાણુઓને ઉત્તમ રીતે તથા મોટી સંખ્યામાં સ્વીકારી શકે છે.

આના પર વિચારણા કરવાથી આપણને સમજાય છે કે જીવના વિકાસ માટે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો ફાળો કેટલો ઉમદા છે તેનું નિરૂપણ આત્મસિદ્ધિશાસ્ત્રમાં આ કડીથી શરૂ થયું છે.

શ્રી સાધુસાધ્વીજીના પુરુષાર્થમાં મુખ્યતાએ સરળતાનો ગુણ વણાયેલો હોય છે. આ સરળતાનું મૂળ એમના શિષ્યપણાના ભાવમાં રહેલું છે. જીવમાં જ્યારે

જગત આખાના શિષ્ય થવાના ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે તેનામાં માનાદિ શત્રુઓ ટકી શકતા નથી, કેમકે માનભાવનું મૂળ સ્વચ્છંદ તથા મતાગ્રહમાં રહેલું છે. જીવમાં જ્યારે સાધુસાધ્વીરૂપ શિષ્યપણાનો ભાવ ઊગવા લાગે છે ત્યારે તેનામાં ગુણગ્રાહીપણાનો ભાવ ખીલતો જાય છે. જ્યારે ગુણગ્રહણ કરવાની ભાવના જીવમાં પ્રસરવા લાગે છે ત્યારે તેનો સ્વચ્છંદ આજ્ઞાછંદમાં રૂપાંતરિત થતો જાય છે. આજ્ઞાપાલનમાંથી ઉદ્ભવતી શાંતિ એ જીવનાં ગુણગ્રાહીપણાને વધારે પોષે છે, કેમકે આજ્ઞાના પ્રભુ એવા શ્રી પંચપરમેષ્ટિ ભગવંતના મુખ્ય ભાવ હોય છે 'ધર્મનાં મંગલપણાને તથા ધર્મનાં સનાતનપણાને' સ્થાપવાના. તેમની આ ભાવના ધર્મનાં મંગલપણાને તથા સનાતનપણાને પોષે છે; જેના થકી એ ૐનાં પરમાણુઓ અરૂપી અવસ્થામાંથી રૂપીપણાનું નિયમિત રૂપ ધારણ કરી શકે છે. રૂપીપણું આવતાં અરૂપી ૐ કલ્યાણના સ્કંધમાં ખાલીપો રચાય છે, તે વખતે પંચપરમેષ્ટિ પ્રભુને એ ખાલીપો પૂરવાની આજ્ઞા મળે છે. આવી આજ્ઞા મળતાં વિભાવભાવનાં પરમાણુઓને ૐનાં કલ્યાણનાં પરમાણુરૂપે પરિણમવાનો યોગ આવે છે, આ રીતે એ જીવ જગતનાં કલ્યાણ માટે પરોક્ષ નિમિત્ત થાય છે. જગતનાં કલ્યાણનું નિમિત્ત થવાથી જીવના સંસારને લગતાં અંતરાયો તૂટતાં જાય છે. પરિણામે એ જીવ સુલભતાએ માન કષાય તથા સ્વચ્છંદનો ક્ષય કરી શકે છે. અન્ય કોઈ માર્ગે ચાલવાથી માન અથવા સ્વચ્છંદનો નાશ કરવો જીવને માટે અતિ અતિ દુષ્કર થઈ જાય છે.

જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;<br>
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

જે સદ્ગુરુનો ઉપદેશ મેળવી જીવે કેવળજ્ઞાન લેવા સુધીની પ્રગતિ કરી હોય, અને તે ગુરુને કેવળજ્ઞાન લેવાનું હજુ બાકી હોય અર્થાત્ ગુરુ છદ્મસ્થ જ હોય, તો પણ શ્રી કેવળીપ્રભુ પોતાના સદ્ગુરુ પ્રતિનો વિનય યથાવત્ જાળવી રાખે છે. આવું વિનયનું મહાત્મ્ય બતાવનાર આ કડીમાં ઘણાં ઊંડા રહસ્યો સમાયેલાં જોવા મળે છે.

શ્રી રાજપ્રભુ આ કડીમાં સાધુસાધ્વીજીના સરળતાના ગુણને, તથા જગત આખાના શિષ્ય બનવાની ભાવનાને આગળ વધારતાં અન્ય પરમેષ્ટિના ગુણો તથા લાક્ષણિકતાને ગૂઢપણે સમાવી દે છે. શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની અનન્ય કૃપા તથા ૐના માધ્યમથી આ સૂક્ષ્મ સમજણને શબ્દદેહ આપવાનો પુરુષાર્થ અમે ૐની આજ્ઞાથી જ કર્યો છે.

આ કડીમાં 'વિનય' શબ્દ ખૂબ જ વિશિષ્ટ રીતે પ્રયોજાયો છે. તે શબ્દના અનેક અર્થ સમજાય છે. તે શબ્દને ગુણ ઉપરાંત ક્રિયાપદ તરીકે વિચારીએ તો તેમાં સાધુસાધ્વીજીની સરળતા, ઉપાધ્યાયજીની ભક્તિ, આચાર્યજીનો વિનય, ગણધરજીનું છદ્મસ્થ દશાનું આજ્ઞાપાલન, કેવળીપ્રભુનું સયોગી આજ્ઞાપાલન તથા સિદ્ધપ્રભુનું અયોગી આજ્ઞાપાલન સહજતાએ યોગ્ય રીતે સમાઈ જાય છે.

બીજી બાજુ 'સદ્‌ગુરુ' શબ્દમાં શ્રી પંચપરમેષ્ટિનું સ્થાન નિશ્ચિત્તપણે સૂચવી, પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓની રચના પણ આ કડીમાં ગોઠવી દીધી છે. અહીં એ પણ સૂચવાયું છે કે શ્રી અરિહંત ભગવાન એમનું અરિહંતપણું તથા કેવળી ભગવાન એમનું કેવળીપણું શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના સાથથી જ પામે છે. (આ પ્રક્રિયા આપણે 'કેવળી પ્રભુના સાથ'માં વિચારી લીધી છે). તેથી શ્રી અરિહંતપ્રભુ આદિ સર્વ કેવળી ભગવંતો એ મહાન ઉપકારને પોતાની પૂર્ણતા થયા પછી પણ ભૂલતા નથી, અને તેઓ સાધુસાધ્વીથી શરૂ કરી ઉપાધ્યાય, આચાર્ય, ગણધર તથા સિદ્ધભગવાનનાં કલ્યાણનાં પરમાણુઓના સ્કંધને યોગ્ય વિનય સાથે સ્વીકારી, એમના ગુણોનું બહુમાન સાથે આકર્ષણ કરી, તેમાં પોતાના ૐ નાદના રસને સરસ રીતે ઉમેરી, એ સ્કંધને પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓમાં સર્વોત્કૃષ્ટ સ્થાન આપીને, અન્ય છદ્મસ્થ પરમેષ્ટિનાં ધર્મનાં સનાતનપણાનો તથા મંગલપણાનો જયજયકાર કરાવવા પોતાની કેવળી તથા તીર્થ પર્યાયનો યશ વાપરે છે.

અહો! પૂર્ણ વીતરાગ પરમાત્માના આ વિનય તથા આચરણા જોઈ, એમની વ્યવહારશુદ્ધિ તથા ઋણમુક્ત થવાની અપૂર્વ પધ્ધતિને ઓળખીને એમને પૂર્ણ અહોભાવ સાથે અમે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ છીએ.

એવો માર્ગ વિનયતણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય.   ૨૦

ઓગણીસમી કડીમાં વર્ણવ્યો છે તેવો વિનયનો માર્ગ શ્રી પ્રભુએ આપણને જણાવ્યો છે. તે વિનયના માર્ગમાં રહેલાં રહસ્યોને કોઈ વિરલા સુભાગી જીવો જ પામી શકે છે, તથા માણી શકે છે. આમ, આ કડીમાં જણાવી કર્તા આપણને આજ્ઞાંકિત તથા વિનયી બનવા પ્રેરણા આપી, એનાં રહસ્યનાં પેટાળમાં જવા ઉત્સાહિત કરે છે. એમની આજ્ઞાથી, પંચપરમેષ્ટિ પ્રભુના સાથ માટે આરાધન સહિત માંગણી કરી, એ ગુપ્ત રહસ્યને ૐનાદની વર્ષાના સાથથી શબ્દરૂપે અહીં અમે રજૂ કરીએ છીએ.

આ કડીમાં જિનમાર્ગનું મૂળ અતિ ગુપ્તપણે છતાં પૂર્ણતાએ ટંકાયુ છે. શ્રી અરિહંતપ્રભુ પૂર્ણ હોવા છતાં, તેઓ સર્વ કાર્યોમાં પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓનો સાથ લે છે. પોતામાં અનંત વીર્ય હોવા છતાં, આવતાં પરમાણુઓની યોગ્યતા અનુસાર તેમાં વીર્ય પૂરે છે. સમય સમયનું ત્રિકાલિક અને ત્રિલોકનું જ્ઞાનદર્શન પોતામાં હોવા છતાં, પોતાનાં કલ્યાણકાર્ય માટે છદ્મસ્થ પરમેષ્ટિ પરમાણુઓની રાહ જુએ છે; અને પાંચે સમવાયના યોગ્ય સમતોલન પછી જ કલ્યાણરૂપ તીર્થ તેઓ પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પરમાણુઓમાં સ્થાપે છે. શ્રી તીર્થંકર પ્રભુ આમાં જે પ્રક્રિયા જાળવે છે તેને વિચારતાં સમજાય છે કે સનાતન ધર્મને મંગલમય કરવા માટે સમૂહગત બળની ઘણી જરૂર છે. આ સમૂહગત બળ તથા સાથને એકઠા (ભેગા) કરવા માટે તે પરમાણુઓ વિનયથી લદાયેલા હોવા જોઈએ. આવા વિનય સહિતના આજ્ઞામાર્ગને શ્રી અરિહંત ભગવાન એમનાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનમાં સમયે સમયે ભાળે છે, અને તેને ક્ષાયિક ચારિત્રમાં

પરિણમાવે છે. આ આચરણ અતિ ગુપ્ત છે. તેમ છતાં વિરલા વિનિત આજ્ઞાંકિત જીવો આ માર્ગને તથા આચરણના હેતુને – કારણને સમજી શકે છે. આ સમજણ એમની વીતરાગતાને પણ આજ્ઞાધીન બનાવે છે. જેથી એ જીવ સૌભાગ્યરૂપ ધર્મનું સાચું હાર્દ સમજી શકે. તે જીવ ધર્મનાં સનાતનપણાને પોતાના જીવનમાં મંગલરૂપે સતત અનુભવી શકે છે.

આ કડીમાં તેમણે એક બીજો અપૂર્વ સિદ્ધાંત ગૂંથી લીધો છે. એમની કૃપાથી અને પંચપરમેષ્ટિ પ્રભુના સાથથી અમે એ નિરૂપીએ છીએ. શ્રી તીર્થંકર પ્રભુ તીર્થંકર નામકર્મ નિકાચીત કરતી વખતે વીસ સ્થાનકને સ્પર્શે છે. આ વીસે સ્થાનકનો સ્પર્શ શ્રી તીર્થંકર પ્રભુ તેમનાં પ્રત્યેક કલ્યાણક વખતે કરે છે. વીસ સ્થાનકની સ્પર્શના વખતની એક લાક્ષણિકતા એ છે કે એનાથી વિનયગુણ, વિનયનો માર્ગ તથા વિનયનો બોધ એ મહાન આત્માનાં રોમેરોમથી લોકમાં પ્રસરે છે. શ્રી તીર્થંકર પ્રભુના આ પુરુષાર્થને લક્ષમાં રાખી, આ કડીમાં તેમણે વીસ સ્થાનકનો અંગુલિનિર્દેશ કર્યો છે, જે 'મૂળ હેતુ એ માર્ગનો' એ ચરણથી સૂચવાય છે.

આ સાથે તેમણે બીજા એક અતિ ગુપ્ત સિદ્ધાંતને પ્રછન્ન રીતે જાહેર કર્યો છે. આ વિનયના માર્ગને, વિનયના હેતુને તથા વિનય દ્વારા થતાં કલ્યાણનાં હાર્દને અમુક અતિ અતિ વિરલા ભાવિ ગણધર પકડી શકે છે. અને પાંચ સમવાયનાં સંમેલનથી અમુક સમયના આંતરે તેઓ તે વિનયને વેદી શકે છે. આવું વેદન ભાવિ તીર્થંકરને વિનયરૂપી કલ્યાણમાં સરવા ઉત્તમ નિમિત્ત થાય છે. આવા અતિ દુર્લભ છતાં અતિ સુંદર વિનયનાં તાંતણાથી જોડાયેલા ગુરુ શિષ્યના સંબંધને ગુરુ વિનયની પરાકાષ્ટાએ પહોંચાડે છે. તે થકી શિષ્યને અરિહંતપણાનાં અતિ અતિ દુર્લભ દર્શન તથા અનુભવ છદ્મસ્થ દશામાં પણ અંતરંગનાં વેદનરૂપે થાય છે. આવા અતિ દુર્લભ ભાવનું વેદન એ ભાવિ ગણધરને ૐનું અપૂર્વ કવચ તથા કેવળીપર્યાયમાં અરિહંતપણું આપે છે. આ બધી સમજણ આપણને 'સમજે કોઈ સુભાગ્ય' એ ચરણમાંથી મળે છે.

આવી દુર્લભ સ્થિતિ મેળવનાર ભાગ્યશાળી ગણધર કોણ થઈ શકે? ગણધરનાં એ ભાગ્યનું મૂળ નિત્યનિગોદમાં જોવા મળે છે. એ ગણધરજીનો આઠમો પ્રદેશ એક સમયે સિદ્ધ થતા બે ગણધરનાં વીર્યથી ભિંજાયેલો હોય છે. અર્થાત્ આવા ભાવિ ગણધર સિદ્ધ થતા બે ગણધરનાં નિમિત્તથી આઠમો રુચક પ્રદેશ પામી ઇતર નિગોદમાં આવ્યા હોય છે. આવા ગણધર નિયમથી બીજા કોઈ ગણધર કેવળી સાથે જ સિદ્ધ થાય છે, અને નિત્યનિગોદના બે જીવને આઠમો પ્રદેશ ખોલવા માટે બે ગણધરનું વીર્ય આપી, આ પરંપરાને ચાલુ રાખે છે. ઉપરાંતમાં તે દ્વારા પોતે લીધેલાં ઋણથી પણ તેઓ મુક્ત થાય છે.

અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહા મોહનીય કર્મથી, બૂડે ભવજળ માંહિ. ૨૧

વિનય આચરવાનો જે મહામૂલો માર્ગ શ્રી પ્રભુએ આપણને બતાવ્યો છે, તે માર્ગનો કોઈ અસદ્ભાવી જીવ દુરુપયોગ કરે તો તે મહામોહનીય કર્મ ઉપાર્જન કરી, ભવ સમુદ્રમાં ડૂબી જાય, અર્થાત્ તેનો અનંત સંસાર ત્વરાથી વધી જાય. આ પ્રમાણે વિનયના ઉત્તમ માર્ગનો દુરુપયોગ ન કરવા માટે આ કડીમાં બળવાન ચેતવણી અપાઈ છે. આ કડીને તેનાં ગૂઢ રહસ્યો સાથે સમજવી આપણા માટે વધુ રસપ્રદ નીવડશે.

આત્મા અરૂપી પદાર્થ છે અને પુદ્ગલ રૂપી પદાર્થ છે. જીવ પોતાનાં અજ્ઞાનને કારણે અરૂપીને રૂપી માની, રૂપીની મર્યાદામાં અરૂપીનાં અનુભવને તથા અરૂપીની શાંતિને શોધે છે. આ અસંભવ ધ્યેયની મથામણમાં જીવ પોતામાં રહેલાં અરૂપીપણાને ભૂલી, રૂપી સંસારમાં દુઃખ, દુઃખ અને દુઃખને જ ભોગવતો રહે છે.

"હે સંસાર! તારી માયાજાળ કેવી અટપટી છે? તું સીમિત છે, રૂપનાં
બંધનમાં બંધાયેલો છે; રૂપ, રસ, ગંધ તથા સ્પર્શના પંજાનો કેદી છે;

છતાં તું અરૂપી સ્વતંત્ર તેમજ અસીમિત આત્માને મોહનું વેદન કરાવી કેદી બનાવે છે? અહો! અરૂપી સનાતન મંગલમય ધર્મનાં સંચાલક! તમારાં અખૂટ વીર્ય, અપૂર્વ સાદિ અનંત કેવળજ્ઞાન તથા કેવળદર્શનને આ સંસારના એકેએક જીવને એવી રીતે સ્પર્શાવો કે એ જીવો સીમિત સંસારમાં અસીમિત સુખની ખોજ છોડી દે, અને પોતાનાં સ્વરૂપ સુખને માણવાનો અનન્ય માર્ગ તમારા આજ્ઞામાર્ગથી આદરે."

આત્મસિદ્ધિશાસ્ત્રના રચયિતાએ આ કડીમાં અપ્રગટ રીતે આત્મામાં અનુભવાતા અરૂપી ભાવ તથા રૂપી ભાવ વચ્ચેના સંઘર્ષને વિષદતાથી આલેખ્યો છે. જીવમાં રુચક પ્રદેશો તથા અયોગી સ્થિતિવાળા કેવળીગમ્ય પ્રદેશો અરૂપી ભાગ છે; તથા પુદ્ગલનાં નિમિત્તથી સતત વિભાવમાં રહેતા અશુદ્ધ પ્રદેશો રૂપી ભાગ છે. વીસમી કડીમાં સમજાવ્યા પ્રમાણે જીવ જ્યારે કલ્યાણભાવ વેદે છે ત્યારે તે પંચપરમેષ્ટિનાં શુભ તથા શુદ્ધ કલ્યાણનાં પરમાણુઓનો આશ્રવ કરે છે. આ પરમાણુઓમાં ઇચ્છનીય એવો કલ્યાણભરિત આજ્ઞારસ રહેલો હોય છે. એ રસને ગ્રહણ કરી ઇચ્છુક જીવના પ્રદેશો પોતાની શક્તિ અનુસાર તેમાંથી આજ્ઞારસરૂપ અભિસંધિજવીર્ય ફોરવે છે. આ વીર્ય દ્વારા સત્ પ્રદેશો કલ્યાણભાવને વેદી, લીધેલાં ઋણને ચૂકવવા એ કલ્યાણભાવનું દાન અન્ય પ્રદેશોને કરે છે. આ પ્રમાણે કરવાની આજ્ઞા જીવને તેનો અરૂપી ભાગ આપતો રહે છે. પરંતુ અરૂપી ભાગ વીર્યવાન હોવા છતાં મર્યાદિત (નાનો) અને પૂર્ણ નિસ્પૃહ છે. જ્યારે રૂપી ભાગ તેનાથી અનેકગણો મોટો અને સસ્પૃહ છે. કલ્યાણનાં પરમાણુઓ પાસેથી કલ્યાણ આજ્ઞારસ મળ્યા પછી, જીવના અશુદ્ધ પ્રદેશો વીર્યવાન થાય છે. વીર્યવાન થયા પછી જો તેનો રૂપી ભાગ સ્વચ્છંદી બની સંસારીભાવમાં ચાલ્યો જાય તો એનું વીર્ય પુદ્ગલનો આશ્રવ કરાવી, તેને મોહનીય કર્મની જાળમાં લઈ જાય છે. મોહનીય કર્મનાં અનુસંધાનમાં તે બાકીનાં ત્રણ ઘાતિ કર્મો પણ છૂટથી બાંધે છે. આમ જીવ ઘાતિ કર્મની જંજાળમાં ફસાઈ, અશુભ કર્મનાં પરમાણુઓ સંગ્રહી સંસારની ભવરૂપી જાળમાં ડૂબી જાય છે. એટલે કે તેનું સંસારનું પરિભ્રમણ

મોટી માત્રામાં વધી જાય છે. અસદ્ગુરુનો સૂક્ષ્મ અર્થ છે જીવનો રૂપી ભાગ અર્થાત્ અશુદ્ધ પ્રદેશો.

આ સમજવાથી સાચા કે ઉત્તમ જીવનું લક્ષણ વ્યક્ત થાય છે કે તેણે અરૂપી ભાગની આજ્ઞા પ્રમાણે, કલ્યાણભરિત આજ્ઞારસને કલ્યાણનાં પરમાણુઓમાં રૂપાંતરિત કરવો જોઇએ. પરંતુ જીવ જો સ્વચ્છંદ, પ્રમાદ કે કષાયમાં ફસાઈ જાય તો જીવનો રૂપી ભાગ (અશુદ્ધ પ્રદેશો) કલ્યાણ આજ્ઞારસને ઇચ્છારૂપી સંસાર લોભમાં પરિણમાવે છે. આ ભયસ્થાનથી મુમુક્ષુ જીવે સતત બચતા રહેવાનું છે. પણ જે મતાર્થી જીવ હોય છે તે, એટલે કે જેની મતિ અવળે માર્ગે ચાલે છે તે જીવ પોતાના વીર્યનો ખોટા માર્ગે ઉપયોગ કરવા ઇચ્છે છે, તે નિર્ણય કરે છે કે હું રૂપી પદાર્થો કે જેને હું જાણી શકું છું, સમજી શકું છું, માણી શકું છું તેના શાતાના ઉદયો માટે મારા આ વીર્યનો ઉપયોગ કરું. આ પ્રકારના ભાવને વ્યક્ત કરતી બાવીસમી કડી રચાઈ છે.

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

જે મુમુક્ષુ જીવ છે અર્થાત્ મોક્ષમાં જવાની ભાવનાવાળો જીવ છે તે પોતાનાં વીર્યના સદુપયોગને આવકારે છે, તેને સાચી સમજણ ઊગે છે, અને તે એ રીતે વર્તે છે. પરંતુ જે મતાર્થી જીવ છે, વિપરીત મતિવાળો જીવ છે તે આનાથી ઊંધી રીતે વર્તવાનો નિર્ણય કરે છે. આ બંને પ્રકારની ઇચ્છાવાળા જીવની ભિન્નતા બતાવી, તેનાં લક્ષણો શ્રી રાજપ્રભુએ એક પછી એક પ્રગટ કર્યાં છે. પહેલાં તેઓ મતાર્થ છોડાવવા માટે મતાર્થીનાં લક્ષણો જણાવે છે, તે પછી તેઓ આત્માર્થીનાં લક્ષણો વર્ણવવા પ્રતિ જાય છે.

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

જે જીવ સંસારી પ્રવૃત્તિઓમાં અને સંસારીભાવમાં જ રચ્યોપચ્યો રહે છે, તેવા મતાર્થી જીવને આત્માને શુદ્ધ કરવાનું લક્ષ જ હોતું નથી. આવા મતાર્થી જીવનાં લક્ષણો કોઈ પણ જાતના પક્ષપાત વગર કહેવામાં આવ્યું છે એમ આ કડીમાં સ્પષ્ટ રીતે કર્તાએ જણાવ્યું છે.

આ કડીથી શ્રી રાજપ્રભુએ કલ્યાણનાં પરમાણુઓનો દુરુપયોગ કરનાર અથવા એવા ઉત્તમ પરમાણુઓ ગ્રહણ ન કરનાર દુર્ભાગી મતાર્થી જીવની દુર્દશા બતાવી છે; અને તેનાં લક્ષણો વર્ણવવાની શરૂઆત પણ તેમણે કરી છે. આ લક્ષણો પ્રગટ કરવામાં પોતે ક્યાંય પણ પક્ષપાત સેવ્યો નથી; એવી સ્પષ્ટતા તેમણે ચોથા ચરણમાં કરી છે. તેઓ મતાર્થીનાં લક્ષણો વર્ણવવાની બાબતમાં ખૂબ જ તટસ્થ તથા નિસ્પૃહ છે, તેની ચોખવટ કરી તેમણે જણાવ્યું છે કે જે જીવ મતાર્થી છે, તેને આત્માને શુદ્ધ કરવાનું લક્ષ સંભવી શકતું નથી.

અહીં અવ્યક્ત રીતે તેમણે એવી સ્પષ્ટતા કરી છે કે જે જીવ અગર તો જીવના અશુદ્ધ પ્રદેશો સંસારી કે સ્વચ્છંદી ભાવથી પંચપરમેષ્ટિ પ્રભુનાં કલ્યાણનાં પરમાણુઓ ખેંચી તેનો દુર્વ્યય કરે છે, તે નિયમપૂર્વક સંસાર પ્રતિ ખેંચાય છે; અને પોતાનાં આત્મલક્ષથી દૂર થાય છે. જે આત્મદશાએ જીવ સંસારીભાવ વેદે છે તે દશાએ તેના આત્માની પ્રગતિ રુંધાય છે, અથવા તો તેમાં પીછેહઠ પણ થાય છે. જીવ કદાચ સાતમા ગુણસ્થાન સુધીનો વિકાસ કરી ચૂકયો હોય, અને પછી પ્રમાદી થઈ સંસારીભાવમાં રમે તો તે નિયમથી આત્મભાવને ગૌણ કરી, પોતાના વિકાસને અટકાવે છે. આવા સ્વચ્છંદથી વર્તતા મતાર્થી જીવનાં લક્ષણો આ પછીની ચોવીસથી તેંત્રીસ સુધીની દશ કડીઓમાં વર્ણવ્યાં છે. જે જાણી, સમજી, વિચારી, પોતામાં પ્રવર્તતા સ્વચ્છંદ તથા પ્રમાદનો ત્યાગ કરી, જીવ નિષ્ઠાપૂર્વક પોતાના ભાવોનું પૃથક્કરણ કરી, આત્માર્થી થવાનો ભવ્ય તથા ઉત્તમ પુરુષાર્થ આદરે, એવો ઉત્તમ ધ્વનિ આ દશે કડીઓમાંથી ગુંજિત થાય છે.

# મતાર્થીનાં લક્ષણો

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય;
અથવા નિજકુળ ધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહ પ્રમાણને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મત વેષનો, આગ્રહ મુક્તિ નિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામે નહિ, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;
પામે નહિ પરમાર્થને, અન અધિકારીમાંજ. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીના, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ અર્થ સુખસાજ. ૩૩

જે જીવને આત્મભાવ કરતાં સંસારીભાવનું મુખ્યપણું વર્તે છે, તે જીવમાં કેવાં કેવાં લક્ષણોનો આવિર્ભાવ થાય છે, તે આ કડીઓમાં કર્તાએ વર્ણવ્યું છે. આવો મતાર્થી જીવ, (મતાર્થી એટલે પોતાની માન્યતાનો આગ્રહી) જેને બાહ્યત્યાગ છે પણ આત્મજ્ઞાન નથી, તેવી વ્યક્તિને ગુરુ માને છે. અથવા તો પોતાની કુળપરંપરાથી જે માન્ય ગુરુ હોય તેને જ ગુરુ તરીકે સ્વીકારે છે. સાચા આત્મબોધક સદ્‌ગુરુની તો તેને ઓળખ પણ હોતી નથી, (૨૪). વળી, તે શ્રી તીર્થંકર પ્રભુના બાહ્ય દેખાવ તથા અતિશયો જેવા કે સમવસરણ, પુષ્પવૃષ્ટિ, અશોકવૃક્ષ, સિંહાસન વગેરેને જ તે જિનપ્રભુનું વર્ણન સમજે છે; તેને જ સર્વસ્વ માની તેમાં રોકાઈ જાય છે; અને પ્રભુની વીતરાગતા તથા તેમની આંતરસ્થિતિ પ્રતિ તેમનું સાવ દુર્લક્ષ જ રહે છે, (૨૫). ક્યારેક ભાગ્યયોગે તેને સદ્‌ગુરુનો ભેટો થઈ જાય તો પણ, તેમના પ્રતિ તે વિષમ દૃષ્ટિથી વર્તે છે; અને પોતાના માન કષાયાદિને પોષવા તે અસદ્‌ગુરુ પ્રતિનો સદ્‌ભાવ પૂર્વવત્ જાળવી રાખે છે, (૨૬). દેવાદિ ગતિઓનાં સુખદુઃખના ભાંગાની જાણકારીને જ તે શ્રુતજ્ઞાન તરીકે ઓળખે છે, અને પોતે જે જે માન્યતા તથા વેષને સ્વીકાર્યાં છે, તેને જ મુક્તિ માટેનાં સાધનો ગણવાનો દુરાગ્રહ સેવે છે, (૨૭). વળી, તે જીવ ધર્મારાધન કરતી વખતે પોતાની વૃત્તિઓ ક્યાં ક્યાં અને કઈ કઈ અયોગ્ય જગ્યાએ ભટકે છે તેની જાણકારી રાખતો નથી, અને પોતે ધર્મારાધન કરે છે તેવા મિથ્યાભિમાનમાં રાચે છે, આમ લૌકિક માનપૂજાદિ મેળવવા તે પરમાર્થને આત્મભાવને ગ્રહણ કરતો નથી, (૨૮). કદાચિત્ જો તે આત્માને લગતા નિયમોની જાણકારી રાખે તો તે માત્ર શાબ્દિક નિશ્ચયનયવાળી હોય છે, તે યોગ્ય સદ્‌વ્યવહારને ઉલ્લંઘ્યા કરે છે, અને પરિણામે સત્સાધન વગરનો થઈ જાય છે, (૨૯). સાચા સાધનોના અભાવને કારણે તે જ્ઞાનદશા અર્થાત્ અનુભવવાળી આત્મદશા પામી શકતો

નથી. આથી જે કોઈ અન્ય જીવ તેના સંપર્કમાં આવે તે જીવ પણ અવળું માર્ગદર્શન પામી, પોતાનું ભવભ્રમણ વધારી નાખે છે, (આમ અન્ય જીવને ગેરમાર્ગે દોરવાનું પાપ વહોરી મતાર્થી જીવ બેવડો બંધાય છે.) (૩૦). આવો જીવ મતાર્થી બની, પોતાનાં માન આદિનાં કારણથી અન અધિકારી થઈ, પરમાર્થને મેળવી શકતો નથી, (૩૧). પરિણામે તેનામાં, સમ્યક્ત્વનાં જે પાંચ લક્ષણો છે તેનો સતત અભાવ વર્તે છે. તેનામાં કષાયોનું બળવાનપણું રહે છે; અંતરંગમાં વૈરાગ્ય હોતો નથી (સંવેગ તથા નિર્વેદનો અભાવ વર્તે છે); સરળપણું (સત્ધર્મની શ્રદ્ધા) તથા મધ્યસ્થતા (અનુકંપા)નો પણ અભાવ હોય છે; આ બધું મતાર્થી જીવનું દુર્ભાગ્ય જ ગણી શકાય, (૩૨). જીવમાં રહેલાં આ બધાં મતાર્થીનાં લક્ષણો નીકળી જાય એ માટે તેનાં લક્ષણો અહીં કર્તાએ વર્ણવ્યાં છે, અને હવે આગળની કડીઓમાં આત્માર્થીનાં લક્ષણો બતાવવાની તેમની ઇચ્છા છે, જેથી ભવ્ય જીવ પોતાનો આત્માર્થ સાધી શકે, (૩૩).

જીવના કેવળીગમ્ય પ્રદેશો, અશુદ્ધ પ્રદેશોને બોધ આપી, આત્માની સિદ્ધિ કરવાના માર્ગમાં પ્રયાણ કરાવે છે. બોધને સફળતા આપવા માટે એ અશુદ્ધ પ્રદેશોએ એ બોધને ઝીલી, અવધારી, વર્તનમાં ઊતારી કાર્યકારી કરવાનો હોય છે. જીવના અસંખ્ય અશુદ્ધ પ્રદેશોમાં પ્રત્યેક પ્રદેશે અનંત ભાવપર્યાયો ભરેલી છે. આવા અસંખ્ય અશુદ્ધ પ્રદેશોની ભાવપર્યાયોનો સરવાળો કરીએ અને તેઓની એકબીજા પરની અસરને લક્ષમાં લઈએ તો સરવાળે અનંતાનંત ભાવપર્યાયો થઈ જાય. પરમ કૃપાળુદેવે આત્મસિદ્ધશાસ્ત્રમાં આ અનંતાનંત ભાવપર્યાયના બે મુખ્ય વિભાગ કર્યા છે; અને તેને મતાર્થી તથા આત્માર્થીનાં લક્ષણો તરીકે ગણાવેલ છે. મતાર્થી તથા આત્માર્થીની પ્રકૃતિઓ અનંત છે, છતાં તેને સ્થૂળતાથી જાણવી હોય તો આપણે તેને આમ કહી શકીએ. મતાર્થી જીવની એવા ભાવની પર્યાય હોય છે કે તેઓ અશુદ્ધ પ્રદેશોને તેમની વર્તમાન દશા કરતાં વિશેષ અશુદ્ધિ આપી ઊતરતી કક્ષાનાં કરે છે; અથવા તેમની

શુદ્ધિને વધવા દેતાં નથી. ત્યારે આત્માર્થી જીવની એવા ભાવની પર્યાય હોય છે કે તેઓ અશુદ્ધ પ્રદેશોને વર્તમાનમાં છે તેનાથી વિશેષ શુદ્ધિ તરફ લઈ જાય છે; અર્થાત્ તેની અશુદ્ધિની માત્રા ઘટાડે છે; જે ભાવપર્યાય જીવને અશુદ્ધિ વધારવા પ્રતિ ખેંચી જાય તેના ભાવ કેવા હોય તેની જાણકારી આપણને ચોવીસથી તેંત્રીસ સુધીની દશ કડીઓમાં મળે છે.

છદ્મસ્થ અવસ્થામાં એક અશુદ્ધ પ્રદેશને જાણવો લગભગ અસંભવ છે, તો તેની અનંત પર્યાયોને માત્ર નવ દશ કડીઓમાં ગોઠવવી તેનાથી પણ ઘણું દુષ્કર કાર્ય છે. અહીં આશ્ચર્યકારક વાત તો એ છે કે જે જ્ઞાન માત્ર કેવળજ્ઞાનમાં જ સમજવું સંભવિત છે, તે જ્ઞાનને છદ્મસ્થ અવસ્થામાં શ્રી રાજપ્રભુ શબ્દરૂપે કેવી રીતે મૂકી શક્યા હશે? એમની જ દેવેશ્વર શક્તિ તથા કૃપાના આધારે સમજાય છે કે તેમનામાં આ શક્તિ તથા સમજણ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને પૂર્ણતાએ આજ્ઞાધીન થવાથી જ આવ્યાં હતાં, તેના સથવારામાં તેમનું વિપુલ શ્રુતકેવળીપણું તથા જરૂરી અવધિજ્ઞાન તથા મન:પર્યવજ્ઞાન ખૂબ સહાયકારી થયાં હતાં. આ દ્વારા તેમના તરફથી આપણને બોધ મળે છે કે રૂપી આકારને અરૂપી આકારમાં પરિણમાવવાનો સહેલામાં સહેલો ઉપાય જો કોઈ હોય તો તે એ છે કે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને ગુરુપદે તથા પ્રભુપદે સ્થાપિત કરવા. એમના આ સંદેશાને યથાર્થરૂપે ગ્રહણ કરવા માટે એમની કૃપાથી તથા સાથથી તેમને ગુરુપદે તથા પ્રભુપદે સ્થાપવા આપણે પ્રાર્થના કરીએ.

> “ત્રિલોકમાં ધર્મરૂપી સનાતન તથા મંગલમય શસ્ત્રને સતત જાગૃત રાખનાર તથા એ શસ્ત્રનો ક્રમિક ઉપયોગ કરનાર તથા કરાવનાર એવા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને અત્યંત ભક્તિભાવે, વિનયની પરમ શ્રેણિરૂપ અકથ્ય ભૂમિકામાં તથા અરૂપી વેદનના માધ્યમથી વંદન કરીએ છીએ. અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! તમારામાં પ્રત્યક્ષ તથા પરોક્ષ એમ બંને પ્રકારના સાથનો અનુભવ કરીએ છીએ, તેથી તમારામાં અમને ‘ગુરુથી પ્રભુ’ અને ‘પ્રભુથી ગુરુ’ એ બંને માર્ગનો સ્પષ્ટ અનુભવ થાય છે.

અહો! તમારા આ ઉપકારને તથા કલ્યાણરસરૂપ આજ્ઞારસને અમે ૐ રસના અરૂપી આકારમાં પરિણમતા જોઈ, અહોભાવરૂપ આભારથી સ્તબ્ધ બની જઈએ છીએ.”

“અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ! તમારા શાંતિ તથા આજ્ઞાધીનપણું કેવાં અપૂર્વ છે? જેમાં અરિહંતપ્રભુથી શરૂ કરી સામાન્ય કેવળી સુધીના બધા જ આત્માઓ અનંતાનંત કાળ માટે સમાઈ જાય છે. તમારા આ સંમેલનમાં અરિહંત પ્રભુને સિદ્ધપર્યાયમાં તમારા દાસ બનાવે છે, અને સામાન્ય કેવળીને પણ સિદ્ધપર્યાયમાં તમારા દાસ બનાવે છે, તમારા આ અગુરુલઘુ ગુણને વિચારતાં આશ્ચર્યના ભાવથી અમારી આંખો વિસ્ફારીત થાય છે.”

“આ ઉપરાંત હે પંચપરમેષ્ટિ પ્રભુ! તમે છદ્મસ્થ તથા કેવળી પર્યાયના વિવિધ પુરુષાર્થને સિદ્ધાવસ્થામાં એકરૂપ (identical) બનાવી, એકબીજાના દાસ તથા ગુરુ બનાવી, સાધુસાધ્વીજીની ઉત્તમ ભૂમિકાનો અમને અનુભવ કરાવો છો. ઘનસ્વરૂપે સિદ્ધના આજ્ઞારસને એકબીજા સુધી ઉપદેશરૂપે પહોંચાડી તમે ઉત્તમ ઉપાધ્યાયજીનાં લક્ષણનો અમને અનુભવ કરાવો છો. સિદ્ધ સ્વરૂપે સિદ્ધભૂમિમાં અડોલ અકંપિતરૂપે બિરાજમાન થઈ સર્વોત્કૃષ્ટ આચરણ દ્વારા અન્ય જીવો પરત્વે ઈષ્ટ આચરણનું ઉદાહરણ બની તમે અમને ઉત્તમ આચાર્યજીનાં લક્ષણોનો અનુભવ કરાવો છો. સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી, સર્વ ભાવથી સિદ્ધ થયેલા આત્માઓ સાથે ઉત્તમ સમાન અરિહંતપણું કેળવી ઉત્તમ અરિહંતપણાના ગુણનો અનુભવ તમે અમને કરાવો છો. તથા સિદ્ધ તરીકે ‘આણાએ ધમ્મો, આણાએ તવો’ને માણતાં માણતાં સિદ્ધપ્રભુના ગુણનો તમે અમને અદ્‌ભુત પરિચય કરાવો છો. અહો! અનંતવીર્ય, કેવળજ્ઞાન, કેવળદર્શન તથા યથાખ્યાત ચારિત્ર સહિતની આટલી બધી સધ્ધરતા જે સિદ્ધપ્રભુમાં છે, તેમને પણ આટલો બધો

ફાયદો આપો છો, તો અમ જેવા દીનહીન, છદ્મસ્થ આત્માને તમે કેટલો ફાયદો કરાવી શકો તે તો અમારી કલ્પનાની બહાર છે. તમારી જ કૃપાથી અને આજ્ઞાથી તમે અમને સતત તમારું દાસપણું આપી, અમને જલદીથી સિદ્ધભૂમિમાં પંચપરમેષ્ટિરૂપ બનાવો."

શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને ગુરુપદે તથા પ્રભુપદે સ્વીકાર્યા પછીથી રાજપ્રભુએ પરમ કરુણાભાવથી તથા કલ્યાણભાવથી મતાર્થીનાં લક્ષણો આત્મસિદ્ધિમાં વર્ણવ્યા છે, તેને એમની જ કૃપાથી તથા પંચપરમેષ્ટિ ભગવંતની આજ્ઞાથી ગૂઢાર્થ સાથે સમજવા આપણે પ્રયત્ની થઈએ. આ ગૂઢાર્થ મેળવવાથી અશુદ્ધ પ્રદેશોની ભિન્ન ભિન્ન વિભાવની પરિભાષાને ઓળખીને, તે વિભાવોમાંથી આત્મભાવ કેળવવાની ચાવી આપણે મેળવવાની છે, અને તે માટે પુરુષાર્થી થવાનું છે.

જીવના અશુદ્ધ પ્રદેશો મિથ્યાત્વ, સ્વચ્છંદ, પ્રમાદ તથા કષાયના જોરવાળા ચક્રવ્યુહમાં ફસાયેલા હોય છે; અને નવા નવા વિભાવ કરી તે તેમાં વિશેષ ફસાતા જતા પણ હોય છે. તેથી જીવ દુઃખ, દુઃખ અને દુઃખથી ભરેલા આ સંસાર સમુદ્રમાં ડૂબકી ખાધા જ કરે છે. આવી દુઃખમય કહાણી રચાવાનાં મુખ્ય કારણો છે રાગ, દ્વેષ અને અજ્ઞાન. તેમાં પણ અજ્ઞાન અગ્રેસર બની જીવના અશુદ્ધ પ્રદેશોને રાગ તથા દ્વેષના ભાવમાં જવા માટે પ્રેરણા કર્યા જ કરે છે. આ અજ્ઞાનને કારણે અશુદ્ધ પ્રદેશો આજ્ઞાંકિત, વીતરાગ તથા મૌન એવા રુચક તથા કેવળીગમ્ય પ્રદેશો તરફથી મુખ ફેરવી, અજ્ઞાનથી સભર એવા પુદ્ગલ પરમાણુઓ તથા પુદ્ગલ વિભાવરસ પ્રતિ રાગ કરે છે; અને મિથ્યાત્વને વધારનાર સંસારી પદાર્થો કે વ્યક્તિ પ્રતિ પૂજ્યભાવ કેળવે છે; જેના લીધે તે અજ્ઞાની ગુરુના આશ્રયે જઈ, અસત્ ધર્મનું આચરણ કરી, પોતાની અશુદ્ધિઓ વધારે છે. આ પરથી શ્રીપ્રભુ આપણને સમજાવે છે કે આ અશુદ્ધ પ્રદેશોમાં એક ગુણ રહેલો છે, જે વ્યક્તિ કે પદાર્થ પ્રત્યે તેને વિશ્વાસ થાય છે તેના પ્રતિ તેઓ સહજતાએ રાગ કે પ્રેમ કેળવે છે. બીજી અપેક્ષાએ તેઓ રૂપી પદાર્થને સત્ય માને છે. પણ જ્યારે તેઓ રૂપી પદાર્થમાં અસત્યતા ભાળી, અરૂપીમાં સત્યનું પાન કરતાં

શીખે છે ત્યારે, તે રૂપી પદાર્થમાં જકડાયેલા અરૂપી તથા સત્યરૂપ આત્માની ઓળખ પામે છે.

આ રૂપી અજ્ઞાનને કર્તા વિવિધ ઉદાહરણોથી વર્ણવે છે. મતાર્થી જીવો સમવસરણાદિ પ્રભુના બાહ્ય અતિશયોને તથા જિનેશ્વરનાં દેહનાં વર્ણનને જ જિનનું સ્વરૂપ સમજી, તેમાં રહેલાં અરૂપી આજ્ઞાધીનપણાને ગૌણ કરે છે; અને બાહ્યસ્વરૂપના દેખાવમાં જ પોતાની મતિ રોકી રાખે છે. આમાંથી આપણને એ નવી સમજણ મળે છે કે જેમ બહારમાં સમવસરણની રચના થાય છે તેમ આત્માની અંદર પણ અમુક સમયે સમવસરણ રચાય છે. તેને અશુદ્ધ પ્રદેશો ઓળખી શકતા નથી. આ રચનાની જાણકારી સામાન્ય જીવોને માટે ગુપ્ત હોય છે; કેટલીયેવાર રુચક પ્રદેશોનો તથા કેવળીગમ્ય પ્રદેશોનો યોગ અશુદ્ધ પ્રદેશોને થાય છે, પણ તેઓ તેને ન ગણકારતાં માનાદિ કષાય તથા અજ્ઞાનનાં કારણે અન્ય અશુદ્ધ પ્રદેશોને ગુરુ માની વર્તના કરે છે. આમ તેઓ વર્તતા અજ્ઞાનને વશ થઈ દેવલોક, નરક, મોક્ષાદિનાં વર્ણનને સર્વસ્વ સમજી, પોતાની કલ્પના અનુસાર વર્તી, શુષ્કજ્ઞાની બની તેનો પ્રચાર પણ કરે છે. આ જ પ્રમાણે જીવના અમુક અશુદ્ધ પ્રદેશો પોતાની અશુદ્ધિ અજ્ઞાનના માધ્યમથી વધારે છે, અને તેનું પ્રસારણ કરી એ અજ્ઞાનમય અંધકારને અન્ય અશુદ્ધ પ્રદેશો સુધી પહોંચાડે પણ છે.

આ પ્રકારે ચોવીસથી ઓગણત્રીસ સુધીની કડીઓમાં મતાર્થી જીવની પ્રવૃત્તિ રાજપ્રભુએ બતાવી છે, અને ત્રીસ તથા એકત્રીસ એ બે કડીમાં એનું અજ્ઞાન બીજા પર શું અસર કરે છે તેનું વર્ણન તેમણે કર્યું છે. ૩૨મી કડીમાં આત્માના મતાર્થી પ્રદેશોનાં આંતર લક્ષણની ગૂઢતા બતાવી છે, જેથી જીવ મતાર્થી પ્રદેશોને ઓળખીને તેનાં દુર્લક્ષણોને દૂર કરી શકે, અને તે પ્રદેશોમાં આત્માર્થીનાં લક્ષણો વાવતો જાય.

અહીં એક આશ્ચર્યકારક છતાં સુંદર વિચાર નિરૂપાયેલો જોવા મળે છે, જે જીવ મતાર્થી હોય તે જ જીવ આત્માર્થી થઈ શકે છે. તેથી એ જ યોગ્ય

જણાય છે કે દોષને ધિક્કારો, દોષીને નહિ. આ ભાવના અનુસંધાનમાં આત્માની સ્વતંત્રતાની સમજણ તથા છએ દ્રવ્યોમાં આત્મા સહુથી શક્તિશાળી દ્રવ્ય છે તેનો લક્ષ ૩૩મી કડીમાં ગુપ્ત રીતે કરાવાયો છે. “લક્ષણ કહ્યાં મતાર્થીનાં” એમ જણાવી, એમ સમજાવ્યું છે કે જીવમાં આત્માર્થી તથા મતાર્થીનાં લક્ષણો સાથસાથમાં પણ રહી શકે છે. જીવ શ્રુતજ્ઞાન દ્વારા તથા સત્પુરુષરૂપ ભોમિયા દ્વારા તે બંને પ્રકારનાં લક્ષણોને ઓળખી મતાર્થને ત્યાગતો જાય અને આત્માર્થને સ્વીકારતો જાય. આમ આત્મપ્રદેશોની અશુદ્ધતા તથા શુદ્ધતા વચ્ચેનો ભેદ ગહન રીતે અહીં સમજાવ્યો છે.

## આત્માર્થીનાં લક્ષણો

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહિ, મટે ન અંતરરોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુ શિષ્ય સંવાદથી, ભાખું ષટ્‌પદ આંહી. ૪૨

સાચા આત્માર્થીનાં લક્ષણો બતાવતાં તેમણે લખ્યું છે કે જ્યાં આત્મજ્ઞાન સહિતનું મુનિપણું હોય તેવાને જ આત્માર્થી ગુરુ માને છે; બાકી જેને આત્માર્થ ઊગ્યો ન હોય તેવા કુળગુરુઓને તે કલ્પિત માને છે, (૩૪). તે પ્રત્યક્ષ સદ્‌ગુરુની પ્રાપ્તિ થયા પછી, જન્મમરણથી પોતાને છોડાવનાર ગુરુનો ખૂબ ઉપકાર માને છે અને પોતે મન, વચન, કાયાથી તેમને આજ્ઞાધીન થઈ વર્તે છે, (૩૫). આત્માર્થી જીવ મોક્ષનો માર્ગ એક જ માને છે, અને તે માર્ગ વ્યવહારનયને સાચવીને જીવને પરમાર્થ કાર્યમાં પ્રેરનાર થાય છે, (૩૬). આવો સદ્‌ભાવ કરીને તે જીવ સદ્‌ગુરુનો યોગ મેળવવા પ્રયત્ની થાય છે અને તેમ કરવાનો તેનો હેતુ પોતાના આત્માને શુદ્ધ કરવાનો જ હોય છે, (૩૭). આ બધાં લક્ષણોના આરાધનથી તેનામાં કષાયોની શાંતિ, મોક્ષેચ્છા, સંસારમાં ભમવાનો વૈરાગ્ય, પ્રાણીઓ પર અનુકંપા આદિ ગુણો પ્રગટતા જાય છે, (૩૮). જ્યાં સુધી જીવની આ પ્રકારની દશા થતી નથી, ત્યાં સુધી તેને સદ્‌ગુરુનો યથાર્થ યોગ થતો નથી; એટલું જ નહિ પણ, તેને લીધે મોક્ષમાર્ગ પણ મળતો નથી અને તેથી જીવના આત્મપ્રદેશ પર લાગેલો કર્મરૂપી રોગ પણ મટતો નથી, (૩૯). જીવની જ્યારે આત્માર્થીની દશા થાય છે ત્યારે તેને સાચા સદ્‌ગુરુનો યોગ થાય છે, તેમનો બોધ મળે છે. તેમના બોધથી જીવમાં સુવિચારણા જાગૃત થઈ તેને સુખ આપે છે, (૪૦). જીવને જ્યારે

સાચી વિચારણા ઉત્પન્ન થાય છે ત્યારે તેને નિજસ્વરૂપનું જ્ઞાન આવે છે. એ જ્ઞાનના આધારથી જીવનો મોહ નષ્ટ થતો જાય છે અને તે પરમપદ – મોક્ષ સુધી પહોંચે છે, (૪૧). આવી સાચી વિચારણા જાગે, મોક્ષમાર્ગ યથાર્થ રીતે સમજાય એ હેતુથી ગુરુ તથા શિષ્યના સંવાદરૂપે આત્માનાં છ પદનું વર્ણન કરવા કર્તાએ ધાર્યું છે, (૪૨).

આમ આવા સંસ્કરણ દ્વારા શ્રી રાજપ્રભુએ ઉત્તમ મુમુક્ષુનાં લક્ષણો વર્ણવ્યાં છે. સાથે સાથે મુક્તિ સુંદરીને વરવા માટેની પૂર્વ તૈયારીરૂપ પુરુષાર્થનું વર્ણન સુંદર ક્રમમાં કર્યું છે. ચોંત્રીસથી સાડત્રીસ સુધીની ચાર કડીઓમાં તેમણે આત્માર્થી જીવ (સૂક્ષ્મતાએ જીવના સવળા થયેલા અશુદ્ધ પ્રદેશો)નાં પુરુષાર્થનાં લક્ષણોનું વર્ણન કર્યું છે, જ્ઞાનીનાં મુખ્ય લક્ષણો તેમનાં જ્ઞાનનાં પ્રગટીકરણમાં તથા ચારિત્રમાં રહેલાં છે. જીવના જે પ્રદેશોમાં આત્મજ્ઞાન અર્થાત્ આત્માનો મૂળભૂત અનુભવ તથા એ અનુભવને વર્ધમાન કરનાર મુનિપણું એટલે કે ચારિત્રમય આત્મિક શુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ રહેલાં હોય છે, તે ઉત્તમ સુદ્‌ગુરુ મેળવવા શોધ ચલાવે છે. આ કડીઓમાં તેઓએ અનેકાંતવાદનો ઉપયોગ કરી, જીવની દૃષ્ટિએ ઉત્તમ ગુરુનાં લક્ષણો કયા હોવાં જોઈએ તે બતાવ્યું છે, તેની સાથે સાથે મુમુક્ષનાં નેત્રોમાં અર્થાત્ ઉત્તમ શિષ્યનાં નેત્રોમાં કઈ વસ્તુની શોધ તથા ઓળખ હોય છે તેનું વર્ણન કર્યું છે. તે ઉપરાંત આત્માર્થી અશુદ્ધ પ્રદેશો, પોતા કરતાં સમૃદ્ધ હોય તેવા આત્માર્થી પ્રદેશો શું શોધે છે તે વર્ણવ્યું છે. આ બધાની સાથે સાથે તેમણે જીવના અશુદ્ધ પ્રદેશોમાં છદ્મસ્થ પંચપરમેષ્ટિની રચના તથા કેવળીગમ્ય પ્રદેશ અને રુચક પ્રદેશ દ્વારા થતું પૂર્ણ પંચપરમેષ્ટિનાં પરમાણુની રચનાનું વર્ણન ગુપ્ત રીતે સમાવી દીધું છે.

૩૪મી કડીમાં આત્માર્થીની ગુરુદર્શનની અભિલાષા, ૩૫મી કડીમાં ઉત્તમ શિષ્યનો આજ્ઞાંકિત પુરુષાર્થ, ૩૬મી કડીમાં ઉત્તમ ગુરુ તથા શિષ્યના મિલનથી ઉત્પન્ન થતું સનાતન તથા મંગલમય ધર્મનું સ્પંદન અને એ ધર્મને સંપૂર્ણ

રીતે શાશ્વતપણે અનુભવવા માટે આત્માર્થી શિષ્યમાં (આત્માર્થી પ્રદેશોમાં) ક્યા ગુણો ખીલે છે તેનું વર્ણન ૩૭ અને ૩૮મી કડીમાં આપ્યું છે. ૩૯મી કડીમાં રાજપ્રભુ ફરીથી વ્યક્ત કરે છે કે જીવમાં અનેક અશુદ્ધ પ્રદેશો છે, તેઓ બધા જુદી જુદી ભૂમિકાએ વર્તે છે; તેથી શુદ્ધિને પાત્ર થવા માટે તે પ્રદેશોએ ઉપર જણાવ્યા પ્રમાણેનો પુરુષાર્થ કરવો પડે છે. પરિણામે જીવના મતાર્થી પ્રદેશો આત્માર્થી થતા જાય છે. ૪૦, ૪૧ એ બે કડીઓમાં ઉપાદાન તથા નિમિત્તનો સુયોગ થવાથી કેવો લાભ થાય છે તે બતાવ્યું છે. જીવના સદ્‌ગુણી પ્રદેશોને જ્યારે ગુરુના સદ્‌બોધરૂપ નિમિત્ત મળે છે ત્યારે એ પ્રદેશોમાં સુવિચારણારૂપ પરમાર્થ લોભ જાગે છે; જે ક્રમે કરીને એ પ્રદેશને તેનાં શુદ્ધ સ્વરૂપ સુધી પહોંચાડે છે, અને નિર્વાણની સિદ્ધિ સુધી લઈ જાય છે. આવી સુવિચારણાથી જેમ જેમ પ્રદેશો શુદ્ધ થતા જાય છે, તેમ તેમ જીવાત્મા ઇન્દ્રિય તથા સંજ્ઞાની સહાયથી શુદ્ધ સનાતન સિદ્ધિને વરે છે. આ જ મોક્ષનો માર્ગ છે. આ મોક્ષમાર્ગને યથાર્થતાએ સમજવા માટે ઉપાદાન તથા નિમિત્તની યથાર્થ સમજણ લેવી જરૂરી છે. જે ગુરુશિષ્યના સંવાદથી ઉત્તમ રીતે સમજાય છે. આ વાત બેતાલીસમી કડીમાં તેમણે વ્યક્ત કરી છે.

આત્મસિદ્ધિશાસ્ત્રમાં શ્રી ગુરુ તથા શિષ્યનો સંવાદ રચી રાજપ્રભુએ એમની અંતરંગ દશાનું વર્ણન પણ પ્રછન્ન રીતે ગૂંથી લીધું છે. 'માર્ગને પામેલો માર્ગ પમાડે' એ નિયમ અનુસાર તેમણે ગુરુની પ્રત્યેક ભૂમિકાને સ્પર્શીને તથા અનુભવીને શિષ્યને સમાધાન આપ્યું છે. ગુરુ તરીકે તેમણે આપેલા ઉત્તરો સ્પષ્ટ કરે છે કે તેઓ ઉત્કૃષ્ટ શ્રુતકેવળીપણું મેળવી ચૂક્યા છે. સાથે સાથે એ પણ સમજાય છે કે તેઓ શિષ્યની પણ પ્રત્યેક ભૂમિકાને અનુભવી ચૂક્યા છે; કેમકે તો જ તેઓ શિષ્યના ષડ્‌દર્શનને લગતા પ્રત્યેક પ્રશ્નોને સમજીને ઉત્તર આપી શકે. તેમની આ જાણકારી માત્ર શ્રુતરૂપે નથી, પણ અનુભવગમ્ય છે; કારણ કે તેમનું પ્રશ્નથી ઉત્તર સુધીનું પર્યટન માત્ર અનુભવના જ માર્ગે છે. આ પરથી આપણે તારવણી કાઢી શકીએ કે તેઓએ છદ્મસ્થ દશામાં

પાંચે પરમેષ્ટિપદનો સ્પર્શ કર્યો હોવો જોઈએ, અને તે સાથે તેઓ મોક્ષે પધારવાનાં છે.

મોક્ષમાર્ગનું સ્પષ્ટપણું આત્માનાં છ પદની યથાર્થ સમજણમાં આવે છે. ચૌદે પૂર્વનો સાર આ છ પદની સિદ્ધિમાં આવી જાય છે. અને બીજી રીતે કહીએ તો આ પદની બાબતનાં શંકા તથા સમાધાનમાં છ એ દર્શન વર્ણવાઈને વણાઈ જાય છે. તેથી આ છએ પદને ઊંડાણથી સમજવામાં આવે તો જીવને પરમાર્થનું સ્પષ્ટ ભાન શ્રુતથી તથા અનુભવથી થઈ શકે, એમ કહી શકાય. છ પદનાં સંક્ષિપ્ત વર્ણનમાં તેમણે એવી સઘનતા ભરી છે કે તેને ઠીકથી વિચારતાં છએ દર્શન સહિતનો મોક્ષમાર્ગ જીવ એમાંથી પામી શકે. આ બધાનું સંક્ષેપથી તાદશ વર્ણન કડી ૪૩, ૪૪ માં આવે છે.

આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
છે ભોક્તા, વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ. ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

૪૩મી કડીમાં આત્માનાં છ પદ ક્યા છે તે જણાવ્યું છે. આ પદ છેઃ આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય સુધર્મ (સાચો ધર્મ આચરવો તે) છે.

આત્માનાં આ છ પદ અહીં સંક્ષેપમાં જણાવ્યાં છે, તેનો યથાર્થ વિચાર કરતાં સમજાય છે કે તેમાં જ છએ દર્શનનો સાર પણ આવી જાય છે. જીવને પોતાનું સાચું કર્તવ્ય – પરમાર્થ સમજાય અર્થાત્ સાચો મોક્ષમાર્ગ સમજાય તે માટે જ્ઞાની ભગવંતોએ આત્માનાં છપદ તથા છદર્શન જણાવ્યાં છે.

આ શાસ્ત્રમાં જિનધર્મ પ્રરૂપિત છએ દર્શનનું વિવેચન ગુરુશિષ્યના સંવાદ દ્વારા કરવામાં આવ્યું છે. આ છએ દર્શનનાં મુખ્ય મુખ્ય લક્ષણો શંકા કે સમાધાનરૂપે

રજૂ કરી, ખૂબ જ ગહનતાથી સુંદર રીતે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો પુરુષાર્થ ગૂંથી લીધો છે. તેમની પ્રેરણાથી, પંચપરમેષ્ટિ પ્રભુનાં પેટાળમાં રહેલાં અતિગુપ્ત તથા ગંભીર જ્ઞાનને સાંભળવા, સમજવા, અનુભવવા તથા બોધવા માટે એમની કૃપા, આજ્ઞા તથા પરમ પરમ સાથ માગીએ છીએ. એ ભાવ સહજપણે પ્રાર્થનારૂપે આમ વ્યક્ત થાય છે.

"સર્વ અરિહંત ભગવાન, સર્વ સિદ્ધ ભગવાન, સર્વ ગણધરજી, સર્વ આચાર્યજી, સર્વ ઉપાધ્યાયજી તથા સર્વ સાધુસાધ્વીજીના પરમગુરુ, પરમસાથી, પરમ મિત્ર, પરમ માવિત્ર, પરમ ભ્રાતા, પરમ ઈષ્ટ એવા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુને સાષ્ટાંગ દંડવત વંદના કરી અમે માગીએ છીએ કે, 'અહો! પંચ ઈષ્ટરૂપ અતિ ગંભીર શાસનના પાલક તથા સંચાલક, તમારા સામર્થ્યમાં, તમારા પુરુષાર્થમાં, તથા તમારા આજ્ઞાધીનપણામાં અમે અતિ ગુપ્ત માર્ગને ભાળીએ છીએ. જેમ સૂર્ય તથા વરસાદના સમતોલ મિશ્રણથી ઇન્દ્રધનુષ પ્રાપ્ત થાય છે, તેમ આજ્ઞા તથા કલ્યાણભાવના યોગ્ય સમતોલનવાળા મિશ્રણથી ઉપજતા અરૂપી જ્ઞાનને અમે જોઈએ છીએ. જેમ ઇન્દ્રધનુષ દૂરથી સુંદર લાગવા છતાં એ માત્ર દર્શનને જ પાત્ર રહે છે, અનુભવાતું નથી, એનો અનુભવ તો માત્ર સૂર્યકિરણો તથા વરસાદનાં બુંદો જ કરે છે, તેમ તમારું આ અરૂપી જ્ઞાન દૂરથી તો ખૂબ જ સુંદર લાગે છે, પરંતુ તેને અનુભવગમ્ય કરવા માટે યોગ્ય આજ્ઞા તથા કલ્યાણભાવ અમારે જોઈએ છે; જેથી એ જ્ઞાન માત્ર દર્શનમાં જ સીમિત ન રહેતાં અનુભવરૂપ બને.'"

"અહો! પરમ ઈષ્ટ પ્રભુ! તમારાં આ જ્ઞાનનાં દર્શન માત્રથી જ અમારી આભારની લાગણી વિશિષ્ટ રૂપ ધારણ કરે છે, અને એ જ્ઞાનને અનુભવમાં લાવવા માટે અમારે ઉત્કૃષ્ટ આજ્ઞા તથા ઉત્કૃષ્ટ કલ્યાણભાવના સમતોલનની પરાકાષ્ટા જોઈએ છે; જેથી અમે અરૂપી

જ્ઞાનના અનુભવની પૂર્ણ ભૂમિકા સુધી પહોંચી શકીએ. જે અરૂપી જ્ઞાન અમને આત્મસિદ્ધિશાસ્ત્રમાં જોવા મળે છે, તેને અમારા અનુભવની શ્રેણિમાં મૂકવા માટે અમે તમારી પાસે યોગબળ, આજ્ઞાબળ તથા વીતરાગબળ આપવા વિનંતિ કરીએ છીએ. અત્યારે આ કાર્ય અમને અમારા ગજાબહારનું તથા મનોરથરૂપ લાગે છે, તેમ છતાં પ્રભુની આજ્ઞાનું પીઠબળ તથા વિશ્વાસબળ અમને કાર્યસિદ્ધિ કરાવવાનો વિશ્વાસ આપે છે.”

શ્રી રાજપ્રભુએ આત્મસિદ્ધિશાસ્ત્રમાં આત્માનાં છ પદની સાથે સાથે પંચપરમેષ્ટિ પ્રભુનાં ગુણો, લાક્ષણિકતા તથા પુરુષાર્થને અતિગુપ્તપણે વણી લીધાં છે. એમની પ્રેરણાથી તથા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી એ અરૂપી જ્ઞાનને અમે રૂપી શબ્દોમાં મૂકવાનો પુરુષાર્થ કરીએ છીએ.

પહેલું પદ: આત્મા છે – સાધુસાધ્વીજીની લાક્ષણિકતા બતાવે છે.

બીજું પદ: આત્મા નિત્ય છે – ઉપાધ્યાયજીનું પ્રતિનિધિત્વ કરે છે.

ત્રીજું પદ: આત્મા કર્તા છે – આચાર્યજીના ગુણો ઉપસાવે છે.

ચોથું પદ: આત્મા ભોક્તા છે – ગણધરજીનું પ્રતિનિધિત્વ કરે છે.

પાંચમું પદ: મોક્ષ છે – સિદ્ધપ્રભુની ખાસિયત પ્રગટ કરે છે.

છઠ્ઠું પદ: મોક્ષનો ઉપાય છે – અરિહંત પ્રભુનો ફાળો નોંધાવે છે.

આ સમજણને આપણે ક્રમથી આત્મસિદ્ધિની ગાથાઓ સાથે વિચારીને સમજીએ.

પહેલું પદ ‘આત્મા છે’. આ પદ સાધુસાધ્વીનાં લક્ષણો બતાવે છે. સાધુ તથા સાધ્વીજી મુખ્યત્ત્વે સ્વકલ્યાણના પુરુષાર્થમાં ધર્મનું આરાધન કરે છે. એમનાં આજ્ઞારૂપી ધર્મ અને આજ્ઞારૂપી તપ સ્વરૂપસિદ્ધિ તથા સ્વરૂપના અનુભવ માટે

યોજાતાં હોય છે. તેઓ આત્માનાં અસ્તિત્વરૂપ સ્વકલ્યાણના પુરુષાર્થમાં નિમગ્ન હોવાને કારણે પરકલ્યાણમાં સરી શકતા નથી. જીવને જો આત્માનાં અસ્તિત્વ માટેની શંકા સતાવતી હોય તો તે આત્માનાં અન્યપદનો અનુભવ કે તે પદ મેળવવા માટેનો યોગ્ય પુરુષાર્થ કરી શકતો નથી. શિષ્યે પૂછેલાં આત્માનાં અસ્તિત્વ વિશેની શંકાના પ્રશ્નોનો અને ઉત્તરનો વિચાર કરીએ તો આ વાત સહેજે સમજમાં આવશે.

## પ્રથમ પદ : શિષ્યની આશંકા

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહિ, તેથી ન જીવ સ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇન્દ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહિ જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ;
જણાય જો તે હોય તો, ઘટપટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આતમા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકા તણો, સમજાવો સદુપાય. ૪૮

આ કડીઓમાં શિષ્યે, પોતાની આત્માનાં અસ્તિત્ત્વ સંબંધીની આશંકા ગુરુ સમક્ષ રજૂ કરી છે. તેને આત્માનાં અસ્તિત્વ વિશે અંદરમાંથી હકાર આવતો નથી; તેનાં કારણો રજૂ કરતાં તે દલીલો કરે છે કે આત્માને આંખથી જોઇ શકાતો નથી, તેનો કોઈ આકાર પણ જણાતો નથી, તેના તરફથી બીજા કોઈ અનુભવ પણ થતા નથી, તેથી એમ જણાય છે કે જીવ જેવું કોઈ તત્ત્વ જ નથી, (૪૫). આગળ વિચારતાં તેને જણાય છે કે જો આત્મા હોય તો દેહરૂપ જ હોવો જોઈએ, અથવા તો દેહની ઇન્દ્રિયો કે પ્રાણ જેનાથી જાણી શકાય છે તે ઇન્દ્રિયો

કે પ્રાણ આત્માનું સ્વરૂપ હોવું જોઈએ. આ સિવાયની આત્મા માટે બીજી કોઈ નિશાની પણ જણાતી નથી, તેથી લાગે છે કે આત્માને દેહથી જુદો માનવો એ જ ખોટું છે, (૪૬). વળી, શિષ્યને સવાલ મુંઝવે છે કે જો આત્માનું ખરેખર અસ્તિત્વ હોય તો તે અસ્તિત્વ અન્ય પદાર્થો જેવાં કે ઘટપટ આદિનાં અસ્તિત્ત્વની જેમ કેમ જાણી શકાતું નથી? (૪૭). માટે શિષ્ય એવા અનુમાન પર આવે છે કે આત્માનું અસ્તિત્ત્વ છે જ નહિ. જો આત્મા જ ન હોય તો મોક્ષ મેળવવાની મથામણ શા માટે કરવી જોઈએ? શિષ્યને ગુરુ પ્રતિ ખૂબ પ્રેમભાવ હોવાથી, તે તેનાં અંતરંગમાં પ્રવર્તતી આ મુંઝવણનો ઉકેલ આપવા પોતાના સદ્‌ગુરુને ખૂબ વિનયપૂર્વક વિનંતિ કરે છે, (૪૮).

અહીં શિષ્યમાં આપણને એક ઉત્તમ તત્ત્વ જોવા મળે છે કે તેને પોતાના સદ્‌ગુરુ માટે ખૂબ જ પ્રેમ, શ્રદ્ધા તથા અહોભાવની લાગણી વેદાતી હોવાથી, તેનું શ્રદ્ધા તત્ત્વ તેને સદ્‌ગુરુના પ્રેરણાત્મક ઉત્તરને ઝીલવા તૈયાર કરે છે. જેથી તેને ગુરુના ઉત્તરમાંથી યોગ્ય સમાધાન મળી જાય. બાકી શિષ્યની બધી દલીલોનો આપણે વિચાર કરીએ તો સમજાય છે કે શિષ્યના પ્રશ્નોનાં મૂળમાં આત્માનાં અસ્તિત્વ બાબતની આશંકા ખૂબ જોરદાર છે, કેમકે શિષ્ય અરૂપી પદાર્થને રૂપી પદાર્થના માપદંડથી માપવા મથે છે; તેથી તેને તેમ કરવામાં સરિયામ નિષ્ફળતા જ મળે તે સ્વાભાવિક છે, આવી પરિસ્થિતિ શ્રાવક શ્રાવિકા માટે પણ સર્જાતી જોવા મળે છે. તેઓ સંસારી પ્રવૃત્તિઓ કરવામાં એવા ઓતપ્રોત હોય છે કે તેઓ સ્વકલ્યાણ માટેનો બોધ યથાર્થતાએ આદરી શકતા નથી. તેઓ ધર્મને બાહ્યાચરણના માપદંડથી માપતા હોવાથી તેમના અંતરંગમાં મૂળ આત્મા વિશે અંધારુ જ પ્રવર્તતું હોય છે. ધર્મ તેમને મન સંસારી શાતા મેળવવાનું સાધન જણાતું હોય છે, કારણ કે તેમને શ્રુતિ તથા શ્રદ્ધા ઓઘદૃષ્ટિથી મળ્યાં હોવાથી, તેને સાકાર કરવાના પુરુષાર્થમાં પણ ઓઘદૃષ્ટિ જ રમતી હોય છે, આમ તેમનું ધર્મનું આચરણ સંસારી શાતા મેળવવાના હેતુથી થતું હોવાને લીધે તેમનાં અંતરનાં ઊંડાણમાં આત્માનાં અસ્તિત્વની શંકા રમ્યા કરે છે. આથી અહીં શિષ્ય

જિજ્ઞાસાવાળી શંકાનું ગુરુ પાસે સમાધાન માગે છે તેમાં શ્રાવકશ્રાવિકાના ભાવનો ઓછાયો જોવામાં આવે છે.

આવી જ રીતે સાધુસાધ્વીજી સ્વકલ્યાણમાં પોતાના પુરુષાર્થનો પાયો જમાવવા પ્રયત્નશીલ હોવાના કારણે તેઓ પરકલ્યાણનો બોધ આદરી શકતા નથી. તેઓ ધર્મને સ્વકલ્યાણના માપદંડથી માપવા મથતા હોય છે; કેમકે તેમને શ્રુતિ તથા શ્રદ્ધા એ માધ્યમથી મળ્યાં હોય છે, આ શ્રુતિ તથા શ્રદ્ધાને સાકાર કરવા માટેના શ્રમમાં તેઓ પુરુષાર્થ કરે છે, પરિણામે તેઓ સ્વકલ્યાણના પુરુષાર્થમાં પરકલ્યાણનું ફળ શોધતા હોવાથી, થતી જિજ્ઞાસાવાળી શંકાનું સમાધાન ગુરુ પાસે માગે છે.

શિષ્યના જિજ્ઞાસાસભર પ્રશ્નો જાણીને શ્રી સદ્‌ગુરુરૂપ ભોમિયા એને જે ઉત્તર આપે છે તેની સમજણ ૪૯ થી ૫૮ સુધીની દશ કડીઓમાં ફેલાયેલી છે.

## પ્રથમ પદ : ગુરુનું સમાધાન

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બંને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ. ૫૧

છે ઇન્દ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇન્દ્રિના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇન્દ્રિય પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિશે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટપટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહીએ કેવું જ્ઞાન? ૫૫

પરમ બુદ્ધિ કૃશ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહિ, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

અહીં શ્રીગુરુ શિષ્યના પ્રશ્નોના ઉત્તર રૂપે આત્માને સિદ્ધ કરવા જણાવે છે કે તેને અનાદિકાળનો જે દેહાધ્યાસ છે, તે 'દેહ તે હું' એ ભાવ ઘૂંટ્યા કર્યો છે તેના લીધે તેને આત્મા દેહ જેવો લાગે છે; પણ તે બંનેનાં લક્ષણોનું જો તું અવલોકન કરે તો તેને તે બંને સ્પષ્ટતાએ ભિન્ન જણાય, (૪૯). દેહમાં આત્માને એકરૂપ માનવાના અભ્યાસથી તેને આત્મા દેહ સમાન જણાય છે, પણ તે બંને મ્યાન અને તલવારની જેમ રહેલા છે. જેમ મ્યાનમાં રહેલી તલવાર મ્યાનરૂપ જ લાગે છે, પણ તે બંને છૂટા જ હોય છે, તેમ દેહમાં રહેલો આત્મા તેમાં એકરૂપ દેખાતો હોવા છતાં દેહથી ભિન્ન જ છે, (૫૦). જે આંખનો જોનારો છે, જે આકારને જાણનારો છે અને નેતિ નેતિથી સમજતાં જે અનુભવ બાકી બચે છે તે જીવનો અનુભવ છે, અર્થાત્

જગતનાં જાણવામાં આવતાં સર્વ તત્ત્વોની જાણકારી બાદ કરતાં કરતાં જે બાકી બચે છે તે જ જીવનું સ્વરૂપ છે, (૫૧). દેહમાંની પ્રત્યેક ઇન્દ્રિયને પોતાના વિષયનું સભાનપણું વર્તે છે, તે જ રીતે પાંચે ઇન્દ્રિયોના વિષયનું જાણપણું આત્માને વર્તે છે, (૫૨). દેહ કે ઇન્દ્રિયો આત્માને જાણી શકતાં નથી, તેમ છતાં, આત્માની સત્તાથી જ દેહ તેમજ ઇન્દ્રિયો પ્રવર્તે છે; તેમ હે શિષ્ય તું સમજ, (૫૩). આત્મા બધી જ અવસ્થામાં જુદો ને જુદો જ તરી આવે છે, તેનું ચેતનત્વ સદાય દેખાતું જ રહે છે, આ ચેતનત્વ આત્માનાં અસ્તિત્વની મુખ્ય એંધાણી – નિશાની છે, (૫૪). સ્થૂળ પુદ્ગલનાં બનેલા ઘટપટ આદિને તું જુએ છે ને માને છે, પણ તેના જોનાર તથા જાણનારને તું માનતો નથી, આને તારું ક્યા પ્રકારનું જ્ઞાન મારે ગણવું? (૫૫). બીજી બાજુ સાવ સુકલકડી કાયાવાળા જીવમાં તીવ્ર બુદ્ધિશક્તિ જોવા મળે છે, અને સ્થૂળ દેહવાળા જીવમાં અતિ અલ્પ મતિ પણ જણાય છે. જો દેહ અને આત્મા એક જ હોય તો આવું કેવી રીતે બની શકે? (૫૬). જડ દેહ અને ચેતન આત્માના સ્વભાવ સાવ જ ભિન્ન છે, તેઓ બંને ત્રિકાળમાં પણ એકરૂપ થઈ શકતા નથી, જુદા ને જુદા જ રહે છે, (૫૭). આટલું સમજાવ્યા પછી કર્તાએ કળશરૂપ દલીલ મૂકી છે કે આત્મા પોતે જ પોતાનાં અસ્તિત્વની શંકા કરે છે, એ કેવી આશ્ચર્યકારક વાત છે? (૫૮).

શિષ્યની શંકાનું સમાધાન કરતાં ગુરુ જે સમજણ આપે છે તેનો વિચાર કરતાં જણાય છે કે સ્વકલ્યાણમાં નિમગ્ન એવા શ્રી સાધુસાધ્વીજીની શૈલીથી સ્વકલ્યાણની ઉત્કૃષ્ટતાએ પહોંચે એવા આ પ્રાથમિક અવસ્થાના ઉત્તરો છે. ૪૯, ૫૦ એ બે કડી આત્મા તથા દેહની ભિન્નતા બતાવનાર વિવેચન છે. તેનાં પર વિચાર કરતાં દેહ અને આત્માની ભિન્નતા જીવને તલવાર તથા મ્યાનની પેઠે સ્પષ્ટપણે જુદી જણાય છે. દેહ પછી દેહની ઇન્દ્રિયો પર લક્ષ કરાવી, જીવ ઇન્દ્રિયોના કાર્યનો દૃષ્ટા છે તેમ જ કર્તા છે તે સમજાવ્યું છે. ઇન્દ્રિયો પુદ્ગલની બનેલી છે, તે સદાકાળ માટે જીવથી જુદી જ રહે છે.

આ બાબતનો વિસ્તાર કરતાં બાવનમી કડીમાં તેઓ સમજાવે છે કે અન્ય ઇન્દ્રિયોનું જ્ઞાન ઇન્દ્રિયને કે દેહને ન હોવા છતાં, તે સર્વનું જ્ઞાન આત્માને હોય છે. તે વિધાનને સમ્મત કરી ત્રેપનમી કડીમાં તેઓ સ્પષ્ટ કરે છે કે આત્માનાં શક્તિ તથા સત્તા દેહ કે ઇન્દ્રિયો કરતાં વધારે હોવાનાં કારણે દેહ કે ઇન્દ્રિયો આત્માને જાણી શકતાં નથી, પણ આત્મા તેમને જાણે છે. ચોપનમી કડીમાં કર્તા ચોખવટ કરે છે કે સ્વપ્ન કે અજાગૃત અવસ્થામાં આત્માની જ્ઞાન કરવાની પ્રક્રિયા ચાલુ હોય છે, અને દેહ નિદ્રાધીન હોય છે, તે પરથી આત્માનાં અસ્તિત્ત્વની સ્પષ્ટતા થાય છે. આ બધા ઉત્તરોને મજબૂત કરતાં પંચાવનમી કડીમાં તેઓએ બળવાન દલીલ કરી છે કે, ‘હે શિષ્ય! તું દુનિયાનાં રૂપી પદાર્થોનાં જ્ઞાનને સત્ય માને છે, તેનાં અસ્તિત્વને પણ સ્વીકારે છે, પરંતુ તે રૂપી પદાર્થોના જ્ઞાતા એવા અરૂપી આત્માને તેનાં અરૂપીપણાના કારણે માની શકતો નથી. આ તારી સમજણને મારે ક્યા પ્રકારની ગણવી?’ તેનાં સમર્થનમાં તેઓ તે પછીની કડીમાં બુદ્ધિની તરતમતા તથા દેહની તંદુરસ્તી કે નાદુરસ્તીની સમજણ દ્વારા આત્માનાં અસ્તિત્ત્વનું પ્રમાણ આપે છે. આ સર્વનાં તારણરૂપે સત્તાવનમી કડીમાં દેહ તથા આત્માની સર્વકાળની ભિન્નતાનો સિદ્ધાંત તેમણે વ્યક્ત કર્યો છે. આ વિશે વિચારતાં આપણને સ્પષ્ટ થાય છે કે અગાઉની સર્વ કડીઓ કરતાં આ કડીમાં વિશેષતાએ સ્વપર કલ્યાણની ભાવના છલકાય છે. આ પહેલાંની કડીઓમાં સ્વકલ્યાણની ભાવના વિશેષ છલકાતી દેખાય છે, તે પરથી આપણે આ શૈલીને ઉપાધ્યાયજીની ઉત્તરશૈલી ગણી શકીએ. ૫૭ અને ૫૮ એ બે કડીઓમાં આપણને શ્રી આચાર્યજીની ઉત્તરશૈલી જોવા મળે છે, એ પરથી આપણે નક્કી કરી શકીએ કે રાજપ્રભુ સાધુસાધ્વી ઉપાધ્યાય અને આચાર્યની અવસ્થાના ભાવોમાંથી પસાર થયા હોવા જોઈએ. અને આ બધા અનુભવને કારણે એ બધા વચ્ચેનું સંકલન તેઓ સમજી શકતા હતા, તથા કરી શકતા હતા.

આ વિચારણાને ઊંડાણમાં લઈ જવાથી લક્ષ થાય છે કે, રાજપ્રભુ આ વિભાગ દ્વારા જીવના સામાન્ય કક્ષાના પ્રદેશોને અનુલક્ષીને આ બોધ આપે છે.

જીવના અમુક અમુક અશુદ્ધ પ્રદેશો પર કર્મની કાલિમાનો એટલો બધો ભાર રહ્યો હોય છે કે તે આત્માનાં અસ્તિત્વને પણ માનવા ન દે. આવું અજ્ઞાન જો ઉદિત રહે તો તે પરમાર્થના વિકાસમાં અંતરાયરૂપ નીવડે; તેવું ન થાય તે માટે આવા પ્રદેશોને બુઝાવવા સ્વકલ્યાણના માર્ગથી બોધ દેવાયો છે. પરકલ્યાણનાં લક્ષથી જ્યારે ઉપાધ્યાયજી બોધ આપે છે ત્યારે તેઓ સ્વકલ્યાણને ગૌણ કરે છે. તેથી ઉપાધ્યાયજીને પરમાર્થ પુણ્ય બંધાય છે, તેથી તેમના આ પરકલ્યાણના બોધમાં સ્વપર કલ્યાણરૂપ આચાર્યજીનો બોધ સહજતાએ મિશ્રિત થઈ જાય છે. આ હકીકતને ૫૭-૫૮ એ બે કડીઓમાં તેમણે સૂક્ષ્મ રીતે ગૂંથી લીધી છે.

અહો! શ્રી રાજપ્રભુની જ્ઞાન ગંભીરતા! અહો! શ્રી પંચપરમેષ્ટિ પ્રભુનો અતિ સૂક્ષ્મ તથા તીક્ષ્ણ પુરુષાર્થ અને તેમનું અરૂપી જ્ઞાન!

શ્રી સદ્‌ગુરુ પાસેથી આત્માનાં અસ્તિત્વ વિશે શિષ્યને સમાધાન મળવાથી સંતોષ થાય છે, અને તે શંકાથી પર થાય છે. તે પછીથી તે આત્માનાં નિત્યત્વ વિશેની પોતાની શંકા ગુરુ સમક્ષ રજુ કરે છે. આ આશંકા ૫૯, ૬૦, ૬૧ એ ત્રણ કડીઓમાં તેણે વ્યક્ત કરી છે.

## બીજું પદ : શિષ્યની આશંકા

આત્માનાં અસ્તિત્વનાં, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહયોગથી ઉપજે, દેહ વિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહિ, આત્મા નિત્ય જણાય. ૬૧

આત્માનાં અસ્તિત્વનો હકાર વેદ્યા પછી, શિષ્યને આત્માનાં નિત્યત્વ વિશે સમજવાની જિજ્ઞાસા ઊગતાં, તે પોતાની દલીલો સદ્‌ગુરુ સમક્ષ મૂકી તેની અનિત્યતા હોવા વિશેની પોતાની માન્યતા રજૂ કરે છે. તે કહે છે કે, આત્મા તો દેહની ઉત્પત્તિ સાથે ઉત્પન્ન થતો અને દેહના નાશ સાથે નાશ પામતો જણાય છે, (૬૦). વળી, આ જગતની પ્રત્યેક વસ્તુ ક્ષણિક અર્થાત્ નાશવંત જણાય છે, પ્રત્યેક ક્ષણે તેમાં ફેરફાર નોંધાયા જ કરે છે. આ અનુભવથી પણ આત્માની અનિત્યતા જ સમજાય છે. તો કૃપા કરી મને તેનું સમાધાન આપો, એમ શિષ્ય વિનવે છે, (૬૧).

આ બીજી શંકા રજૂ કરતાં પહેલાં શિષ્ય આત્માનાં અસ્તિત્વને શ્રુતિ તથા શ્રદ્ધાથી મંજુર કરે છે, પણ તે આત્મા સદાકાળ રહેવાનો છે કે નહિ તે બાબત શિષ્ય દ્રવ્ય પુદ્‌ગલના માપથી આત્માને માપતો હોવાથી તે સશંક બને છે. આ શંકાની દલીલોના ઊંડાણમાં જતાં આપણને સમજાય તેમ છે કે તેમાં શ્રી ઉપાધ્યાયજી સેવે એ પ્રકારની શંકા સમાયેલી છે.

શ્રી ઉપાધ્યાયજી સ્વકલ્યાણમાં રાચતા એવા શ્રાવક તથા સાધુસાધ્વીને બોધ આપે છે. આ બોધ તેમની પાસે શ્રી આચાર્યાદિ મહત્ પુરુષોના બોધની શ્રુતિથી આવે છે. આ બોધ પ્રાપ્ત થતાં ઉપાધ્યાયજીનાં પ્રદેશોમાં એવા ભાવ થાય છે કે આ શ્રુતિને હું એ જ સમયમાં અન્ય જીવોને બોધું. આવા ભાવ થવા પાછળનો સૂક્ષ્મ હેતુ એવો જણાય છે કે એમનો ધર્મનાં મંગલપણા પર એટલો બધો ભાર મૂકાયેલો હોય છે કે તેમને સૂક્ષ્મતાએ ધર્મનાં સનાતનપણા વિશે અવિશ્વાસ જાગે છે. તેથી તેઓ સ્વકલ્યાણને ગૌણ કરી, પરકલ્યાણમાં વ્યસ્ત થાય છે. આમ થવાથી તેઓ ધર્મનાં મંગલપણાનાં સનાતનપણા માટે સશંક થાય છે. આને સાદા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે એમને ધર્મનાં નિત્યપણા માટે આશંકા જાગે છે. કેમકે જો બંનેમાં તેમનું શ્રદ્ધાન યથાર્થ હોય તો તેઓ સ્વકલ્યાણ તેમજ પરકલ્યાણ કરવામાં વ્યસ્ત બને, એક

પર ભાર મૂકે તેવું બને નહિ. આ શંકા ઉપાધ્યાયજીની કક્ષાના અશુદ્ધ પ્રદેશો વેદે છે, જેનું વર્ણન ૬૧મી કડીમાં છે; જેમાં જીવાત્મા સર્વ રૂપી પદાર્થોને ક્ષણે ક્ષણે પલટાતા જુએ છે, અને તેઓ ધર્મ તથા આત્માના સ્વભાવ તરફના પુરુષાર્થમાં પણ ક્ષણભંગુરતાની ખાસિયત આરોપે છે. આ શંકાના સમાધાન માટે આચાર્યજીની કક્ષાના પ્રદેશો ઉત્તર આપે છે.

## બીજું પદ : ગુરુનું સમાધાન

દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી, દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય. ૬૨

જેનાં અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન,
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

જે સંયોગો દેખિયે, તે તે અનુભવ દૃશ્ય;
ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદિ ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહિ, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં, તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

આ કડીઓમાં ગુરુ તેના શિષ્યને તેની જ દલીલોનો જડબાતોડ જવાબ આપીને આત્માનું નિત્યત્વ સિદ્ધ કરે છે. ગુરુ કહે છે કે જે દેહના યોગ તથા વિયોગ સાથે તું આત્માનું ક્ષણિકત્વ માને છે, તે દેહ તો અમુક સંજોગો અર્થાત્ પાંચ સમવાય ભેગા થવાથી ઉત્પન્ન થાય છે. વળી, દેહ તો જડ પુદ્ગલનો બનેલો હોય છે, અને એ પુદ્ગલો રૂપી (આકારવાળાં) અને જોઈ શકાય તેવાં છે. ત્યારે ચેતનનાં ઉત્પત્તિ તથા લય તો કોઈના પણ જાણવામાં આવી શકે તેમ નથી, કેમકે તેને ઉત્પત્તિ તથા લય છે જ નહિ. જડ પુદ્ગલમાં જોવા કે જાણવાની શક્તિ જ નથી, તો પછી જડ દેહ ચેતનરૂપ આત્માનાં ઉત્પત્તિ તથા લયને કેવી રીતે જાણી શકે? (૬૨). વળી, જે ચેતનનાં ઉત્પત્તિ તથા લયનું જ્ઞાન ધરાવી શકે તેમ હોય તે તો દેહથી જુદો જ હોવો જોઈએ, કારણ કે જીવ જ્યાં સુધી પદાર્થથી અલગ થતો નથી ત્યાં સુધી તે પદાર્થનું જ્ઞાન મેળવી શકતો નથી, (૬૩). દેહની ઉત્પત્તિ માટે જે જે સંજોગો દેખાય છે, તે તે દૃષ્ટિથી અનુભવમાં આવે છે, ત્યારે આત્મા તો કોઈ પણ સંજોગોમાં ઉત્પન્ન થતો જણાતો નથી; તેથી તે નિત્ય જ છે, એમ પ્રત્યક્ષપણે કહી શકાય, (૬૪). જડમાંથી ચેતન ઉત્પન્ન થાય અથવા તો ચેતનમાંથી જડની ઉત્પત્તિ થાય એવો અનુભવ કોઈને પણ ક્યારેય થયો નથી, થતો નથી અને થશે પણ નહિ. તેથી જડ એવો દેહ કોઈ પણ કાળે ચેતનની ઉત્પત્તિ કરી શકે તેમ નથી, (૬૫). જેની કોઈ પણ સંજોગમાં ઉત્પત્તિ થતી નથી, તેનો કોઈને પણ વિશે લય (નાશ) સંભવી શકે નહિ, માટે આત્મા નિત્ય જ હોવો જોઈએ, (૬૬). જેમ ક્રોધાદિનું તરતમપણું સર્પ, કબૂતર આદિમાં જોવા

મળે છે, તે તેમનાં પૂર્વસંસ્કાર વિના સંભવી શકે જ નહિ, એ વિચારણાથી પણ આત્માની નિત્યતા સાબિત થઈ જાય છે, (૬૭). આત્મા નિશ્ચયનયથી દ્રવ્યરૂપે નિત્ય છે, પણ દેહાદિ પર્યાયથી અર્થાત્ વ્યવહારનયથી તે અનિત્ય પણ છે. આ સમજણથી સ્પષ્ટ થાય છે કે બાળપણ, યુવાની, વૃદ્ધાવસ્થા એ ત્રણે જુદી જુદી પર્યાયનું જ્ઞાન તથા સ્મૃતિ એકને જ-આત્માને જ થાય છે. જો આત્મા ક્ષણિક હોય તો બાળવયનું જ્ઞાન જીવને યુવાની કે વૃધ્ધાવસ્થામાં સ્મૃતિમાં આવે નહિ, અથવા યુવાનીના ભાવો કે વિચારો ઘડપણમાં યાદ આવે નહિ, તેમ તો થતું નથી. આત્મા નિત્ય હોવાના કારણે જ જીવને જુદી જુદી અવસ્થાનું જ્ઞાન તથા સમજણ સ્મૃત રહે છે, (૬૮). અથવા જે પુદ્‌ગલાદિ પદાર્થો ક્ષણિક છે તેની જાણકારી લઈને જીવ તે પછીના કાળમાં પણ જણાવી શકે છે, એ સ્થિતિથી નક્કી થાય છે કે જે વદનાર – કહેનાર છે તે ક્ષણિક નથી, પણ નિત્ય છે. શિષ્ય! તું તેનો અનુભવ કરીને નિર્ણય કર, (૬૯). આ લોકમાં કોઈ પણ વસ્તુનો કોઈ પણ કાળે સર્વથા નાશ સંભવતો નથી; પદાર્થોનું રૂપાંતર જ થયા કરે છે, વ્યવહારથી સ્વરૂપ બદલાયા કરે છે, પણ મૂળભૂત તત્ત્વનો નાશ થતો નથી, આમ છતાં તેને જો ચેતનનો નાશ દેખાતો હોય તો તે ચેતન નાશ પામ્યા પછી તે શેમાં ભળે છે અથવા તો રૂપાંતર પામે છે તેની તું પરીક્ષા કર, (૭૦).

આ કડીઓને આપણે જરા ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ. જીવનો દેહ અનંત પુદ્‌ગલ પરમાણુઓનો બનેલો હોય છે. તે જડ પદાર્થ છે, તેથી ચેતન જેવા ઉચ્ચ પદાર્થનાં ઉત્પત્તિ કે લય આ નીચ (નબળો) પદાર્થ જાણી શકે નહિ. આ ન્યાયથી આપણે એવી તારવણી પર જઈ શકીએ કે ધર્મનું મંગલપણું એ જીવનો વર્તમાનનો પુરુષાર્થ છે, ત્યારે ધર્મનું સનાતનપણું એ ભૂત, વર્તમાન અને ભાવિનું સંમેલન છે. આથી ધર્મનું મંગલપણું ધર્મનાં સનાતનપણામાં સમાય છે. પરંતુ ધર્મનાં મંગલપણાના અનુભવના આધારે જીવને તેનાં સનાતનપણાનો વિશ્વાસ આવતો નથી. પરિણામે જીવ ધર્મનાં નિત્યત્ત્વને સ્વીકારતો નથી, અને

પરકલ્યાણની પ્રવૃત્તિમાં વિશેષ એકાગ્ર રહે છે. પણ જેને ધર્મનાં સનાતનપણાનો અનુભવ છે તે ધર્મનાં મંગલપણાને સહેલાઈથી અને સ્પષ્ટતાથી ઓળખી જાય છે. તેથી આચાર્યજી (એ કક્ષાના પ્રદેશો) ઉપાધ્યાયજીને (એ કક્ષાના પ્રદેશોને) બોધે છે કે ધર્મ શાશ્વત કાળ માટે મંગલ રહ્યો છે, તેથી પરકલ્યાણના ભાવ અને પુરુષાર્થ સાથે સ્વકલ્યાણના ભાવ અને પુરુષાર્થ, એટલા જ જરૂરી છે. પોતામાં જ ન હોય તો બીજાને કેવી રીતે આપી શકાય? આ સમજણની સ્પષ્ટતા ૬૩મી કડીમાં થયેલી છે. દેહ એ ચેતનનાં ઉત્પત્તિ તથા લયનું કારણ નથી, એટલું જ નહિ પણ આત્મા દેહના ઉત્પત્તિ તથા લયનો જાણનારો હોવાથી, તે તેનાથી અલગ જ હોવો જોઈએ. એ જ પ્રમાણે ધર્મનું મંગલપણું ધર્મનાં સનાતનપણાને ઉપજાવનાર નથી, બલ્કે ધર્મનું સનાતનપણું તેનાં મંગલપણાને ઉપજાવનાર છે; એનું સનાતનપણું જ મંગલપણાને જીવિત રાખે છે.

આ જ વાતને ૬૪મી કડીમાં આગળ વધારતાં રાજપ્રભુ સહુને જણાવે છે કે, આત્મા સર્વ અનુભવોનો જ્ઞાતાદૃષ્ટા હોવા છતાં, તેનાં ઉત્પત્તિનાં કે લયનાં સંજોગો કોઈના પણ જાણવામાં આવતા નથી, તેથી તે નિત્ય છે. તેમજ ધર્મનાં સનાતનપણામાં ધર્મનાં મંગલપણાના વિવિધ અનુભવો થયા કરે છે, અને તે સનાતનપણું પાંચ સમવાયના વિવિધ સંયોગથી બનતા મંગલપણાનું જાણપણું દર્શાવે છે. પરંતુ ધર્મનું સનાતનપણું અનાદિઅનંત હોવાને લીધે ધર્મ નિત્ય છે. આ બોધને કાળની પરીક્ષાથી ચકાસવા માટે ૬૫, ૬૬ એ બે કડીઓમાં સમજાવ્યું છે કે ધર્મનું સનાતનપણું ક્યારેય ઉત્પન્ન થયું નથી, અને તે ક્યારેય નાશ પામવાનું નથી, માટે તે નિત્ય છે. વળી, ધર્મનું સનાતનપણું તથા મંગલપણું એકબીજા સાથે દેખાતાં હોવા છતાં તેઓ સદાકાળ માટે ભિન્ન જ છે. કેમકે પહેલામાં શ્રી તીર્થંકર પ્રભુની નિસ્પૃહતાનું મુખ્યપણું છે, અને બીજામાં ગણધરના કર્તાભાવનું મુખ્યપણું છે.

ધર્મનાં સનાતનપણાની નિત્યતાને દર્શાવતું ઉદાહરણ આપતાં તેઓ કહે છે કે જેમ ક્રોધરૂપ સંસ્કાર સર્પમાં જન્મથી જ હોય છે, તેમ ધર્મનું સનાતનપણું

ધર્મનાં મંગલપણાની શરૂઆતથી જ હોય છે; આ મંગલપણાને સાકાર કરવા માટે પાંચ સમવાયનું સંમેલન થાય છે; જેનાથી ધર્મનું સનાતનણું સિદ્ધ થાય છે. આ બોધની ખાસિયત શ્રી ગણધર જેવી છે. તેઓ સિદ્ધાંતોને કાળની પરીક્ષાથી ચકાસી, મુખ્યતાએ સર્વકાલીન સત્યતાવાળા સિદ્ધાંતો સમજાવે છે. આ લાક્ષણિકતા આપણને મુખ્યતાએ ૬૮, ૬૯, ૭૦ એ ત્રણ કડીઓમાં જોવા મળે છે. ગણધરપ્રભુની વાણી સ્યાદવાદશૈલીથી છલોછલ ભરેલી હોય છે. જે એમના તીર્થંકર પ્રભુ સાથેના લાંબા સહવાસની આપણને પ્રતીતિ આપે છે. ૬૮મી કડીમાં તેમણે શિષ્યને સમજાવ્યું છે કે જેમ આત્મા દ્રવ્યથી નિત્ય છે, એક જ પદાર્થ છે, અને પર્યાયની અપેક્ષાથી બદલાય છે; તેમ ધર્મનું સનાતનપણું સાતત્યવાળું (constant) હોવા છતાં, પાંચ સમવાય અને જીવના પુરુષાર્થ અનુસાર તેનું મંગલપણું નવાં નવાં રૂપ ધારણ કરે છે. આ મંગલપણું જ્યારે ભૂતકાળમાં જાય છે ત્યારે તે ધર્મનાં સનાતનપણાના સાગરમાં મોજાં બની જાય છે.

હવે, આ દલીલ આગળ વધે છે. જે કાળના ફેરફારને નિત્યપણે જુએ છે અને જાણે છે, તે પોતે નિત્ય હોવો જ જોઈએ, નહિતર પૂર્વની પર્યાય તેમાં જણાઈ શકે નહિ. એ જ પ્રમાણે ધર્મનાં સનાતનપણામાં ધર્મનાં મંગલપણાની સર્વ અવસ્થા નોંધાય (record થાય) છે, જો તે નિત્ય હોય તો જ કાળની પર્યાયને એક ધારાએ જાણી તથા જોઈ શકે. ૭૦મી કડીમાં આ બોધનો નિશ્ચય પ્રગટ થાય છે. જેમ કોઈ પણ વસ્તુનો ક્યારે પણ સદંતર નાશ થતો નથી, પણ તેનું રૂપાંતર થાય છે; તેમ સનાતનપણાનાં પરમાણુઓ તથા મંગલપણાનાં પરમાણુઓ ક્યારેય સદંતર નાશ પામતાં નથી, પણ રૂપાંતરિત થાય છે, અહીં આપણને સમજાય છે કે આચાર્યજી તથા ગણધરજીની કક્ષાના પ્રદેશો ઉપાધ્યાયજીની કક્ષાના પ્રદેશોને બોધ આપે છે કે,

> "હે આયુષ્યમન! ધર્મ એ સર્વોત્કૃષ્ટ મંગલ છે. ધર્મમાં જ સ્વરૂપની શાંતિ તથા સિદ્ધિ છે. ધર્મથી જ મોક્ષ છે. આ ધર્મેચ્છાને રૂપી આકાર

દેવા માટે તું અન્ય પ્રદેશોને પ્રેરણા આપે છે; પણ વિચાર તો ખરો કે ધર્મનું મૂળ તો સનાતન છે. સનાતનપણાની ભૂમિકા અરૂપી આત્માની જેમ અરૂપીપણે નિત્ય છે. તો તે રૂપ કેવી રીતે ધારણ કરે? પાંચ સમવાયના વિવિધ બંધારણમાં તથા છૂટાપણામાં એ મંગલ સંદેશાનો શંખ વગાડે છે. આવા મંગલપણાનો બોધ આપતાં તું તારી જાતને ભૂલી ન જતો; કારણ કે તારી જવાબદારી તારાથી શરૂ કરી જગતના સર્વ જીવો સુધી તેને વિસ્તારવાની છે. માટે ધર્મનાં મંગલપણા સાથે સનાતનપણાને આદરી આજ્ઞામાર્ગે ચાલી આ બોધ આપવાથી જ તારું તથા સર્વનું શ્રેય થશે. આ આજ્ઞામાર્ગને સહાય કરનાર ચાર તત્ત્વો છેઃ સરળતા, ભક્તિ, વિનય અને આજ્ઞા. આ આજ્ઞામાર્ગના સાથથી, તારામાં રહેલા સર્વ અશુદ્ધ પ્રદેશોને તારે સિદ્ધ ભગવાન જેવા શુદ્ધ કરી 'સમ' (એક સરખા) કરવાના છે. આ કાર્ય કરવા માટે આજ્ઞાનો માર્ગ જ સર્વોત્તમ છે. માટે તું પરકલ્યાણના પરમાર્થ લોભને આજ્ઞાના પરમાર્થ લોભમાં લઈ જા. પછી તે આજ્ઞા તને સ્વકલ્યાણ કરવાનું કહે તો તે કરજે, અને પરનું કલ્યાણ કરવાનું કહે તો તે કરજે; એમાં જ સર્વનું કલ્યાણ છે. અને એ જ શ્રી પ્રભુનો સંદેશો છે."

## ત્રીજું પદ : શિષ્યની આશંકા

આત્માનાં પહેલાં બે પદનું સમાધાન મળ્યા પછી શિષ્યને ત્રીજી આશંકા આત્માનાં કર્તાપણા માટે થાય છે, તે શંકા ત્રણ કડીઓમાં રજૂ થઈ છે :–

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ,
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઇ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ, કાં નહિ જાય. ૭૩

શિષ્ય આત્માનાં કર્મનાં કર્તાપણા વિશે જે મુંઝવણ અનુભવે છે તે વિશે શ્રી સદ્‌ગુરુને કહે છે કે મારા અભિપ્રાય પ્રમાણે જીવ કર્મનો કર્તા હોઈ શકતો નથી, કર્મ પોતે જ કર્મનાં કરનારાં છે, અથવા કર્મ કરવાં એ જીવનો સહજ સ્વભાવ છે, અને એમ ન હોય તો કર્મ કરવાં એ જીવનો ધર્મ છે, (૭૧). બીજી અપેક્ષાએ વિચારતાં આત્મા તો સદાયનો અસંગ છે, તે કોઈથી લેપાતો નથી; પણ તેને કર્મ પ્રકૃતિઓ બંધન કરતી જણાય છે. જો એમ ન હોય તો ઈશ્વર તરફથી તેને કર્મ કરવાની પ્રેરણા થતી હોય એમ મને લાગે છે, આ રીતે પણ આત્મા પોતે પોતાને બંધન કરતો નથી, એમ સ્પષ્ટ થાય છે, (૭૨). આ રીતે વિચારતાં મોક્ષનો ઉપાય કરવા જેવું કોઈ કારણ (મને) જણાતું નથી; કેમકે એક અપેક્ષાએ જીવનું કર્મનું કર્તાપણું છે જ નહિ, અને જો છે તો તે કદી પણ ન જાય એ પ્રકારનું છે, (૭૩).

આચાર્યજી સ્વપર કલ્યાણનાં કાર્યમાં ગૂંથાયેલા હોય છે. તેઓ તેમના આરાધ્ય ગુરુ શ્રી તીર્થંકર પ્રભુ તથા ગણધર પ્રભુની આજ્ઞામાં રહી, એટલા બધા ઊંડાણથી કલ્યાણભાવ કરે છે કે એમનું આજ્ઞાપાલન એમની પાંચે ઈન્દ્રિયો તથા સંજ્ઞામાં ભરપૂર રહે છે. તેમનાં દરેક વર્તનમાં એ આજ્ઞાધીનપણાનું પાલન અનુભવાય છે. આવા આજ્ઞાધીનપણાના અનુભવમાં શ્રી આચાર્યજી મુખ્યતાએ સંવર પ્રેરિત મહાસંવર માર્ગ, કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગ તથા આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગમાં હોય છે. આ માર્ગમાં મુખ્યતાએ વિભાવથી થતા કર્મનો સંવર થાય છે, પરંતુ તેમાં ગુણાશ્રવરૂપ મહાઆશ્રવ માર્ગનું આરાધન હોતું નથી. આનું મુખ્ય કારણ એ છે કે આચાર્યજીની એવી માન્યતા હોય છે કે કર્મથી થતા વિભાવને કારણે જીવ કર્મનો કર્તા થાય છે, જીવનું કર્તાપણું સ્વભાવથી હોતું નથી. આવા ભાવને કારણે આચાર્યજી સક્રિય

સ્વભાવકર્તા ભાવવાળા મહાઆશ્રવ માર્ગમાં સરી શકતા નથી. આ આશંકા ગુપ્ત રીતે ૭૧મી કડીમાં રજૂ કરાઈ છે.

શ્રી આચાર્યજી સંવર પ્રેરિત કલ્યાણના વિવિધ માર્ગને પાળે છે. તેથી તેમનામાં એવી માન્યતા પ્રવર્તે છે કે શુદ્ધ/સિદ્ધ પર્યાયમાં આત્મા અપેક્ષાએ અક્રિય બને છે. કારણ કે તેમને વિભાવરૂપ પુદ્ગલ પરમાણુઓ આડા આવતાં નથી. આ અપેક્ષાથી શિષ્યને લાગે છે કે આત્મા કર્મનો કર્તા નથી, પણ કર્મ પોતે જ કર્તા બની જીવને નચાવે છે. અથવા તો કર્મ કરવાં એ જીવનો સહજ સ્વાભાવિક સ્વભાવ જ છે. એટલે કે કર્મ કરતાં રહેવાં એ જીવનો ધર્મ છે, જીવની મુખ્ય લાક્ષણિકતા છે. આ ભાવ ૭૨મી કડીમાં આગળ વધે છે; આત્મા નિશ્ચયનયથી અસંગ છે, પણ કર્મ પ્રકૃતિનાં કારણથી જીવને બંધન થાય છે. આચાર્યજીને મળેલું શ્રુત તેમને એવી માન્યતામાં લઈ જાય છે કે છ દ્રવ્યમાંથી પાંચ અજીવ દ્રવ્યો આત્માને ચિટકતાં નથી, એટલે સિદ્ધાંતથી આત્મા અસંગ જ છે. બીજી અપેક્ષાએ શિષ્ય વિચારે છે કે આત્મા જ્યારે પૂર્ણ આજ્ઞાધીન થાય છે, ત્યારે તે માત્ર ઈશ્વરની પ્રેરણાથી જ વર્તતો હોવાથી કર્મથી છૂટો જ રહે છે; અર્થાત્ જીવ અબંધ જ રહે છે. આ અપેક્ષાએ વિચારવાથી જીવને કર્મનું કર્તાપણું સિદ્ધ થતું નથી. તેથી જીવ જો કર્મનો કર્તા જ ન હોય તો મોક્ષનો ઉપાય વિચારવો એ જ વ્યર્થ છે. કેમકે એક અપેક્ષાએ જીવનું કર્તાપણું જો જીવનો ધર્મ જ હોય તો તે કર્મનું કર્તાપણું કદિ જાય જ નહિ, અને જીવ જો અસંગ જ હોય તો કર્તાપણું ન હોવાનાં કારણે મોક્ષની વિચારણા કરવી નકામી થઈ જાય છે. આમ કર્મનાં કર્તાપણાની દ્વિધામાં શિષ્ય મુંઝાઈ જાય છે.

## ત્રીજું પદ : ગુરુનું સમાધાન

શિષ્યનાં સમાધાન અર્થે શ્રી ગણધરજીની કક્ષાના આત્મપ્રદેશોવાળા સદ્ગુરુ શ્રી અરિહંત પ્રભુની પરમ ઈષ્ટ વાણીને શબ્દદેહ આપી, એમની સ્યાદ્વાદ શૈલી

તથા સર્વકાલીન સત્ય સિદ્ધાંતનાં માધ્યમથી (આધારથી) યથાર્થ ઉત્તર ૭૪ થી ૭૮ સુધીની પાંચ કડીઓમાં આપે છે.

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી મર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમ જ નહિ જીવ ધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ. ૭૭

ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ. ૭૮

આત્માનાં કર્મનાં કર્તાપણા વિશેની આશંકાનું સમાધાન આપતાં શ્રી સદ્ગુરુ શિષ્યને સમજાવે છે કે કર્મ ગ્રહણ કરવાની પ્રેરણા જો ચેતન આપતું ન હોય તો કર્મ કોણ ગ્રહણ કરે તેનો તું વિચાર કર. કેમકે જડ કર્મમાં કર્મ ગ્રહણ કરવાની પ્રેરણા આપવા જેવી શક્તિ જ નથી. જો તું ધર્મના મર્મનો વિચાર કરીશ તો તેનું હાર્દ સમજાતાં તને સમાધાન થશે કે કર્મ ગ્રહણ કરવાની પ્રેરણા જીવને તેનું ચેતનત્વ જ આપ્યા કરે છે, (૭૪). હે શિષ્ય! તું બરાબર વિચાર કરીશ તો તને જણાશે કે જો ચેતન પ્રેરણા ન આપે તો કર્મબંધન થતાં જ નથી. આ પરથી તારણ કાઢી શકાય કે કર્મ કરવાં એ આત્માનો સહજ સ્વભાવ નથી. એ જ રીતે એ જીવનો ધર્મ પણ નથી, (૭૫). વળી, જો જીવ

પરાપૂર્વથી અસંગ જ રહ્યો હોત તો એ અસંગપણું તારા જાણવામાં કેમ ન આવત? અર્થાત્ તને આત્માની પ્રતીતિ પહેલેથી જ હોત. આત્માનું અસંગપણું વિવેકથી સમજવા યોગ્ય છે. આત્મા પરમાર્થથી એટલે કે પોતાના સ્વભાવથી અર્થાત્ નિશ્ચયનયથી અસંગ છે, પણ તે અસંગપણું તો જીવને જ્યારે સ્વરૂપનું સભાનપણું આવે ત્યારે પ્રગટવા લાગે છે, (૭૬). જગતનો અથવા જીવોનાં કર્મોનો કર્તા ઈશ્વર નથી, પૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવ જેનો પ્રગટયો છે તે ઈશ્વર છે, અને તેને જો કર્મનો કર્તા કે પ્રેરક ગણીએ તો તે પક્ષપાત કરનાર દોષિત થઈ જાય, તેથી જીવને કર્મ કરવામાં ઈશ્વરને પ્રેરણાદાતા ગણી શકાય નહિ, (૭૭). આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવમાં રહે તો તે સ્વભાવનો કર્તા થાય છે, પણજો તે પોતાના શુદ્ધ સ્વભાવનાં ભાનમાં વર્તતો ન હોય તો તે કર્મભાવનો કર્તા થાય છે, (૭૮).

આ કડીઓ દ્વારા સદ્‌ગુરુ છ દ્રવ્યના સર્વકાલીન સિદ્ધાંતના માધ્યમથી શિષ્યને સમજાવે છે કે ચેતનમય જીવમાં જ કર્મના કર્તા થવાની શક્તિ છે, જડ પુદ્‌ગલમાં અથવા અન્ય અસ્તિકાયો કે કાળ જેવાં અજીવ દ્રવ્યોમાં આવું કાર્ય કરવાની શક્તિ નથી. તેથી કર્મનો કર્તા થવાની શક્તિ માત્ર જીવમાં જ છે. પુદ્‌ગલને જો ચેતનની પ્રેરણા ન મળે તો પુદ્‌ગલો તેને ચિટકી શકતાં નથી. ધર્મનાં આ સર્વકાલીન મર્મને સમજવાથી કર્મનું કર્તાપણું કરવાની શક્તિ માત્ર જીવમાં જ છે તે સમજાઈ જશે.

પુદ્‌ગલો ચેતનની પ્રેરણા વિના જીવને ચિટકી શકતાં નથી, તેથી કર્મનું કર્તાપણું હોવું તે જીવનો સહજ સ્વભાવ નથી, તેમ જ તેનો ધર્મ પણ નથી. આમ સમાધાનરૂપ વાણીમાં શ્રી સદ્‌ગુરુ (ગણધર કક્ષાના પ્રદેશો) શિષ્યને સમજાવે છે કે ચેતનની પ્રેરણા વિના જીવ કર્મ ગ્રહણ કરતો નથી; એમ કરવું તે પુદ્‌ગલ તથા જીવના ધર્મ વિરુદ્ધનું કાર્ય છે, અર્થાત્ તેમ થવું અસંભવિત છે.

આ જ કથનને સદ્‌ગુરુ ૭૬મી કડીમાં વિશેષ સ્પષ્ટ કરે છે. સર્વકાલીન સત્ય પ્રમાણે આત્મા નિશ્ચયનયથી શુદ્ધ પર્યાયમાં જ અસંગ છે, જો તે સર્વથા અસંગ હોય તો અસંગતા જણાયા વિના રહે જ નહિ. સંસાર પર્યાયમાં તો જીવ અનંત કર્મોથી લદાયેલો છે; તે શુદ્ધ સ્વરૂપમાં લીન થાય છે ત્યારે જ અસંગ થાય છે. આથી સંસારમાં રહેલા જીવનું કર્મનું કર્તાપણું સિદ્ધ થાય છે. એ કર્તાપણું સિદ્ધાવસ્થામાં કોઈ ગુપ્ત રહસ્યથી ચાલુ રહે છે, તે અવસ્થામાં આત્માની કોઈ એવી પ્રવૃત્તિ થાય છે કે જેથી તે સાવ અક્રિય રહે છે; કર્મબંધન કરતો નથી, છતાં પણ આત્માનું કર્તાપણું ચાલુ રહે છે. આ જ રહસ્યને કર્તાએ ૭૭ અને ૭૮ એ બે કડીઓમાં વિશેષ સ્ફૂટ કર્યું છે.

કર્મ કરવાની પ્રેરણા ઈશ્વર આપતા નથી. ઈશ્વર એટલે આત્માનું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ. તેથી જો આપણે ઈશ્વરને કર્મના પ્રેરણાદાતા માનીએ તો તેમાં તેમના રાગદ્વેષ થતા હોવાથી ઈશ્વર દોષમય બની જાય છે. ચેતન જો પોતાનાં સ્વરૂપમાં લીન હોય તો તે સ્વભાવનો કર્તા થાય છે, અને જો તે પરભાવમાં રત હોય તો તે કર્મનો કર્તા થાય છે. આ બંને કડીઓને વિશેષતાથી સમજી શકાય તેમ છે.

સંસાર પર્યાયમાં જીવ વર્તતા વિભાવને કારણે પુદ્‌ગલ કર્મનો કર્તા થાય છે. સિદ્ધ પર્યાયમાં એ શુદ્ધ થયેલો આત્મા ગુણમય પૂર્ણ કલંકરહિત અડોલ સ્થિતિમાં રહેવારૂપ કાર્યનો કર્તા થાય છે. જેથી એ અનંતગુણ વિશિષ્ટ શુદ્ધ ચૈતન્યઘનનાં પ્રારબ્ધને સાદિ અનંતકાળ માટે માણે છે. આવા ગુણાશ્રવનું કર્તાપણું જીવ છદ્મસ્થ દશામાં કલ્યાણ પ્રેરિત મહાસંવર માર્ગથી શરૂ કરી, મહાઆશ્રવના માર્ગ સુધી વધતી માત્રામાં શુદ્ધ થતા થતા મેળવતો જાય છે. તેમાં તે જીવ ગુણગ્રહણનાં કર્તાપણાને વધારે ને વધારે તીક્ષ્ણ તથા વિશિષ્ટ કરે છે. આવા શુભ પુરુષાર્થથી જીવનો કર્માશ્રવ અલ્પ ને અલ્પ થતો જાય છે, અને તેથી જીવ શિવ થવા તરફ પ્રગતિ કરવા છતાં પોતાનાં કર્તાપણાનાં કાર્યને મંદ થવા દેતો નથી.

# ચોથું પદ : શિષ્યની આશંકા

જીવનાં કર્મનાં કર્તાપણાનાં કાર્યને સમજ્યા પછી શિષ્યને જીવનાં કર્મનાં ભોક્તાપણા માટે સંશય ઉદ્ભવે છે. જે ૭૯ થી ૮૧ સુધીની ત્રણ કડીમાં વ્યક્ત થયેલો છે.

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય. ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગતનિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

શિષ્ય જીવનાં કર્મનાં ભોક્તાપણા બાબત સંશય વેદે છે તેથી તેને લગતી દલીલો તેણે ઉપરની કડીઓમાં વ્યક્ત કરી છે. તે કહે છે કે જીવને જો આપણે કર્મનો કર્તા કહીએ તો પણ તે કર્મનો ભોક્તા ઠરશે નહિ. કેમકે જડ એવાં પુદ્ગલ કર્મ શું સમજે કે તે ફળ દેવાં કાર્યકારી થાય? અર્થાત્ ફળ આપનાર થાય ? (૭૯). તેથી ઈશ્વરને જો ફળદાતા તરીકે સ્વીકારીએ તો જીવને કર્મનું ભોક્તાપણું આવે, એટલે કે ઈશ્વર જીવને કર્મનો ભોગવટો કરાવે તે શક્ય બને, પણ તેમ કરવા જતાં તો ઈશ્વરનું ઈશ્વરપણું જ રહેતું નથી. તેમાં તો ઈશ્વર પોતાનાં શુદ્ધ સ્વરૂપને ત્યાગી, રાગદ્વેષમય બની, કર્મનાં ફળને આપનાર થાય છે, (૮૦). બીજી બાજુ જો ઈશ્વરને કર્મનાં ફળદાતા તરીકે સ્વીકારીએ નહિ તો જગતમાં નિયમનાં પ્રવર્તન જેવું જ કંઈ રહેતું નથી. તેથી શુભ કે અશુભ કર્મને ભોગવવા યોગ્ય સ્થાનકો પણ રહે નહિ, (૮૧). આમ શિષ્યને જીવનું કર્મનું ભોક્તાપણું સમજાતું ન હોવાનાં કારણે તે પોતાના સદ્ગુરુ પાસેથી સમાધાન ઇચ્છે છે.

આ કડીઓમાં આપણને ગણધરજીની મુંઝવણ વ્યક્ત થતી હોય તેમ જણાય છે. ગણધરજી શુદ્ધ અને અતિ શુભ આજ્ઞાધીનપણાનું પાલન ચડતા ક્રમમાં, શુક્લ અવસ્થાએ કરે છે. એમના પુરુષાર્થનો ધ્રુવકાંટો આજ્ઞાના કર્તાપણા પર કેંદ્રિત થયેલો હોય છે. આવા આજ્ઞાપાલનના કર્તાપણા માટે, તેના કર્તાપણાને લીધે ઉપજતી રિદ્ધિસિદ્ધિનાં ભોક્તાપણાને તજી, તેઓ પોતાનાં અભિસંધિજ વીર્યને આજ્ઞાનાં કર્તાપણાને વધારે શુદ્ધ કરવા માટે વાપરે છે; એક અપેક્ષાએ આ જીવના ભોક્તાપણાનો નકાર છે, અને કર્તાપણાનો લોભ છે. જે જીવને શિવ થવું છે તેણે કર્તાપણા તથા ભોક્તાપણાના પ્રત્યાઘાતથી પર થવાનું છે. અહીં શિષ્યની ચોથા પદ બાબતની શંકાની દલીલોમાં ગણધરજી આજ્ઞાનાં કર્તાપણાને સમ્મત કરે છે, પણ એના ભોગવટાને સમ્મત કરતા નથી. એ પ્રસાદીરૂપ ભોગને પુદ્ગલની રચના ગણી જીવના મૂળ સ્વભાવથી પર ગણે છે. એ ફળરૂપ ભોગવટાને તેઓ ઈશ્વરની પ્રસાદી ગણી, સર્વ કાર્યસિદ્ધિની પ્રાપ્તિને, કાર્ય કરવાની તીક્ષ્ણતા વધારવા માટે વાપરે છે. જો આમ ચાલ્યા જ કરે તો જીવને ઈશ્વરપણું ક્યારે અને કેવી રીતે પ્રાપ્ત થાય? કેમકે ઈશ્વર તો કર્તા તથા ભોક્તાના ભાવથી પર છે. આથી અહીં શ્રી ગણધરજી શ્રી અરિહંત પ્રભુ પાસે પોતાની મુંઝવણનો ઉકેલ લાવવા માર્ગદર્શન આપવા માગણી કરતા હોય તેમ સમજાય છે. તેઓ પ્રભુને એમ પૂછતાં જણાય છે કે તેમના સમાન નિસ્પૃહભાવ તથા અપ્રત્યાઘાતથી વિભૂષિત ચર્યાને કર્તાપણા તથા ભોક્તાપણામાં કેવી રીતે પ્રગટ કરી શકાય?

શ્રી અરિહંત પ્રભુ એમની અતિ ગંભીર, અતિ ગૂઢ, સચોટ તથા પૂર્ણ સત્યવાણીરૂપ ૐનાદ દ્વારા શ્રી ગણધરજીને ઉત્તર આપે છે. આ ઉત્તરની જાણકારી આવતાં તેમના પ્રતિ ઉત્કૃષ્ટતાએ અહોભાવ પ્રગટ થાય છે કે,

> "અરૂપી આત્મામાં, અરૂપી આજ્ઞાને પ્રદેશે પ્રદેશથી સર્વોત્કૃષ્ટતાથી સદાકાળ માટે માણનાર, તથા આજ્ઞાથી આજ્ઞાનાં સ્વરૂપને યથાર્થ રીતે આજ્ઞાધીન થઈ, આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપને સમકાળે વેદી,

બ્રહ્મસમાધિરૂપ આજ્ઞાધ્યાનને આજ્ઞારસમાં રૂપી અરૂપી અવસ્થાથી સમપણે ઝીલનાર શ્રી સિદ્ધ ભગવાનને અમે સાષ્ટાંગ વંદન કરીએ છીએ. અહો શ્રી સિદ્ધપ્રભુ! તમારા આ સર્વોત્કૃષ્ટ, પૂર્ણાતિપૂર્ણ અરૂપી ક્ષાયિક ચારિત્રને, શ્રી અરિહંત ભગવાન એમનાં કેવળજ્ઞાન તથા કેવળદર્શન દ્વારા નિરખી, એમની ઉત્કૃષ્ટ શક્તિ તથા પાંચ સમવાયની મર્યાદામાં જે ઉત્તમોત્તમ આજ્ઞામય સમાધિનું વેદન સંભવિત છે, તેને સમયના નિયમિત કાળે અપ્રમત્તપણે વેદે છે. શ્રી અરિહંત પ્રભુનાં ઉત્કૃષ્ટ સરળતા, ભક્તિ, વિનય તથા આજ્ઞાને અમે વંદન કરીએ છીએ કે જેનાં થકી તેઓ એ ઉત્તમોત્તમ સ્થિતિને અવલોકી, પોતાની શક્તિ તથા પાંચ સમવાયની સ્થિતિ અનુસાર એ યથાર્થ દશાને અનુભવરૂપ વેદનમાં પરિણમાવે છે.”

“અહો! ગણધરાદિ સર્વ આચાર્યો! ઉપાધ્યાયો! સાધુસાધ્વીજીઓ! તમારા ઉત્તમ આજ્ઞાધીનપણાને અમે વંદન કરીએ છીએ. જે ક્ષાયિક ચારિત્રને માત્ર કેવળજ્ઞાન, કેવળદર્શનનાં અરૂપી અનુભવજ્ઞાન વડે યથાર્થપણે સમજી શકાય છે, એવા ઉત્તમ ધ્યાનને શ્રી અરિહંતપ્રભુ તથા કેવળીપ્રભુની કરુણામય અરૂપીરૂપી વાણી દ્વારા ઝીલી, એ અબાધિત અનુભવને છદ્મસ્થતાની અપાહિજતા તથા અસંખ્યાત સમયની મર્યાદાને ઓળંગી, આજ્ઞાનાં માધ્યમથી એ પુરુષાર્થને અમ જેવા સામાન્ય જીવો સુધી સરળ, સુગમ, સચોટ તથા સત્ય વાણી-વર્તન દ્વારા તમે પહોંચાડો છો. તમારા આ અકથ્ય ઉપકારને અમારા સમય સમયના, પ્રદેશે પ્રદેશના તથા રોમેરોમના સાષ્ટાંગ વંદન હોજો. તમારા આ કરુણા તથા કલ્યાણસભર ભાવ અમને આજ્ઞાનાં માધ્યમથી પુરુષાર્થરૂપ અપૂર્વ શ્રમમાં પરિણમો, કે જેથી માનવતા, શ્રુતિ તથા શ્રદ્ધાનું અમારું વહેણ વિશાળ બની આજ્ઞારૂપી સમુદ્રમાં સમાઈ જાય, અને સ્વરૂપસિદ્ધિમય ગહન પેટાળમાં સદાકાળ માટે સ્થિર રહે. એ ભાવના સહિત અમે આપને વાંદીએ છીએ.”

આત્મસિદ્ધિશાસ્ત્રમાં ચોથા, પાંચમા તથા છઠ્ઠા પદ માટેના શિષ્યના પ્રશ્નો તથા શ્રી ગુરુએ આપેલા ઉત્તરોનો અભ્યાસ કરીએ છીએ ત્યારે શ્રી રાજપ્રભુની અપૂર્વ તથા અનન્ય ભક્તિપ્રેરિત આજ્ઞા, તથા આજ્ઞા પ્રેરિત વીતરાગતાનો અને તેમની એ સમયની અંતરંગ દશાનો પ્રભુકૃપાથી આપણને લક્ષ આવે છે. એ સમજણ વિશે આપણે આ રીતે વિચારી શકીએ.

શ્રી ગણધરજી આત્માનાં ચોથા પદ “આત્મા ભોક્તા છે” વિશે પ્રશ્નો પૂછી શ્રી અરિહંત પ્રભુ પાસેથી તેનાં યથાર્થ ઉત્તર મેળવવા ઇચ્છે છે. એ જ રીતે પાંચમા પદ ‘મોક્ષ છે’ અને છઠ્ઠા પદ ‘મોક્ષનો ઉપાય છે’ વિશે આત્મસિદ્ધિમાં પ્રશ્નો પૂછાયા છે. તેમાં પાંચમા પદ માટે શ્રી અરિહંતપ્રભુ પાસે સિદ્ધ પર્યાયનાં પ્રશ્નો પૂછીને તેના યથાર્થ ઉત્તરો આપવા વિનંતિ કરાઈ છે. તે વિનંતિ સફળ પણ થાય છે. આત્માનાં છઠ્ઠા પદ ‘મોક્ષનો ઉપાય છે’માં શ્રી અરિહંત પ્રણીત પ્રશ્નો રચાયા જણાય છે, અને તેના ઉત્તરો શ્રી પંચપરમેષ્ટિરૂપ ગોળા પાસેથી મળતા જણાય છે. આ બધું જ રાજપ્રભુએ પોતાના આત્મામાં એક જ બેઠકે અનુભવીને રચ્યું હતું, તે પ્રશ્નોત્તરીની આ ઘટનાને વિસ્તારથી તથા ઊંડાણથી વિચારતાં સમજાય છે, તેમણે આ કૃતિની રચના એક જ બેઠકે માત્ર દોઢ કલાક જેટલા ટૂંકા ગાળામાં કરી હતી, તે પરથી ફલિત થાય છે કે આવી અતિગૂઢ તથા દુષ્કર પ્રક્રિયા તેમણે આ શાસ્ત્ર લખતી વખતે અદ્‌ભુત રીતે સાધ્ય કરી હતી. એમની પ્રેરણાથી શ્રી ૐરૂપ પંચપરમેષ્ટિ પ્રભુ પાસેથી આપણને તેનો ખુલાસો મળે છે.

આપણે જાણીએ છીએ કે શ્રી રાજપ્રભુએ સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય તથા ગણધર પદનો સ્પર્શ કર્યા પછીથી તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. અતિ અતિ વિરલા જીવો, જેઓ સાધુસાધ્વી આદિ સર્વ પદને સ્પર્શીને તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી પણ પોતાનાં જીવનમાં આજ્ઞાપાલનના મહાત્મ્યને અતિઉગ્ર સ્વરૂપે રાખી કલ્યાણકાર્યમાં દોરાય છે, તેઓ તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી પણ અમુક અમુક કાળના આંતરે અન્ય પદોનો સ્પર્શ કરતા રહે છે. આવા અતિ ગંભીર અનુભવની ઉત્કૃષ્ટ પરાકાષ્ટાએ જ્યારે તે જીવ પહોંચે છે ત્યારે તે એકી સાથે

પાંચે પદને (સાધુસાધ્વી, ઉપાધ્યાય, આચાર્ય, ગણધર અને અરિહંત પદને) સ્પર્શે છે. આ પાંચે પદના સમૂહ સ્પર્શને મહાજ્ઞાનીઓ 'સમૂહ પંચપરમેષ્ટિ પદ' તરીકે ઓળખાવે છે. એમ જણાય છે કે આત્મસિદ્ધિની રચના કરતી વખતે રાજપ્રભુએ આજ્ઞાનાં માધ્યમથી આરંભમાં અન્ય જુદા જુદા પદોનો સ્પર્શ કર્યો હતો, અને છઠ્ઠા પદના ઉત્તરની ગાથાઓ લખતી વખતે તેઓ 'સમૂહ પંચપરમેષ્ટિ પદ'ના સ્પર્શમાં હતા, જેથી તેઓ અરિહંતની કક્ષાને યોગ્ય પ્રશ્નોના યથાર્થ ઉત્તર લખી શક્યા છે.

કર્મનાં ભોક્તાપણાની લાક્ષણિકતા બતાવી શ્રીપ્રભુ આપણને સૂક્ષ્મ પર્યાયથી શ્રી ગણધર પ્રભુનાં વર્તન, ભાવ તથા કલ્યાણકાર્યનો પરિચય કરાવે છે. અહો! શ્રી પ્રભુનો અતિ ગૂઢ ગંભીર આશય તથા રહસ્યમય જ્ઞાનબોધ! તેમની આજ્ઞારૂપી ૐનાદની વિશાળતાને અનુભવી, તેમાં શાંતિ તથા સુખનું વેદન કરતાં સાનંદાશ્ચર્ય ઉપજે છે. એ આશ્ચર્યને ૐના આરાધનમાં પરિણમાવવા સિવાય, તેમનો આભાર માનવા માટે અમને બીજો કોઈ યોગ્ય ઉપાય જણાતો નથી, શક્તિ પણ દેખાતી નથી. એ આરાધન કરતાં આવી ધૂન સંભળાય છે :—


ૐ આજ્ઞા ૐ, ૐ શુદ્ધિ ૐ, ૐ સિદ્ધિ ૐ, ૐ રૂપ ૐ, ૐ ૐ ૐ

શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિના જ્ઞાનબોધ તથા આજ્ઞાબોધને અનુભવી, છદ્મસ્થ પંચપરમેષ્ટિની આજ્ઞાથી એ અરૂપી બોધને શબ્દદેહ આપવા અમે પુરુષાર્થ કર્યો છે, ચૂક હોય તો અમે ક્ષમા ચાહીએ છીએ.

કર્મનાં ભોક્તાપણામાં આત્માનાં પહેલાં ત્રણ પદ આવી જાય છે. જીવ જ્યારે કર્મનું ભોક્તાપણું વેદે છે ત્યારે તે તેનાં અસ્તિત્વ, નિત્યત્વ અને કર્તૃત્વને પણ વેદે છે. સાથે સાથે તે કર્મનું ભોક્તાપણું વેદવા ઉપરાંત મોક્ષપદ અને મોક્ષના ઉપાયનો પણ અનુભવ કરે છે. આમ આત્માનું 'કર્મનાં ભોક્તાપણાનું પદ' આત્માનાં છએ પદને એકસૂત્રે બાંધે છે. આ સમજણને વિસ્તૃત કરવા શ્રી પ્રભુ આ બોધનો વિસ્તાર કરે છે.

જીવનું કર્મનું ભોક્તાપણું વિચારીએ તો લક્ષ થાય છે કે ગણધરજીનો પુરુષાર્થ આત્માનાં અસ્તિત્વ, નિત્યત્વ તથા કર્તૃત્વને એકત્રિત કરી, એ સમૂહને મોક્ષ તથા મોક્ષના ઉપાયરૂપ બનાવે છે. આ જ પ્રમાણે ગણધરજી સાધુસાધ્વી, ઉપાધ્યાય તથા આચાર્યના પુરુષાર્થને એકત્ર કરી, એને શ્રી અરિહંત તથા સિદ્ધનાં રૂપમાં સરવા માટે ઉત્તમ માધ્યમ બનાવે છે. શ્રી પ્રભુ ગણધરજીના આ પુરુષાર્થને વધુ વિસ્તાર કરી સમજાવે છે. જીવમાં જેમ કર્મનું ભોક્તાપણું મોક્ષ તથા મોક્ષના ઉપાયને આત્માનાં નિત્યત્વમાં તથા કર્મનાં કર્તાપણામાં લઈ જાય છે, તેમ જ શ્રી ગણધરજી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુના બોધને ઝીલી, તેને યોગ્ય રૂપ આપી, યોગ્ય માધ્યમ દ્વારા સાધુસાધ્વી, ઉપાધ્યાય તથા આચાર્યજી સુધી પહોંચાડે છે. આ સમજણને સ્પષ્ટ કરવા પ્રભુજી ગણધરના પુરુષાર્થને રેતીભરેલી કાચની શીશીવાળી ઘડી (sand clock/hour glass) સાથે સરખાવે છે. તેમની આજ્ઞાથી અમે આ સૂક્ષ્મતા રજૂ કરીએ છીએ.

## ગણધરજીનું છદ્મસ્થ પૂર્ણ પરમેષ્ટિ ચક્ર




અહીં ગણધરજીનો ફાળો અતિ ગુપ્ત છતાં અતિ અગત્યનો છે. રેતીની ઘડીમાં વચલો ભાગ જેમ અતિ પાતળો હોય છે, અને ઉપરનો તથા

નીચેનો ભાગ પહોળો હોય છે, તેમ અહીં પણ હોય છે. નીચેના પહોળા ભાગમાં છદ્મસ્થ પંચપરમેષ્ટિનાં પરમાણુ હોય છે, અને ઉપરના પહોળા ભાગમાં પૂર્ણ પંચપરમેષ્ટિનાં પરમાણુઓ હોય છે. છદ્મસ્થ પૂર્ણ પરમેષ્ટિનાં ચક્રમાં કેવી પ્રક્રિયા થાય છે તે આપણે પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞાથી અને કૃપાથી સમજીએ.

રેતીની ઘડિયાળમાં ઉપરના ગોળાર્ધની રેતી એકબીજા સાથે તાલમેલવાળી બની, વચલા અતિ સાંકડા ભાગમાંથી સરી નીચેના ગોળાર્ધમાં એકઠી થતી જાય છે. આ રેતીનાં કણો અલગ અલગ હોવા છતાં તેઓ એકબીજા સાથે સમાવેશ પામી, પાતળા ભાગમાંથી એકસરખી ગતિથી પસાર થાય છે. આ જ રીતે, જો આપણે આ ઘડીને બાષ્પીભવન (evaporation) નો નિયમ લાગુ કરીએ તો નીચેના ગોળાર્ધમાં રહેલાં પરમાણુઓ એકમેકમાં ભળી, પાતળા ભાગમાંથી પસાર થઈ એકસરખી ગતિથી ઉપર જઈ શકે. રેતીની ઘડિયાળમાં આ પ્રક્રિયા સ્થૂળરૂપથી થઈ ન શકે, પણ સમજણ લેવા બાષ્પીભવનના નિયમની વિચારણા કરી છે. આ પરથી સમજાય છે કે છદ્મસ્થ પૂર્ણ પરમેષ્ટિના ચક્રમાં બે પ્રક્રિયાઓ થાય છે. ગણધરપ્રભુના પુરુષાર્થની ઉગ્રતાથી પ્રેરિત બાષ્પીભવનનાં મોજાં (evaporation wave) અને ગણધરપ્રભુના કલ્યાણભાવની ઠંડકથી પ્રેરિત હિમ પ્રવાહ (condensation wave).

## ગણધરજી પ્રેરિત હિમ પ્રવાહ (condensation wave)

શ્રી પૂર્ણ પંચપરમેષ્ટિ પ્રભુ પોતાનાં પૂર્વકર્મની નિર્જરા અર્થે અને ગણધરજી સાથેનાં શુભ ઋણાનુબંધનો ભોગવટો કરવા પોતાનાં કલ્યાણભાવનાં પરમાણુઓ તેમની પાસે મોકલે છે. ગણધરજી તેને લગભગ બધી જ વાર સક્રિય પુરુષાર્થથી ગ્રહણ કરે છે. તે પરમાણુઓને પોતાનાં અવધિજ્ઞાન તથા મન:પર્યવજ્ઞાનની સહાયથી જાણી, કર્મનાં ભોક્તાપણાના પાંચ સમવાયને પણ જાણી, તેનું

એકીકરણ (synthesis) કરે છે. નવરચિત આવા પરમાણુઓને તેઓ યોગ્ય માધ્યમથી આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુસાધ્વી સુધી પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે આજ્ઞાની સ્થિર ગતિથી પહોંચાડે છે. આમ પરમાણુઓનો આ ભાગ રેતીની ઘડિયાળના પતલા ભાગની જેમ ગણધરજીનાં ઠરેલાં આજ્ઞાધીનપણાના અનુભવના રણકારમાંથી પસાર થઈને યોગ્ય શિષ્યગણ પાસે પહોંચે છે. ગણધરજીના આ પુરુષાર્થમાં 'ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર'નો અરૂપી અનુભવ જોવા મળે છે. એ શીતળ પ્રવાહમાં કલ્યાણભાવના રણકાર સાથે તેમનું આજ્ઞાધીનપણું, તેમની નિસ્પૃહતા તથા તેમનાં ચારિત્રની વિશુદ્ધિ પણ ભળે છે, જેનાથી ઠંડકની તીવ્રતા વધે છે. ઠંડકની આ તીવ્રતા છદ્મસ્થ પરમેષ્ટિમાં ઉપાદાનરૂપ અપ્રમત્તભાવ જગાડે છે, અને છદ્મસ્થ પરમેષ્ટિના પુરુષાર્થ અગ્નિને પ્રદીપ્ત કરે છે. આ અગ્નિ બાષ્પીભવનનાં મોજામાં રૂપાંતરિત થઈ જાય છે. શ્રીપ્રભુની આજ્ઞાથી એ ભાગ અમે વર્ણવીએ છીએ.

## બાષ્પીભવનનાં મોજાં (Evaporation Wave)

પૂર્ણ પંચપરમેષ્ટિ ભગવંતે ઉપજાવેલા ઠંડકના મોજા પર ગણધરજી આજ્ઞાધીનપણું, નિસ્પૃહતા તથા ચારિત્રભાવવાળી ઠંડક સહિતની ઉગ્રતા ચડાવે છે, અને તેને યોગ્ય છદ્મસ્થ પરમેષ્ટિ તથા લોકના સમુદાય સુધી પહોંચાડે છે. આ ભાવને કારણે છદ્મસ્થ જીવોમાં ઉપાદાનની ઉગ્રતા સર્જાય છે, જે સાધુસાધ્વીથી શરૂ કરી ઉપાધ્યાયજી પાસે જાય છે, ઉપાધ્યાયજી પાસેથી આચાર્યજી પાસે જાય છે અને આચાર્યજી એ ઉગ્રતાને ગણધરપ્રભુ પાસે પહોંચાડે છે. ગણધરજી અસમાન તથા ભિન્ન ભિન્ન ઉપાદાનને યોગ્ય અપેક્ષાથી સમાન બનાવે છે; તેમ કરવામાં પોતાના અંગત ભાવોને યથાવત્ રાખીને તેઓ તેને શ્રી અરિહંતપ્રભુ તથા સિદ્ધપ્રભુ સાથેના શુભ ઋણાનુબંધની નિવૃત્તિ અર્થે આત્માનુબંધી યોગ અથવા તો આત્માનુયોગના સક્રિય માધ્યમથી શ્રી તીર્થંકર પ્રભુ પાસે મોકલે છે. તેમ કરતી વખતે છદ્મસ્થ તથા પૂર્ણ વચ્ચે સેતુ બંધાય

તેવો અને તેટલો ઉગ્ર શીતળતાનો પ્રવાહ પણ તેઓ એ ઉગ્ર મોજામાં ઉમેરે છે. આવું ઉગ્રતાવાળું મોજું, જ્યારે તીર્થંકરપ્રભુ યોગ સાથે જોડાય છે ત્યારે તેમનાં કર્મનાં કર્તાપણાને ક્ષીણ કરવા ઉગ્રતાવાળું ઉપાદાન, કર્મનું ભોક્તાપણું અપેક્ષાએ સેવે છે. એ વખતે એ ઉગ્રતા તથા ઉગ્રતાનું મોજું એકબીજા પ્રતિ આકર્ષાઈ શ્રી તીર્થંકર પ્રભુના આત્મા સુધી પહોંચે છે. જ્યારે યોગના જોડાણનું ભોક્તાપણું એમના આત્માની શુક્લ વીતરાગતામાં પરિણામે છે, ત્યારે તેમાં શીત લેશ્યા ઉમેરાય છે. આ શીત લેશ્યા બાષ્પીભવનનાં મોજાને હિમપ્રવાહ માટે તૈયાર કરે છે. તેની સાથે સાથે જ્યારે શ્રી તીર્થંકરપ્રભુ અયોગી દશાએ (યોગના જોડાણ વગરની સ્થિતિમાં) તીર્થ પ્રવર્તાવે છે ત્યારે એ મોજામાં સિદ્ધનો આજ્ઞારસ ભળે છે. પ્રભુ જ્યારે ફરીથી યોગ સાથે જોડાય છે ત્યારે તેઓ તૈયાર થયેલા હિમ પ્રવાહને આત્માનુબંધી અગર આત્માનુયોગના માધ્યમ દ્વારા ગણધરજી પાસે મોકલે છે. આ રીતે છદ્મસ્થનું પૂર્ણ પરમેષ્ટિચક્ર તૈયાર થાય છે; જે લોકની અપેક્ષાએ અનાદિઅનંત છે. આ પ્રક્રિયા કરવામાં ગણધર કેવળી અપવાદરૂપે અરિહંતદશાનો ભાગ ભજવે છે. તેથી જ્ઞાની ભગવંતો આ પ્રક્રિયાને ‘શ્રી ગણધર પ્રભુનાં ગુપ્ત અભયદાન’ તરીકે પણ ઓળખાવે છે.

“અહો જિનપ્રભુ! આપના આ અકથ્ય ઉપકારને અમે આજ્ઞાપાલન કરવા દ્વારા પણ યોગ્ય રીતે વ્યક્ત કરી શકતા નથી, તો શબ્દરૂપે વ્યક્ત કરવાની વાત જ ક્યાંથી આવે? પ્રભુજી! આ પ્રક્રિયા યોગ્ય રીતે સમજાઈ તો છે, પરંતુ તેમાં અમને એક પ્રશ્ન ઉદ્‌ભાવે છે. આજ્ઞા આપો તો પૂછવાની અમારી ઉત્સુક્તા સંતોષાય.” શ્રી વીતરાગપ્રભુએ એમના ૐનાદથી હકાર જણાવી, પરમ વીતરાગમય સ્મિત સાથે પ્રશ્ન પૂછવાની આજ્ઞા આપી. પ્રશ્ન આ રીતે પૂછાયો :–


> ‘અહો કલ્યાણદાતા! શ્રી ગણધરપ્રભુનાં છદ્મસ્થ પૂર્ણ પરમેષ્ટિ ચક્રમાં ગણધરપ્રભુનો ભાગ પૂર્ણ પરમેષ્ટિ કરતાં પતલો શા માટે હોય છે? એક અરિહંત ભગવાનને ગણધર તો અનેક હોય છે, તેથી

ગણધરજીનો ભાગ શ્રી અરિહંત પ્રભુના ભાગ કરતાં પતલો કેવી રીતે હોઈ શકે? પ્રભુજી! કરુણા કરી આનો ખુલાસો આપી, માર્ગનું રહસ્ય અમને પમાડો.'

શ્રીપ્રભુ આપણી પાત્રતા જાણી, પરમ કરુણા કરીને પાંચ સમવાયની યોગ્યતા તથા તેના સાથથી, ૐ નાદનાં અપૂર્વ અમૃતની વર્ષા કરે છે, એમની જ આજ્ઞાથી એ ૐનાદનો યોગ્ય વિસ્ફોટ કરી, તેને શબ્દદેહ આપવાનું કપરું કાર્ય એમની કૃપાથી તથા આજ્ઞાથી સુલભતાએ અમે સિદ્ધ કરીએ છીએ.

શ્રી ગણધર પ્રભુનાં છદ્મસ્થ પૂર્ણ પરમેષ્ટિ ચક્રમાં શ્રી ગણધરજીના ચૈતન્ય સાથ સિવાયના સર્વ પદાર્થ પરમાણુરૂપે જ હોય છે. એ કારણથી તથા છદ્મસ્થ પરમેષ્ટિ (સાધુસાધ્વી, ઉપાધ્યાય તથા આચાર્ય)ની સંખ્યા ગણધરજી કરતાં ઘણી વધારે હોય છે, તેથી તેમનાં પરમાણુઓની સંખ્યા સહજતાએ ઘણી વધારે હોય તે સમજવું સુલભ છે. પરંતુ આ નિયમમાં એક અતિગુપ્ત ભેદરહસ્ય સમાયેલું છે. તે પ્રભુકૃપાથી અને આજ્ઞાથી અમે જણાવીએ છીએ. છદ્મસ્થ પરમેષ્ટિનાં પરમાણુઓ, પરમેષ્ટિના ચડતા ક્રમમાં ઉત્તરોત્તર સૂક્ષ્મ થતા જાય છે. એટલે કે સાધુસાધ્વીનાં પરમાણુઓ કરતાં ઉપાધ્યાયજીનાં પરમાણુઓ સૂક્ષ્મ હોય છે; ઉપાધ્યાયજીનાં પરમાણુઓ કરતાં આચાર્યજીનાં પરમાણુઓ વિશેષ સૂક્ષ્મ હોય છે. છદ્મસ્થ પરમેષ્ટિનાં પરમાણુઓની ઉત્પત્તિ સદ્‌ગુરુના ઉપદેશનાં જ્ઞાનદર્શનનાં માધ્યમથી થાય છે, અને એ જ્ઞાનદર્શનરૂપ કલ્યાણનાં પરમાણુઓ એકબીજા સાથે રાસાયણિક ક્રિયા પામી ચારિત્રની વિશુદ્ધ જીવને આપે છે. આ ચારિત્રની વિશુદ્ધિની ટોચ ઉપર શ્રી ગણધરજી બિરાજે છે; જેઓ એ પરમાણુઓને પાંચ સમવાય અનુસાર છદ્મસ્થ સામર્થ્યની માત્રામાં શુદ્ધ કરે છે, તેથી ત્યાં રત્નત્રયનો એક સીધો ત્રિકોણ રચાય છે. શ્રી પૂર્ણ પરમેષ્ટિ પૂર્ણ વીતરાગ છે, અને જ્યાં ચારિત્રરૂપ વિશુદ્ધિ હોય છે ત્યાં જ તેમનાં કેવળજ્ઞાન તથા કેવળદર્શનનો ધોધ વહે છે. પરિણામે ત્યાં રત્નત્રયનો ઊંધો ત્રિકોણ રચાય છે. આ બંને ત્રિકોણને સાથે અવલોકીએ તો તેનાથી

રેતીની ઘડિયાળનો આકાર થાય છે, જે પ્રભુકૃપાથી તથા આજ્ઞાથી અમે વર્ણવીએ છીએ.




શ્રી પૂર્ણપરમેષ્ટિનાં જ્ઞાન તથા દર્શનનો ધોધ યોગ્ય યથાખ્યાત ચારિત્ર દ્વારા જ આકર્ષાય છે, જેની સિદ્ધિ માત્ર ગણધરપ્રભુ પાસે જ હોય છે; કેમકે એમને વિપુલ ચાર જ્ઞાન, ઉત્તમ આજ્ઞાધીનપણું તથા શ્રી અરિહંતપ્રભુ સાથે આત્માનુબંધી યોગ કે આત્માનુયોગ સક્રિય થયો હોય છે. ગણધરજીની અરિહંતપ્રભુ કે પંચપરમેષ્ટિ પ્રભુ માટેની સેવા કે વિશ્રામણાના પુરુષાર્થ અનુસાર, તેઓ છદ્મસ્થ પરમેષ્ટિ તથા પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુઓને સક્રિય કે અક્રિય રૂપે આ ચક્રમાં પરિણમન કરાવી શકે છે, પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુઓ શ્રી ગણધરનાં પરમાણુઓ કરતાં વધારે હોય તે સ્વાભાવિક છે, તેથી ગણધરનો ભાગ પૂર્ણ પરમેષ્ટિ કરતાં પતલો હોય છે.

વિશેષમાં એક બીજું ગુપ્ત રહસ્ય પણ પ્રભુજી આપણને જણાવે છે. નીચેના ત્રિકોણની ટોચમાં ગણધરનું યથાખ્યાત ચારિત્ર છદ્મસ્થ પરમેષ્ટિ પ્રેરિત હોવાને લીધે એમાં કર્તા વીતરાગતા હોય છે, અને પૂર્ણ પરમેષ્ટિના ત્રિકોણમાં નીચેનાં મધ્યબિંદુમાં યથાખ્યાતચારિત્ર પૂર્ણ પરમેષ્ટિ પ્રેરિત હોવાને લીધે તેમાં અકર્તા વીતરાગતા હોય છે. આ કર્તા વીતરાગતા અને અકર્તા વીતરાગતા એકબીજામાં એકમેક કેવી રીતે થાય છે?

શ્રી પ્રભુએ પૂછેલા આ પ્રશ્નથી, તેના પર વિચાર કરવાથી, તેના સચોટ ઉત્તર માટે માંગણી કરવાથી સમજણને બાધા કરનાર પડદો હઠી જાય છે, અને અપૂર્વ બોધરૂપ સમાધાન આપણને મળે છે. કર્તા વીતરાગતા લોકકલ્યાણ પ્રેરિત હોવાને લીધે તેમાં ધર્મનું મંગલપણું રહેલું છે. અને અકર્તા વીતરાગતા પણ લોકકલ્યાણ પ્રેરિત હોવા છતાં, તેમાં પૂર્ણ વીતરાગતાના માધ્યમથી ધર્મનું સનાતનપણું સમાયેલું હોય છે. ધર્મનું મંગલપણું, ધર્મનાં સનાતનપણાને 'વીતરાગીનો રાગી' બનાવી, પરમેષ્ટિની ઋણનિવૃત્તિ માટે યોગ્ય સાધન નીવડી સહજ પ્રવાહ બને છે, જે ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના પ્રવાહને એકરૂપ કરવામાં કાર્યકારી થાય છે. આ અપૂર્વ ક્રિયા જેટલી શુદ્ધ તથા સમતોલનવાળી થાય છે તેટલી રત્નત્રયની વિશુદ્ધિ ગણધરજીમાં આવતી જાય છે, તેમનું ચક્ર શુદ્ધ, શુદ્ધ અને શુદ્ધ થતું જાય છે. આવા સમતોલનને જાળવવા માટે તથા વિશુદ્ધિ વધારવા માટે, ગણધર જેટલા અંશે પોતાના ગુરુની તથા પંચપરમેષ્ટિ પ્રભુની સેવાથી શરૂ કરી, વૈયાવચ્ચમાં જઈ વિશ્રામણા કરવા સુધી પહોંચે છે, તેટલા અંશે તેમને આ પ્રક્રિયા કરવા માટે નામકર્મના ઉદય પહેલાં કે પછીથી યોગ્ય સમતોલન સાથે ચક્રની રચના કરવાનું સુભાગ્ય મળે છે. આ રહસ્ય શ્રી રાજપ્રભુએ આત્મા 'કર્મનો ભોક્તા છે' તે પદ સમજાવતી વખત સ્ફૂટ કર્યું છે. તે એમની જ કૃપાથી અને આજ્ઞાથી આપણે સમજીએ.

## ચોથું પદ : ગુરુનું સમાધાન

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવ વીર્યની સ્ફૂરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહિ, જીવ ખાય ફળ થાય,
તેમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, તે જ શુભા શુભ વેદ. ૮૪

ફળદાતા ઈશ્વર તણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

શિષ્યને સમાધાન આપતાં સદ્ગુરુ સમજાવે છે કે જીવ જે ભાવ કરે છે, કલ્પના કરે છે કે વિચાર કરે છે, તે તેણે ભાવથી કરેલાં કર્મ છે, તેથી તે ચેતનરૂપ છે, આવા વિચારાદિથી જીવ પુદ્ગલને આકર્ષવાનું નિમિત્ત આપે છે. અને તે દ્વારા જીવ જડ એવાં પુદ્ગલ પરમાણુઓને ગ્રહણ કરે છે; તે દ્રવ્ય કર્મ છે, (૮૨). જીવને પોતાને આ ઝેર છે કે અમૃત છે તેની પરખ ન હોય, છતાં જીવ જેને ગ્રહણ કરે છે તેનું ફળ તે ભોગવે જ છે. વિષ ખાધાથી વિષનું ફળ અને અમૃત પીવાથી અમૃતનું ફળ જેમ આવ્યા વિના રહેતું નથી; તેમ શુભાશુભ ભાવ કરી જીવ જે શુભાશુભ કર્મ બાંધે છે તેનું ફળ પણ આવે જ છે. કર્માનુસાર ફળ જીવે ભોગવવું જ પડે છે, (૮૩). આ જગતમાં જીવની રાજા કે રંક જેવી સ્થિતિ જોવા મળે છે, તેની પાછળ પણ જીવે બાંધેલા શુભાશુભ કર્મો જ કારણરૂપ હોય છે. અને એ સ્થિતિનો ભોગવટો એ જ જીવનું શુભ કે અશુભ ભાવ કરીને બાંધેલા કર્મનું ફળ છે, (૮૪). આ રીતે કર્મ પ્રભાવને સમજવાથી ફળ આપનાર ઈશ્વરી તત્ત્વની જરૂર રહેતી નથી; કર્મ સ્વાભાવિક રીતે જ બંધનના પ્રકારથી ફળે છે. તે કર્મોને ભોગવીને જ દૂર કરી શકાય છે, (૮૫). આવા વિવિધ પ્રકારે બાંધેલાં કર્મોને યોગ્ય રીતે ભોગવવા માટે લોકમાં વિવિધ સ્થાનો રહેલાં છે, પ્રત્યેક દ્રવ્યની પ્રકૃતિ પણ બંધાયેલી છે; આ ખૂબ જ ગહન વાત સરળતાથી અને સંક્ષેપથી જણાવી છે, (૮૬).

આ કડીઓને વિશેષ ઊંડાણથી વિચારતાં જણાય છે કે ગણધરજી પોતાના ભાવો અનુસાર ચક્રની રચના કરે છે, જે ચેતનરૂપ છે. તેમની આ ચેતન સ્ફૂરણા છદ્મસ્થ પરમેષ્ટિનાં જડ પરમાણુઓ તથા પૂર્ણ પરમેષ્ટિનાં ચેતનભરિત પરમાણુઓ ગ્રહણ કરે છે, અને પૂર્ણ પરમેષ્ટિની આજ્ઞા અનુસાર ચક્રની રચના સર્જે છે. ૮૩મી કડીમાં 'ઝેર' શબ્દ છદ્મસ્થ પરમેષ્ટિનાં પરમાણુઓનો સંકેત આપે છે, પૂર્ણ પરમેષ્ટિની અપેક્ષાએ છદ્મસ્થ પરમેષ્ટિનાં પરમાણુઓમાં સ્પૃહા રહી હોવાનાં કારણે તેને ઝેરરૂપ ગણાવેલ છે. બીજી અપેક્ષાએ ઝેર ઝેરને મારે એ ન્યાયે સંસારી સ્પૃહાનું છેદન કરવા માટે જીવે પરમાર્થ લોભનો સહારો લેવો પડે છે, અને તે પૂર્ણની અપેક્ષાએ અપૂર્ણ હોવાથી ઝેરરૂપ છે. આવા પરમાર્થસ્પૃહાવાળા પરમાણુઓ છદ્મસ્થ પરમેષ્ટિનાં હોય જ છે, જે ઝેર છે, અને સુધા એ પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુઓ છે કેમકે તે નિશ્ચયનયથી જીવને શિવ કરે છે. આ ઝેર તથા સુધાનાં પરમાણુઓ એકબીજાને સમજી શકતાં નથી, તેથી તેઓ જુદાં જ રહે છે. પણ જ્યારે તે બંનેને ગણધરજી ફળરૂપ બનાવવા ગ્રહણ કરે છે, ત્યારે તે શુભ (પૂર્ણ પરમેષ્ટિનું) ફળ ધર્મનું સનાતનપણું તથા અશુભ (છદ્મસ્થ પરમેષ્ટિનું) ફળ ધર્મનું મંગલપણું કાર્યકારી થઈ, ગણધરને ભોક્તારૂપ યથાખ્યાત ચારિત્રમાં કર્તા વીતરાગતા તથા અકર્તા વીતરાગતાનો અનુભવ કરાવે છે.

જે રીતે રાજા અને રંકમાં ભેદ છે તે રીતે પૂર્ણ પરમેષ્ટિ (રાજા) અને છદ્મસ્થ પરમેષ્ટિ (રંક)માં પણ ભેદ છે. તેમનાં પરમાણુઓ ત્રણે કાળમાં અલગ જ હોય છે, તેમ છતાં તેમની વચ્ચે કાર્યકારણનો સંબંધ છે, અને ઉપયોગીતા પણ છે. ગણધર સમાન વૈદ્ય એનો યોગ્ય રીતે શુભની પ્રવૃત્તિ અને અશુભની નિવૃત્તિ માટે ઉપયોગ કરે છે તથા કરાવે છે. પૂર્ણ પરમેષ્ટિનાં પરમાણુઓ અકર્તા વીતરાગતામાં રમતા હોય છે, તેથી તેઓ ફળરૂપ કર્તાપણું કરી કે કરાવી શકતા નથી. પુદ્‌ગલના સ્વભાવ પ્રમાણે પૂર્ણ પરમેષ્ટિ અકર્તા વીતરાગતામાં તથા છદ્મસ્થ પરમેષ્ટિ કર્તા વીતરાગતામાં પરિણમે છે. ગણધરજી પોતાનાં ચારિત્રનાં

વેદનથી એ શુભાશુભ (પૂર્ણ તથા છદ્મસ્થ પરમેષ્ટિ)ની ભિન્નતાને દૂર કરે છે. આ ઉચ્ચ પ્રકારનાં શુદ્ધ ચારિત્રની વિશેષતા તથા ભિન્નતા ઘણા પ્રકારે જોવા મળે છે. ચારિત્રની આ વિશેષતા ગણધરજીને શ્રી અરિહંતપ્રભુ તથા પંચપરમેષ્ટિ પ્રભુની સેવા, વૈયાવચ્ચ કે વિશ્રામણા અનુસાર અક્રિય કે સક્રિય દ્રવ્યના સ્વભાવમાં લઈ જઈ શકે છે. આ રહસ્યમય સિદ્ધાંત અતિ ગૂઢ તથા ગહન છે; કારણ કે તેનાં અનંતાનંત પ્રકારો છે; અને તે સર્વ માત્ર અનુભવથી જ યોગ્યરૂપે સમજી શકાય તેમ છે. શબ્દથી તેને સમજાવવા માટે સંક્ષેપ કરવો પડે.

> "અહો રાજપ્રભુ! તેમજ સર્વ સક્રિય તથા અક્રિય પંચપરમેષ્ટિ પ્રભુ! તમારા ગૂઢ તથા ગહન અનુભવને ઉચ્ચ ચારિત્રના અમારા અનુભવમાં લઈ જવા માટે તમારી પાસે તમારી જ સેવા, વૈયાવચ્ચ તથા વિશ્રામણા કરવા માટે અમે કૃપા તથા આજ્ઞા માગીએ છીએ."

જીવનું કર્મનું ભોક્તાપણું સિદ્ધ થયા પછી શિષ્યને આત્માનું મોક્ષપદ હોવા વિશે સંશય જાગે છે. તેમાં સિદ્ધપદની પ્રાપ્તિ કરવા વિશે તેને જે ગૂંચવાડો ઊભો થયો છે, તે તેણે રજૂ કર્યો છે. તેની વિચારણા કરવામાં શ્રીપ્રભુ આપણને શ્રી સિદ્ધભગવાનના ભવ્ય પુરુષાર્થને લક્ષમાં લઈ એક અપૂર્વ બોધથી ભરેલી સમજણ તથા ખુલાસો આપે છે.

> "અહો આયુષ્મનો! તમે સર્વ આ સંસારરૂપ મોહિનીથી દૂર થવાનો પ્રયત્ન કરો છો, પરંતુ એ શુભ તથા શુદ્ધ ધ્યેયને બાધા પહોંચાડે તેવું કર્તાપણાનું સ્વચ્છંદરૂપી ઝેર તથા ભોક્તાપણાનું સુખબુદ્ધિરૂપ મહાવિષ તેની સાર્થકતાને દુષિત કરે છે; અને સંસારની નિત્યતાને જાળવી રાખે છે. અરે! જીવરૂપે લોકનું સંચાલન કરનાર ભવ્યો! તમારામાં છમાંના પાંચ અસ્તિકાય તથા અન્ય જીવાત્માને શાશ્વતપણું પમાડવાનું સામર્થ્ય છે! તો હે જીવો! તમે આ સંસારની ઇચ્છાજાળવાળી ઇન્દ્રજાળથી નિવૃત્ત થાઓ. ધર્મરૂપી કલ્પવૃક્ષ તમને સિદ્ધિવાળું શાશ્વત

ફળ આપવા તત્પર છે, તો એ ફળને મેળવવા, તમારા આજ્ઞામાં રહેવાના પુરુષાર્થને તમારી પ્રત્યેક ચેષ્ટામાં અગ્રેસર કરો તો જરૂર તમને એ મુક્તિફળની પ્રાપ્તિ થશે.”

અહો! શ્રી જિનપ્રભુની વાણી અંતરંગની ધર્મની ઉત્સુકતાને ‘ઠરી અવરને ઠાર’ એ મહાયોગનાં મોજાનું રૂપ આપી જીવની પ્રત્યેક અશુદ્ધિ ટાળવા, સ્વરૂપના સાગરમાં આજ્ઞાનાં ઊંડાણનો અનુભવ કરાવે છે. આ ભેદજ્ઞાનની લહાણીમાં રાજપ્રભુનો સુંદર ૐનાદ પાંચમા પદમાં શ્રી સિદ્ધ ભગવાનની દશાનું પાન કરાવવા યોગ્ય ખુલાસો આપે છે, તે વિશે આપણે વિચારણા કરીએ.

## પાંચમું પદ : શિષ્યની આશંકા

કર્તાભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય. ૮૮

શિષ્ય મોક્ષપદની વિચારણા કરતી વખતે જીવનું કર્મનું કર્તાપણું તથા ભોક્તાપણું માન્ય કરે છે, પણ તેનો મોક્ષ થઈ શકે છે તે તેની સમજમાં આવતું નથી; કારણ કે પરિભ્રમણ કરતાં કરતાં અનંતકાળ વીતી ચૂક્યો હોવા છતાં હજુ સુધી જીવનો મોક્ષ થયો નથી, તે તેને દેખાય છે, (૮૭). તેને જોવામાં તો એ આવે છે કે શુભ કર્મો કરવાથી જીવ દેવાદિ ગતિ ભોગવે છે, અને અશુભ કર્મો કરવાથી તે નરકાદિ ગતિમાં સબડે છે. આમ હોવાથી તેને ક્યાંય પણ કર્મરહિત સ્થિતિ (મોક્ષ) જોવામાં આવતી નથી. આ મુંઝવણનું સમાધાન શિષ્ય તેના સદ્ગુરુ પાસે વિનયપૂર્વક ઇચ્છે છે, (૮૮).

ઉપરની કડીઓમાં શિષ્યના સ્વાંગમાં રાજપ્રભુએ જીવનાં કર્તાપણા તથા ભોક્તાપણાના ગુણમાં મોક્ષની સમાધિ કેવી રીતે ઉપજે અને કાયમ રહે તે બાબત પ્રશ્ન કર્યો છે; કેમકે અનાદિકાળથી પ્રયત્ન કરવા છતાં જીવ વર્તમાનની ઘડી સુધી કર્મનાં બંધનથી છૂટી શક્યો નથી. જીવનાં અંતરંગમાં આ જ પ્રશ્ન તેના અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને પૂછી, રુચક પ્રદેશો પોતાનાં કર્તાપણા તથા ભોક્તાપણાને ત્યાગ્યા વિના મોક્ષસમાધિ કેવી રીતે પામે છે તે જાણવા ઇચ્છે છે. કેમકે પોતે તો કર્તાપણાની કે ભોક્તાપણાની સ્થિતિમાં વિભાવ કરી કરીને નવીન કર્મો બાંધતો જ રહે છે.

આ પછીની ૮૮મી કડીમાં આ પ્રશ્નને વિસ્તૃત કરી જીવના અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને પૂછે છે કે તેમના અનુભવ પ્રમાણે તેઓ જ્યારે ધર્મનું શુભ કાર્ય કરે છે, ત્યારે તેના ભોગવટા માટે શાતાવેદનીયથી ભરેલી દેવગતિને ભોગવે છે; અને અશુભભાવથી કર્મ બાંધી અશાતાવેદનીયને વકરાવતી નરકગતિ અનુભવે છે. આ હકીકતમાં કર્તાએ આપણને પ્રછન્ન રીતે પૂછ્યું છે કે વેદનીય કર્મ તથા અંતરાય કર્મ ધ્રુવબંધી છે, તો આ નિયમ સિદ્ધ પર્યાયમાં કેવી રીતે સત્ય સ્વરૂપ ધારણ કરે છે ?

સદ્‌ગુરુ શિષ્યની જિજ્ઞાસાભરેલી ઉત્સુકતા જોઈ, તેને યોગ્ય સમાધાન આપે છે. બીજી રીતે કહીએ તો જીવના કેવળીગમ્ય પ્રદેશો અશુધ્ધ પ્રદેશોની જિજ્ઞાસા જાણી, આજ્ઞાના પ્રવાહના માધ્યમથી તેનો સહજ તથા સુલભ ઉત્તર આપી, સિદ્ધ પર્યાયની સ્થિતિનું સુંદર વર્ણન કરે છે.

## પાંચમું પદ : ગુરુનું સમાધાન

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;<br>
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ. ૯૧

શ્રી સદ્ગુરુ શિષ્યને સમાધાન આપતાં સમજાવે છે કે તને જેમ શુભ અને અશુભ કર્મની સફળતા સમજાય છે, તેમ જ તે બંનેની નિવૃત્તિની પણ સફળતા છે, અને એ જ મોક્ષપદ છે, (૮૯). અત્યાર સુધીમાં જે અનંતકાળ વહી ગયો છે તે જીવે કરેલા શુભાશુભ ભાવથી બંધાયેલાં કર્મનું પરિણામ છે. તે શુભાશુભ ભાવનું છેદન કરવાથી, જીવનો મોક્ષસ્વભાવ ઉત્પન્ન થાય છે, (૯૦). દેહ, ઇન્દ્રિયો, કર્મ આદિ જીવને મળેલા સંયોગથી ઉત્પન્ન થાય છે, એટલે કે જીવ વિભાવ કરીને પુદ્ગલ પરમાણુઓ ગ્રહે છે, અને તેને ભોગવવા માટે તેણે દેહ આદિનો યોગ પ્રાપ્ત કર્યો છે; તે સર્વનો જ્યારે સંપૂર્ણપણે વિયોગ અર્થાત્ ત્યાગ કરવામાં આવે છે ત્યારે તેને શાશ્વત મોક્ષપદની સિદ્ધિ થાય છે, જેમાં જીવ પોતામાંથી નીપજતા અનંત સુખનો ભોગવટો પ્રાપ્ત કરે છે, (૯૧).

આપણે જ્યારે આ માટે જીવનાં અંતરંગ સ્વરૂપનો વિચાર કરીએ છીએ ત્યારે આવું સમાધાન આપણને મળે છે. કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોના પ્રશ્નનો ઉત્તર આપતા પહેલા ઉપરના નિયમને સત્યસ્વરૂપે ઓળખે છે, કે સર્વને માટે અંતરાય કર્મ તથા વેદનીય કર્મ ધ્રુવબંધી છે, જે સિદ્ધપર્યાયમાં સર્વ સિદ્ધ ભગવાનને તથા જીવ પર્યાયમાં સર્વ રુચક પ્રદેશોને પણ લાગુ પડે છે. આ કથનને વિશેષતાએ સમજાવવા શ્રી પ્રભુ ખુલાસો કરે છે કે, વિભાવ પર્યાયમાં અશુદ્ધ પ્રદેશો શુભ તથા અશુભભાવમાં રમી, સતત અંતરાય કર્મ તથા વેદનીય કર્મ બાંધે છે. આ જ નિયમ જીવની નિવૃત્તિમાં પણ લાગુ પડે છે. તેથી મોક્ષને સમજવો ઘણો સુલભ થઈ જાય છે; કારણ કે વિભાવની ચેતન પર્યાયને તથા સિદ્ધની ચેતન પર્યાયને જો તાંતણારૂપ બંધન હોય તો એ

અંતરાય તથા વેદનીય કર્મનું ધ્રુવબંધપણું સૂચવે છે. આ નિયમ જો શિષ્યને વિભાવ પર્યાયમાં સહેલાઈથી સમજાય તો તેને સિદ્ધપર્યાયમાં પણ સહેલાઈથી સમજાઈ શકે. એ કઈ રીતે થાય છે તેની જાણકારી આ પછીની ૯૦મી કડીમાં આપણને મળે છે.

જીવ પોતાની વિભાવ પર્યાયમાં અનંતકાળથી શુભ તથા અશુભભાવ કરી અંતરાય કર્મ તથા વેદનીય કર્મનો કર્તાભોક્તા રહ્યો છે. જ્યારે તે વિભાવમાંથી નીકળી સ્વભાવ પ્રતિ આવે છે ત્યારે તે જીવ શિવપણું પામી મોક્ષલક્ષ્મીને વરે છે, આ જ નિયમ જીવના પ્રદેશોને પણ લાગુ પડે છે, રુચક પ્રદેશો તથા અશુદ્ધ પ્રદેશો વચ્ચે એક ફરક છે. રુચક પ્રદેશો સ્વભાવના કર્તાભોક્તા હોવાથી સ્વભાવનું વેદનીય કર્મ (કર્મને કાર્યરૂપ ગણવું) અને વિભાવની અંતરાય બાંધે છે, અને અશુદ્ધ પ્રદેશો વિભાવનું વેદનીય કર્મ તથા સ્વભાવની અંતરાય બાંધે છે. આ વેદનીય તથા અંતરાય કર્મની ધ્રુવતા જીવને વિભાવ તથા સ્વભાવ પર્યાયમાં હોવાનાં કારણે રુચક પ્રદેશો તથા અશુદ્ધ પ્રદેશો એક જ આત્મામાં એકીસાથે રહી શકે છે, કારણ કે નિશ્ચયનયથી આત્મા એક અને અખંડ જ છે. તેનાં પ્રદેશરૂપી ભાંગા નથી, પરંતુ આત્માના અપૂર્વ સ્વભાવને સમજાવવા પ્રભુજીએ વ્યવહારનયથી આત્માને પ્રદેશના ભાંગા કરી સમજાવ્યો છે. સિદ્ધપર્યાયમાં જો આ નિયમ કાર્યરૂપ ન થાય તો આત્માના રુચક પ્રદેશનો ભાગ જડ થઈ જાય; અને મોક્ષમાં સર્વ જીવો અજીવ બની જાય. આમ બનવું તો અશક્ય છે, તેથી આ નિયમની સત્યતાની સાબિતી આપણને મળી જાય છે. વળી શ્રી પંચપરમેષ્ટિનાં કલ્યાણનાં પૂર્ણ પરમાણુઓમાં પણ શ્રી સિદ્ધભગવાન વિભાવની અપેક્ષાએ અક્રિય છે, પણ તેમનો આજ્ઞારસ એ પરમાણુઓમાં રહેલો હોય છે. આવા આજ્ઞારસની ઉત્પત્તિ ત્યારે જ થઈ શકે કે જ્યારે આત્મા કાર્ય કરતો હોય. આ કાર્ય શ્રી સિદ્ધભગવાન સ્વભાવની વેદકતાથી અને વિભાવની અંતરાય દ્વારા કરે છે, જે સિદ્ધભગવાનનો ફાળો આ પરમાણુઓમાં રહેલો છે તેનો પૂરાવો આપણને આપે છે.

આત્માનાં છઠ્ઠા પદની વિચારણા કરતાં પહેલાં તે વિશે થોડી સમજણ લેવી આપણા માટે ઉપકારી છે. આ સમજણ લેવા શ્રી અરિહંતપ્રભુ તથા શ્રી પંચપરમેષ્ટિ ભગવંત માટે આપણે અહોભાવ તથા પૂજ્યભાવ વધારવો એ સહેલો તથા સુગમ માર્ગ છે.

સર્વજ્ઞાન, સર્વદર્શન, સર્વ ચારિત્ર, સર્વ તપ તથા સર્વ વીર્યને આજ્ઞારૂપી ધર્મ તથા આજ્ઞારૂપી તપમાં એક સાથે, એક જ સમયે સમાવી, એ પુરુષાર્થને પૂર્ણ કલ્યાણરૂપી, આજ્ઞારૂપી અનાદિ અનંત એવા ૐનાદનાં અપૂર્વ ગુંજનમાં ભેળવી, પંચપરમેષ્ટિ પ્રભુની પરમભક્તિ તથા પરાભક્તિમાં સતત રમતા રહેતા એવા શ્રી અરિહંતપ્રભુને અહોભાવનાં અપૂર્વ વેદનથી વંદન કરીએ છીએ. શ્રી અરિહંતપ્રભુ કેવા રૂડા છે? પોતામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક ચારિત્ર અને અનંતવીર્ય હોવા છતાં એમના ભાવ તથા પુરુષાર્થ એવા છે કે તેઓ શ્રી પંચપરમેષ્ટિ પ્રભુની આજ્ઞામાં રહીને જ કર્માશ્રવ તથા કર્મનિર્જરા કરે છે. પોતાને પૂર્ણજ્ઞાન, અનુભવ તથા સામર્થ્ય હોવા છતાં કલ્યાણનાં પરમાણુઓ લેતી વખતે તથા દેતી વખતે કાર્યની પૂર્ણતા અર્થે તેઓ પંચપરમેષ્ટિ પ્રભુની પૂર્ણ આજ્ઞામાં રહીને જ કાર્યની સિદ્ધિ કરે છે! અહો! આ પૂર્ણતાની કેવી અપૂર્વતા છે કે પોતે પૂર્ણ હોવા છતાં, તે પૂર્ણને પૂર્ણાતિપૂર્ણ બનાવવા તેઓ પૂર્ણાતિપૂર્ણ તથા અનાદિઅનંત એવા ૐરૂપ પંચપરમેષ્ટિનાં સાથથી જ કલ્યાણનાં પરમાણુઓ ગ્રહણ કરે છે અને તેનું દાન પણ કરે છે. શ્રી અરિહંત પ્રભુની આ અપૂર્વતા આપણને એક અતિગુપ્ત ભેદજ્ઞાનની જાણકારી આપે છે. શ્રી પ્રભુની કૃપાથી તથા આજ્ઞાથી આ રહસ્ય ખોલવાનો અમે પુરુષાર્થ કરીએ છીએ.

શ્રી અરિહંતપ્રભુ માત્ર ૐનાદ કે ૐધ્વનિથી તીર્થંકર નામકર્મને ભોગવે છે, અર્થાત્ તેમણે ૨૫૦ થી ૩૦૦ ભવ સુધી સેવેલા અરૂપી (કોઈ રૂપી વ્યક્તિ, પદાર્થ કે વસ્તુ માટે નહિ પણ સમગ્રતાથી) લોકકલ્યાણના ભાવને પૂર્ણ અવસ્થામાં ૐનાદના માધ્યમથી જ ભોગવે છે. વળી, તેઓ કલ્યાણનું કાર્ય પાંચ સમવાયને

યોગ્ય અને એકસરખું મહત્ત્વ આપીને કરે છે, તેથી આ પાંચ સમવાય તથા પંચપરમેષ્ટિ વચ્ચે કોઈક ગાઢો સંબંધ હોવો જોઈએ, કેમકે શ્રી તીર્થંકરપ્રભુ કલ્યાણકાર્યમાં આ બંને વસ્તુ એકસાથે કરે છે, તે વિશે તેમની આજ્ઞા લઈ આપણે વિચારીએ.

પાંચ સમવાય એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ તથા ભાવ. અને પંચપરમેષ્ટિ ભગવંત એટલે સાધુસાધ્વી, ઉપાધ્યાય, ગણધર પ્રમુખ આચાર્ય, અરિહંત અને સિદ્ધ પ્રભુ. દ્રવ્ય સાધુસાધ્વી સાથે સંબંધ ધરાવે છે; ક્ષેત્ર ઉપાધ્યાય સાથે સંબંધ ધરાવે છે; કાળ ગણધર પ્રમુખ આચાર્ય સાથે સંબંધ ધરાવે છે; ભવ સિદ્ધપ્રભુ સાથે સંબંધ ધરાવે છે; અને ભાવ અરિહંતપ્રભુ સાથે સંબંધ ધરાવે છે.

અહીં દ્રવ્ય પુદ્ગલાદિ રૂપી પદાર્થના અર્થમાં સમજવાનું છે. આવા રૂપી પદાર્થો લોકમાં સર્વવ્યાપી છે. આ પુદ્ગલો જીવના વિવિધ ભાવ અનુસાર હલનચલન, નાનાં મોટાં રૂપ આદિ રૂપાંતર ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયના સાથથી કરે છે. આ પુદ્ગલો સ્વતંત્ર રીતે પરિવર્તન પામતાં નથી, તેને જીવની પ્રેરણાનો સાથ જરૂરી છે, એવું જ સાધુસાધ્વીનું પણ છે. તેઓ અરિહંતપ્રભુ પ્રણીત વીતરાગ ધર્મને સ્વતંત્ર રીતે નહિ પણ અરિહંત, આચાર્ય તથા ઉપાધ્યાયની આજ્ઞાનુસાર પાળે છે. તેઓ અપેક્ષાએ મળેલા બોધ અનુસાર પોતાનો સ્વપુરુષાર્થ આદરે છે, જેમ પુદ્ગલો જીવના ભાવ અનુસાર પરિવર્તન પામે છે.

ઉપાધ્યાયજી પરકલ્યાણમાં રત રહે છે. તેઓ પરકલ્યાણ માટે ઘણો પુરુષાર્થ કરે છે, કે જેથી સાધુસાધ્વી પોતાનો સ્વપુરુષાર્થ સતત જારી રાખે. ક્ષેત્ર સર્વ પુદ્ગલ સહિતના અસ્તિકાયને અવગાહના (રહેવાની જગ્યા) આપે છે. આથી ક્ષેત્ર આકાશાસ્તિકાય જે સર્વ જીવ તથા અજીવને અવગાહના આપે છે, તેની સાથે પણ સંબંધ ધરાવે છે. આ પરથી સમજાય છે કે આકાશ અસ્તિકાયની લાક્ષણિકતા પોતા કરતાં અન્ય સર્વ દ્રવ્યને અવગાહના આપવાની છે. આ ખાસિયત ઉપાધ્યાયજીના પુરુષાર્થની જેમ સ્વ કરતાં પર તરફ લક્ષ ધરાવવાને

મળતી આવે છે. બીજી અપેક્ષાએ કહીએ તો ઉપાધ્યાયજીનાં પુરુષાર્થનો લક્ષ તથા ધ્યેય ધર્મનું મંગલપણું વધુમાં વધુ કરતા રહેવાનું છે. તે ધ્યેય તેમને સ્વ કરતાં પરકલ્યાણ કરવા તરફ દોરી જાય છે. ધર્મનાં મંગલપણાનાં પરમાણુઓને ક્ષેત્ર તથા કાળનો પ્રતિબંધ રહે છે, તે રીતે ઉપાધ્યાયજીનો પુરુષાર્થ પણ મંગલપણાનાં પ્રાથમિક ધ્યેયના ભાવને કારણે ક્ષેત્રપ્રતિબંધવાળો બને છે.

ગણધર પ્રમુખ આચાર્યજી સ્વપર કલ્યાણના ભાવમાં નિમગ્ન રહે છે. આવી સ્વપરકલ્યાણની ભાવના તેમને ક્ષેત્રની પ્રતિબદ્ધતાથી છોડાવે છે, આ વિશે વિચારતાં આપણને સમજાય છે કે જ્યાં પરકલ્યાણની ભાવના મુખ્યતાએ હોય છે, ત્યાં ક્ષેત્ર તથા કાળની પ્રતિબદ્ધતા આવે છે; પણ જ્યારે પરકલ્યાણમાં એકાગ્ર થતાં આચાર્યજી ક્ષેત્રની પ્રતિબદ્ધતાને નિહાળે છે ત્યારે તેઓ સ્વકલ્યાણમાં સ્થિર થઈ વિચરે છે, અને અન્ય ક્ષેત્રમાં જઈ પરકલ્યાણની તીક્ષ્ણતા ફરીથી લાવી શકે છે. આ નિયમ સ્થૂળતાએ તેમજ સૂક્ષ્મતાએ લાગુ પાડી શકાય છે.

શ્રીપ્રભુ આપણને સમજાવે છે કે જીવે જો ક્ષેત્રની પ્રતિબદ્ધતાથી નિવર્તવું હોય તો તેણે સ્વપર કલ્યાણનું યોગ્ય સમતોલન કરી આચાર્ય જેવો પુરુષાર્થ કરવો જોઈએ. વળી, ગણધર પ્રમુખ આચાર્યજી અરિહંત પ્રભુના સંપર્કમાં વધારે આવે છે, તેથી તેઓ ધર્મનાં મંગલપણાની સાથોસાથ ધર્મનાં સનાતનપણાના ભાવ પણ કરે છે. ધર્મનાં સનાતનપણાના ભાવ જીવને પુરુષાર્થનું સાતત્ય જાળવવા માટે વરદાન આપે છે, અને કાળની પ્રતિબદ્ધતાથી પણ છોડાવે છે. આચાર્યજીનો મુખ્ય પુરુષાર્થ એ છે કે ધર્મનાં મંગલપણા સાથે તેનું સનાતનપણું પણ પ્રાપ્ત કરવું, કે જેથી ક્ષેત્રની અપ્રતિબદ્ધતામાં કાળની અપ્રતિબદ્ધતા પણ ઉમેરાઈ જાય. વળી, કાળદ્રવ્ય સર્વ જીવાજીવ સાથે જોડાયેલ છે; પાંચ સમવાયમાં પણ સ્થાન ધરાવે છે, એટલું જ નહિ પણ છ દ્રવ્યમાં પણ તે સ્થાપિત છે, તેથી પાંચ સમવાય તથા છ દ્રવ્યને એકત્રિત કરવાની ચાવી કાળમાં રહેલી છે. આ જ પ્રમાણે શ્રી ગણધરજી સાધુસાધ્વી તથા ઉપાધ્યાયજીને ઉદ્‌બોધે છે, અને સાથે સાથે પ્રશ્નો પૂછવા દ્વારા

શ્રી અરિહંતપ્રભુ તથા કેવળીપ્રભુની કલ્યાણમય વાણીને પ્રકાશિત થવા માટે મુખ્ય નિમિત્ત બની, જનકલ્યાણ કરાવવામાં ઉત્તમ ફાળો પણ આપે છે. આથી કાળ જેમ છ દ્રવ્ય તથા પાંચ સમવાય સાથે સંબંધ રાખે છે, તેમ જ ગણધરજી સર્વ પંચપરમેષ્ટિ સાથે અનુસંધિત હોય છે.

અહીં ગણધરજીની એક ગુપ્ત આચરણાનો લક્ષ આપણને શ્રી પ્રભુ કરાવે છે. અન્ય છદ્મસ્થ પરમેષ્ટિ પોતાથી નીચી આત્મદશાવાળા જીવોને બોધ આપી કલ્યાણનું નિમિત્ત થાય છે. ત્યારે ગણધરજી પોતાથી નીચી આત્મદશાવાળા જીવોને બોધ આપી કલ્યાણકાર્ય કરવા ઉપરાંત, પોતાથી ઉચ્ચ દશાએ વિરાજતા વીતરાગ પ્રભુને પ્રશ્નો પૂછવા દ્વારા કલ્યાણકાર્ય કરવાનું નિમિત્ત આપી કલ્યાણકાર્ય કરવામાં પોતાનો વિશેષ ફાળો નોંધાવે છે. કોઈક અતિ વિરલા ગણધરો અન્ય ગણધરોને પણ બોધ આપતા હોય છે. જેમ કાળ સાથે કાળ સંબંધ રાખે છે તેમ આવા વિરલા ગણધરને અન્ય ગણધરને બોધ આપવારૂપ યુતિ થાય છે.

શ્રી અરિહંતપ્રભુ પૂર્ણાવસ્થામાં સર્વ જીવો તથા સર્વાત્માઓ સાથે પોતાનું અરિહંતપણું જાળવે છે. તેથી સંસારના સર્વ જીવો તેમને 'પ્રભુ' તરીકેનું બિરુદ આપી સંબોધે છે. 'પ્રભુ' એટલે જેમનું પ્રભુત્વ સર્વ પર ચાલે છે, જેઓ સર્વથી ઉત્તમ તથા ઉચ્ચ છે. આ રીતે શ્રી અરિહંતપ્રભુ ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના ભાવ એકસાથે કરી, અજબગજબ પુરુષાર્થ કરનાર જીવંત ઉદાહરણ બને છે. પાંચે સમવાયમાં 'ભાવ' તત્ત્વ સહુથી શક્તિશાળી છે, એની સત્તા અન્ય સમવાય પર ચાલે છે, તેથી યોગ્ય ન્યાયથી 'ભાવ' અરિહંતપ્રભુ સાથે સંબંધ ધરાવે છે. વળી, ભાવની સફળતા ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાયની સહાયથી થાય છે, તેમજ શ્રી અરિહંતપ્રભુ પોતાના કલ્યાણભાવને ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાના પુરુષાર્થથી વીતરાગ ધર્મમાં પરિણમાવે છે. શ્રી અરિહંતપ્રભુ અમુક સમયના આંતરા પછી એક સમય માટે યોગ સાથે જોડાય છે. આ એમની પૂર્ણ વીતરાગદશાનું મરણ છે, જે એક જ સમયના ગાળા પછી પુનર્જીવન પામે છે.

તેથી નિશ્ચયનયથી તેને ભાવમરણ તથા ભાવજીવન કહી શકાય, કેમકે ભાવથી એ પૂર્ણ વીતરાગદશાનાં જીવન તથા મરણ છે.

શ્રી સિદ્ધભગવાન સાદિ અનંતકાળ માટે પૂર્ણ વીતરાગદશાને માણે છે. તેથી એ સિદ્ધ પર્યાયનો 'ભવ' અમરત્વ પામે છે. ભવ એ પાંચ સમવાયમાંનું એક એવું સમવાય છે કે જે અન્ય સમવાયની અપેક્ષાએ સ્થિર રહે છે, જેવી રીતે સિદ્ધ ભગવાન અન્ય પરમેષ્ટિની અપેક્ષાએ સ્થિર હોય છે. સિદ્ધાવસ્થામાં આત્મા પોતાની જીવરૂપ સત્તાને પૂર્ણ શુદ્ધ કરી અજીવની સત્તાથી સદાકાળ માટે અલિપ્ત થાય છે. તેથી ભવ સમવાય છ દ્રવ્યમાંના જીવ દ્રવ્ય જેવું થઈ અન્ય અજીવને ચલાવે છે; અર્થાત્ જીવદ્રવ્ય પુદ્‌ગલને પ્રેરણા આપી ભવની સંજ્ઞા મેળવે છે. આમ ભવ અજીવમાં જીવપણું આરોપી, પૂર્ણ અરૂપી અવસ્થા સુધી પહોંચવા જીવને પ્રેરણા આપે છે; જેમ અન્ય પરમેષ્ટિ સિદ્ધપર્યાય સુધી પહોંચવા પુરુષાર્થ કરે છે તેમ. પુદ્‌ગલ દ્રવ્ય જેમ જીવ સાથે સંબંધ ધરાવે છે તેમ ભવ સાથે પણ સંબંધ ધરાવે છે એ જ રીતે તે ક્ષેત્ર, કાળ તથા ભાવ સાથે પણ સંબંધ ધરાવે છે. એ જ ન્યાયથી સાધુસાધ્વી સિદ્ધ થાય છે, ઉપાધ્યાય સિદ્ધ થાય છે, આચાર્ય, ગણધર અને અરિહંત પણ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે શ્રી અરિહંતપ્રભુ પાંચ સમવાય, છ દ્રવ્ય તથા પંચપરમેષ્ટિને યથાર્થ રીતે લક્ષમાં રાખી, યોગ્ય તથા સમાન મહત્ત્વથી કલ્યાણના ભાવ કરે છે. તેમાં કેટલાય ઊંડાં તથા ગૂઢ રહસ્યો સમાયેલાં છે તેને આપણે શ્રી પંચપરમેષ્ટિ પ્રભુ તથા શ્રી પ્રભુની કૃપાથી સમજ્યા.

"અહો શ્રી અરિહંત પ્રભુ! તમારા આ પુરુષાર્થને તથા પરાક્રમને અમારા વેદનરૂપ અહોભાવ પણ યોગ્ય સન્માન આપવા અસમર્થ છે. માત્ર તમારી આજ્ઞાનું ભવોભવ પાલન કરવા માટે અમારા પ્રદેશેપ્રદેશ તથા રોમેરોમ ઉલ્લસે છે. તેથી હે અરિહંતપ્રભુ! પરમ કરુણા કરી અમારા આ ભાવને યોગ્ય રીતે તથા યોગ્ય સમયે સફળતા આપશો. આ વિનંતિ સાથે વંદન કરીએ છીએ."

# છઠ્ઠું પદ : શિષ્યની આશંકા

આ સમજણ લીધા પછી આત્માનાં છઠ્ઠા પદની વિચારણા આપણે શરૂ કરીએ. શિષ્યને છઠ્ઠા પદની જાણકારી મેળવવામાં ઘણી ઘણી મુશ્કેલીઓ જણાય છે. તેથી ૯૨, ૯૩, ૯૪ એ ત્રણ કડીઓમાં મોક્ષમાર્ગ મેળવવાની કઠિનાઈ વર્ણવી, શિષ્યે તેનો સદુપાય શ્રી સદ્‌ગુરુને પૂછ્યો છે. અહીં છઠ્ઠા પદના પ્રશ્ન માટે પાંચ કડીઓ રચાઈ છે.

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

અથવા મતદર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો ક્યો, બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, ક્યા વેશમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજુ મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય. ૯૬

શિષ્યને આત્માનાં પહેલાં પાંચ પદ માટે નિઃશંકતા થવાથી, તેની મોક્ષમાં જવાની ઉત્સુકતા વધી ગઈ છે, તેથી મોક્ષમાર્ગ મેળવવાનો ઉપાય જાણવા તે તલપાપડ થઈ ગયો છે. તે સમાધાન મેળવવા વિનયભક્તિ સહિત ગુરુને પૂછે છે કે, તમે કહો છો તે પ્રમાણે જો કદાચિત મોક્ષપદ હોય તો પણ તેને વિના વિરોધ મેળવવાનો માર્ગ મને તો જણાતો નથી. આમ હોવાથી અનંતકાળથી

ચાલ્યાં આવતાં કર્મો શી રીતે ક્ષય કરી શકાય? (૯૨). વળી, આ જગતમાં પ્રવર્તતાં અનેક મત તથા દર્શન મોક્ષ મેળવવા માટે જાતજાતના ઉપાયો સૂચવે છે, તેમાંથી સાચો મત ક્યો છે તે કળવું ઘણું ઘણું મુશ્કેલ લાગે છે, (૯૩). કઈ જાતિમાં જન્મવાથી મોક્ષ થાય, ક્યો વેશ ધારણ કરવાથી મોક્ષ થાય, તેનો નિર્ણય મારાથી થઈ શકતો નથી, કેમકે દરેકમાં ઘણા ઘણા ભેદ જોવા મળે છે, દરેકનાં કેટલાયે પ્રકારો પ્રવર્તતા દેખાય છે, (૯૪). તેથી તે બધામાં સાચું શું છે તે હું નક્કી કરી શકતો નથી. આથી મને તો એમ લાગે છે કે મોક્ષ મેળવવાનો ઉપાય મળી શકે તેમ જ નથી. જો મોક્ષ મેળવવાનો ઉપાય મળવાનો જ ન હોય તો જીવ, અજીવ આદિ દ્રવ્ય વિશે તથા આત્માનાં પદો વિશે જાણકારી લેવાનો લાભ ક્યાંથી થાય? (૯૫). તમારી કૃપાથી મને આત્માનાં પહેલાં પાંચ પદ વિશેની આશંકાનું સમાધાન યથાર્થ રીતે થયું છે, તે રીતે જો મને મોક્ષ મેળવવાનો ઉપાય યથાર્થ રીતે જાણવા મળે તો તે મારા સદ્‌ભાગ્યનો ઉત્તમોત્તમ ઉદય કહી શકું, (૯૬).

શ્રી તીર્થંકર પ્રભુની વાણી પાંચ સમવાય, પાંચ અસ્તિકાય તથા પંચપરમેષ્ટિનાં પ્રતિકરૂપ ૐથી જગતમાં વિસ્તરે છે. એ વાણીમાં પાંચના આંકડાનું ઘણું મહત્ત્વ છે; તેથી પાંચમું પદ જે મોક્ષપદ છે તેને પામવાનો ઉપાય મેળવવા માટે પણ તે જ ઉપાય છે; તે શ્રીપ્રભુ પોતાની વાણી દ્વારા શિષ્યને સમજાવે છે. આ ભાવને લક્ષમાં રાખી, શિષ્યરૂપ જીવના અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોને પ્રશ્ન કરે છે કે 'પાંચ'નું મહત્ત્વ સમજાતાં પાંચમું સ્થાન મોક્ષપદ સમજાયું છે. પરંતુ મોક્ષ સુધી પહોંચાડે એવો અવિરોધવાળો અર્થાત્ સનાતન મંગલમય માર્ગ કેવી રીતે પામવો તેનું સમાધાન અમને મળતું નથી. શિષ્ય પોતાની અંતરંગ મુશ્કેલી રજૂ કરતાં કહે છે કે આત્મામાં અસંખ્ય અશુદ્ધ પ્રદેશો છે, જેના પર અનંતાનંત શુભાશુભ પરમાણુઓ રહેલાં છે. એમાંના કેટલાક પ્રદેશો પૂર્વાભાસના કારણે યોગમાર્ગ આરાધે છે, કેટલાક જ્ઞાનમાર્ગ આરાધે છે, કેટલાક ક્રિયામાર્ગે ચાલે છે, તો કેટલાક ભક્તિમાર્ગનો

સ્વીકાર કરી આગળ વધે છે; અને કેટલાક પ્રદેશો આજ્ઞામાર્ગને સ્વીકારી વિકાસ કરતા જાય છે. આમ આ બધા માર્ગોની વિવિધતા, પર્યાય તેમજ પાંચ સમવાય અનુસાર ફેરફાર પામે છે. જેથી અનંત કર્મપ્રકૃતિનાં અનંતાનંત પરમાણુઓ આત્માના અશુધ્ધ પ્રદેશો પર ચીટકેલાં જ રહે છે. એ અનંતાનંત પરમાણુઓને ભોગવવા, વ્યવહારદષ્ટિથી વિચારતાં અનંત માર્ગ જોઈએ; કેમકે જીવે 'જેવે રસે કર્મ બાંધ્યા હોય તેવે રસે ભોગવવાં' પડે છે. એક આત્મામાં કર્મ પ્રકૃતિ અનુસાર અનંત પ્રકૃતિઓ રહેલી છે, તો અનંતાનંત આત્મામાં તેનાથી અનંતગણા માર્ગની જરૂરત રહે; કેમકે માર્ગ તો સનાતનપણે અનંતકાળ માટે ચાલે છે. આથી શિષ્યને પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે શ્રી તીર્થંકર પ્રભુના બોધમાં તથા ૐમાં સર્વ કર્મ પ્રકૃતિને દૂર કરનાર એક જ મોક્ષમાર્ગ કેવી રીતે સંભવી શકે છે? વળી, ૐ સર્વ દર્શનોમાં મોક્ષમાર્ગની સાર્થકતા ઉપજાવે છે. તો આ ૐમાં એવું તે ક્યું રહસ્ય છે કે સર્વ દર્શન તેમાં સમાઈ જાય છે? તેની સાથે ૐ સર્વ જાતિમાં, વેષમાં સફળતા પામે છે, તે હકીકત સિદ્ધ થવા પાછળનો ભેદ શું છે? શિષ્યને આ બધા પ્રશ્નો મુંઝવી મારે છે.

આ બધી આંટીઘૂંટી તથા ભિન્નતાને કારણે અશુધ્ધ આત્મામાં એવો ભાવ ઉત્પન્ન થાય છે કે માત્ર એક ૐમાંથી સર્વ કર્મનો ક્ષય કરવા માટે તથા મોક્ષને મેળવવા માટેનો સત્ય સનાતન માર્ગ છદ્મસ્થ દશામાં પ્રાપ્ત થઈ શકતો નથી. પરંતુ, જીવ જો છદ્મસ્થપણામાં સાચું પામે નહિ તો મોક્ષની સિદ્ધિ કેવી રીતે કરી શકે? આ મુંઝવણ વેદાતાં અશુધ્ધ પ્રદેશો ઉત્કૃષ્ટ ભક્તિના માધ્યમથી નિશ્ચય કરે છે કે પ્રભુએ જો પાંચ પદનું અતિ દુષ્કર સમાધાન પણ સરળ ભાષામાં આપ્યું છે, તો આ છઠ્ઠા પદનું એવું જ સમાધાન પણ તેઓ જરૂર સરળતાથી આપશે. આ નિર્ણય કરવા સાથે આ પ્રદેશો ટેક ધારણ કરે છે કે આ માર્ગની જાણકારી પામ્યા પછી, તેઓ આ માર્ગને અપ્રમત્તભાવે પ્રત્યેક સ્થિતિમાં જરૂર આરાધશે. જેથી શાતા કે અશાતાના કોઇ પણ ઉદય જીવને મોક્ષ મેળવવાના સદ્‌ભાગ્ય પ્રતિ દોરી જ જાય.

# છઠ્ઠું પદ : ગુરુનું સમાધાન

શિષ્યની આવી ઉત્તમ જિજ્ઞાસાનો સુંદર પ્રતિસાદ આપતાં શ્રી સદ્ગુરુ શિષ્યને આશ્વાસન આપે છે કે,

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિશે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત.   ૯૭

શિષ્ય જ્યારે ઉત્તમ વિનીત ભાવથી તથા ભક્તિસભર હૈયાથી ગુરુ પાસે માર્ગ પ્રાપ્તિ કરાવવા માટે વિનંતિ કરે છે, ત્યારે સદ્ગુરુ વીતરાગતાની ઉત્કૃષ્ટતામાં રત હોવા છતાં પણ, તરત જ આશ્વાસન ભરેલો પ્રત્યુત્તર આપે છે કે તને જેમ પાંચે પદના ઉત્તરથી આત્માની યોગ્ય પ્રતીતિ આવી છે; તેવી જ રીતે છઠ્ઠા પદનો ઉત્તર મેળવવાથી મોક્ષનો ઉપાય મેળવવાની અર્થાત્ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરવા માટેની પ્રતીતિ એવી જ સહજતાથી આવી જશે.

આ કડી દ્વારા રાજપ્રભુ સદ્ગુરુ સ્વરૂપે ગુપ્ત રીતે એક ઉત્તમ નિયમની જાણકારી આપણને આપે છે. શિષ્ય જ્યારે ઉત્તમ તથા ઉત્કૃષ્ટ સમર્પણભાવથી તથા જિજ્ઞાસા સાથે ગુરુને પ્રશ્ન કરે છે ત્યારે ગુરુ ગમે તેટલા વીતરાગભાવમાં હોય, તેમ છતાં પણ કલ્યાણમય ઉત્તરની વર્ષા કરી શિષ્યની જ્ઞાનપિપાસાને સંતોષે છે. આ પરથી સમજાય છે કે વીતરાગી ગુરુ પાસેથી ઉત્તર મેળવવા માટે જીવે માત્ર સાચી જિજ્ઞાસારૂપી તરસ તથા વિનમ્ર ભક્તિભાવ કેળવવાની જરૂર છે. આ રીતથી સર્વ અશુદ્ધ પ્રદેશો શુદ્ધતાની કેડીએ ચડતા જાય છે. આમ કર્તા(રાજપ્રભુ) આ ભાગમાં અતિ સુંદર રીતે કેવળીગમ્ય પ્રદેશોને જીવંત કરી, ઠેઠ પૂર્ણતા સુધી પહોંચવા માટેના અતિગુપ્ત માર્ગને અશુદ્ધ પ્રદેશોની જિજ્ઞાસાની તરસ છિપાવવા માટે માર્ગ ક્રમથી વ્યક્ત કરે છે.

શ્રી રાજપ્રભુ છઠ્ઠા પદના સમાધાનના વિભાગમાં કેવળીગમ્ય પ્રદેશો દ્વારા આપણને અરિહંતવાણીનું પાન પણ કરાવે છે. આ કડીઓની ઊંડાણથી વિચારણા

કરતાં લક્ષ થાય છે કે તેમાં વીતરાગતાનું ઊંડાણ અને ઉત્કૃષ્ટ રૂપ પણ જોવા મળે છે. સાથે સાથે કલ્યાણભાવની તથા આજ્ઞાની ઉત્કૃષ્ટતા પણ તેમાં ગૂંથાયેલી છે. આમ આ પદનાં સમાધાનમાં તેમણે ગુપ્ત રીતે આજ્ઞામાર્ગ પ્રેરિત કલ્યાણપ્રેરિત મહાસંવર માર્ગની લાક્ષણિકતા મૂકી છે.

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાન પ્રકાશ. ૯૮

આ કડીમાં કર્તાએ ગુરુ સ્વરૂપે શિષ્યને સમજાવ્યું છે કે જીવ જે જે વિભાવ કરે છે, આત્મા સિવાયના પરપદાર્થો વિશે પોતાપણાના ભાવ કરે છે, તે તે કર્મભાવ છે. અને તે જીવનાં અજ્ઞાનનું પરિણામ છે. ત્યારે મોક્ષમાં જવાના ભાવ સેવવા તે સ્વસ્થાનમાં પોતાના રહેઠાણમાં રહેવાના ભાવ છે. જીવ જ્યારે જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ કરે છે ત્યારે તેના પ્રભાવથી તેનો અજ્ઞાનરૂપી અંધકાર નાશ પામી જાય છે. અહીં તેમણે સુંદર રીતે સરળતા તથા સત્યનું મિલન યોજી વીતરાગવાણીનું અમૃતપાન કરાવ્યું છે. કેવળીગમ્ય પ્રદેશ સ્વરૂપી અરિહંત ભગવાન પોતાનું વર્ણન યથાર્થ, સચોટ તથા સત્યની સભરતાથી કરે છે, (૯૮).

કેવળીગમ્ય પ્રદેશો પૂર્ણ હોવા છતાં અમુક અમુક સમયના આંતરે યોગ સાથે જોડાય છે ત્યારે તેને કર્માશ્રવ થાય છે, તે એના માટે એક સમય સુધી પૂર્વે વેદેલા અજ્ઞાનનું ફળ છે. બાકીના સમયમાં તે પ્રદેશો સિદ્ધ ભગવાનની જેમ પોતાનાં સ્વરૂપમાં નિમગ્ન રહી મોક્ષરૂપ સ્વભાવનું વેદન કરે છે. મોક્ષ જેવી સહજ સ્થિતિમાં તથા અજ્ઞાનમય યોગવિલાસમાં એમનો જ્ઞાનપ્રકાશ સમયના આંતરા વિના સાદિ અનંત છે. જેની સહાયથી તેઓ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરી, સમસમાધિ તથા સમતારસવાળી આજ્ઞાપાલનની ચરમ સીમા સુધી પહોંચે છે.

"અહો! શ્રી વીતરાગનો માર્ગ કેવો અદ્‌ભુત તથા સુંદર છે? પૂર્ણ વીતરાગપ્રભુ શિષ્યને બોધતા પહેલાં પોતાની નબળાઈને સરળતાથી

રજૂ કરે છે, અને પોતાના ભવ્ય પુરુષાર્થને પણ સરળતાથી ખુલ્લો કરી ધર્મનો ગુપ્ત માર્ગ પ્રગટ કરે છે. વીતરાગ ધર્મમાં નથી દંભ, નથી અસરળતા કે નથી અસુગમતા. આથી એનાં પરિણામમાં નિજાનંદ શાશ્વતરૂપે પ્રાપ્ત થાય તો તેમાં નવાઈ શું?"

જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯

કર્મબંધ થવાનાં જે જે કારણો છે તેને સ્વીકારવાથી જીવને બંધન થતાં જાય છે, બંધન વધે તે સંસારને વધારવાનો માર્ગ છે, બંધનનાં કારણોને ક્ષીણ કરતાં જવાં, છોડતા જવાં તે મોક્ષનો માર્ગ છે, અર્થાત્ ભવનો નાશ કરવાનો માર્ગ છે.

કેવળીગમ્ય પ્રદેશોની વીતરાગતા, સરળતા તથા સત્ય સ્વભાવનો વિશેષ પૂરાવો આપતાં કર્તા ગુરુરૂપે આ કડીમાં સમજાવે છે કે કર્મ બંધાવાના જે પાંચ કારણો પ્રભુએ જણાવ્યાં છે તે પાંચે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ, જેમ કેવળી ભગવાનને યોગ સાથે જોડાતી વખતે સક્રિય થઈ અકામ મિથ્યાત્વ, અકામ અવિરતિ, અકામ પ્રમાદ, અકામ કષાય અને અકામ યોગરૂપ બની શાતાવેદનીય રૂપ કર્મબંધનનાં કારણ થાય છે, તેમ જ જીવનાં કેવળીગમ્ય પ્રદેશો કેવળજ્ઞાની તથા કેવળદર્શી હોવા છતાં, જ્યારે યોગ સાથે જોડાય છે ત્યારે કર્મબંધનાં પાંચે કારણો અકામપણે સક્રિય બની, એક જ સમયમાં કેવળીગમ્ય પ્રદેશોને વેદનનું કારણ બની શાતાવેદનીયનાં પરમાણુઓનો આશ્રવ કરાવે છે. તેનાથી તે પ્રદેશો પૂર્ણ શુદ્ધાત્માની અપેક્ષાએ બંધનનાં પંથે જાય છે. પરંતુ એ જ આત્મા તથા કેવળીગમ્ય પ્રદેશો પોતાની નિજસ્વરૂપમય વીતરાગ અભેદદશામાં નિમગ્ન થાય છે ત્યારે તે સર્વ કર્મબંધનનાં કારણોથી નિવૃત્ત થઈ, સહજ શુદ્ધ અવસ્થાને માણે છે. તે શુદ્ધાત્મા છેવટે અપુનર્બંધક દશાને પામી તેમાં સદાકાળ માટે એકરૂપ થઈ જાય છે. આમ તે આત્મા મોક્ષમાર્ગમાં ચાલી, સહજ શુદ્ધાવસ્થામાં અડોલ બની ભવનો આત્યંતિક અંત લાવે છે.

આ પ્રક્રિયાને કેવળીગમ્ય પ્રદેશો પણ સતત વેદે છે. આ ક્રિયાને સમજાવવા માટે પ્રભુએ એક અને અખંડ એવા આત્માને પ્રદેશની કાલ્પનિક અપેક્ષાથી સમજાવ્યો છે. આમ જો કે કેવળીગમ્ય પ્રદેશોમાં આ પ્રક્રિયા સતત થયા કરતી હોવા છતાં, તે ક્રિયા શુદ્ધ નયથી આત્માના એક ભાગમાં જ થાય છે. આ પ્રક્રિયાના આધારે જીવના કેવળીગમ્ય પ્રદેશો સિદ્ધાવસ્થા સુધીની ક્રમિક પ્રગતિ કરતા જાય છે, અને અન્ય અશુદ્ધ પ્રદેશોને તે સ્થાને પહોંચવા માટે ઉપદેશ, પ્રેરણા તથા સાથ આપી તરણતારણનાં કાર્યને સિદ્ધ કરે છે. આ ક્રિયાને તથા માર્ગને અરિહંતપ્રભુ પોતાના પુરુષાર્થમાં સતત વણે છે, જેથી “મોક્ષનો ઉપાય છે” તે પદમાં જીવ અરિહંતની ભૂમિકાના પુરુષાર્થનું પાન કરી શકે છે. અહો! આ કડીમાં પ્રગટ થતાં શ્રી રાજપ્રભુનાં આજ્ઞાધીનપણાને સહજતાએ મસ્તક ઝૂકાવી વંદન થઈ જાય છે; કેમકે માત્ર બે જ પંક્તિની આ કડીમાં તેમણે શ્રી અરિહંતના મહિમાને, કર્મનાં સિદ્ધાંતને, મોક્ષના ઉપાયને તથા કેવળીગમ્ય પ્રદેશોની લાક્ષણિકતાને એક સાથે સમાવી દીધાં છે.

રાગ, દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

રાગ, દ્વેષ અને અજ્ઞાન એ કર્મ બંધાવાનાં મુખ્ય કારણો છે. તે કારણો જે વર્તન કરવાથી છૂટતાં જાય, તે મોક્ષ મેળવવાનો સાચો માર્ગ છે.

અહીં રાજપ્રભુ કર્મનાં પાંચે કારણોને સક્રિય થવાનું મુખ્ય કારણ જીવનાં અજ્ઞાનમાંથી જન્મતા રાગદ્વેષને ગણાવે છે; અને તેનાથી જે રીતે જીવ મુક્ત થાય તેને મોક્ષનો માર્ગ ગણાવે છે. તેમાં તેઓ આગળની કડીમાં જણાવેલ સર્વ અપેક્ષાઓમાં ધર્મનાં સનાતનપણાનો તથા મંગલપણાનો ઉમેરો કરે છે. પૂર્ણ વીતરાગપ્રભુની વાણી સિદ્ધાંતની પરિભાષાથી વિભૂષિત હોય છે, જે સમયની પરિસીમાને ઓળંગી તેનાં સનાતન રૂપને ધારણ કરે છે. આ સનાતનપણા સાથે મંગલરૂપ ધર્મનાં બિંદુઓ તેઓ સર્વકાલીન સત્યની પ્રત્યેક પળમાં ઉમેરી, અનેકાંતવાદથી સભર જિનધર્મને પ્રકાશિત

કરે છે. આવા સ્યાદ્વાદશૈલીવાળા જિનધર્મને તેઓ સુંદર રીતે આ કડીમાં વ્યક્ત કરે છે.

રાગદ્વેષ તથા અજ્ઞાનના કપરા સમાગમથી અથવા તેનાં એકાંત સંગથી જીવ નિયમથી પુદ્ગલની બનેલી કર્મગ્રંથિને આકર્ષે છે. જ્ઞાનમાર્ગ, યોગમાર્ગ, ક્રિયામાર્ગ, ભક્તિમાર્ગ, આજ્ઞામાર્ગ, નિર્ગ્રંથમાર્ગ, નિર્વાણમાર્ગ કે પરિનિર્વાણમાર્ગના પુરુષાર્થથી જ્યારે રાગદ્વેષ તથા અજ્ઞાનની નિવૃત્તિ થતી જાય છે, ત્યારે જીવને મોક્ષમાર્ગનું શ્રદ્ધાન વધતું જાય છે; અને છેવટમાં તેને મોક્ષ પણ મળે છે. આ કડીમાં કર્તા આપણને બાંહેધરી આપે છે કે 'તે જ મોક્ષનો પંથ' છે. માત્ર માર્ગની શ્રુતિ કે શ્રદ્ધા કરવાથી જીવને મોક્ષ મળી જતો નથી, પરંતુ તેની સાથે સત્શ્રમ પણ એટલો જ, બલ્કે વિશેષ જરૂરી છે.

આ કડીમાંથી ફલિત થાય છે કે કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને વીતરાગના બોધનું દાન આપતાં ઉપદેશે છે કે માર્ગનો આગ્રહ ન રાખતાં, પરિણામ કે ફળનો આગ્રહ સેવો. તમે ઇચ્છો કે 'અમારે રાગદ્વેષ તથા અજ્ઞાનથી નિવૃત્ત થવું છે.' તે પરથી આપણને સ્પષ્ટ થાય છે કે અરિહંતપ્રભુનો ધર્મ માર્ગના પ્રકાર પર લક્ષ ન ઠેરવતાં, તેનાં પરિણામ પર ધ્યાન કેંદ્રિત કરે છે. આ પરિણામને ટૂંકામાં ટૂંકા માર્ગે મેળવવા માટે જિનપ્રભુ સન્માર્ગનું સૂચન જરૂર કરે છે, પણ તે જ માર્ગ સર્વ જીવોએ સેવવો જોઇએ એવો આગ્રહ તેઓ રાખતા નથી. શ્રી વીતરાગી અરિહંતપ્રભુનાં આવાં નિર્માનીપણાને તથા નિરાગ્રહીપણાને આપણા સમય સમયના વંદન હોજો.

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામીએ, મોક્ષપંથ તે રીત. ૧૦૧

શુદ્ધાત્મા સત્ અર્થાત્ ત્રણેકાળ રહેવાવાળો છે; તેથી તે નિત્ય છે. ચેતનત્વથી ભરપૂર છે, સર્વ પ્રકારના આભાસથી પર છે. આવા આત્મસ્વરૂપવાળા જીવને જે માર્ગથી કેવળજ્ઞાન મળે, તે જ મોક્ષનો સાચો માર્ગ છે.

કર્તાએ આ કડીમાં આત્માનાં મૂળ સ્વરૂપનું ઉત્તમ વર્ણન કરતાં કરતાં અતિ ગુપ્ત રીતે રુચકપ્રદેશરૂપ પૂર્ણ સિદ્ધ અવસ્થાનું વર્ણન કર્યું છે,અને તેમાં રુચક પ્રદેશો પાસેથી કેવળીગમ્ય પ્રદેશો કેવો સાથ મેળવે છે તેની અતિગુપ્ત માહિતી પ્રગટ કરી છે. આ રહસ્યને સમજવા માટે આપણે આ કડી અનુસાર રુચક પ્રદેશોનું વર્ણન સમજવા પ્રયત્ન કરીએ.

આત્મા પૂર્ણ શુદ્ધ અવસ્થામાં ચૈતન્યમય એટલે કે અન્ય સત્સ્વરૂપ સિદ્ધાત્મા સાથે શુધ્ધરૂપે જોડાયેલો હોય છે, તેમ છતાં તે સર્વ પ્રકારનાં આભાસથી અર્થાત્ અસરથી પર હોય છે. આ કડીની પહેલી પંક્તિમાં તેમણે જીવ (છદ્મસ્થ આત્મા) નું તથા પૂર્ણ શુદ્ધાત્માનું વર્ણન કમાલ રીતે કર્યું છે. જીવમાં આઠ એવા રુચક પ્રદેશો છે કે જે સિદ્ધ ભગવાનની જેમ સર્વ કર્મથી નિવૃત્ત છે, અને બીજા સર્વ પ્રદેશો એની અપેક્ષાએ અશુદ્ધ છે. આમ હોવા છતાં જીવાત્મા એક જ છે. એનું સત્યસ્વરૂપ એવું છે કે એ અન્ય અશુદ્ધ પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો સાથે ચેતનઘનરૂપે જોડાયેલા છે. રુચક પ્રદેશો અન્ય પ્રદેશો સાથે જોડાયેલા હોવા છતાં એ સર્વ નિશ્ચયનયથી અશુદ્ધ પ્રદેશોની અસરથી રહિત છે. આ વર્ણનમાં સિદ્ધભૂમિમાં જે પૂર્ણાવસ્થાની સ્થિતિ છે, તેનું વર્ણન આવી જાય છે.

અહીં સવાલ એ આવીને ઊભો રહે છે કે જીવમાં રુચક પ્રદેશો જો સતત અન્ય પ્રદેશોની અસરથી(આભાસથી) નિવૃત્ત રહે છે તો અન્ય પ્રદેશો રુચક પ્રદેશ જેવા શુદ્ધ કેવી રીતે થઈ શકે છે?

શ્રી પ્રભુ એમની કરુણાભરી કલ્યાણમયી વાણીના ૐનાદ દ્વારા આનો ખુલાસો આપણને આપે છે. આ કડીની બીજી પંક્તિમાં જ એનું સમાધાન રહેલું જણાય છે. 'જેથી કેવળ પામીએ' શબ્દોમાં તેનું સમાધાન છે; એમ શ્રી પ્રભુ આપણને જણાવે છે. 'હે પ્રભુ! અમારી મૂઢતા અને અલ્પમતિનાં કારણે અમને સ્પષ્ટતા આવતી નથી, તો કૃપા કરી સ્પષ્ટતા આપો.' શ્રી પ્રભુ પૂર્વની પ્રીતિનાં ઋણાનુબંધથી નિવૃત્ત થવા ખૂબ સંતોષપૂર્વક જવાબ આપે છે કે, 'હે વત્સ! તું

કેવળ શબ્દનો અર્થ શું કરે છે?' 'પ્રભુ! કેવળ એટલે પૂર્ણતા' 'તને બીજો કોઈ અર્થ સૂઝે છે?' 'કેવળનો બીજો અર્થ કેવળીગમ્ય પ્રદેશ કરી શકાય'. 'વત્સ! આ બંને સમજણને એક કરીશ તો તને યોગ્ય ખુલાસો મળી જશે.' 'પ્રભુ! તમે જ અમને યથાર્થ સમજાવો.'

આ વિનંતિને માન્ય કરી શ્રી પ્રભુ આપણને સમજાવે છે કે 'રુચકપ્રદેશ' જેવી પૂર્ણ સ્થિતિ સુધી પહોંચવા, જીવાત્મા કેવળીગમ્ય પ્રદેશોના માધ્યમથી કેવળ પૂર્ણતા સુધી જાય છે. કેવળીગમ્ય પ્રદેશો કેવળીભગવાનની જેમ સર્વ ઘાતીકર્મ તથા સર્વ અશુભ અઘાતિ કર્મથી રહિત હોય છે, અને એ શુભ અઘાતિકર્મના જોરથી અમુક સમયના આંતરે તેઓ યોગ સાથે જોડાય છે, અને શાતાવેદનીય કર્મનો આશ્રવ કરે છે. ઘાતિકર્મનો અભાવ હોવાના કારણે આ કર્મો એ પ્રદેશ પર એક સમયથી વધારે કાળ માટે ટકી શકતાં નથી. વળી, આ પ્રક્રિયાના કારણથી જીવના અન્ય અશુધ્ધ પ્રદેશો સુંદર રીતે શુદ્ધતાને મેળવે છે. કેવળીગમ્ય પ્રદેશો જ્યારે યોગ સાથે જોડાયા હોતા નથી ત્યારે તેઓ સિદ્ધ જેવી અવસ્થામાં હોવાને લીધે રુચક પ્રદેશો સાથે અનુસંધાન કરી તેમનાં સ્વરૂપ જેવા થવા (સદાકાળ માટે કર્મબંધનાં પાંચે કારણોથી છૂટા રહેવાનું ચારિત્ર મેળવવા) માટે વેદન દ્વારા પ્રાર્થના કરે છે. આ વેદનમાં યોગ્ય ક્ષમાપના, પ્રાર્થના, સ્મરણ તથા ધ્યાન એકીસાથે થાય છે. તેથી એ પ્રદેશો જ્યારે યોગ સાથે જોડાય છે ત્યારે પ્રાર્થના, ક્ષમાપના, સ્મરણ અને ધ્યાનની શુભ એકતાના કારણે તેઓ એવા પરમાણુઓનો આશ્રવ કરે છે કે જેથી તેઓ સિદ્ધ સમાન શુદ્ધ દશાને પામે. જ્યારે એ પ્રદેશો પરથી આવા પરમાણુઓની નિર્જરા થાય છે ત્યારે, કરેલા ભાવને સાકાર કરવા આ પરમાણુઓ અન્ય અશુદ્ધ પ્રદેશો પર આવે છે. અશુદ્ધ પ્રદેશો પોતાના પુરુષાર્થ અનુસાર એ પરમાણુઓનો આહાર, વિહાર તથા નિહાર કરે છે, અને તે જીવાત્માને શુદ્ધિ તથા સિદ્ધિ તરફ પ્રગતિ કરાવે છે. સમય પાકતાં તે જીવ શિવ થાય છે. આમ શિવરૂપ થવું એ જ મોક્ષનો માર્ગ છે, એ જ મોક્ષનો ઉપાય છે.

હે પ્રભુ! તમારાં કરુણા તથા કલ્યાણભાવ અવર્ણનીય છે. અમને હે વિભુ! આ બોધ સાથે એવા આશીર્વાદ આપો કે તમારા આ બોધને અમે અમારા આત્માના પ્રત્યેક પ્રદેશ પર ગ્રહણ કરી, તે પ્રદેશોને ઉત્તમ પુરુષાર્થના પુરસ્કારથી ચડતા ક્રમમાં અલંકૃત કરીએ.

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

આગળની કડીનાં અનુસંધાનમાં અહીં મોક્ષમાર્ગની જાણકારી આપતાં કર્તા જણાવે છે કે કર્મનાં અનંત પ્રકાર છે. એ આખા વિસ્તારને આઠ વિભાગમાં સમાવી શકાય છે, એટલે કે કર્મનાં મુખ્ય આઠ પ્રકાર છે. તે આઠ કર્મમાં પણ સહુથી જોરદાર મોહનીય કર્મ છે. મોહનાં કારણે જ બાકીનાં સાત પ્રકારનાં કર્મો બંધાય છે, તેથી તે કર્મનો નાશ કરવાનો ઉપાય કરવાથી બીજાં કર્મો આપોઆપ નાશ પામી જાય છે, તેથી આ મોહ ક્ષીણ કરવાનો ઉપાય હવે જણાવું છું.

આ પહેલાંની કડીમાં તેમણે સુંદર છતાં ગુપ્ત રીતે મોક્ષમાર્ગની ઉપસ્થિતિ જીવાત્મામાં કેવી રીતે કાર્યકારી થાય છે તેની સમજણ આપી છે. આ માર્ગમાં કેવળીગમ્ય પ્રદેશો, શુદ્ધ પ્રદેશો પાસેથી બોધ તથા માર્ગની ઊંડી અને સૂક્ષ્મ સમજણ ગ્રહણ કરી, એ સમજણને કલ્યાણના આજ્ઞારસ દ્વારા અન્ય અશુદ્ધ પ્રદેશો પર વર્ષા કરી દાન આપે છે.અશુદ્ધ પ્રદેશો ઘાતિ તેમજ અઘાતિ કર્મના પરિપાક ભોગવતા હોય છે. તે વખતે તેઓ નવાં કર્મો પણ બાંધતા જતા હોય છે. કર્તા અહીં આઠે કર્મનો સાર માત્ર બે પંક્તિઓમાં મૂકી, અશુદ્ધ પ્રદેશોને તેમની નબળાઈ માટે સાવધાન કરી, આજ્ઞામાર્ગના સનાતન મંગલમય ધર્મ પ્રતિ વળવા બોધ આપે છે. શ્રી રાજપ્રભુની આ ઊંડી સમજણ તથા માર્ગના ઝીણવટભર્યા વેદક અનુભવને અમે સમય સમયના વંદન કરીએ છીએ.

આ કડીમાં કેવળીગમ્ય પ્રદેશો જાણે અશુદ્ધ પ્રદેશોને બોધ આપતા હોય તે રીતે કર્મની અમૂલ્ય સમજ આપે છે કે કર્મની અનંત પ્રકૃતિઓને શ્રી પ્રભુએ

મુખ્ય આઠ પ્રકૃતિઓમાં ગોઠવી છે. જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિ અને વેદનીય આદિ ચાર અઘાતિ પ્રકૃતિ છે. ઘાતિકર્મ આત્માના ગુણોનો સીધો ઘાત કરે છે, ત્યારે અઘાતિ કર્મો આત્માના ગુણોનો પ્રત્યક્ષ ઘાત ન કરતાં, શરીરાદિ દ્વારા ભોગ્ય બની, મોહ ઉપજાવી, આડકતરી રીતે ગુણોનો ઘાત કરે છે. આ સર્વમાં સૌથી વિશેષ ઘાતક મોહનીય કર્મ છે. જે અન્ય સાત પ્રકારનાં કર્મોનાં બંધન માટે જવાબદાર છે. તેથી મોહને કર્મનો રાજા ગણવામાં આવ્યો છે. ક્ષપક શ્રેણિના દશમા ગુણસ્થાનના અંતભાગમાં મોહનીય કર્મનો સર્વથા ક્ષય થાય છે, અને બારમા ગુણસ્થાને અન્ય સર્વ ઘાતિ કર્મોનો ક્ષય થાય છે, અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ચૌદમા ગુણસ્થાને બાકી રહેલાં સર્વ અઘાતિકર્મોનો અવશ્ય ક્ષય થાય છે અને આત્મા સિદ્ધભૂમિમાં જાય છે.

આ હકીકતનો યથાર્થ ચિતાર આપતાં કર્તાએ કેવળીગમ્ય પ્રદેશોની અશુદ્ધ પ્રદેશો પ્રતિની બોધરૂપ વાણીને ચોથા ચરણમાં યથાર્થ રીતે રજૂ કરેલ છે. ‘હણાય તે કહું પાઠ’ આ ચરણને યથાયોગ્ય રીતે વિચારતાં સમજાય છે કે આમાં તેમણે આત્મદર્શન કરવાના માર્ગનું અમૃતપાન કરાવ્યું છે. એમની તથા પંચપરમેષ્ટિ પ્રભુની કૃપાથી આ સમજણને શબ્દદેહ આપવાનો અમે પુરુષાર્થ કરીએ છીએ.

‘હણાય તે કહું પાઠ’ એ ચરણમાં તેઓ ગુપ્ત રીતે આપણને સમજાવે છે કે કેવળીગમ્ય પ્રદેશો, રુચક પ્રદેશોના અનુભવને બોધામૃત રૂપે અશુદ્ધ પ્રદેશો પર વર્ષા કરે છે. સર્વ અશુદ્ધ પ્રદેશોની કક્ષા પોતપોતાના પુરુષાર્થ અનુસાર ભિન્ન ભિન્ન હોય છે. અને થતા પુરુષાર્થની માત્રામાં તેઓ બોધ અવધારે છે. આ બોધનું પરિણામ પણ આવે છે. બોધને વિશેષતાએ ધારણ કરવા અશુદ્ધ પ્રદેશોનો શું પુરુષાર્થ હોવો જોઈએ? તેઓ જેટલા અંશે મોહનો નાશ કરે છે, તેટલા અંશે તેઓ બોધ તથા મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરી શકે છે. આ જણાવવા તેમણે આ કડીમાં અનેક વસ્તુઓ ગૂંથી લીધી છે. જેમકે નિમિત્ત તથા ઉપાદાનનું મહાત્મ્ય, મોહનીયનું પ્રાબલ્ય, અશુદ્ધ પ્રદેશોની ભિન્ન ભિન્ન કક્ષા, ભાવિમાં

પરમેષ્ટિપદમાં સમાવેશ પામી શકે એવી રીતની અશુદ્ધ પ્રદેશોની ગોઠવણી વગેરે વગેરે. આ વિશે જેમ જેમ ઊંડાણથી તથા બહુલતાથી વિચારાતું જશે તેમ તેમ અહીં સમાયેલાં ઘણાં ઘણાં ભેદરહસ્યો ખૂલતાં જશે.

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

મોહનીય કર્મની વિશેષતા જણાવતાં આ કડીમાં પ્રભુ જણાવે છે કે આ કર્મના મુખ્ય બે પ્રકારો છેઃ દર્શનમોહ અને ચારિત્રમોહ. દર્શનમોહનો નાશ કરવા માટે સત્પુરુષ, જ્ઞાનીપુરુષ, વીતરાગી મહાત્મા આદિનો બોધ ખૂબ ઉપકારી થાય છે, અને ચારિત્રમોહનો નાશ કરવા માટે જીવે સેવેલું સંસારથી અલિપ્તપણું તેમજ નિસ્પૃહતા એટલાં જ કાર્યકારી થાય છે. બીજી રીતે કહીએ તો જીવમાં જે રાગરહિત સ્થિતિ અર્થાત્ વીતરાગતા ઉત્પન્ન થાય છે તેટલા પ્રમાણમાં તેનો ચારિત્રમોહ નાશ પામે છે. મોહના આ બંને મુખ્ય પ્રકારને ક્ષીણ કરવા માટે આ સિવાય અન્ય કોઈ અમોઘ ઉપાય નથી; આ જ સહુથી વિશેષ અસરકારક ઉપાય છે.

મોહનીય કર્મનાં ભેદ બતાવી જીવના કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને બોધ આપે છે કે મોહનીય કર્મ બે પ્રકારે છેઃ દર્શનમોહ તથા ચારિત્રમોહ. જીવને પોતાનાં સ્વરૂપની જાણકારીમાં દર્શનમોહ બાધાકારી થાય છે, અને સ્વરૂપની જાણકારી આવ્યા પછી તેનો અનુભવ કરવામાં તથા વેદન કરવામાં ચારિત્રમોહ બાધાકારક થાય છે. દર્શનમોહની બે સ્થિતિ છેઃ ક્ષાયિક સમકિત પહેલાંની અને પછીની. ક્ષાયિક સમકિત પહેલાં દર્શનમોહમાં મિથ્યાત્વ સમાય છે અને ક્ષાયિક સમકિત લીધા પછી મોહમાં અજ્ઞાન સમાય છે(ક્ષાયિક સમકિત પછી મોહ એટલે અજ્ઞાન). ચારિત્રમોહમાં ચાર કષાય તથા નવ નોકષાય સમાવેશ પામે છે. આવા ભયંકર મોહનીયકર્મનો નાશ કરવા માટે પ્રભુજી તેમની અનુભવપ્રદ વાણીથી સનિશ્ચય કહે છે કે કેવળીગમ્ય પ્રદેશો તરફથી પ્રાપ્ત થતો વીતરાગનો બોધ

વિના અપવાદે મોહનીય કર્મનો ક્ષય કરવા શક્તિમાન અર્થાત્ સક્ષમ છે. આ સમજણ આપવા દ્વારા પ્રભુ ગુપ્ત રીતે અશુદ્ધ પ્રદેશોને આવા ઉત્તમ નિમિત્તનો લાભ લઈ, ઉત્તમ ઉપાદાન તૈયાર કરવાનો પુરસ્કાર મેળવવા ભલામણ કરે છે; તેમજ આદેશ પણ આપે છે. જીવે પહેલા દર્શનમોહનો નાશ કરવાનો રહે છે, તે માટે 'ઉત્તમ બોધ' અમોઘ શસ્ત્ર છે. દર્શનમોહ ઘટયા પછી કે ગયા પછી જીવે ચારિત્રમોહ તોડવા માટે મળેલા બોધને પોતાનાં જીવનમાં ઉતારવાનો રહે છે, એટલે કે સંસારની સુખબુદ્ધિ તથા આસક્તિ જીવે તોડતા જઈ વીતરાગતા કેળવતા જવાની છે.

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪

મોહને તોડવાનું પ્રમાણ આપતાં કર્તાએ આ કડીમાં જણાવ્યું છે કે ક્રોધ આદિ કષાયો કરવાથી જીવને નવાં નવાં કર્મો બંધાતા જાય છે, અને વર્તતા સંજોગો વિશે ક્ષમાદિ ભાવ રાખી ગુણો સેવવાથી નવાં કર્મબંધન અટકાવી શકાય છે. સહુ જીવો પ્રત્યક્ષપણે આવો અનુભવ પોતાની રીતે કરી શકે છે, તો પછી આ માર્ગ માટે આશંકા આવી જ કેવી રીતે શકે?

આ રીતે આ કડીમાં ગુપ્ત રીતે અશુદ્ધ પ્રદેશોની ભિન્ન ભિન્ન ભૂમિકા તથા સ્થિતિનું વર્ણન કરવા દ્વારા ગુરુશિષ્યના એક અપૂર્વ યોગને રાજપ્રભુએ એમાં વણી લીધો છે. કેવળીગમ્ય પ્રદેશો તથા રુચક પ્રદેશો સર્વ કાળને માટે ઘાતિકર્મોથી સર્વથા રહિત છે, અને તેઓ પૂર્ણ વીતરાગતા માણે છે. આ કારણથી તેમને ક્રોધાદિ ચારે કષાયો નડી શકતા નથી, 'કર્મબંધ ક્રોધાદિથી' એમ કહીને શ્રી પ્રભુએ ક્રોધાદિ કષાય કરવાથી જીવને બંધન થાય છે તેની જાણકારી આપણને આપી છે. તે પરથી તેમનો સંકેત તથા ભાર ઘાતિકર્મો પર છે તે સ્પષ્ટ થાય છે. ઘાતિકર્મો અશુદ્ધ પ્રદેશોને સર્વથા બાધાકારક છે, તેથી તે બાધા તોડવા અશુદ્ધ પ્રદેશોનું કર્તવ્ય શું છે તેનો નિર્દેશ તેઓએ અહીં કર્યો છે. જેનો ઉપયોગ

કરી, રુચક પ્રદેશોના સાનિધ્યમાં રહી કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોની શુદ્ધિ તથા સિદ્ધિ મેળવવાનું કાર્ય કરાવે, એટલું જ નહિ પણ તે પ્રદેશોને પરમાત્મદશા સુધી પહોંચાડી, આત્માનાં છઠ્ઠા પદની સિદ્ધિ કરી, જીવંત ઉદાહરણ આપી શકે. અશુદ્ધ પ્રદેશો ઘાતિકર્મનાં અને તેમાંય ખાસ કરીને મોહનીય કર્મના બંને પ્રકારના ફંદામાં ફસાય છે ત્યારે તે અનેકધા વિભાવ કરી કર્મનાં પુદ્ગલ પરમાણુઓને મોટી માત્રામાં આશ્રવે છે. આવા કર્મબંધનનાં પરિણામે જીવ અશાતાવેદનીય પણ બાંધે છે, અને સર્વ અશુદ્ધ પ્રદેશો સરાગી હોવાના કારણે અશાતા વેદે છે.

આ વિચારતાં આપણને સમજાય છે કે એક પ્રદેશે કરેલા જોરદાર વિભાવનો દંડ આખો આત્મા ભોગવે છે. આ રહસ્ય આ કડીમાં ગુપ્ત છતાં સ્પષ્ટપણે મૂકાયું છે. આ જ સિદ્ધાંતને જો આપણે સત્પુરુષાર્થની અપેક્ષાએ વિચારીએ તો આપણા માટે અતિ પ્રેરણાદાયક એવો માર્ગ ખુલ્લો થાય છે. આ નિયમને લીધે જ, જો એક અશુદ્ધ પ્રદેશ પુરુષાર્થ કરી સારા ગુણને ખીલવે છે તો એ ગુણની શાંતિ આખો આત્મા પુરસ્કારરૂપે વેદે છે. આ પરથી આપણે નિર્ણય કરી શકીએ કે જો અસંખ્ય અશુદ્ધ પ્રદેશો આવો બોધ મેળવી, સહુ એક એક ગુણને ઉત્કૃષ્ટપણે ખીલવવાનો પુરુષાર્થ કરે તો સમગ્ર આત્મા ગણિતના સુલભ સિદ્ધાંતથી અસંખ્યગણી શાંતિનો ભોક્તા બની જાય. આવી વર્તતી શાંતિના પ્રભાવથી આત્માના પ્રદેશોનું કંપન નહિવત્ થઈ જાય અને જીવનો કર્માશ્રવ પણ અતિ અલ્પ થઈ જાય. જીવના પ્રત્યેક પ્રદેશ જો આવો પુરુષાર્થ ચાલુ રાખી શકે તો મોક્ષસુખ પામવું જીવના માટે તદ્દ્ન સહેલું થઈ જાય, એ નિર્વિવાદ હકીકત છે. આ શક્યતાને ખૂબ પ્રેરણા આપે એવી એક બીજી વાત પણ આ કડીમાં ગૂંથાયેલી જોવા મળે છે. એક અશુદ્ધ પ્રદેશ જો ક્રોધ કષાય વેદે તો તે જ સમયે બીજો અશુદ્ધ પ્રદેશ અશાતા ભોગવવા છતાં પણ ક્ષમાના ગુણને કેળવી ક્રોધના પ્રત્યાઘાતને નિર્મૂળ કરી શકે છે. પરંતુ, આ રાહને સફળ કરવા માટે ક્રોધની તીવ્રતા કરતાં ક્ષમાગુણની તીવ્રતા ઘણી વધારે હોવી જરૂરી છે. આમ થાય તો જ અશાંતિ પર શાંતિનો વિજય

થઈ શકે. આથી આ કડીમાં અશુદ્ધ પ્રદેશોને ગુણગ્રાહીપણાના પુરુષાર્થમાં સતત રહેવાનો ઉપદેશ અપાયો છે.

છોડી મતદર્શન તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

જીવ ગુણગ્રાહી બને તો તે પોતાને વર્તતા મતાગ્રહ તેમજ દુરાગ્રહોના વિકલ્પોનો ત્યાગ કરી શકે. આવો ત્યાગ કરી, અહીં બતાવેલા માર્ગની જે જીવ આરાધના કરે તેને મોક્ષમાં જવા માટે ખૂબ જ ઓછા ભવ બાકી રહે તે નિશ્ચિત્ત છે.

આગળની કડીમાં અપાયેલી સમજણ આ કડીમાં વિશેષતા પકડે છે. કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને સમજાવે છે કે "જો તમે તમારી જુદાં જુદાં સુખ તથા શાતા મેળવવાની વ્યાખ્યાઓનો ત્યાગ કરી, મતાગ્રહ, દુરાગ્રહ, અશુભ વિકલ્પો આદિને આજ્ઞાપાલનના યજ્ઞની વેદીમાં હોમી દેશો તો તમારા ઘાતિ કર્મોના આશ્રવથી વધતા જન્મના અવસરો નીકળતા જશે અને તમે ટૂંકા ગાળામાં સિદ્ધ થઈ શકશો."

આ કડીમાં રાજપ્રભુએ ઘણી જ સહજતાથી અશુદ્ધ પ્રદેશોની વિવિધ પ્રકારની ભૂમિકા, આજ્ઞાનું મહાત્મ્ય તથા કર્મબંધનાં પાંચે કારણોથી છૂટવાનો માર્ગ આશ્ચર્યકારક રીતે ગૂંથી લીધો છે; કદાચ પ્રશ્ન થાય કે અશુદ્ધ પ્રદેશોની જુદી જુદી ભૂમિકા અહીં કેવી રીતે વ્યક્ત થાય છે? આનું સમાધાન તેઓ જ કૃપા કરીને આપણને આપે છે. મત, આગ્રહ તથા વિકલ્પોની વિવિધતા એક સાથે ત્યારે જ સંભવી શકે કે જ્યારે આત્મપ્રદેશોની વિવિધ અવસ્થા હોય. જો સર્વ અશુદ્ધ પ્રદેશો એક સરખી કક્ષાના જ હોય તો તેમાં માત્ર દુરાગ્રહ હોય, કાં મતાગ્રહ હોય અથવા તો માત્ર વિભાવભાવ હોય; ત્રણે એકસાથે સંભવી શકે નહિ. ત્રણેનું એકસાથે રહેવું એ દર્શાવે છે કે પ્રત્યેક આત્મપ્રદેશની ભૂમિકા અલગ અલગ છે. આ પ્રકારે સમાધાનકારક ખુલાસો આપણને મળવાથી શ્રી રાજપ્રભુ માટેના

અહોભાવ તથા તેમની આજ્ઞામાં રહેવાની અમારી ભાવના ખૂબ પ્રબળ થતી જાય છે. આ શ્રીપ્રભુના બોધામૃતના વેદનને વિશેષતા આપે છે.

ષટ્પદનાં ષટ્ પ્રશ્ન તેં, પૂછયાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

આ કડીમાં શિષ્યને કલ્યાણની બાંહેધરી આપતાં શ્રીગુરુ તેને કહે છે કે આત્માને લગતાં છ પદની આશંકા બતાવતા છ પ્રશ્નો તેં જિજ્ઞાસાથી પૂછયા છે, તે સર્વ પદોનું તને યથાર્થ શ્રદ્ધાન થાય તો તને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ ચૂકી છે, એમ કહી શકાય.

શ્રી રાજપ્રભુએ આ કડીમાં ખૂબ જ સંક્ષેપથી આત્માની સિદ્ધિ કરવાના માર્ગનો સાર સુંદર તથા ગુપ્ત રીતે સમાવ્યો છે. તેમની મોક્ષમાર્ગની જાણકારી તથા સ્પષ્ટતાને આપણા સમયાત્મક વંદન હો. અહીં જીવના કેવળીગમ્ય પ્રદેશો અશુદ્ધ પ્રદેશોને પ્રતિબોધે છે; તેમની પ્રશ્નોમાંથી પ્રગટ થતી જિજ્ઞાસાને સંતોષી, ઉપકાર કરી, મોક્ષમાર્ગની સરળતા તથા સુગમતા વ્યક્ત કર્યાં છે. તેઓ જણાવે છે કે જો તમે (અશુદ્ધ પ્રદેશો) માત્ર છ પદ વિશે જે પ્રશ્નો પૂછયા છે અને તેના ઉત્તરો જાણ્યા છે, તેને એકત્ર કરી વિચારશો તો નિશ્ચયથી તમે એ સર્વ પદને સંપૂર્ણ રીતે સમજી શકશો; અને એના આધારે આત્મામાં સંકળાયેલાં મોક્ષમાર્ગનાં રહસ્યો મેળવી શકશો. આ સમજણનો સદુપયોગ કરી, તેને વફાદાર રહી, નિષ્ઠાપૂર્વક વર્તન કરી તમે વિના અપવાદે મોક્ષને મેળવી શકશો. અહીં શિષ્યના જિજ્ઞાસાથી ભરેલા પ્રશ્નો ગુરુના જ્ઞાનનો ઉઘાડ કરવામાં ખૂબ સાથ આપે છે. અને ગુરુ તથા શિષ્ય બંનેને ખૂબ લાભનું કારણ થાય છે તે અહીં સ્પષ્ટ સમજી શકાય છે. તે ઉપરાંત રાજપ્રભુ સૌભાગભાઈએ કરેલી (છ પદનાં પત્રનું પદ્યમાં રૂપાંતર કરવાની) સૂચના માટે ઉપકાર વેદે છે, તે પણ સમજાય છે.

જાતિ વેશનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

ઉપર જણાવેલા માર્ગથી જો આરાધન કરવામાં આવે તો જીવને આત્મવિકાસ કરવામાં તેનાં જાતિ કે વેશ આડા આવતાં નથી; તેઓ પ્રગતિ કરવામાં બાધાકારક થતાં નથી. આ માર્ગે સાધના કરવાથી જીવ અવશ્ય મુક્તિ અર્થાત્ મોક્ષને મેળવે છે; તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આમ આ કડીમાં માર્ગની નિઃશંકતા જણાવતી બાંહેધરી આપવામાં આવી છે.

આ કડી દ્વારા રાજપ્રભુએ સૂક્ષ્મતાએ અશુદ્ધ પ્રદેશોની ભિન્ન ભિન્ન માન્યતા તથા દશા ઉપરાંત જુદા જુદા માર્ગની આસ્થાને વ્યક્ત કરી છે. અશુદ્ધ પ્રદેશો જુદા જુદા માર્ગથી શુદ્ધિની કેડીએ જતા હોવાથી, અમુક કાળ સુધી તેને એ માર્ગનો આગ્રહ રહે છે; પરંતુ જિનમાર્ગમાં તો એકાંતે અનેકાંતવાદ ગૂંથાયેલો હોવાથી તે યોગમાર્ગ, ક્રિયામાર્ગ, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ આદિને પોતામાં સમાવી જીવને સન્માર્ગે ચડાવી શકે છે. જિનમાર્ગની બીજી લાક્ષણિકતા એ છે કે યોગમાર્ગથી જે પ્રદેશો કે જીવ આ માર્ગને આરાધે છે, અથવા તો ક્રિયામાર્ગ, ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ આદિને આદરે છે તે સર્વ મોક્ષપ્રાપ્તિ વખતે એકરૂપ થઈ જાય છે. મોક્ષમાર્ગ સાધકના પૂર્વના ધર્મારાધનના પ્રકારનો પક્ષપાત રાખતો નથી, તે તો બધાને ખૂટતી કડી આપી સન્માર્ગમાં દોરે છે. આથી પ્રત્યેક સાધકે લક્ષમાં રાખવું જોઈએ કે તે ગમે તે માર્ગથી આગળ વધતો હોય તો પણ તેણે અન્ય માર્ગની ખૂબી આદિને પ્રેમપૂર્વક આરાધવી જરૂરી છે. જેમકે ભક્તિમાર્ગે આગળ વધતા જીવે યોગ, ક્રિયા, જ્ઞાન આદિ માર્ગનાં શુભ લક્ષણોની પ્રાપ્તિ કરવી જરૂરી છે. એવું જ અન્ય સર્વ માર્ગો માટે પણ છે. આ સર્વ માર્ગોની પૂર્ણતા કે સર્વાંગતા એટલે મોક્ષની પ્રાપ્તિ.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, અંતર દયા, તે કહીએ જિજ્ઞાસ. ૧૦૮

મોક્ષમાર્ગમાં ચાલવા માટે જે જીવ ઉત્સુક અર્થાત્ જિજ્ઞાસુ બન્યો છે, તેના કષાયો ક્રમથી શાંત થતા જાય છે, ઘટતા જાય છે; તે જીવમાં પ્રત્યેક પ્રવૃત્તિ કરવા

પાછળ મોક્ષેચ્છા જ પ્રાધાન્ય ભોગવતી હોય છે; તેને ભવભ્રમણ કરવાનો ખૂબ ખેદ તથા શોક વર્તતો હોય છે; અને અંતરમાં સ્વપરકલ્યાણની ભાવનારૂપ દયા પ્રવર્તતી હોય છે; આ મુમુક્ષુ જીવનાં સાચાં લક્ષણો છે.

આ કડીમાં અન્ય માર્ગે આરાધન કરતા જીવને તથા અશુદ્ધ પ્રદેશોને શ્રદ્ધાન આપી, ગુરુએ (કર્તાએ) આશ્વાસન આપ્યું છે કે તમારા પૂર્વે આચરેલા ધર્મને આધારે તમારો મોક્ષ મેળવવાનો અધિકાર ઓછો કે અધિકો થતો નથી. આ અધિકાર મેળવવા માટે તથા વધારવા માટે જીવે પોતાની મોક્ષ મેળવવાની જિજ્ઞાસા વિસ્તૃત તથા ઊંડી કરતા જવાની છે. જેનાં ફળરૂપે જીવ અને અશુદ્ધ પ્રદેશો સદ્‌ગુરુ તથા કેવળીગમ્ય તેમજ રુચકપ્રદેશરૂપ સદ્‌ગુરુ તરફથી ઉત્તમ બોધામૃત પામે છે. આવા જિજ્ઞાસુનાં લક્ષણોનું આ કડીમાં વર્ણન કરી રાજપ્રભુ સર્વ અશુદ્ધ પ્રદેશોને તથા જીવને તેવા થવાની ગુપ્ત પ્રેરણા આપે છે. તેમણે આવા જિજ્ઞાસુનાં મુખ્ય ચાર લક્ષણો વર્ણવ્યાં છે.

૧. કષાયની ઉપશાંતતા (શમ) ૨. માત્ર મોક્ષ અભિલાષ – મોક્ષેચ્છાથી જ સર્વ પ્રવૃત્તિઓ કરવી (સંવેગ) ૩. ભવે ખેદ – ભવભ્રમણનો થાક વેદવો (નિર્વેદ) ૪. અંતરદયા – સ્વપર કલ્યાણની ભાવના (અનુકંપા). આ ચારે લક્ષણો જીવમાં તો જ પ્રગટ થાય જો તેને ધર્મની સાચી આસ્થા થઈ હોય. આમ તેમણે અહીં સમ્યક્‌ત્વનાં પાંચે લક્ષણો સ્ફૂટ કર્યાં છે.

આ કડીનો વિચાર કરતાં આપણને સમજાય છે કે આ લક્ષણો હકારાત્મક તથા નકારાત્મક વલણથી વર્ણવ્યાં છે. બીજી રીતે આપણે વિચારીએ તો કર્મનો નકાર કરવાના વલણથી ગુણના પ્રગટીકરણરૂપ હકારાત્મક વલણ પણ સિદ્ધ થાય છે. તો એ સાચા પુરુષાર્થી આત્માની લાક્ષણિકતા છે. અહીં દર્શાવેલા નકારાત્મક વલણનું મહાત્મ્ય આપણે આ રીતે સ્વીકારી શકીએ. પ્રત્યેક જીવ સતત સુખને જ ઝંખતો હોય છે. આ કારણથી જીવ દુઃખનો નકાર કરે છે. આ વિશે ધ્યાન દોરવા માટે જીવને જો તેની જ શૈલીથી સમજાવવામાં આવે તો તેની કાર્યસિદ્ધિ જલદીથી

થાય છે. વળી, જીવને સાચું શ્રદ્ધાન પ્રગટ્યું હોવાથી, તે ત્યાં જ અટકી જતો નથી; પણ ઉત્તમ પુરુષાર્થ કરી, પોતાનાં નકારાત્મક વલણને ગુણમય હકારાત્મક વલણમાં લઈ જાય છે. આ જ માર્ગે ચાલી અશુદ્ધ પ્રદેશો અશુદ્ધિનો ત્યાગ કરતા જઈ, શુદ્ધ થતા જાય છે.

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ. ૧૦૯

જીવ જો આગળની કડીમાં જણાવેલાં લક્ષણોને સ્વીકારીને સદ્‌ગુરુનાં શરણમાં જાય તો તેને તેમના બોધની પ્રાપ્તિ થાય છે, એટલે કે એ બોધ તેના અંતરમાં પરિણમે છે. તેને સદ્‌ગુરુના કહ્યા પ્રમાણે વર્તવાની ઈચ્છા થાય છે. આ રીતે તેને ગુરુનો બોધ પરિણમે તો તે જીવને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય છે.

આ કડીમાં જિજ્ઞાસુનાં લક્ષણો ધરાવનાર જીવ (અશુદ્ધ આત્મપ્રદેશો) સદ્‌ગુરુરૂપી ભોમિયા પાસે વિનમ્ર ભાવથી સેવા, વૈયાવચ્ચ તથા વિશ્રામણા કરવાના ભાવથી શરણમાં જાય તો સદ્‌ગુરુ (કેવળીગમ્ય પ્રદેશો) શિષ્યની પાત્રતા જાણી, તેના ઉપાદાનની તૈયારી જોઈ સહજતાએ કલ્યાણમય ઉત્તમ બોધ કલ્યાણનાં પરમાણુ દ્વારા જીવને (અશુદ્ધ પ્રદેશને) આપે છે, તે વિશે સ્પષ્ટતા કરી છે. આમ, તેઓ અહીં ઉપાદાન તથા નિમિત્તનું મહાત્મ્ય બતાવી, સિદ્ધિ તથા શુદ્ધિના સિદ્ધાંતો વ્યક્ત કરે છે. આમ તૈયાર ઉપાદાનવાળા જીવ પર (અશુદ્ધ પ્રદેશો પર) સદ્‌ગુરુના બોધની વર્ષા થવાથી, સમ્યક્‌ત્વ તેનાં ફળરૂપે ઉપજે છે. આ સમકિતમાં 'અંતરશોધ'ના દાણા હોય છે. આ દાણા કાર્યકારી થઈ જીવને (અશુદ્ધ પ્રદેશોને) પૂર્ણ શુદ્ધિ તથા સિદ્ધિ પ્રત્યે લઇ જાય છે. આમ આ કડીમાં જીવના અશુદ્ધ પ્રદેશોને ઉત્તમ જિજ્ઞાસા પ્રગટ કરવા રૂપ ઉપાદાન તૈયાર કરવાની પ્રેરણા અપાઈ છે, તેની સાથે કેવળીગમ્ય પ્રદેશોમાંથી ઝરતા કલ્યાણબોધની સૂચના કરી 'અંતરશોધ' શબ્દ દ્વારા આ આત્માના પ્રદેશોમાં જ મોક્ષમાર્ગ રહેલો છે તેની સ્પષ્ટતા કરી છે.

મતદર્શન આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

સાચો જિજ્ઞાસુ થયેલો જીવ મત તથા દર્શનના આગ્રહનો ત્યાગ કરીને ગુરુએ સૂચવ્યા પ્રમાણે વર્તન કરવાનું ધ્યેય રાખીને રહે છે, ત્યારે તેનાં ફળરૂપે તે શુદ્ધ સમકિતને અર્થાત્ ક્ષાયિક સમકિતને મેળવે છે, એમાં ક્યાંય પણ અપવાદને સ્થાન નથી.

જ્યારે જિજ્ઞાસુજીવ (અશુદ્ધ પ્રદેશો) પર સદ્‌ગુરુનાં કલ્યાણબોધનાં પરમાણુઓ એકત્ર થાય છે, અથવા તેનો આજ્ઞારસ તેને સ્પર્શે છે ત્યારે એ જીવ (અશુદ્ધ પ્રદેશો) લગભગ તો વધારે આજ્ઞાધીન થઈ પોતાનાં ઉપાદાનને વિશેષ તૈયાર કરે છે, અને ચારિત્રને વધારે ઊંચું કરે છે. કેટલીકવાર તે જીવ અવળો ચાલી, પોતાનાં અજ્ઞાન તથા સ્વચ્છંદના જોરથી કદાગ્રહી તથા હઠીલો થઈ જાય છે. આ ભયસ્થાનને જાણીને કર્તાએ આ કડીમાં તેનાથી નિવૃત્ત થવાનું તથા દૂર રહેવાનું સૂચવ્યું છે. આ ફરમાનની વિશેષતા એ છે કે આ વાણીમાં આગ્રહ નથી, દબાણ નથી, પણ નિસ્પૃહતા ભરેલી રીતે સિદ્ધાંતોનું સચોટ પ્રતિનિધિત્વ છે. આ બોધ પૂર્ણ કેવળીપ્રભુની શૈલીથી અપાયો છે; તેથી તેમાંથી એક અતિ અતિ ગુપ્ત રહસ્ય આપણને શ્રી પ્રભુની કૃપાથી સમજાય છે. આત્મસિદ્ધિની રચના કરતી વખતે કર્તાના અશુદ્ધ પ્રદેશો એટલા બધા આજ્ઞાધીન થઈ ગયા હતા કે તેમની નિરાગી તથા નિર્વિકારી વાણીએ કેવળીગમ્ય પ્રદેશોની અમૃતવાણીનાં સૂક્ષ્મરૂપને જાળવી રાખી સ્થૂળ શબ્દદેહ ધારણ કર્યો હતો. આવી અપૂર્વ સિદ્ધિ ત્યારે જ આવે છે કે જ્યારે અશુદ્ધ પ્રદેશોમાં આજ્ઞાપાલનની એવી ઉચ્ચ કેડી બંધાય કે જેથી કેવળીગમ્ય પ્રદેશોની ઉત્તમ વીતરાગવાણીને અશુદ્ધ પ્રદેશોનાં સ્વચ્છંદ, પ્રમાદ, કષાય કે અજ્ઞાન ખંડિત કરે નહિ. શ્રી રાજપ્રભુનાં આવાં આજ્ઞાધીનપણાને તથા ચારિત્રપાલનને આપણા સમય સમયના તથા પ્રદેશે પ્રદેશનાં વંદન હો.

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ, લક્ષ, પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

જીવ જ્યારે પોતાના મતાગ્રહાદિનો ત્યાગ કરી, સદ્‌ગુરુની આજ્ઞાએ વર્તે છે, ત્યારે તેનું જે ઉત્તમ ફળ મળે છે તેનું વર્ણન આ કડીમાં કરવામાં આવ્યું છે. સદ્‌ગુરુની આજ્ઞામાં વર્તવાથી જીવને પોતાનાં સ્વરૂપનો અનુભવ થાય છે; તે ન હોય ત્યારે તે અનુભવમાં ફરી ફરી જવાનો લક્ષ તેને રહે છે; અને તે પુરુષાર્થમાં તેને મંદતા આવે ત્યારે તેણે પૂર્વે કરેલા સ્વાનુભવની પ્રતીતિ તો રહ્યા જ કરે છે. આવા પુરુષાર્થને કારણે તે જીવ ફરી ફરી સ્વરૂપલીનતા માણે છે, જેને આપણે પરમાર્થનું ન છૂટે તેવું સમકિત કહી શકીએ. જીવને આવી દશા ક્ષાયિક સમકિત મેળવ્યા પછી શરૂ થાય છે અને છઠ્ઠા ગુણસ્થાને આવ્યા પછી વધતી જાય છે.

આગલી કડીમાં જણાવેલા ગુપ્ત સિદ્ધાંતના પાલનથી આવતાં ઉત્તમ ફળનું તથા જીવના અશુદ્ધ પ્રદેશો પર થતી તેની અસરનું સુંદર ચિત્ર આ કડીમાં રજૂ કરાયું છે. જ્યારે અશુદ્ધ પ્રદેશો ચડતા ક્રમમાં આજ્ઞાપાલન કરતા જાય છે, ત્યારે તેઓ પૂર્ણ વીતરાગી કેવળીગમ્ય પ્રદેશોની ઉત્તમ વાણીનાં કલ્યાણનાં પરમાણુઓના સાથથી લગભગ સતત પોતાના સ્વભાવમાં રહેવાના પુરુષાર્થી બને છે. આ સંજોગમાં એ પ્રદેશો વારંવાર શુક્લધ્યાનનો અનુભવ કરવાની ક્ષમતા મેળવે છે, અને કેવળીભગવાનની આત્મસ્થિરતા તેઓ અમુક અંશે માણતા થાય છે, જે ખૂબ જ આહ્‌લાદક હોય છે. તેઓ તે અનુભવમાંથી બહાર નીકળે ત્યારે ફરીથી એવા ધ્યાનમાં જવાનું બળવાન લક્ષ સેવે છે, તે વખતે તેઓ છઠ્ઠા ઉત્કૃષ્ટ ગુણસ્થાને વર્તે છે. અને તેમાં પણ જો કદાચિત મંદતા આવે તો તેઓ મધ્યમ છઠ્ઠા ગુણસ્થાને વર્તી, પોતે જે અનુભવ કર્યો છે તેની સ્મૃતિમાં રાચે છે; અર્થાત્ તેઓ ધર્મધ્યાનમાં વસે છે. આવા ફળથી તે અશુદ્ધ પ્રદેશોને 'અંતરંગ ઉત્તમ સત્સંગ'ની પ્રાપ્તિ થાય છે, અને તે જીવનો પુરુષાર્થ નિજસ્વરૂપમાં રહેવા પ્રતિ વર્ધમાન થતો જાય છે. આ દશાને જ્ઞાનીભગવંતો 'પરમાર્થે સમકિત' કહે

છે. એટલે કે પરમ હેતુથી (મોક્ષમાં જવાનાં લક્ષથી) સમ્યક્ત્વની શુદ્ધિ કરતા જવી. આ સ્થિતિમાં જીવના અશુદ્ધ પ્રદેશો સતત ગુણશ્રેણિમાં રહેવાનો પુરુષાર્થ આદરે છે. જેને શાસ્ત્રો પરમ અવગાઢદશા કે પરમાવધિ કહે છે. આ અવસ્થાએ પહોંચવું તથા રહેવું જીવને માટે ક્ષપક શ્રેણિ માંડતાં પહેલાં અનિવાર્ય છે. આવા પુરુષાર્થ થકી જ જીવ ક્ષપક શ્રેણિમાં સતત ગુણશ્રેણિએ ચડે છે.

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ. ૧૧૨

આ પ્રકારે જીવને જ્યારે સમ્યક્ત્વની વિશુદ્ધિ થતી જાય છે, ત્યારે તેના જે મિથ્યા આભાસો અર્થાત્ કષાય તથા નોકષાયરૂપ વિકારો હોય છે તે ટળતા જાય છે; તેને શુદ્ધ ચારિત્રનો ઉદય થાય છે; અને તે આત્મા વીતરાગપદની વિરાટતામાં સમાતો જાય છે, સ્થિર થતો જાય છે.

આ કડીમાં 'પરમાર્થ સમકિત' રૂપ પરમાવગાઢ દશા પામ્યા પછી જીવના અશુદ્ધ પ્રદેશો વધારે ને વધારે ઊંચું ચારિત્ર ધારણ કરતા જઈ વિશુદ્ધ થતા જાય છે, તેનું ચિત્ર રાજપ્રભુએ આપ્યું છે. પરિણામે તેનાં સમ્યક્ત્વની શુદ્ધિ તથા સિદ્ધ વધતાં જાય છે, જીવની નિર્મળતા થતી જાય છે; સમ્યક્ત્વની થતી શુદ્ધિનાં કારણે એ અશુદ્ધ પ્રદેશોનો મિથ્યાત્વનો આભાસ એટલે કે મિથ્યાત્વ પ્રેરિત સ્વચ્છંદ, પ્રમાદ તથા કષાય ટળતા જાય છે. અને એ પ્રદેશોને માત્ર આજ્ઞાપ્રેરિત કલ્યાણના ઉદયના પ્રતાપે ઉત્તમ વીતરાગપદમાં સતત રહી શકે એવા શુક્લચારિત્રનો ઉદય થાય છે. આ ચારિત્ર જે જે અશુદ્ધ પ્રદેશોને ઉદયમાં આવે છે, તે તે પ્રદેશોને સતત વીતરાગપદમાં વાસ કરાવે છે. આ સ્થિતિ જીવને ક્ષપક શ્રેણિના આઠમાથી બારમા ગુણસ્થાન સુધી વર્તે છે.

કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

જીવ જ્યારે ક્ષપક શ્રેણિએ ચડી, તેરમા ગુણસ્થાને આવે છે ત્યારે તેને પોતાના સ્વભાવનું જ્ઞાન પૂર્ણતાએ અને અખંડપણે રહે છે. તે જ્ઞાન એક સમય માટે પણ વિલાતું નથી. આત્માની આ સ્થિતિને અમે 'કેવળજ્ઞાન' કહીએ છીએ, કે જે દશામાં દેહ હોવા છતાં આત્મા દેહથી પૂર્ણતાએ અલિપ્ત હોય છે.

જ્યારે અશુદ્ધ પ્રદેશો ઉત્તમોત્તમ ચારિત્રની ખીલવણી કરે છે ત્યારે તેઓ પરમ વીતરાગ દશાને પામે છે. આ વીતરાગદશાનાં અનુસંધાનમાં આત્માના અશુદ્ધ પ્રદેશો જ્ઞાન તથા દર્શન ગુણની અપેક્ષાએ કેવળ પૂર્ણ ભૂમિકાને પામે છે, જેથી એ આત્માના સર્વ પ્રદેશોમાં નિજસ્વરૂપનું અખંડપણે પૂર્ણ જ્ઞાન તથા દર્શન વર્તે છે. એ જ કેવળજ્ઞાન છે. આ વખતે આત્માને દેહનો યોગ છૂટી જતો નથી, પણ તેની સાથેનું તેનું તાદાત્મ્ય સંપૂર્ણપણે છૂટી જાય છે. એમને જ્ઞાનદર્શન ગુણની અપેક્ષાએ સિદ્ધભૂમિમાં બિરાજતા, નિર્વાણ પામેલા સિદ્ધાત્મા જેવાં જ જ્ઞાનદર્શનની અનુભૂતિ હોય છે. તેથી શ્રીપ્રભુ આ દશાને 'દેહ છતાં નિર્વાણ'ની સ્થિતિ કહે છે.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.   ૧૧૪

આત્મા વિભાવમાંથી સ્વભાવ તરફ કેવી રીતે આવે છે તેની જાણકારી કર્તાએ આ કડીમાં વ્યવહારના ઉદાહરણથી આપી છે. જેમ ઊંઘમાં કરોડો વર્ષ સુધી ચાલતું સ્વપ્ન, જીવ જાગૃત થતાં એક જ સેકંડમાં વિલાઈ જાય છે, તેમ અનાદિકાળથી ચાલ્યો આવતો જીવનો વિભાવભાવ આત્મજ્ઞાન થતાંની સાથે દૂર થઈ જાય છે.

અહીં શાસ્ત્રકારે આત્માની એક અપૂર્વ લાક્ષણિકતા બતાવી છે. તેમણે વ્યવહારનું ઉદાહરણ લઈને આપણને સમજાવ્યું છે કે જેમ કરોડો વરસની લંબાઈવાળું સ્વપ્ન જાગતાંની સાથે જ પૂરું થઈ જાય છે, તેમ અશુદ્ધ પ્રદેશો અને કર્મ પુદ્‌ગલનું અનંતકાળથી ચાલ્યું આવતું જોડાણ જ્ઞાન થતાં, સાચી સમજણ

પ્રગટતાં, તરત જ છૂટતું જાય છે. જાગૃતિ આવ્યા પછી, જીવને કર્મનો સંપર્ક છોડતાં અનંતકાળ લાગતો નથી; આ ચમત્કાર એટલે સંભવિત બને છે કે આત્મા તથા કર્મ ભેગાં દેખાતા હોવા છતાં, ક્યારેય એકરૂપ બનતાં નથી. આત્માના એક પણ ગુણનો નાશ બળવાનમાં બળવાન કર્મનાં પુદ્ગલોથી પણ થઈ શકતો નથી, આત્મા પર કર્મનું બંધન થવાથી, માત્ર તેના ગુણો પર આવરણ આવી જાય છે. આ સ્થિતિનો લક્ષ લઈ રાજપ્રભુ પોતાના આત્માના અશુદ્ધ પ્રદેશોને તથા આપણને બોધે છે કે, 'સંસારનું સ્વપ્ન ભલે આપણને અનંતકાળથી પજવતું હોય; પણ આત્માના અનંત ગુણો એ કર્મના અનંતાનંત કાળના પુરુષાર્થને એક સમય માત્રમાં ક્ષય કરી શકે છે. તો હે આત્મન્! તારા અનંત ગુણોની જાગૃતિ માટે તારા અશુદ્ધ પ્રદેશોને રુચકપ્રદેશ તથા કેવળીગમ્ય પ્રદેશના સાથથી, આજ્ઞાના અનાદિઅનંત, સનાતન તથા મંગલમય સફળ માર્ગમાં આરૂઢ કર, લીન કર, સ્થિર કર, શુદ્ધ કર તથા તેને માણ. આ સંસારમાં નથી સુખ કે નથી શાંતિ; તું સંસારને વિભાવનો નકાર કરવાનું તથા આત્મારૂપી મોક્ષનાં મંદિરને માણવાનું પરમ સાધન ગણ. આત્માના દરેકે દરેક પ્રદેશને રુચક પ્રદેશની આજ્ઞાથી તેના સમાન બનાવ.'

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

અનાદિકાળથી જીવ ગોખતો આવ્યો છે તે 'દેહ તે હું'નો ભાવ જ્યારે તે છોડી દે છે ત્યારે તે જીવ કર્મનો કર્તા તથા ભોક્તા મટી જાય છે. આ જ ધર્મનો મર્મ છે, અથવા તો ધર્મનું રહસ્ય છે.

આગળની કડીઓમાં મૂકાયો છે તેવો બોધ આ કડીમાં પણ સુંદર રીતે વર્ણવાયો છે. જીવ જ્યારે રુચક પ્રદેશોની આજ્ઞાથી દેહમાં એકરૂપતા કરાવતા યોગના સાનિધ્યને સદાકાળને માટે છોડી દે છે ત્યારે તે આત્મા કર્મનો અકર્તા તથા અભોક્તા થાય છે. એટલું જ નહિ પણ, તે નિજસ્વભાવરૂપ પરમ અડોલ

સહજાનંદ ગુણનો સતત કર્તા તથા ભોક્તા બની ધર્મનાં પરમ મર્મને મેળવે છે. આમ ધર્મ આચરવાનું ઉત્તમ ફળ તથા પૂર્ણ ફળનું સુંદર ચિત્ર આ કડીમાં દોરાયું છે, અને એ દ્વારા સિદ્ધપર્યાયનું વર્ણન પણ કરાયું છે.

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંતદર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

અહીં સાધક જીવને રચયિતા તરફથી ખાતરી આપવામાં આવી છે કે આગળની કડીમાં તને જે ધર્મ બતાવવામાં આવ્યો છે, તે જ ધર્મપાલનથી તને મોક્ષ મળશે, કેમકે તું મોક્ષસ્વરૂપ છો, તારામાં મોક્ષ મેળવવાની પાત્રતા છે. આ ઉપરાંત તારામાં અનંતજ્ઞાન તથા અનંતદર્શન સમાયેલાં છે, અને તારું મૂળભૂત સ્વરૂપ કોઈ પણ બાધી ન શકે, અટકાવી ન શકે તેવું અબાધ્ય છે.

આ કડીમાં રાજપ્રભુ કેવળીગમ્ય પ્રદેશોમાં સજીવારોપણ કરી, પૂર્ણ કેવળીપ્રભુની વાણીને શબ્દદેહ આપતા હોય તે રીતે, અપૂર્વ દૃઢ વિશ્વાસ સાથે તથા અનુભવગમ્ય શ્રદ્ધાન સાથે ઘોષણા કરે છે કે શ્રી જિન પ્રણીત વીતરાગ ધર્મથી જીવના અશુદ્ધ પ્રદેશો, કેવળીગમ્ય પ્રદેશો તથા રુચક પ્રદેશોની સહાયથી શુદ્ધ થતા જાય છે, અને છેવટે જીવ પૂર્ણ શુદ્ધ થઈ સિદ્ધ સ્વરૂપને મેળવે છે.

આ કડીનો ઊંડાણથી વિચાર કરતાં સમજાય છે કે કેવળીગમ્ય પ્રદેશો પરોક્ષ વીતરાગશૈલીનો થોડીક ક્ષણો માટે ત્યાગ કરી, અશુદ્ધ પ્રદેશોને પહેલા પુરુષમાં (‘તું’) સંબોધી બોધ આપે છે કે છઠ્ઠા પદનાં આરાધનથી જ પાંચમા પદે પહોંચી શકાય છે. તેની સાથે કેવળીગમ્ય પ્રદેશો તથા રુચક પ્રદેશોની સ્થિતિનું પ્રતિબિંબ રજૂ કરતાં આત્માની સહજ પૂર્ણ કલંકરહિત સ્થિતિ તથા સિદ્ધાત્માની સ્થિતિને યથાર્થ રીતે વર્ણવેલી છે. તેઓ જણાવે છે કે આત્મા મોક્ષમાં જડ થઈ જતો નથી. પરંતુ તે સતત અનંતજ્ઞાન તથા અનંતદર્શનનો અનુભવ કરતો રહે છે. તે પોતાનાં ચૈતન્યને પ્રગટ જ રાખે છે. સિદ્ધાત્મા

વર્તતા જ્ઞાનદર્શનનો સદુપયોગ કરી તેનું શુદ્ધ ચારિત્રમાં એવી અપૂર્વ રીતે પરિણમન કરે છે કે તેમને પોતાનું અવ્યાબાધ સ્વરૂપ અનુભવવામાં કેવળજ્ઞાન તથા કેવળદર્શન સહાયકારી થાય છે. જીવના કેવળીગમ્ય પ્રદેશો આ સ્થિતિને સતત ઝંખતા રહે છે. તે સૂચવે છે કે આ કડી દ્વારા તેઓ પોતાને સ્વબોધ આપી, પોતાનાં કેવળજ્ઞાન તથા કેવળદર્શન, તથા અવ્યાબાધ સુખને એકસાથે માણવાની સુરુચિ તથા લક્ષને પ્રગટ કરે છે.

શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ. ૧૧૭

સિદ્ધભૂમિમાં પહોંચેલો આત્મા શુદ્ધ છે એટલે કે કર્મની કાલિમા રહિત છે; બુદ્ધ છે એટલે કે સર્વાંગી બોધ પામેલો છે; ચૈતન્યઘન હોવાથી ચેતનનો એવો સઘન પિંડ થયો હોય છે કે જેમાં એક પણ કર્મ પરમાણુને રહેવાનો અવકાશ રહેતો નથી; તેનું પોતાનું તેજસ્વરૂપ પૂર્ણતાએ પ્રગટ થાય છે; આ બધાં લક્ષણોના અનુસંધાનમાં કદી ક્ષય ન થાય તેવા સુખને રહેવાનું સ્થાન તે બની જાય છે. આ બધાં શુદ્ધાત્માનાં લક્ષણો જેમ જેમ વિશેષતાએ વિચારવામાં આવે છે, તેમ તેમ સ્પષ્ટતાએ સમજાતાં જાય છે, અને તેને માટે બીજું કંઈ પણ વિશેષ કહેવાનું જીવને માટે રહેતું નથી.

આ કડીમાં કેવળીગમ્ય પ્રદેશો પોતાને વર્તતાં કેવળજ્ઞાન તથા કેવળદર્શન દ્વારા તથા રુચક પ્રદેશના સ્પર્શના અનુભવથી એમના જીવંત ગુણોને તાદૃશ શબ્દદેહ આપતાં કહે છે કે, તેઓ શુદ્ધ છે, કોઈ પણ પ્રકારનાં પુદ્ગલ પરમાણુઓના સ્પર્શ વગરનાં છે; બુદ્ધ એટલે પૂર્ણ બોધથી સભર છે, બોધ આપી શકે એવા સક્ષમ પણ છે; ચૈતન્યઘન એટલે સિદ્ધભૂમિમાં સર્વ સિદ્ધાત્મા ઘનરૂપે જોડાયેલા છે; જીવાત્મામાં તેના રુચક પ્રદેશો શુદ્ધ અને બુદ્ધ હોવા છતાં તેના કેવળીગમ્ય પ્રદેશો તથા અન્ય અશુદ્ધ પ્રદેશો સાથે ઘનસ્વરૂપે સતત જોડાયેલા રહે છે. આ પ્રદેશો આ ઉપરાંત સ્વજ્ઞાન અને શુદ્ધિ સાથે જ્યોતિર્મય તેજ ધરાવે છે. તેઓ

સ્વપર સુખ તથા શાંતિનું ધામ છે. રુચક પ્રદેશો બાબત આવું અપૂર્વ વર્ણન જાણી, કેવળીગમ્ય પ્રદેશો તેમના એક સમયના યોગ સાથેના જોડાણ વખતે એવા ભાવવિભોર થઈ જાય છે કે એ ભાવ શબ્દાતીત બની માત્ર વેદનનું રૂપ ધારણ કરે છે. આ શબ્દાતીત દશાને વર્ણવવા તથા ભાવનું સાકારપણું કરાવવા રાજપ્રભુએ કેવળીગમ્ય પ્રદેશોના ભાવને શબ્દદેહ આપ્યો છે. અને કહ્યું છે કે, 'હવેની સ્થિતિ માત્ર અનુભવગમ્ય છે, માટે હે અશુદ્ધ પ્રદેશો! જેટલી તીક્ષ્ણતાથી તમે આ બોધને વિચારશો એટલી શુદ્ધિથી તમે આ સ્થિતિને પામશો.' આ બોધ આપ્યા પછી કેવળીગમ્ય પ્રદેશો અહોભાવ તથા આશ્ચર્યના મૌન અનુભવમાં ડૂબી જાય છે. તેમણે આ સ્થિતિને પછીની કડીમાં વ્યક્ત કરી છે.

આ કડીને ઊંડાણથી વિચારતાં લક્ષ આવે છે કે અહીં ચૌદમા ગુણસ્થાનનું તથા સિદ્ધભૂમિ સુધીનાં જીવનાં ચઢાણનું વર્ણન પણ થયેલું છે. જે 'અપૂર્વ અવસર' કાવ્યની અઢારમી તથા ઓગણીસમી કડીમાં જોવા મળે છે.

આત્મા તેરમા ગુણસ્થાને ઘાતિકર્મથી સંપૂર્ણપણે મુક્ત થઈ શુદ્ધ થાય છે; પછી ચૌદમા ગુણસ્થાને યોગરહિત સ્થિતિ મેળવી, સિદ્ધભૂમિમાં જવા પ્રયાણ કરે છે ત્યારે તે બુદ્ધ થાય છે, સિદ્ધભૂમિમાં પહોંચતા અન્ય સિદ્ધાત્મા સાથે જોડાણ કરી પોતાનું ચેતનઘન સ્વરૂપ પ્રગટાવે છે, સાથે સાથે એકપણ કર્મ પરમાણુ રહિત સ્થિતિમાં આવી કરોડો સૂર્યનાં એકત્ર તેજ કરતાં પણ અનેકગણી વિશેષ તેજોમય સ્થિતિ નિર્માણ કરે છે. તે સ્થિતિમાં અનંતાનંત કાળ સુધી પણ ન વિલાય તેવા સુખની અનુભૂતિ તે આત્મા માણે છે.

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર શમાય,<br>
ધરી મૌનતા એમ કહી, સહજ સમાધિમાંય. ૧૧૮

આગળની કડીમાં જે શુદ્ધાત્માનું વર્ણન કરાયું છે, તે વિધાનમાં સર્વ જ્ઞાનીઓના અનુભવનો નિચોડ તથા નિર્ણય આવી જાય છે, એમ જણાવી શ્રી સદ્ગુરુ મૌન થઈ પોતાનાં સહજ સમાધિસુખમાં લીન થઈ ગયા.

અહીં આપણને સમજાય છે કે કેવળીગમ્ય પ્રદેશો સિદ્ધ પર્યાયનું વર્ણન કર્યા પછી અહોભાવરૂપ મૌન અને શબ્દાતીત વેદનમાં ગરક થતાં પહેલા પૂરાવારૂપે અશુદ્ધ પ્રદેશોને સમજાવે છે કે આ વાણી તથા આ માર્ગને સર્વ જ્ઞાનીઓએ સમ્મત કરેલો છે. આવો પૂરાવો આપવાથી રુચક પ્રદેશોના પુરસ્કારરૂપ શબ્દાતીત મૌનવાળા અહોભાવથી કેવળીગમ્ય પ્રદેશોને સહજ સમાધિની ભેટ મળે છે. આ વાણીમાં જો કોઈ પણ પ્રકારનું અસત્ય હોત તો કેવળીગમ્ય પ્રદેશોને ઉત્તમ અહોભાવવાળી શબ્દાતીત, મૌનથી ભરેલી સહજ સમાધિ મળત નહિ. કેવળીગમ્ય પ્રદેશોના અપૂર્વ પુરુષાર્થ, કલ્યાણભાવ તથા આજ્ઞાપાલનને અમારા પ્રદેશે પ્રદેશથી પ્રત્યેક સમયના સાષ્ટાંગ વંદન હો, વંદન હો, વંદન હો.

## શિષ્યને બોધબીજની પ્રાપ્તિ

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

સદ્‌ગુરુનો ઉત્તમ ઉપદેશ શિષ્યને મળવાથી તેની સન્મતિ જાગે છે, અને તે માર્ગે તે આગળ વધી સમ્યક્‌જ્ઞાનની પ્રતીતિ મેળવે છે. જીવને વર્તતું મૂળ અજ્ઞાન દૂર થવાથી, તેને પોતામાં જ સ્વપદ રહ્યું છે તેની ખાતરી થાય છે, અને શિષ્ય પોતાના સદ્‌ગુરુને ખૂબ ઉલ્લાસથી જણાવે છે કે, 'તમારા સાચા અને સમર્થ ઉપદેશથી મને પૂર્વે કદી નહોતી આવી એવી સભાનતા પ્રાપ્ત થઈ છે. આ સભાનતાને કારણે મારું અજ્ઞાન દૂર થયું છે અને મારામાં જ મારું પદ સમાયું છે તેની મને અનુભૂતિ થઈ છે.'

આત્મસિદ્ધિશાસ્ત્રના આ વિભાગને 'શિષ્યને બોધબીજની પ્રાપ્તિ' એવું શિર્ષક આપી શ્રી રાજપ્રભુએ એક ગુપ્ત છતાં સૂચિત રહસ્ય મૂક્યું છે. આગળ જોયું તે પ્રમાણે રુચક પ્રદેશના સંપર્કથી જીવના કેવળીગમ્ય પ્રદેશો મૌનની સમાધિસ્થ દશાએ પહોંચે છે, અને તે સાથે કેવળીગમ્ય પ્રદેશોનો વાણીયોગ સમાપ્ત થાય છે.

આ રીતે જોતાં અહીં આ શાસ્ત્રની રચના પૂર્ણ થવી જોઈતી હતી, પણ તેમ થયું નથી. વિચારતાં તેનું કારણ એમ સમજાય છે કે, રાજપ્રભુના અશુદ્ધ પ્રદેશો આ સમયમાં એટલા બધા આજ્ઞાંકિત થઈ ગયા હતા કે તેમનાં ચારિત્રની વિશુદ્ધિની પ્રસાદી અહીં પછીની કડીઓમાં આપણને મળે છે. આજ્ઞાધીનપણાની આવી સ્થિતિથી અને અસંખ્ય અશુદ્ધ પ્રદેશોની એકત્રિત થયેલી શક્તિથી આત્મસિદ્ધિ માટેની ભાવચેતના એ જ ક્રમ ભૂમિકા તથા લયથી ચાલુ રહે છે. વિશેષ વિચારીએ તો આપણને સમજાય છે કે 'ધન્ય રે દિવસ આ અહો' એ પદમાં તેમણે લખ્યું છે કે 'કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહવિયોગ રે' તેનો સબળ પૂરાવો આપણને અહીં જોવા મળે છે. કેવળીગમ્ય પ્રદેશોનાં બોધબીજજ્ઞાનનું બોધામૃત અશુદ્ધ પ્રદેશોએ ગ્રહણ કર્યું છે, અર્થાત્ તેમની કલ્યાણમય વાણીની પ્રાપ્તિની સાબિતીરૂપ આ કડીઓ રચાઈ છે. આ પરથી રાજપ્રભુની એ વખતની અંતરંગ દશાનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. જેમકે (૧) તેમને સૂક્ષ્મતાથી સભર એવું શ્રુતકેવળીપણું પ્રગટયું હતું. આ શ્રુતકેવળીપણું તેમણે કેવળીગમ્ય પ્રદેશોના અનુભવ, ભેદજ્ઞાન તથા મોક્ષમાર્ગની યથાર્થ સમજણને અનુભવરૂપ ચારિત્રના પરિચય દ્વારા અશુદ્ધ પ્રદેશોને આપ્યું હતું. અશુદ્ધ પ્રદેશોએ આ શ્રુતજ્ઞાનને અવધારી, આજ્ઞાનાં ચારિત્રમાં પરિણમાવ્યું હતું. (૨) એમાં પ્રગટ થતો એમના અશુદ્ધ પ્રદેશોનો ઉત્તમ ધર્મનાં સનાતનપણા સાથેનો મંગલપણાનો વીતરાગી કલ્યાણભાવ સ્પષ્ટપણે આપણને દર્શાવે છે કે એમનો આત્મા ભાવિમાં જરૂર તીર્થ પ્રવર્તાવશે અને પૂર્ણ અવસ્થા પ્રગટ થતાં તેમના આત્માના સર્વ પ્રદેશોમાંથી કલ્યાણભાવનાં અગણિત પરમાણુઓ છૂટયા કરશે.

'શિષ્યને બોધબીજની પ્રાપ્તિ' એ ખંડમાં અશુદ્ધ પ્રદેશોની જે ઉત્તમ વાણી પ્રગટ થઈ છે તેમાં ભક્તિનો અહોભાવ છલોછલ ભરેલો અનુભવાય છે. એ જ રીતે રાજપ્રભુએ સૌભાગભાઈ પાસેથી જે ઉત્તમ ભક્તિને ઉપજાવવાની ચાવી જાણી હતી, તે પરમ ઉપકાર માટેનો અહોભાવ પણ આ કડીઓમાં ઘણો જોવા મળે છે. તેમાંથી એમની નિર્માનીપણાની સ્પષ્ટ છાપ ઊઠી આવે છે. તે પરથી,

તેમનામાં ઉત્તમ ગુરુપણા સાથે ઉત્તમ શિષ્યપણું પણ રહ્યું હતું, તે લાક્ષણિકતા પ્રગટ થતી હોવાથી, એ પણ સ્પષ્ટ થાય છે કે તેઓએ પાંચે પદને (સાધુસાધ્વીથી અરિહંત સુધીના) સ્પર્શ કરીને તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું.

સદ્‌ગુરુનો યથાર્થ બોધ મળવાથી, અશુદ્ધ પ્રદેશો પોતાને મોક્ષમાર્ગ પ્રતિ અપૂર્વ સભાનતા આવી છે તેવી જાહેરાત કરે છે. સાથે સાથે તેમનો વિશ્વાસ પ્રગટ થાય છે કે આ સભાનતાથી ઈચ્છિત શુદ્ધપદ પોતામાં જ રહેલું જણાયું હોવાથી અજ્ઞાનથી થતાં સર્વ બંધનોથી જરૂર મુક્તિ મળશે. 'નિજપદ નિજમાંહી લહ્યું' એ કેવળજ્ઞાનની તથા અરિહંતપણાની ઉત્તમ સ્થિતિ છે તેનો નિર્દેશ કરી તેમણે અરિહંતપ્રભુને નમસ્કાર કર્યા છે.

ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;<br>
અજર, અમર, અવિનાશી, ને દેહાતીત સ્વરૂપ. ૧૨૦

શિષ્યને સ્વરૂપશુદ્ધિનો ખ્યાલ આવતાં વિધાન કરે છે કે મને જે સ્વસ્વરૂપ જણાયું છે, તે શુદ્ધ ચેતનમય છે. તે સ્વરૂપ અજર – ઘડપણ વગરનું, અમર-મૃત્યુરહિત અને અવિનાશી – નાશથી પર છે. આ સ્થિતિએ પહોંચતા જીવ દેહથી પર એવી દશા પામે છે, તેથી તેને ભાવિમાં દેહ ધારણ કરવાપણું રહેતું નથી.

આમ આ કડીમાં સિદ્ધપ્રભુની દશાનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે આત્મા પોતાનાં શુદ્ધ સ્વરૂપને સતત અનુભવે છે, પોતાની શુદ્ધ ચેતનમય સ્થિતિમાં બિરાજે છે, ત્યારે તે જરા રહિત, મૃત્યુ રહિત અને વિનાશ વગરની, દેહથી અતીત (જેને દેહમાં રહેવાનું ભૂતકાળ થયેલ છે તેવી) દશાને પામે છે. આ સ્થિતિ નિઃસંશયપણે સિદ્ધ ભગવાનની છે. સિદ્ધપ્રભુના આવા ગુણોનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે, તેથી અશુદ્ધ પ્રદેશો તેમને વંદન કરે છે.

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;<br>
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧

શિષ્યને મોક્ષમાર્ગની, આત્માનાં છઠ્ઠા પદની અનુભૂતિ થઈ છે તે આ કડીમાં જણાવ્યું છે. જ્યાં સુધી જીવ વિભાવમાં રહે છે, ત્યાં સુધી તે કર્મનો કર્તા કે ભોક્તા થયા કરે છે. અને જ્યારે તે સ્વભાવમાં નિમગ્ન થાય છે ત્યારે તે સ્વભાવનો કર્તાભોક્તા થાય છે અને કર્મનો કર્તાભોક્તા રહેતો નથી.

જીવનાં કર્તાભોક્તાપણાની સ્થિતિ સમજાવતાં તેમણે આ કડીમાં આચાર્યના ગુણોનું વર્ણન પણ કર્યું છે. આચાર્યજી ૬-૭ ગુણસ્થાને વર્તી સ્વપરકલ્યાણની ભાવના સેવી, કલ્યાણકર્મ ઉપાર્જે છે અને ભોગવે છે. આ શુભ કાર્ય કરવામાં, તેઓ છદ્મસ્થ હોવાથી, તેમને વિભાવ વર્તે છે. પરંતુ તેમનાં પુરુષાર્થ તથા આજ્ઞાધીનપણું એટલાં ઉત્તમ હોય છે કે તેઓ વર્તતા વિભાવને ધર્મધ્યાન તથા શુક્લધ્યાન દ્વારા ‘નિજભાવ’માં લઈ જાય છે, અને તેઓ વિભાવના અકર્તા થાય છે. આચાર્યજીના આ અપૂર્વ પુરુષાર્થનું વર્ણન કરતાં તેમના અશુદ્ધ પ્રદેશો એમને વંદન કરે છે. આ દશા ખૂબ સ્મરણીય છે.

અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તાભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

અશુદ્ધ પ્રદેશોનો કર્મનાં કર્તાભોક્તાપણાથી છૂટી સ્વભાવ પ્રતિ જવાનો જે પુરુષાર્થ છે, તેને વર્ણવતાં આ કડીમાં કહ્યું છે કે, આત્માનાં શુદ્ધ ચેતનનાં સ્વરૂપવાળાં જે પોતાનાં પરિણામ છે, તે પરિણામમય થઈ અશુદ્ધ પ્રદેશો નિર્વિકલ્પ સ્વરૂપના કર્તા તથા ભોક્તા એ કાળ માટે થાય છે.

આ કડીનાં વર્ણનમાં આપણને શ્રી ઉપાધ્યાયજીના પુરુષાર્થનું હૂબહૂ વર્ણન જોવા મળે છે. ઉપાધ્યાયજીનો પુરુષાર્થ સામાન્ય રીતે આચાર્યજીના પુરુષાર્થ કરતાં સહેજ નબળો હોય છે; તેથી તેઓ પોતાનાં સ્વરૂપમાં લાંબા ગાળા સુધી રહી શકતા નથી. પરંતુ તેઓ પોતાની આ નબળાઈને લીધે પોતાના અશુદ્ધ પ્રદેશોને વિશેષ અશુદ્ધ થવા દેતા નથી; બલ્કે સ્વાધ્યાયાદિ છ પ્રકારનાં આંતરતપ અને છ પ્રકારનાં બાહ્યતપને આજ્ઞાધીનપણે આરાધી શુદ્ધ કરતા જાય છે, એટલું જ

નહિ પણ, પોતાની સુષુપ્ત સ્વરૂપ ચેતનાને જગાડતા પણ જાય છે. સ્વરૂપ ચેતનાને જગાડવાના તેમના અપ્રમત્ત પુરુષાર્થથી તેઓ નિર્વિકલ્પ સ્વરૂપનો અનુભવ કરાવનાર શુક્લધ્યાનના કર્તા તથા ભોક્તા થાય છે. આમ અપૂર્વ રીતે ઉપાધ્યાયજીના પુરુષાર્થને વર્ણવી તેમના અશુદ્ધ પ્રદેશો ઉપાધ્યાયજીને ભાવપૂર્વક નમસ્કાર કરે છે.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહીં પ્રભુની અનુભવવાણી પ્રગટ થઈ છે. તેમાં જણાવ્યું છે કે મોક્ષ એટલે પોતાની સંપૂર્ણ શુદ્ધિ. જે માર્ગથી આવી શુદ્ધિ મેળવી શકાય તે જ મોક્ષનો સાચો માર્ગ છે. આ આખા નિર્ગ્રંથ (કર્મની ગાંઠથી છૂટવાના) માર્ગને અહીં સાવ સંક્ષેપમાં અર્થાત્ ટૂંકાણમાં સમજાવ્યો છે.

પ્રભુએ પ્રગટ કરેલા નિર્વિવાદ મોક્ષમાર્ગના વર્ણનના પડછામાં રાજપ્રભુએ સાધુસાધ્વીજીના પુરુષાર્થને પણ વર્ણવ્યો છે. સાધુસાધ્વીજી પોતાની શુદ્ધિ તથા સ્વકલ્યાણ મેળવવા સતત મોક્ષમાર્ગમાં ચાલતા રહે છે, અને નિગ્રંથ મહાત્મા એવા ઉપાધ્યાયજી, આચાર્યજી તથા ગણધરજી પાસેથી સકળ મોક્ષમાર્ગની જાણકારી વધારતા જાય છે. આ રીતે સાધુસાધ્વીજીના ઉત્તમ ગુણોનું સ્મરણ કરી અશુદ્ધ પ્રદેશો તેમને વંદે છે.

આ પાંચે કડીઓનો વિસ્તારથી વિચાર કરીએ તો લક્ષમાં આવે છે કે શ્રી રાજપ્રભુના અશુદ્ધ પ્રદેશો પાંચે પરમેષ્ટિને વિનયપૂર્વક વંદન કરી, મળેલી છએ પદની ઉત્તમ જાણકારીને પોતાના પુરુષાર્થમાં સતત વણી લેવા માટે આજ્ઞા માગે છે. આ સાથે તેઓ પંચપરમેષ્ટિ પાસેથી, એ રૂપ બનવા માટેનું ઋણ લઈ, પ્રમાદ, કષાય તથા યોગને દેશવટો આપવાનો નિર્ધાર કરે છે તે જણાય છે.

અહીં પંચપરમેષ્ટિ પ્રભુને ઉતરતા ક્રમમાં સ્મરી, અશુદ્ધ પ્રદેશો પોતા માટે અરિહંત પ્રભુના પુરુષાર્થને મેળવવાનો લક્ષ બાંધે છે. આ ન મળે ત્યાં સુધી

તેમણે સિદ્ધાવસ્થાનું ધ્યેય નક્કી રાખ્યું છે. તે ધ્યેયને પૂર્ણ કરવા આચાર્યજીનો પુરુષાર્થ તેઓએ ઇચ્છયો છે. આવો પુરુષાર્થ પ્રગટ ન થાય ત્યાં સુધી તેમણે ઉપાધ્યાયજીના પુરુષાર્થમાં રહેવાની નેમ રાખી છે. અને ઉપાધ્યાયજીના પુરુષાર્થમાં જવા માટે સાધુસાધ્વીજીના પુરુષાર્થનું સતત આરાધન કરવાની તેમની ટેક તેમાંથી પ્રગટ થાય છે. તેનાથી નીચેની કક્ષાના પુરુષાર્થમાં રહેવાની તેમની લેશમાત્ર ઇચ્છા નથી, તેવો નિર્ધાર તેમના અશુદ્ધ પ્રદેશોએ કર્યો જણાય છે. આ ક્રમને ઊંડાણથી વિચારતાં આપણને સ્પષ્ટ થાય છે કે રાજપ્રભુનાં સર્વ પ્રદેશો ભાવિમાં જરૂર અરિહંતની દશાને મેળવશે; કેમકે તેમના અશુદ્ધ પ્રદેશોનો એ જ લક્ષ છે. સાથે સાથે તેઓ અન્ય ચાર પરમેષ્ટિ પ્રતિનું ધ્યેય પણ સેવતા જણાય છે, એ પરથી સિદ્ધ થાય છે કે તેઓ પરમેષ્ટિનાં પાંચે પદને સ્પર્શીને અરિહંતની દશા પામશે.

અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો અહો ઉપકાર. ૧૨૪

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સહુ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન; ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તલવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

શિષ્યને બોધબીજની પ્રાપ્તિ થવાથી, તેનાં મનમાં સદ્ગુરુ માટે ખૂબ ખૂબ અહોભાવ, પૂજ્યભાવ તથા ઉપકારભાવ પ્રગટે છે. અને તેનાં મુખમાંથી સહજપણે ઉપરના ઉદ્ગારો સરી પડયા છે. તે પોતાના સદ્ગુરુને કહે છે કે, 'અહો ગુરુજી! તમે તો કરુણા તથા દયાના સાગર છો, કેમકે સંસારમાં મૂઢ થઈ રખડતા

મારા જીવ પર તમે ઘણો ઘણો ઉપકાર કરી, આત્માની શુદ્ધિ પ્રાપ્ત કરાવી છે, (૧૨૪). આ ઉપકારને વાળવા હે પ્રભુ! તમારા ચરણમાં હું શું ધરું? આ જગતમાં પ્રત્યેક પદાર્થ આત્મા કરતાં ઓછા મુલ્યનાં છે. અને તેની પ્રાપ્તિ તો તમે જ મને કરાવી છે, તેથી હું મારા આત્માને જ તમારા ચરણમાં ધરી દઉં છું, (૧૨૫). આજથી મારાં મન, વચન, કાયા તમારી આજ્ઞામાં જ પ્રવર્તો. હું તો આજથી તમારો જ સેવક થાઉં છું, (૧૨૬). તમે તો મને આત્માનાં છએ પદ સમજાવીને, મ્યાનથી જેમ તલવાર અલગ છે તેમ આત્મા પણ દેહાદિથી ન્યારો છે એ સમજાવી, અનુભવાવી ખૂબ ખૂબ ઉપકાર કર્યો છે. આ ઉપકારનું માપ મારાથી કાઢી શકાય તેમ નથી, (૧૨૭).'

આ ચાર કડીઓમાં રાજપ્રભુએ પોતે સૂક્ષ્મતાએ અનુભવેલા ગુપ્ત માર્ગને સ્પષ્ટપણે છતાં અવ્યક્તપણે વ્યક્ત કર્યો છે. તે પહેલાંની પાંચ કડીઓમાં તેમણે શ્રી પંચપરમેષ્ટિ ભગવંતને ઉતરતા ક્રમમાં, તેમના અપૂર્વ ગુણોનું વેદન તથા પાન કરતાં કરતાં વંદના કરી છે. તેથી તેમના અશુદ્ધ પ્રદેશોને એ ગુણોની અપૂર્વ રીતે શ્રુત અનુભવની સ્પર્શના થઈ હતી.

શ્રુત અનુભવ સ્પર્શનાને શ્રીપ્રભુ એક અપૂર્વ સ્થિતિ તરીકે વર્ણવે છે. જે વિરલા આત્માને સર્વ પંચપરમેષ્ટિ ભગવંત માટે એક સરખો તાદાત્મ્યભાવ વર્તે છે, તે વિરલા જીવ પાંચે પરમેષ્ટિ પદને સ્પર્શીને તીર્થંકર નામકર્મ બાંધે છે. આ ભાવ સાથે જ્યારે એ આત્મા એ જ સમયે ધર્મનાં સનાતનપણાને તથા મંગલપણાને વેદે છે, અને એ બધા ભાવોને એકરૂપ કરવા, તેનું સમાનપણું કરવા માટે પૂર્ણ આજ્ઞાનો ઉપયોગ કરે છે, ત્યારે તે જીવને પંચપરેમષ્ટિ પ્રભુના ઉત્કૃષ્ટભાવગુણોથી ભરેલા પરમાણુઓને એકત્રિત કરવાની અતિ અતિ દુર્લભ ચાવી છદ્મસ્થ દશામાં પણ મળે છે. ગ્રહણ કરેલાં પરમાણુમાંથી પૂર્ણ પંચપરમેષ્ટિના ગુણોનો અનુભવ તેને શ્રુતરૂપે મળે છે, અને છદ્મસ્થ પરમેષ્ટિના ગુણોનો અનુભવ તેમને વેદન દ્વારા થાય છે. આ શ્રુત તથા વેદનનો અનુભવ પૂર્ણ આજ્ઞાનાં માધ્યમથી એવા એકમેક થઈ જાય છે કે એને એકબીજાથી જુદા

જોવાનું શક્ય બનતું નથી. આવી રીતે એકમેક થયેલા આજ્ઞારસથી ભરેલા પંચપરમેષ્ટિના ગુણોવાળા પરમાણુઓને જ્યારે એ જીવના સર્વ અશુદ્ધ પ્રદેશો સમાનપણે સ્પર્શ કરે છે ત્યારે તે સ્થિતિને શ્રી પ્રભુ પંચપરમેષ્ટિ પ્રભુની શ્રુત અનુભવ સ્પર્શના કહે છે.

આગળની પાંચ કડીઓની રચના વખતે રાજપ્રભુના અશુદ્ધ પ્રદેશો એટલા બધા આજ્ઞાધીન હતા કે એમને એ કડીઓની રચના કરતી વખતે પંચપરમેષ્ટિ પ્રભુની શ્રુત અનુભવ સ્પર્શના થઈ હતી. આવા અપૂર્વ અનુભવનું વેદન થવાથી તેમાં ધર્મનાં સનાતનપણાના તથા મંગલપણાના પંચપરમેષ્ટિના ઉત્કૃષ્ટ પરમાણુઓનો આજ્ઞારસ ઉમેરાયો હતો. પંચપરમેષ્ટિ પ્રભુની પરમ પરમ આજ્ઞાભક્તિ તથા અહોભાવના જોરથી એ જ ઉત્તમ, અપૂર્વ, શબ્દાતીત, અભેદ આજ્ઞારસનો મેળો, અપૂર્વ ઉત્તમ તથા અતિ અતિ દુર્લભ ભેદજ્ઞાનવાળા અભયદાન દ્વારા આ કડીઓની રચના વખતે તેમનાથી પ્રક્રિયા રૂપે વેદાયો હોવો જોઈએ. આવા ભેદજ્ઞાનથી ભરેલાં અભયદાનને શ્રી પ્રભુ 'અભેદ પૂર્ણ આજ્ઞા સહિતના ભેદજ્ઞાનરૂપ, સનાતન મંગલ ધર્મના અભયદાન' તરીકે ઓળખાવે છે.

આ જ કારણથી આ ચાર કડીઓમાં અતિ કલ્યાણમય ભક્તિરસ રહેલો હોવાને લીધે, તેનાં રટણ દ્વારા અનેક જીવોના આત્માની પ્રગતિ તથા વિશુદ્ધિ થઈ છે, થાય છે અને થતી રહેશે. તેની લોકપ્રિયતા પણ સતત વધતી જશે કેમકે તે ભાવ, તે દાન અને તે ભક્તિરસ અલૌકિક પ્રકારનાં છે.

૧૨૪મી કડીમાં શિષ્ય (અશુદ્ધ પ્રદેશો) સદ્‌ગુરુરૂપ રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશો પ્રત્યે ઉત્તમ ભક્તિની અભિવ્યક્તિ કરતાં પોતાની પામરતાનું અને પ્રભુ પ્રત્યેના અહોભાવનું વેદન કરે છે. ૧૨૫મી કડીમાં એ અહોભાવને ઉત્કૃષ્ટપણે વેદન કરવા માટે, અશુદ્ધ પ્રદેશોને પોતાની પામરતા, છદ્મસ્થતા તથા હીનવીર્યતાનો અનુભવ થવાથી, પ્રભુને ચરણે ધરવા યોગ્ય કોઈ પદાર્થ તેમને દેખાતો નથી, પરંતુ તે અશુદ્ધ પ્રદેશો સંજ્ઞાના માધ્યમથી જાણે છે કે અમને જે કંઈ પ્રાપ્તિ થઈ છે તે આ જ પ્રભુ દ્વારા થઈ છે, માટે તેનું ઉત્તમ વેદન કરવા

માટે એ જ પ્રભુનાં ચરણોમાં ઉત્તમ, ઉત્કૃષ્ટ તથા પૂર્ણ આજ્ઞાનાં માધ્યમથી કાર્યસિદ્ધિ કરવી જરૂરી છે. આવી ખાતરી હોવાનાં કારણે ઉત્કૃષ્ટ ભક્તિનાં વેદનમાં એ અશુદ્ધ પ્રદેશો ડૂબી જાય છે.

૧૨૬મી કડીમાં ઉત્તમ ભક્તિ સહિતના આજ્ઞાનાં વેદનથી જે અપૂર્વ શાંતિ, શુદ્ધિ તથા સિદ્ધિ અશુદ્ધ પ્રદેશોને પ્રાપ્ત થાય છે, તેનાથી તેઓને લક્ષ આવે છે કે આ પ્રકારનાં શાંતિ, શુદ્ધિ કે સિદ્ધિ તેમને સ્વચ્છંદી વર્તનના કાળમાં ક્યારેય મળ્યાં ન હતાં. આથી એ અશુદ્ધ પ્રદેશો પણ લે છે કે હવેના કાળમાં તેઓ મન, વચન, કાયાથી પ્રભુ આજ્ઞાએ વર્તશે, અર્થાત્ તે સર્વને તેઓ સતત પ્રભુને આધીન જ રાખશે. એટલું જ નહિ પણ, સફળતા કે નિષ્ફળતાના સંજોગોમાં પણ તેઓ દાસરૂપે, દાસત્વ સહિતની આજ્ઞામાં જ રહેશે. આમ તેઓ પ્રભુની આજ્ઞામાં ઉત્તમ રીતે રહેવાની ટેક રાખી, નિયાણુ કરે છે. આવી ઉત્તમ ભક્તિવાળી આજ્ઞાના વેદન પછી, શ્રીપ્રભુએ આત્માનાં છ પદ વિશે શ્રુતદર્શન આપ્યાં અને ભેદજ્ઞાનની સૂક્ષ્મ સમજણ પણ તેમણે તેમને આપી. આ ઉપકાર શબ્દાતીત હોવાનાં કારણે, અશુદ્ધ પ્રદેશો (શિષ્ય) તેનો ઉપકાર અહોભાવ વેદીને તથા આજ્ઞામાં રહેવાના પુરુષાર્થથી માને છે. આ ભાવને રાજપ્રભુએ ૧૨૭મી કડીમાં વર્ણવ્યો છે.

## ઉપસંહાર – છેવટની ઉત્તમ શિખામણ

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ;<br>
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

શિષ્યને મળેલાં છ પદનાં સમાધાન તથા રહસ્યનાં કારણે તેને પ્રતીતિ આવે છે કે છએ દર્શનનો સાર આત્માનાં આ છ પદનાં વિવેચનમાં સમાઈ જાય છે. આ વિશે વિસ્તારથી વિચાર કરતાં હવે કોઈ પણ પ્રકારનો સંશય શિષ્યને રહેતો નથી.

આત્મસિદ્ધિના આ છેવટના ઉપસંહારના ભાગમાં શ્રી રાજપ્રભુએ એક ખૂબ જ અગત્યની વાત ગૂંથી લીધી છે. શ્રી સદ્‌ગુરુ પાસેથી છએ પદની ઊંડી સમજણ મેળવ્યા પછી, શિષ્યે તે માટે હ્રદયના ઊંડાણથી આભારની લાગણીનું વેદન કર્યા પછી, એ જ્ઞાનને પુરુષાર્થની શ્રેણિમાં કેવી રીતે લઈ જવું તેની ક્રમસર ભૂમિકા અહીં રજૂ કરી છે.

છ પદનાં જ્ઞાનમાં શિષ્ય માનવપણું પામી ઉત્તમ શ્રુતિ મેળવે છે. શિષ્યની બોધબીજની પ્રાપ્તિના વિભાગમાં આભારની લાગણી સાથે ઉત્તમ શ્રદ્ધાની ભાવના પણ રાજપ્રભુએ દર્શાવી છે. ઉપસંહારમાં ઉત્તમ શ્રુતિ તથા શ્રદ્ધા પામ્યા પછી જીવના અશુદ્ધ પ્રદેશોએ કેવો શ્રમ આદરવો જોઈએ તેનું ઉત્તમ વર્ણન છે. આ કડીમાં શિષ્ય (અશુદ્ધ પ્રદેશો) સ્પષ્ટપણે દર્શાવે છે કે આ શ્રુતિ દ્વારા છએ દર્શનની સાચી સમજણ છ પદનાં વિવેચનમાં આવી જાય છે. તેના વિશે શ્રદ્ધાથી શ્રમ લઈ વિચાર કરવાથી સર્વ આશંકાઓ દૂર થઈ જાય છે. એક પણ શંકા અસ્તિત્વ ધરાવી શકતી નથી.

૧૨૮મી કડીમાં શ્રી રાજપ્રભુએ દર્શાવ્યું છે કે આ શાસ્ત્રમાં આત્માનાં છએ પદની સિદ્ધિ કરવા ઉપરાંત છએ દર્શનનો સાર આવી જાય છે. આ છ દર્શન છેઃ ચાર્વાક, બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, મીમાંસા (વેદાંત) અને જૈન. આ છએ દર્શનનાં મુખ્ય મુખ્ય સિદ્ધાંતો આ શાસ્ત્રમાં કેવી રીતે આવી જાય છે તે જાણવું ખૂબ રસપ્રદ છે. અલબત્ત, જેમને છએ દર્શનનો આમૂલ અભ્યાસ હોય તેમને માટે આ સમજણ આપવી ખૂબ આસાન છે. પણ એવા ગહન અભ્યાસ વિના અમે પ્રભુની કૃપાથી અને આજ્ઞાથી સામાન્ય કક્ષાએ સમજણ આપવા પુરુષાર્થ કરીએ છીએ.

આત્માનાં સ્વરૂપને જણાવનારા મુખ્ય છ પદ છેઃ આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. આ છએ પદની સિદ્ધિ કરતી વખતે રાજપ્રભુએ કોઈ પણ દર્શનનું નામ પાડયા વગર, પ્રત્યેક દર્શનની માન્યતા શિષ્યની શંકામાં કે ગુરુના સમાધાનમાં ગૂંથી લીધી છે.

આત્માનાં અસ્તિત્વનો નકાર કરનાર એક માત્ર ચાર્વાક દર્શન છે. તે નકાર કરવા સાથે આ દર્શન બાકીનાં પાંચ પદનો પણ નકાર સિદ્ધ કરે છે. આ મતવાદીઓ જગતમાં પૌદ્ગલિક રીતે જે કાંઈ દેખાય છે કે જણાય છે કે અનુભવાય છે તેનો જ સ્વીકાર કરે છે, તેથી શિષ્યે આત્માનાં અસ્તિત્ત્વ બાબત આશંકા રજૂ કરતી વખતે આ દર્શનની બધી દલીલો પોતાની રીતે રજૂ કરી છે; અને એ દ્વારા ચાર્વાક મતનું આડકતરી રીતે મંડન કર્યું છે. સાથે સાથે શિષ્યે ગુરુપ્રતિ અહોભાવ વેદી તેનું સમાધાન પણ માંગ્યું છે. આ માગણીના ઉત્તર રૂપે ગુરુએ આત્માનાં અસ્તિત્વનું પ્રમાણ આપતી દલીલ કરતી વખતે, ચાર્વાક મતની બધી દલીલોનું ખંડન કર્યું છે, અને બાકીના પાંચે આસ્તિક દર્શનોનું મંડન કર્યું છે, કોઇ પણ મત કે દર્શનનું નામ લીધા વિના અને કોઈ પણ દર્શનની મુખ્ય મુખ્ય દલીલોને છોડયા વિના તેમણે આ કાર્ય કર્યું છે. સાથે સાથે તેમણે જિનવાણીની અર્થાત્ વીતરાગવાણીની અભિવ્યક્તિ અત્યંત સ્પષ્ટપણે કરી છે.

આ જ રીતે શ્રી રાજપ્રભુએ આત્માનાં અન્ય પાંચે પદ વિશેની આશંકા શિષ્યના મુખમાં મૂકી ચાર્વાક મત પ્રદર્શિત કર્યો છે, સાથે સાથે અન્ય પાંચે દર્શનનાં વિરોધી મતની અભિવ્યક્તિ પણ આશંકા રજૂ કરતી વખતે કરી છે, અને તે પ્રત્યેકના ઉત્તરમાં, તે મતોનું યથાયોગ્ય નિરસન કરતી વખતે તે પદના સમર્થક દર્શનોનું મંડન પણ તેઓ કરતા ગયા છે. આમ આત્મસિદ્ધિશાસ્ત્રમાં ગુરુશિષ્યના સંવાદમાં છએ દર્શનનો સાર, કોઈ પણ દર્શનનું નામ પાડયા વિના આવી જાય છે. તેમ કરવા પાછળનું રહસ્ય એ સમજાય છે કે જીવે સઘળા મતમતાંતરોનો ત્યાગ કરી સદ્ગુરુની આજ્ઞાએ સ્વકલ્યાણ અર્થે ચાલવા યોગ્ય છે. મતમતાંતરની કડાકૂટમાં પડવાથી જીવ પોતાનું કલ્યાણ ચૂકી જાય છે.

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

શિષ્યને સાચું માર્ગદર્શન મળતાં સમજાય છે કે ભૂતકાળમાં મારા જીવે દેહમાં અતિશય મારાપણું કર્યું હતું, તેનાં ફળરૂપે મને કર્મરૂપી રોગ લાગુ પડયો છે. આના જેવો બીજો કોઈ ભયંકર રોગ નથી. સદ્ગુરુરૂપી ઉત્તમ વૈદની મને પ્રાપ્તિ થઈ છે, તેથી મારો આ રોગ જરૂરથી નિર્મૂળ થઈ જશે એની મને ખાતરી છે. સદ્ગુરુએ જ મારા રોગનું સાચું નિદાન કર્યું છે. તેમણે મને જે ચરી પાળવાની બતાવી છે તે તેમની આજ્ઞામાં રહેવાથી જ પાળી શકાય તેમ છે. તેમણે મારો આ રોગ મટાડવા માટે જે ઔષધો બતાવ્યાં છે તે છે વિચાર અને ધ્યાન. આત્માની શુદ્ધિ કરવા બાબત વિચાર કરી, આત્માનાં ધ્યાનમાં એકાગ્ર થવું એ કર્મરૂપી રોગ મટાડવા માટેની મુખ્ય દવા છે. એટલે કે સદ્ગુરુની આજ્ઞામાં રહી આત્મસ્વરૂપમાં એકાકાર થવું એ મૂળ દવા છે.

આમ, આ કડીમાં શંકારહિત સ્થિતિનું વિશેષ વર્ણન કરતાં અશુદ્ધ પ્રદેશો સ્વબોધ ગ્રહણ કરે છે કે આત્મા ભૂલાવામાં પડી મિથ્યાત્વ સહિતના મહાકર્મરોગમાં ફસાયો છે, તેનું સચોટ નિદાન કરી શ્રી સદ્ગુરુએ 'આજ્ઞામાં રહેવાનું' ઉત્તમ પથ્ય આપ્યું છે. આ પથ્ય પર અશુદ્ધ પ્રદેશોએ ઉત્તમ શ્રમ કરી વિચાર કરવાનો છે, અને ધ્યાન કરવામાં નિમગ્ન થવાનું છે. માત્ર શ્રુતિથી એટલે કે ધર્મ સાંભળવાથી કે તેના પર પ્રેમ ઉપજાવવાથી સિદ્ધિ થઈ જતી નથી. એ પ્રેમને જીવે (અશુદ્ધ પ્રદેશોએ) ઉત્તમ પુરુષાર્થમાં રૂપાંતરિત કરવાનો છે. જેથી એ શ્રુતિ તથા શ્રદ્ધા શ્રમના માર્ગથી ઉત્તમ ફળ આપે.

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

આત્માનાં છએ પદનો સાર આપી, ગુરુ શિષ્યને બોધ આપતાં આ કડીમાં કહે છે કે જો તમને પરમ અર્થ અર્થાત્ આત્મકલ્યાણ કરવાની ઇચ્છા હોય તો સાચો પુરુષાર્થ કરવા માંડો. આ પુરુષાર્થ કરવામાં ભવ, સંજોગ આદિનું ઓઠું ગ્રહણ કરી તેને ક્યાંય મંદ થવા દેશો નહિ, એમ કરવાથી તમે આત્માર્થ ચૂકી જશો.

આ કડીમાં સદ્ગુરુ શ્રી રાજપ્રભુ શિષ્યને (અશુદ્ધ પ્રદેશોને) ઉત્તમ બોધ આપતાં સમજાવે છે કે ઉત્તમ પરમાર્થ સિદ્ધિ મેળવવાની તમારી ઈચ્છા પૂરી કરવા માટે તમારે કૃત્રિમ રીતે નહિ, પણ સાચા પુરુષાર્થને ઉત્તમ રીતે વળગી રહીને સત્શ્રમ કરતા રહેવાનું છે. સાચો શ્રમ કરવામાં તમારે હજુ ભવનો પરિપાક થયો નથી, સાનુકૂળ સંજોગો મળતા નથી વગેરે વગેરે બહાના કાઢી મંદતા કેળવવાની નથી. આમ કરી કરીને તમે પોતાના આત્માને ભૂતકાળમાં દુ:ખના દરિયામાં ખૂબ ડૂબાડયો છે. તેથી આ કડીમાં પ્રભુએ જીવને – અશુદ્ધ પ્રદેશોને બહાના વગરના ઉત્તમ તથા સત્ય પુરુષાર્થ કરવાનો અનુરોધ કર્યો છે.

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

શ્રી સદ્ગુરુ ઉપસંહારમાં આગળ વધતાં શિષ્યને સમજાવે છે કે, 'હે શિષ્ય! નિશ્ચયનયની વાણી સાંભળી, જે કોઈ વ્યવહારનાં સાધનો છે તેનો ત્યાગ કરવો યોગ્ય નથી. ધ્યેયરૂપે નિશ્ચયનયને લક્ષમાં રાખી એ સાધનોનો સદુપયોગ કરવાથી આત્માની સિદ્ધિ થાય છે.'

આ રીતે આ કડીમાં નિશ્ચયનયને કેવી ઉત્તમ રીતે શ્રમમાં વણવાનો છે તેની ચાવી બતાવી દીધી છે. નિશ્ચયનયનાં આરાધનમાં સામાન્ય રીતે જીવ સાધનરૂપ બાહ્ય અવલંબનનો ત્યાગ કરી વર્તે છે તે યોગ્ય નથી. કારણ કે સાધનરૂપ નિમિત્તનો આત્મા પર ઘણો ઉપકાર રહેલો છે, એ નિમિત્તનો ઉપયોગ કરીને જીવ પોતાનાં સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તેથી નિશ્ચયનયથી આત્મસાધનો આત્માથી પર હોવા છતાં તેનો ત્યાગ કરવો અનુચિત છે. આથી સાધકે સાધનોનો નકાર કરવાનો નથી, પણ એ સાધનોનો યોગ્ય ઉપયોગ કરતા જઈ, તે સાધનો પ્રત્યેનું મમપણું જીવે છોડતા જવાનું છે.

રુચક પ્રદેશની સહાયથી, કેવળીગમ્ય પ્રદેશો કલ્યાણનાં પરમાણુઓ તથા આજ્ઞારસ દ્વારા અશુદ્ધ પ્રદેશોનું શુદ્ધિકરણ અમુક માત્રા સુધી કરે છે. જો અશુદ્ધ

પ્રદેશો આ સહાયનો નકાર કરે તો પૂર્ણ સ્વાધીન સ્થિતિને પામવાનું તેનું સ્વપ્ન કે ભાગ્ય રોળાઈ જાય. આ વાતનો લક્ષ રાખી અશુદ્ધ પ્રદેશોએ નિમિત્તરૂપ સાધનોનો સ્વીકાર કરતા જવાનો છે; અને યોગ્ય સમયે એ જ કલ્યાણના માર્ગથી એ સાધનોનો અન્ય જીવોનાં કલ્યાણ માટે ઉપયોગ કરવાનો છે, એવો બોધ અહીં જીવને અપાયો છે. 'નિશ્ચય રાખી લક્ષમાં'નો અહીં એ અર્થ થાય છે કે નિમિત્તના ઉપકારને ન ભૂલતાં, જીવે ઋણ લીધા પછી તેની ચૂકવણી કરવાની જવાબદારી ન ભૂલાય તેનો લક્ષ રાખવાનો છે. સાધનો વિશે આવો લક્ષ રાખી જીવે વર્તવું જોઈએ.

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બંને સાથે રહેલ. ૧૩૨

સદ્‌ગુરુ શિષ્યને અહીં બોધે છે કે, અહીં મેં જે કંઈ જણાવ્યું છે તે એકાંત નિશ્ચયનયથી કે એકાંત વ્યવહારનયથી જણાવ્યું નથી, પરંતુ તે બંનેનો યોગ્ય સમન્વય તથા ઉપયોગ કરી મધ્યમ માર્ગથી જણાવ્યું છે.

આ કડીમાં શ્રી જિનપ્રભુ પ્રણીત વીતરાગમાર્ગના અનેકાંતવાદની માંડણી કરાઈ છે. ગુરુ શિષ્યને સમજાવે છે કે વીતરાગ માર્ગમાં વ્યવહાર તથા નિશ્ચય એ બંને નય સમાયેલા છે. જીવે પોતાની યોગ્યતા પ્રમાણે તથા મળેલી આજ્ઞા પ્રમાણે બંનેનો યોગ્ય માત્રામાં સમન્વય કરી, શુદ્ધિ તથા સિદ્ધિ મેળવવાનો માર્ગ આદરવાનો છે. બંને નયને પોતાની દશાનુસાર તથા સ્થિતિ પ્રમાણે મહત્ત્વ આપતાં જવાનું છે. આ કારણથી જિનમાર્ગ એકાંત નયનો ત્યાગ કરી અનેકાંત માર્ગે આગળ વધવા પ્રેરણા આપે છે, કે જેથી ધર્મનાં મંગલપણા સાથે કાળની મર્યાદા બહારની સ્થિતિવાળું ધર્મનું સનાતનપણું ગૂંથાઈ જઈ સહઅસ્તિત્વ ધરાવી શકે.

ગચ્છ મતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર;
ભાન નહિ નિજરૂપનું, તે નિશ્ચય નહિ સાર. ૧૩૩

આરાધન કરતાં કરતાં જીવ પોતે જે ગચ્છમાં, દર્શનમાં કે મતમાં રહ્યો હોય, તેને જ સત્ય માની વર્તે તો તે સદ્‌વ્યવહાર નથી. એટલે કે કુળધર્મ આદિમાં ઓઘદૃષ્ટિથી મમત્ત્વ હોય તો તે યોગ્ય નથી, એ રીતે વર્તવાથી જીવને પોતાનાં સ્વરૂપનું ભાન પ્રગટી શકતું નથી. આવા પરિણામે વર્તવું તે જીવને માટે સારરૂપ નથી અર્થાત્ ઇચ્છવા યોગ્ય નથી.

આ કડી દ્વારા રચયિતાએ નિમિત્ત તથા ઉપાદાનની યોગ્યતા બતાવવા ઉપરાંત તેનાં મહત્તા તથા અગત્યતા વ્યક્ત કરેલ છે. અહીં નિમિત્તની ઉપાદાન ઉપર શું અસર થાય છે તે જણાવવા સાથે જીવનું યોગ્ય અને યથાર્થ કર્તવ્ય શું છે તેની સમજણ પણ આપણને આપી છે. સંસારમાં પ્રવર્તતા જુદા જુદા ગચ્છ, મત, દર્શન આદિને કારણે જીવને જુદાં જુદાં નિમિત્તો મળ્યાં જ કરે છે. તેનાં લીધે તેનાં સ્વચ્છંદ, પ્રમાદ, કષાયાદિ વકરી તેને પજવે છે. આવી જ રીતે જીવના અશુદ્ધ પ્રદેશોને એ પ્રકારનાં પરમાણુઓનો આશ્રવ થાય છે. પરિણામે તે પ્રદેશો પોતાનો યથાર્થ સદ્‌વ્યવહાર તજી કૃત્રિમ વ્યવહારમાં ચાલ્યા જાય છે. અહીં શ્રી રાજપ્રભુ કલ્યાણથી ભરેલા ભેદજ્ઞાનવાળા અભયદાનનાં માધ્યમથી અન્યોક્તિથી એવો બોધ આપે છે કે નિશ્ચયથી જીવ અજીવને દોરે છે, તેથી જીવે પોતાનાં સ્વરૂપનું ભાન જાળવીને ઉત્તમ ચારિત્ર સહિતનો સદ્‌વ્યવહાર કેળવવો જોઈએ.

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

પૂર્વ સૂચિત સદ્‌વ્યવહાર આચરવાથી પૂર્વ કાળમાં અનેક જ્ઞાનીઓ થઈ ગયા છે, વર્તમાનમાં પણ એ માર્ગે ચાલી જ્ઞાનીઓ વર્તે છે અને ભવિષ્યકાળમાં પણ આ જ માર્ગને આરાધી જ્ઞાની ભગવંતો થવાના છે. જ્ઞાનીની દશા પામવા માટે એક જ ધોરીમાર્ગ છે. તેમાં ભેદભાવ કે ભેદાભેદ નથી.

અમૃતમય ભેદજ્ઞાનથી સભર અભયદાનના માધ્યમથી રાજપ્રભુ આ કડીમાં ધર્મનાં સનાતનપણાના તથા ધર્મનાં મંગલપણાના ભાવ તથા આજ્ઞારસનું રોપણ કરે છે. આગળની કડીમાં દર્શાવેલો મોક્ષમાર્ગ સત્ય છે, તેની સાબિતી આપતાં તેઓ અહીં જણાવે છે કે જે માર્ગથી જીવ નિશ્ચયથી સ્વરૂપના સહજાનંદને પામે છે તેવાં નિમિત્ત અને ઉપાદાનના શ્રમથી કાળની મર્યાદાને ઓળંગીને જ્ઞાનીઓ થયા છે, થાય છે અને થશે.

સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય;<br>
સદ્‌ગુરુ આજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫

જે કોઈ જીવ ઇચ્છા તથા તૈયારી કરે તેનામાં સિદ્ધદશા પામવાની પાત્રતા છે, તેનું ઉપાદાન હાજર છે. અને નિમિત્ત માટે સદ્‌ગુરુની પ્રાપ્તિ કરી તેમની આજ્ઞાનું આરાધન કરવાથી જિનેશ્વરની દશા મેળવી શકાય છે, તે પ્રમાણે સત્શ્રમ કરવો એ જીવનું કર્તવ્ય છે.

કાળનાં સનાતનપણાની સાથે મોક્ષમાર્ગરૂપ ધર્મનાં સનાતનપણાને દર્શાવતાં, ઉત્તમ શ્રમનું બળવાનપણું ઉપજાવે એવા સર્વકાલીન સત્યની અભિવ્યક્તિ કરતાં ગુરુ (રાજપ્રભુ) અહીં બોધ આપે છે કે સર્વ જીવાત્મા સિદ્ધસ્વરૂપને પામી શકે એવું સામર્થ્ય ધરાવે છે. જે જીવાત્મા ઉત્તમ માનવપણું, શ્રુતિ, શ્રદ્ધા તથા સત્શ્રમને આધારે ધર્મને સમજીને આદરે છે તે સ્વસ્વરૂપને પામે છે. જીવમાંથી શિવ થવા માટે ઉપાદાન તૈયાર કરવા શ્રમની જરૂર છે, સાથે સાથે ઉત્તમ નિમિત્તની પ્રાપ્તિ કરવી એટલી જ અનિવાર્ય છે. કારણ કે જીવ ખોટાં નિમિત્તની અસરથી પાપ-શ્રમણીય થઈ શકે છે. જીવની છદ્મસ્થ દશામાં સદ્‌ગુરુની આજ્ઞા મળવી એ ઉત્તમ નિમિત્ત છે, અને પૂર્ણ અવસ્થામાં જવા માટે તે આજ્ઞાએ ચાલવું અવશ્યનું છે. પૂર્ણતામાં જિનદશા પ્રગટ થાય છે.

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;<br>
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

જીવ જો માત્ર ઉપાદાનની તૈયારીને જ મહત્ત્વ આપે, અને નિમિત્તની મહત્તાનો ત્યાગ કરે, અર્થાત્ નિમિત્તનો લાભ લેવાની જરૂર નથી એવી માન્યતા રાખે, તો તે જીવ ખોટા ભ્રમમાં રહે છે; અને તે આત્માની સિદ્ધિને પામી શકતો નથી, કેમકે આત્માની પૂર્ણ શુદ્ધિ કરવા ઉપાદાન તેમજ નિમિત્ત બંને અગત્યનાં છે.

અહીં કર્તા આજ્ઞામાર્ગ એ કલ્યાણ પામવા માટે ઉત્તમ પાયો છે એવી ઘોષણા કરે છે અને જણાવે છે કે આ માર્ગની યથાર્થ પ્રાપ્તિ કરવા માટે જીવે નિમિત્ત તથા ઉપાદાનને યોગ્ય સરળતા, ભક્તિ, વિનય અને આજ્ઞાથી સ્વીકારવા જોઈએ. જીવ જો આજ્ઞામાર્ગ અપનાવે છે તો તેને નિમિત્ત પાસેથી ઉત્તમ કલ્યાણભાવથી ભરેલાં આજ્ઞારસનાં પરમાણુઓ મળે છે, અને યોગ્ય તૈયાર ઉપાદાનનાં કારણે એ પરમાણુઓ જીવના આત્મપ્રદેશોમાં શ્રમ આજ્ઞાના માધ્યમથી ચેતનત્વ પામી જીવને શુદ્ધ સ્વરૂપની સિદ્ધિ કરાવે છે. આ ભૂમિકામાં જીવથી જો કોઈ પણ અપેક્ષાથી ચૂક થાય તો તે જીવ સંસારની ભ્રાંતિમાં ગળાડૂબ રહે છે.

મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

ઉપાદાનને અગ્રેસરતા આપી જીવ નિમિત્તનો ત્યાગ કરી વર્તે છે તો તે ભ્રાંતિમાં પડી કેવી મુશ્કેલીઓ અનુભવે છે તેનો ચિતાર કર્તા આ કડીમાં આપી, સદ્ગુરુ રૂપે આપણને સમજાવે છે કે જે જીવ મોઢેથી જ્ઞાનની વાતો કર્યા કરે છે, પણ તેના અંતરમાંથી મોહ જતો નથી; તેને વર્તતા મોહને કારણે ઘણાં કર્મબંધન વધી જાય છે, પરિણામે તેનું સંસારનું ભ્રમણ વિસ્તૃત થાય છે. આમ આવો પામર થયેલો જીવ (હીનવીર્ય જીવ) જ્ઞાની ભગવંતોનો દ્રોહ (વિશ્વાસઘાત) કરે છે, કારણ કે જે દશા નથી તે દશા પોતાની માની, તે ભ્રાંતિગત સ્થિતિને જાળવી રાખે છે.

અહો! શ્રી રાજપ્રભુની સર્વ પંચપરમેષ્ટિ તથા સર્વ જ્ઞાનીઓના અભયદાનથી ભરેલી પરિપૂર્ણ વાણી સદાય જયવંત રહો! શિષ્યે આચરવા યોગ્ય ઉત્તમ

આજ્ઞાશ્રમને દર્શાવી, જ્ઞાની મહાત્માઓએ કઈ ભૂમિકાથી જીવોને બોધ આપવો જોઈએ તેનું ઉત્તમ ચિત્ર આ કડીમાં કર્તાએ આપણને આપ્યું છે.

શિષ્ય શુભ નિમિત્તને ગ્રહણ કરી પોતાનાં ઉપાદાનને તૈયાર કરે છે. જ્ઞાની ભગવંત તૈયાર ઉપાદાનને ઉત્તમ નિમિત્ત આપી ઋણથી મુક્ત થાય છે. આ ક્રિયા સમજાવતાં તેઓ અહીં આપણને જણાવે છે કે જ્ઞાનીઓએ આજ્ઞા, ભક્તિ, વિનય તથા સરળતાના ક્રમથી પોતાના મોહને અતિ અલ્પ કર્યા પછી જ બોધ આપવો જોઈએ. આ કડીનો ઊંડો વિચાર કરતાં આપણને તેમની ભાવિ દશાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. તેમણે પણ મોહનો ત્યાગ કર્યા પછી જ બોધ આપવાનો લક્ષ રાખ્યો છે. આવું કાર્ય ઉત્કૃષ્ટપણે માત્ર તીર્થંકર પ્રભુ જ કરી શકે છે, તે પરથી તેમની ભાવિ પદવીનો લક્ષ આપણને અહીં આવે છે.

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિશે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોક્ષમાં જવાની દૃઢ ઇચ્છાવાળા જીવમાં – મુમુક્ષમાં દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્યના ગુણો ખીલતા જાય છે, અને ઉત્કૃષ્ટતા સુધી પહોંચે છે. એક એક ગુણની ખીલવણી વધવા સાથે એક એક કર્મનો ક્ષય સૂચવાય છે, જે જીવને શિવ થવા પ્રતિ દોરી જાય છે.

આ કડીમાં રાજપ્રભુએ જીવથી કરાતા ઉત્તમ શ્રમના પરિણામે જે જે ગુણો ખીલતા જાય છે, તેનો વ્યવસ્થિત નિર્દેશ કર્યો છે. તે દ્વારા તેમણે ઉત્તમ ગુરુ તથા ઉત્તમ શિષ્યનાં લક્ષણો સંક્ષેપમાં છતાં પૂર્ણતાથી વર્ણવ્યાં છે. ઉત્તમ ગુરુ તથા ઉત્તમ શિષ્યને સાચા મુમુક્ષુની પદવી આપી, આજ્ઞામાર્ગનું વિશેષપણું અહીં ગુપ્ત રીતે દર્શાવ્યું છે. બીજી બાજુ 'ઘટ વિશે' શબ્દ યોજીને આત્માનાં અંતરંગમાં અર્થાત્ અસંખ્ય અશુદ્ધ પ્રદેશોમાં પણ આ પ્રક્રિયા એટલી જ વ્યવયસ્થિત રીતે થાય છે તેનું યથાર્થ સૂચવન કર્યું છે.

જીવથી આજ્ઞામાર્ગે કરાતા ઉત્તમ શ્રમથી, તેનામાં દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ અને વૈરાગ્યના ગુણો સરસ રીતે ખીલતા જાય છે. આ પ્રત્યેક ગુણથી એક એક કર્મનો મુખ્યતાએ ક્ષય થતો જાય છે. આ રીતે સાતે ગુણો જેમ જેમ ખીલતા જાય છે તેમ તેમ તેને અનુસંધિત ચાર ઘાતિ કર્મ તથા આયુષ્ય વર્જિત ત્રણ અઘાતિ કર્મો ક્ષીણ થતા જાય છે. છેવટે સંપૂર્ણ કર્મનાશ કરીને જીવ શિવ બની, સદાકાળ માટે સિદ્ધભૂમિમાં સિદ્ધ દશાએ જાગૃત રહે છે.

આપણે જાણીએ છીએ કે પરની સુખબુદ્ધિ છોડવાથી જ્ઞાનાવરણ કર્મ બંધાતું અટકે છે; હિંસાદિ પ્રવૃત્તિનાં ત્યાગથી દર્શનાવરણ કર્મ અટકે છે, મોહબુદ્ધિ – મમત્વ ઘટાડવાથી મોહનીય જાય છે, અને પ્રભુનાં શરણે રહેવાથી જીવની અંતરાય તૂટે છે. એવી જ રીતે દયાનો ગુણ ખીલવવાથી જીવની અંતરાય તૂટતી જાય છે. ત્યાગના ગુણની પ્રાપ્તિ સાથે જ્ઞાનાવરણ બંધાતું અટકે છે. વૈરાગ્ય કેળવવાથી જીવનું દર્શનાવરણ બંધાતું અટકે છે અને પૂર્વ બંધનની નિર્જરા થાય છે; ક્ષમા કરવાથી, જતું કરવાના ભાવ રાખવાથી મોહ બંધાતો અટકે છે, પૂર્વે નિબંધન કરેલો મોહ ક્ષીણ થતો જાય છે; સમતા ગુણ કેળવવાથી આર્તપરિણામ ન થાય એટલે અશાતા-શાતા વેદનીયના બંધન નીકળતાં જાય છે, શાંતિના ગુણને વિકસાવવાથી નામકર્મની અલ્પતા થતી જાય છે અને સત્યના ગુણનું પાલન કરવાથી ગોત્રકર્મ બંધાતું નથી. મૂળ મોહનાં બંધનનાં કારણે અન્ય ઘાતિકર્મો બંધાય છે અને તેનાં અનુસંધાનમાં ત્રણ અઘાતિકર્મોનાં બંધન એ જ કાળે થાય છે. આ સર્વ કર્મ ભોગવવા માટે જીવને આયુષ્યનો બંધ અનિવાર્ય થાય છે.

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન. ૧૪૦

૧૩૮મી કડીમાં વર્ણવેલા મુમુક્ષુના ગુણો ખીલવવાથી આત્મા ઉત્તમોત્તમ સિદ્ધિને મેળવી શકે છે તે હકીકત છે. આ સ્થિતિએ પહોંચવા માટે જીવની જ્ઞાનદશા કેવી હોવી જોઈએ તેનું ચિત્ર ૧૩૯, ૧૪૦ એ બે કડીઓમાં રાજપ્રભુએ આપ્યું છે. જ્ઞાની મહાત્માઓનો મોહભાવ મહત્ અંશે ક્ષય થયો હોય છે, અથવા શાંત થઈ ગયો હોય છે. બળવાનપણે ઉદિત હોતો નથી. જેની આવી સ્થિતિ હોય તે જ્ઞાની અને તે દશા તે જ્ઞાનીદશા કહેવાય, બાકીની સર્વ અવસ્થા ભ્રાંતિવાળી જ હોય છે. આવા જ્ઞાનીઓને આખું જગત એંઠવાડ જેવું નિરર્થક અથવા તો સ્વપ્ન જેવું નિરુપયોગી લાગે છે. આવી આત્મસ્થિતિ ન થાય ત્યાં સુધી તે જીવની સાચી જ્ઞાનદશા નથી, પણ માત્ર બાહ્યજ્ઞાન સહિતની ભ્રાંતિ જ છે.

૧૩૯મી કડીમાં શ્રી રાજપ્રભુએ ઉત્તમ શ્રમનાં પરિણામને સુંદર રીતે વર્ણવ્યું છે. ૧૩૮મી કડીમાં મુમુક્ષુનાં લક્ષણો ધરાવનાર ગુરુ તથા શિષ્યના ઉત્તમ ગુણોનું વર્ણન કરી, આ બે કડીઓમાં શિષ્યે (અશુદ્ધ પ્રદેશોએ) ઉત્તમ જ્ઞાની થવા માટે ઉત્તમ જ્ઞાની કેવા હોય તેની વ્યાખ્યા આપી છે. આ કડીઓનો ઊંડાણથી વિચાર કરતાં સમજાય છે કે આની રચના કરતી વખતે પ્રભુ ભેદજ્ઞાનવાળા અભયદાનનો અનુભવ કરતા હતા. જ્ઞાની પ્રદેશોનું લક્ષણ એ છે કે તેમનો મોહ નાશ પામ્યો હોય અથવા સર્વ કર્મોના ક્ષયથી ઉત્તમતાએ શાંત સ્થિતિ હોય. આવી દશા તો રુચક પ્રદેશો તથા કેવળીગમ્ય પ્રદેશોની હોય; બાકી બધા અશુદ્ધ પ્રદેશોને મોહનો તરતમતાવાળો ઉદય હોવાથી તેઓ ભ્રાંતિમાં રહ્યા કહેવાય. અહીં આપણને રાજપ્રભુનાં ઉત્તમ ધ્યેયનો લક્ષ આવે છે.

૧૪૦મી કડીમાં રાજપ્રભુ આપણને જ્ઞાનીભગવંતની એક વિશિષ્ટ તથા ઉત્તમ લાક્ષણિકતાનો પરિચય કરાવે છે. આગળની કડીમાં જ્ઞાનીની જે વ્યાખ્યા તેમણે આપી છે તે દશાએ જીવના અશુદ્ધ પ્રદેશો હજુ પહોંચ્યા નથી; તેમના માટે આ લક્ષ પ્રમાદનું કારણ ન બને એ હેતુથી છદ્મસ્થ જ્ઞાનીની દશા શું હોવી ઘટે એનું વર્ણન આ કડીમાં કર્યું છે. સકળ સંસારની મોહિની આદિ વિભાવ પર્યાયને

ઉપભોગરૂપ પદાર્થ જાણી, તેમાં માત્ર સ્વપ્ન જેવું અજ્ઞાન ભરેલું છે એવાં વૈરાગ્ય, ઉદાસીનતા કે વીતરાગતાથી વર્તી, મળેલાં શ્રુત તથા શ્રદ્ધાના અનુભવને ઉત્તમ ચારિત્રરૂપ શ્રમમાં પરિણમાવવાનું છે એ લક્ષ રાખવાનું છે. જો આ રીતે અશુદ્ધ પ્રદેશો કે જીવ વર્તી ન શકે તો મળેલું શ્રુત અને શ્રદ્ધાન સ્વપ્નસમાન અર્થહીન થાય છે, એટલે કે તે રૂપી વાચાજ્ઞાન બની જાય છે.

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

જીવ જો અહીં જણાવેલા આત્માનાં પહેલાં પાંચ પદની યથાર્થ વિચારણા કરી, યોગ્ય સમજણ લઈ, છઠ્ઠા પદ "મોક્ષનો ઉપાય છે" વિશે પ્રવર્તે અર્થાત્ મોક્ષ મેળવવાના ઉપાયમાં લાગી જાય તો તે અવશ્ય પાંચમા મોક્ષપદને પ્રાપ્ત કરે છે; તેમાં કોઈ શંકા કે સંદેહને સ્થાન નથી.

આગળ જણાવેલો મોક્ષમાર્ગ જો જીવના અશુદ્ધ પ્રદેશો સ્વીકારે છે તો ચારિત્ર સહિત પહેલાં પાંચ પદનો વિસ્તારથી વિચાર કરી, રુચક તથા કેવળીગમ્ય પ્રદેશોનો સાથ લઈ, છઠ્ઠા પદનાં આરાધન કરવા પર આવી જાય તો, તે સર્વ પ્રદેશો નિઃસંદેહ મોક્ષને પ્રાપ્ત કરે છે. એ આત્મા સંપૂર્ણતયા શુદ્ધ થઈ, સિદ્ધભૂમિમાં સ્વભાવનો કર્તાભોક્તા બની, સાદિ અનંતકાળ માટે સ્વરૂપસુખની પરમ સમાધિને પામે છે.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત. ૧૪૨

કેવળજ્ઞાન પ્રાપ્ત આત્માની દશા વર્ણવતાં આ કડીમાં જણાવ્યું છે કે જે મહાત્માની દેહ હોવા છતાં પણ દેહથી અલગતાવાળી દશા છે, તેવા જ્ઞાની ભગવંતનાં ચરણમાં હું અગણિત વંદન કરું છું.

આ કડીમાં જીવ ભક્તિપ્રેરિત આજ્ઞાનાં માધ્યમથી મળેલાં જ્ઞાનનાં ઉત્કૃષ્ટપણાને સહન કરવાના હેતુથી તથા એ જ્ઞાનને ક્ષાયિક ચારિત્રના અનુભવમાં લઈ જવા માટે, તેના અશુદ્ધ પ્રદેશો કેવળીગમ્ય પ્રદેશોનાં (કેવળીપ્રભુનાં) ચરણમાં વારંવાર વંદન કરી, એમના જેવા શુદ્ધ થવાનો નિર્ણય કરે છે.

સાધન સિદ્ધ દશા અહીં, કહી સર્વ સંક્ષેપ;
ષટ્દર્શન સંક્ષેપમાં, ભાખ્યાં નિર્વિક્ષેપ.

આ શાસ્ત્રમાં સંક્ષેપમાં અર્થાત્ ટૂંકાણમાં સિદ્ધપદને પામવાં માટેનાં સાધનો વર્ણવ્યાં છે, તે જ ટૂંકાણમાં છએ દર્શનનો સાર છે; જેને પ્રભુકૃપાથી વિક્ષેપરહિત બની વર્ણવ્યા છે. પ્રભુકૃપાથી આ રચના કરતા કોઈ પણ પ્રકારનું વિઘ્ન અનુભવવું પડ્યું નથી.

શ્રી રાજપ્રભુ આ કડીમાં જણાવે છે કે આગળની કડીમાં જણાવ્યા પ્રમાણે કેવળીગમ્ય પ્રદેશોનાં ચરણની આજ્ઞા લઈને જીવ નિશ્ચયથી સિદ્ધ દશાને પામે છે. આ અપૂર્વ જ્ઞાનનો સંક્ષેપથી વિસ્તાર કરી, છએ દર્શનનો સાર નિસ્પૃહભાવથી તથા પક્ષપાત વગર આ શાસ્ત્રમાં સમાવ્યો છે.

શ્રી સુભાગ્યને શ્રી અચળ, આદિ મુમુક્ષુ કાજ;
તથા ભવ્ય હિત કારણે, કહ્યો બોધ સુખસાજ.
(૧૨૭મી કડીની વધારાની ગાથા)

આ પંક્તિઓમાં કૃપાળુદેવ સૌભાગભાઈ તથા ડુંગરશીભાઈ (અચળ) અને અન્ય મુમુક્ષુ જનો માટે આત્મસિદ્ધિશાસ્ત્રની રચના કરી છે, એમ જણાવી તેમનો ઉપકાર માન્યો છે. આ ઉપરાંત આ રચના એ પ્રકારે થઈ છે કે તે સર્વ અન્ય ભવ્ય જીવોને પણ ખૂબ ઉપકારી થાય, અને તેમાં અપાયેલો બોધ સુખ મેળવવામાં સાર્થકતા આપે.

સૌભાગભાઈ આદિની વિનંતિથી થયેલી રચના માટે તેમણે તેઓ સહુનો સ્થૂળ ઉપકાર માન્યો છે. અને એમની સાથેના ઋણની મુક્તિ થાય તે અર્થે આ સુખ ઉપજાવનારો બોધ કહ્યો છે. સૂક્ષ્મતાથી આપણે વિચારીએ છીએ ત્યારે આ કડીનો ગૂઢાર્થ આપણને સમજાય છે. શ્રી સુભાગ્ય એટલે સૌભાગભાઈ ઉપરાંત જેને જેને સુભાગ્યવાળા સંજોગો છે, અર્થાત્ જેમને ઉત્તમ નિમિત્તની પ્રાપ્તિ થઈ છે તેઓ. શ્રી અચળ એટલે ડુંગરશીભાઈ ઉપરાંત એવા જીવો કે જેઓ ઉત્તમ નિમિત્તનો ઉત્તમ ચારિત્ર કેળવવામાં ઉપયોગ કરી, ઉપાદાનની ઉત્તમતા મેળવવાનો અફર નિર્ણય કરી ચૂક્યા છે. આ માટે તથા અન્ય મુમુક્ષુઓને શોભાવે તેવા ગુણો ઉપજાવવા માટે અહીં આપેલો બોધ સુખ તથા હિત કરનાર થશે એમ જણાય છે. અહીં સ્વપર કલ્યાણમય બોધવાણીનું સર્જન કરતાં કરતાં ‘ઠરી અવરને ઠાર, એ છે ચૌદ પૂર્વનો સાર’ના અરૂપી ભાવને સુંદર રીતે તેમણે ટપકાવ્યો છે. જે પોતે ઠરી, શાંત થઈ જઈ અન્ય જીવને ઠારી શકે છે, શાંત કરી શકે છે તે ચૌદ પૂર્વના સાર સમાન છે. છદ્મસ્થ અરિહંતપણાની ભૂમિકાના આ ઉત્તમ ભાવો કૃપાળુદેવે અહીં વ્યક્ત કર્યા છે.

રાજપ્રભુની આવી સરળ તથા ઉત્તમ વાણી અમને, તમને, સર્વને ઉત્તમ તથા ઉત્કૃષ્ટ માર્ગની પ્રાપ્તિ કરાવો કે જેથી અનાદિ અનંત એવા શ્રી પંચપરમેષ્ટિ પ્રભુના પરમ ઉપકારને ધર્મનાં સનાતનપણા તથા મંગલપણાના અપૂર્વ ભાવથી, આત્માને અપૂર્વપણે જાણી, ‘સર્વ જીવ કરું શાસનરસિ’ના અકથ્ય છતાં અનુભવગમ્ય ભાવમાં આ લોક સદાકાળ માટે તરબોળ બને.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

## * શ્રેયસ પ્રચારક સભાનાં આધ્યાત્મિક પ્રકાશનો *

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમદ્‌ની જીવન સિદ્ધિ | લે. સરયુ મહેતા |
| ૨. | શ્રી કેવળી પ્રભુનો સાથ ભાગ ૧ | લે. સરયુ મહેતા |
| ૩. | શ્રી કેવળી પ્રભુનો સાથ ભાગ ૨ | લે. સરયુ મહેતા |
| ૪. | શ્રી કેવળી પ્રભુનો સાથ ભાગ ૩ | લે. સરયુ મહેતા |
| ૫. | શ્રી કેવળી પ્રભુનો સાથ ભાગ ૪ | લે. સરયુ મહેતા |
| ૬. | શ્રી કેવળી પ્રભુનો સાથ ભાગ ૫ | લે. સરયુ મહેતા |
| ૭. | શ્રી કેવળી પ્રભુનો સાથ (ભાગ ૧ થી ૫) ની સંદર્ભ સૂચી | લે. સરયુ મહેતા |
| ૮. | આત્માની સિદ્ધિ | લે. સરયુ મહેતા |
| ૯. | શ્રીમદ્‌ની સિધ્ધપટ ભાવના (નવી સુધારેલ આવૃત્તિ) | લે. સરયુ મહેતા |
| ૧૦. | અપૂર્વ આરાધન | લે. સરયુ મહેતા |
| ૧૧. | ભક્તામર સ્તોત્ર (વિવેચન) | લે. સરયુ મહેતા |
| ૧૨. | કલ્યાણ મંદિર સ્તોત્ર (વિવેચન) | લે. સરયુ મહેતા |
| ૧૩. | A GREAT SEER | લે. સરયુ મહેતા |
| ૧૪. | શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર (વિવેચન) | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૫. | ભક્તિ માર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૬. | આધ્યાત્મિક નિબંધો | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૭. | અધ્યાત્મ જીવન ગાથા | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૮. | અધ્યાત્મ જ્ઞાનકોષ | સં. ભોગીલાલ ગિ. શેઠ |
| ૧૯. | સમાધિ મરણ | લે. અને સં. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૦. | રૂડા મનુષ્યોના અંતિમ ઉદ્‌ગારો | લે. અને સં. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૧. | નિર્વાણ માર્ગનું રહસ્ય | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૨. | પ્રેમ અને પૂર્ણતા | લે. ભોગીલાલ ગિ. શેઠ |
| ૨૩. | જાતિસ્મૃતિ જ્ઞાન | લે. ભોગીલાલ ગિ. શેઠ |

### અન્ય પ્રકાશનો

૨૪. જ્ઞાનાંજન ભાગ ૧ (ભક્તિ પદો)
૨૫. જ્ઞાનાંજન ભાગ ૨ (ભક્તિ પદો)
૨૬. પ્રભુ મહિમા (શ્રી મહાવીર સ્તુતિ)
૨૭. આલોચનાદિ પદ સંગ્રહ